મુનીશ્રી અજયચંદ્ર વિજયજી.

। अर्हं ।

श्रीसिद्धिमेघ-धर्मसङ्ग्रहसाहित्य ग्रन्थमाला-पुष्प-१

# શ્રી નમસ્કાર-નિષ્ઠા

★


લેખક અને સંપાદક :

શ્રી મફતલાલ સંઘવી

ડીસા.


★


શા. મણીલાલ ચુનીલાલ સીનોલીવાળા

હાલ સાયન-શિવ મુંબાઈ નિવાસી

તરફથી ભેટ

卐

નમસ્કાર મહામંત્રના સતત સ્મરણ જાપ અને ધ્યાનથી અંતર–આત્મામાં મૈત્રી–પ્રમોદ–કારુણ્ય અને માધ્યસ્થ–ભાવનાં મોજાં ઉછળવા માંડે છે.

★

*કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરી*-શ્વરજીએ પોતાની માતા ( પાહિની ) સાધ્વીજીના સ્વર્ગવાસ વખતે પુણ્યાર્થે એક ક્રોડ નવકારનો જાપ કર્યો હતો.

★

નવકારની પ્રતિજ્ઞા છે કે 'મારા આશ્રિતનાં સર્વ પાપોનો મારે સમૂલ નાશ કરવો' આ પ્રતિજ્ઞાને જૂઠી પાડનાર આજ સુધી કોઈ નીકળ્યો નથી. જૂઠી પાડનાર પોતે જૂઠો પડે છે.

卐

। अर्हं ।

श्रीसिद्धि-धर्मसङ्ग्रहसाहित्यग्रन्थमाला-पुष्प-१.

# શ્રીનમસ્કાર-નિષ્ઠા

卐

લેખક અને સંપાદક-
મફતલાલ સંઘવી.
ડીસા.

કિંમત એક રૂપીઓ

પ્રકાશક—
શ્રીસિદ્ધિ-ધર્મસંગ્રહ સાહિત્ય
પ્રચારક સમિતિ
જૈનવિદ્યાશાળા-અમદાવાદ.

આવૃત્તિ પહેલી.
વિ. સં. ૨૦૧૫-દીપાવલી.
નકલ-૧૦૦૦

મુદ્રક-
જીવણલાલ પુરૂષોત્તમદાસ પટેલ.
ઉત્કૃષ્ટ મુદ્રણાલય
ગાંધીરોડ-પૂલ નીચે, અમદાવાદ.

# પુરો વચન.

શ્રીનવકાર કહો કે નમસ્કાર કહો, એ શ્રીજૈનશાસનનો અનાદિકાલીન શાશ્વત મહામંત્ર છે. ચૌદ પૂર્વ અને બાર અંગવાળું વિશાળ શ્રુત, તેનું સતત અધ્યયન અને પરિશીલન કરનાર મહર્ષિઓને જે જાતિના શુભ ભાવો જગાડનાર અને કર્મની મહાનિર્જરા કરાવનાર થાય છે, તે જ જાતિના શુભ ભાવો, વિશેષ શક્તિ કે સમયના અભાવે જો માત્ર અડસઠ અક્ષરવાળા આ મહામંત્રનું પઠન-પાઠન-મનન અને પરિશીલન કરવામાં આવે તો જાગે છે અને વિપુલ કર્મ નિર્જરામાં કારણભૂત બને છે, એમ શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે. આ કારણે શ્રીનવકારમંત્રને ચૌદ પૂર્વનો સાર અને સર્વ પ્રકારનાં માંગલિક સ્મરણોમાં પ્રધાન સ્મરણ તરીકે ઓળખવવામાં આવેલ છે.

શ્રીનવકારમંત્રના સતત સ્મરણ, જાપ અને ધ્યાનથી અંતર-આત્મામાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ

ભાવનાઓનાં મોજાંઓ ઉછળે છે અને એની ઉત્તરોત્તર વૃદ્ધિ થવાથી નવકારદ્વારા જેનું સ્મરણ–ધ્યાન વગેરે થાય છે, તે શ્રી પંચ પરમેષ્ઠિમાંના કોઇને કોઇ એક પદમાં આત્માને પ્રસ્થાપિત કરવા સાધક શક્તિમાન બને છે.

શાસ્ત્રકાર મહર્ષિઓના વચનાનુસાર આ મહામંત્ર તેના આરાધકોના સર્વ પાપોનો નાશ કરાવવાની શક્તિ ધરાવે છે. બીજા શબ્દોમાં શ્રીનવકારમંત્રના આરાધકમાં આરાધનાના બળે, પાપ માત્રનો નાશ કરવાની અને મંગળ માત્રને પ્રાપ્ત કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે. એટલે શ્રીન-વકારની આરાધના એક પ્રકારે વિશિષ્ટ શક્તિની જ આરાધના ગણાય. એ શક્તિ કોઇ પાપીના નાશ માટે, કે કોઈ બાહ્ય શત્રુના નાશ માટે નથી, કિન્તુ પાપીના પાપનો અને શત્રુ પ્રત્યે શત્રુતા પેદા કરનાર અશુભ ભાવનો જ મૂળથી ઉચ્છેદ કરનારી છે. તેથી તે અત્યંત ઉપાદેય છે; પ્રશંસનીય છે. શ્રીજૈન શાસનમાં એવી સાત્ત્વિકી શક્તિની ઉપાસના જ વિહિત થયેલી છે; એ વાત સુપ્રસિદ્ધ છે.

'શ્રીનવકાર નિષ્ઠા' નામના આ પુસ્તકમાં શ્રીનવકારની નિષ્ઠાપૂર્વક થતી આરાધનાના પરિણામે પ્રાપ્ત થનારા અગ-ણિત લાભોનું વિવિધ રીતે, ભક્તિ પૂર્ણ હૃદયે, વિવેચન કરેલું છે. શ્રીજૈનસંઘમાં શ્રીનવકારની આરાધના અસ્ખલિ-તપણે થઇ રહેલી છે અને તે દ્વારા પાપ નાશ કરવાની શક્તિ પ્રાપ્ત કરવાનો ઉદ્યમ ચાલુ છે. 'શ્રીનવકાર નિષ્ઠા' નામનું આ પુસ્તક તે પ્રયત્નમાં વધુ જાગૃતિ લાવનારૂં નીવડશે.

શ્રીનવકારના આરાધકોને જ્યારે સમય મળે ત્યારે આ પુસ્તકનું પુનઃ પુનઃ વાંચન કરવાની અમે ભલામણ કરીએ છીએ. એનું વાંચન શ્રીનવકાર ઉપર નિષ્ઠા પ્રાપ્ત કરવામાં જરૂર સહાયક બનશે. ભાવનાશીલ લેખક પોતે પોતાની નિષ્ઠા શ્રીનવકાર પ્રત્યે વધુ ને વધુ બંધાય, એવો પ્રશસ્ત આશય નજર સામે રાખીને લખવાને પ્રવૃત્ત થયેલા છે, તેથી તેમની સમાન ભાવના અને વિચારવાળા વાંચકોને તે અવશ્ય ઉપયોગી નીવડશે.

આજે શ્રી સંઘમાં શ્રીનવકાર પ્રત્યે ભક્તિનો એક જુવાળ ઉત્પન્ન થયો છે, તે સમયે આ પુસ્તક પ્રગટ થાય છે તેથી તેનું વાંચન, મનન તે જુવાળને ટકાવવામાં અને વધારવામાં સહાયકારક થશે, એવી આશા સાથે વિરમીએ છીએ.

જામનગર—
દિગ્વિજયપ્લોટ, શાંતિભુવન
વિ૦ સં૦ ૨૦૧૫–ભાદરવા વદી ૧૪.

પં૦ ભદ્રંકરવિજય.

* * *

॥ श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ॥

# આમુખ.

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય મારા અનંત ઉપકારી ગુરુદેવ મુનિરાજશ્રી ૧૦૦૮ **ભુવનવિજયજી** મહારાજની પવિત્ર છત્રછાયામાં ગતવર્ષે સં. ૨૦૧૪માં **ઝીંઝુવાડામાં** ચતુર્માસમાં શ્રીમફતલાલ સંઘવીનું નમસ્કાર મહામંત્ર વિષે અંગ્રેજી લખાણ મારા જોવામાં આવ્યું હતું. આ વર્ષે પરમ પૂજ્ય પરમગુરુવર્ય સંઘસ્થવિર શાંત તપોમૂર્તિ દીર્ઘતપસ્વી સુગૃહીતનામધેય **આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી** દાદા આદિની પાવની છત્રછાયામાં અમદાવાદના ચતુર્માસમાં **નમસ્કારનિષ્ઠા** વિષેનું પ્રસ્તુત ગુજરાતી લખાણ જોવામાં આવ્યું. લેખકનું લખાણ જોતાં તેમાં નમસ્કાર ઉપર પુષ્કળ ભક્તિભાવ ભરેલો સ્પષ્ટ જણાઈ આવે છે. ભક્તિ એ મુક્તિનું પરમ અંગ છે. કારણ કે પરમાત્મા ઉપરની ખરેખર ભક્તિ એ વિભક્તિને એટલે પરમાત્મા અને આપણા આત્મા વચ્ચે પડેલા વિભાગને–અંતરને દૂર કરીને પરમાત્મા સાથે આપણી શાશ્વત એકરૂપતા સિદ્ધ કરી આપે છે. પંચપરમેષ્ઠિનમસ્કાર રોમ રોમમાં ઓતપ્રોત થઈ જાય એ માટે સાધકના હૃદયમાં ભક્તિપૂર્વક **નમસ્કારનિષ્ઠા** હોય એ અત્યંત જરૂરી છે અને એ ઉદ્દેશથી લેખકે પ્રયત્ન કરેલો છે તેથી તે સ્તુત્ય છે.

માનવજીવનમાં મંત્રનુ સ્થાન ઘણું જ મહત્ત્વનું છે. આધ્યાત્મિક, આધિભૌતિક તથા આધિદૈવિક, એવા ત્રણ

પ્રકારનાં દુઃખો પૈકી કોઇ પણ દુઃખથી જગતના પ્રાણીઓ હમેશાં નાના પ્રકારનાં દુઃખોને અનુભવતા હોય છે. આ દુઃખોમાંથી બચાવી લેવાની આપણી કલ્પનામાં પણ ન આવે એવી અદ્ભુત દિવ્ય શક્તિ મંત્રાક્ષરોમાં ભરેલી હોય છે. તેથી જ પરમ પુરુષાર્થ સ્વરૂપ મોક્ષના ઉપાયોમાં મંત્રયોગ ઘણું જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

"मननात् त्रायते यस्मात् तस्मान्मन्त्रः प्रकीर्तितः ।"

'મનન કરવાથી જે અક્ષરો આપણું રક્ષણ કરે તે અક્ષરોને મંત્ર કહેવામાં આવે છે'

આપણી સ્થૂલ બુદ્ધિથી સામાન્ય લાગતી તે તે વિશિષ્ટ વનસ્પતિઓમાં ભયંકરમાં ભયંકર અનેક વ્યાધિઓનો નાશ કરવાનું તથા શારીરિક અને માનસિક પુષ્ટિ તથા તુષ્ટિ કરવાનું પ્રબળ સામર્થ્ય રહેલું હોય છે. આયુર્વેદનું સમગ્ર શાસ્ત્ર વનસ્પતિઓના સામર્થ્ય ઉપરજ રચાયેલું છે અને શારીરિક તથા માનસિક સુખ માટે અસંખ્ય મનુષ્યો એનો આશ્રય લેતા આવ્યા છે, તે જ પ્રમાણે આપણી બુદ્ધિથી સામાન્ય લાગતા એવા કેટલાય અક્ષરો છે કે જેમાં વિવિધ કાર્યો નીપજાવવાનું અગાધ સામર્થ્ય ગુપ્ત રીતે રહેલું છે. યોગી પુરૂષો પોતાની દિવ્ય યોગદૃષ્ટિથી આ સામર્થ્યનો સાક્ષાત્કાર કરીને વિવિધ કાર્યો માટે જે વિવિધ અક્ષરોની યોજના કરે છે તે મંત્રાક્ષરોને નામે ઓળખાય છે.

ઔષધિઓ જેમ ભિન્ન ભિન્ન અનુપાનો સાથે લેવાથી તેમ જ ભિન્ન ભિન્ન રીતે મિશ્રણ કરવાથી વિવિધ સામર્થ્ય

ધરાવનારી થાય છે, તે જ પ્રમાણે મંત્રાક્ષરો પણ વિવિધ મુદ્રા, ન્યાસ, મંડલ તથા વર્ણ (રંગ) વગેરેના પ્રયોગથી તેમ જ વિવિધ રીતે સંયોજના કરવાથી અનેક પ્રકારનાં અદ્ભુત ચમત્કારી કાર્યો કરી શકે છે. એ હેતુથી મંત્રના વિધિ-વિધાનો તથા આમ્નાયોના અનેક ગ્રંથો રચાયેલા છે.

આવા મંત્રાક્ષરોમાં પંચપરમેષ્ઠિ નમસ્કારમંત્ર એ સૌથી શ્રેષ્ઠ મંત્ર છે. ભગવાન મહાવીર દેવથી માંડીને રચાયેલા આજ સુધીના વિપુલ સાહિત્યમાં નમસ્કાર મહા-મંત્રનો અચિન્ત્ય અને અપાર મહિમા ઠામ ઠામ વર્ણવેલો છે. જૈનોના બધા વિભાગોમાં આ મંત્રનો મહિમા સૌથી શ્રેષ્ઠ ગણવામાં આવ્યો છે. આ મંત્ર જૈનોમાં ઘેર ઘેર પ્રસિદ્ધ છે. જૈનધર્મનું કંઈ પણ શાસ્ત્રીય જ્ઞાન ન ધરાવતો હોય તેવો પણ પ્રત્યેક જૈન ઓછામાં ઓછું 'નમસ્કાર મહામંત્ર' જેટલું તો જ્ઞાન ધરાવતો જ હોય છે અને સુખ–દુઃખ આદિ તમામ પ્રસંગોમાં આ મંત્રનું સ્મરણ કરતો હોય છે. આ મંત્રનું સ્મરણ પરમલાભ દાયક છે, એમ બધા જ જૈનો પરાપૂર્વથી માનતા આવ્યા છે અને માને છે.

નમસ્કાર મહામંત્રની આટલી બધી ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠા શા કારણથી છે, એનો વિચાર કરતાં એમાં બે કારણો મુખ્યતયા જણાય છે. એક તો એની શબ્દયોજના જ એવી છે કે જે પરમકલ્યાણ અને અભ્યુદયને સાધે છે. બીજું તેના અર્થ રૂપે વાચ્ય જે પંચ પરમેષ્ઠિઓ છે તે જગતમાં સૌથી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આત્માઓ છે. તેઓથી વધારે ઉત્તમ બીજા કોઈ આત્માઓ વિશ્વમાં છે જ નહિ.

જૈનપ્રવચનના સમગ્ર શ્રુતજ્ઞાનનો ભંડાર દ્વાદશાંગી ગણાય છે. જેમ ગૃહસ્થના ઘરમાં સારભૂત રત્નાદિ વસ્તુઓ તિજોરીમાં ભરેલી રહે છે તેમ દ્વાદશાંગી એ ગણધર ભગવંતોની પેટી છે કે જેમાં જગતની સારભૂત તમામ વિદ્યાઓ ભરેલી છે. તેથી દ્વાદશાંગીને 'ગણિપિટક' પણ કહેવામાં આવે છે. ચૌદ પૂર્વ એ બારમા અંગનો જ એક પેટા વિભાગ છે. આ ચૌદ પૂર્વમાં જગતની એટલી બધી વિદ્યાઓ સમાઈ જાય છે કે ચૌદપૂર્વધરોને શ્રુતકેવળી પણ કહેવામાં આવે છે. શ્રુતજ્ઞાનના બળથી જગતના અતીન્દ્રિય ભાવોને જાણવાનું તેમનામાં એટલું બધું અલૌકિક સામર્થ્ય હોય છે કે આપણને તો તેઓ કેવળજ્ઞાની સર્વજ્ઞ ભગવંત જેવા લાગે. આ [1]મહાપુરુષોએ પણ નમસ્કાર મંત્રને ચૌદ પૂર્વનો સાર કહ્યો છે અને મરણાદિ પ્રસંગે એનું જ સ્મરણ કરવાનું વિધાન કર્યું છે. એના અક્ષરો ભલે બહુ અલ્પ છે, પણ [2]બારે અંગના સારભૂત અર્થનો તેમાં સંગ્રહ આવી

૧–ચૌદ પૂર્વધર ભગવાન ભદ્રબાહુ સ્વામીએ આવશ્યક સૂત્રો ઉપર નિર્યુક્તિની રચના કરી છે, તેમાં નમસ્કારમાહાત્મ્યનું પ્રતિપાદન કરનારો વિસ્તૃત વિભાગ છે, કે જે નમસ્કારનિર્યુક્તિના નામથી ઓળખાય છે. એમાં નમસ્કારનું માહાત્મ્ય તેમણે વિસ્તારથી વર્ણવેલું છે. જુઓ આવશ્યકનિર્યુક્ત ગાથા ૮૮૭ થી ૧૦૨૬. આ નિર્યુક્તિ ઉપર ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ વગેરે અનેક વ્યાખ્યાઓ પણ રચાયેલી છે.

૨–" महार्थता चास्याल्पाक्षरत्वेऽपि द्वादशाङ्गसङ्ग्राहित्वात् । कथं पुनरेतदेवमित्याह–यो नमस्कारो 'मरणे' प्राणोपरमलक्षणे 'उपाग्रे' समीपे भूते 'अभीक्ष्णम्' अनवरतं क्रियते

જતો હોવાથી ચૌદપૂર્વધર શ્રુતકેવળી ભગવાન્ ભદ્રબાહુ-સ્વામીએ પણ એને 'મહાન્ અર્થવાળો' જણાવ્યો છે અને તેનો અપારમહિમા ગાયો છે. શ્રુતજ્ઞાનના પારગામી અને શબ્દશક્તિના સમગ્ર રહસ્યને જાણનારા મહાપુરુષો પોતે જ નમસ્કાર મંત્રને જે આટલું બધું અપાર મહત્ત્વ આપે છે, એ જ એમ કહી આપે છે કે **નમસ્કાર મંત્રના અક્ષરોની સંકલના બીજા મંત્રાક્ષરો કરતાં એવી કોઇ વિશિષ્ટ પ્રકારની છે કે જેથી તેને મહામંત્રનું સ્થાન મળ્યું છે.**

'एसो पंचनमुक्कारो सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ॥'

—'પંચ પરમેષ્ઠિને કરેલો આ નમસ્કાર સર્વ પાપોનો મૂળમાંથી નાશ કરી નાખે છે અને સર્વ મંગળ-હિતકર વસ્તુઓમાં એ ઉત્કૃષ્ટ મંગળ છે.' આ ચૂલિકા નમસ્કાર મંત્રના સંપૂર્ણ સામર્થ્યને સંક્ષેપમાં પણ સ્પષ્ટ રીતે જણાવી દે છે.

કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા જેવા સમર્થ વિદ્વાને પણ પોતાની માતા **પાહિની** કે જેમણે

---

'बहुशः' अनेकशः । ततो महत्यामप्यापदि द्वादशाङ्गं मुक्त्वा तत्स्थानेऽनुस्मरणाद् महार्थः । इयमत्र भावना-मरणकाले द्वादशाङ्ग-परावर्तनाशक्तौ तस्थाने तत्कार्यकारित्वात् सर्वैरपि महर्षिभिरेष स्मर्यत इति द्वादशाङ्गसङ्ग्राहिता, तद्भावाच महार्थ इति।"—
आवश्यकनिर्युक्तिमलयगिरीया वृत्ति. पृ० ५११

દીક્ષા લીધી હતી, તેમના મરણ સમયે[1] 'તમારા પુણ્ય નિમિત્તે હું ક્રોડવાર નમસ્કાર મંત્રનો જાપ કરીશ' એ પ્રમાણે પુણ્ય કહ્યું હતું. આવા મહાજ્ઞાની પુરુષો પણ નમસ્કારમંત્રનો આશ્રય લે છે એ જ એમ કહી આપે છે કે એની અક્ષર સંકલનામાં એવું કોઈ અચિંત્ય સામર્થ્ય રહેલું છે કે આત્માને અનાદિ કાળથી વળગેલા અનંત પાપના થરોને અને પાપી વાસનાઓને નમસ્કાર મંત્ર જડ મૂળમાંથી નષ્ટ કરી નાખે છે. આ લોકનાં સુખો, પરલોકનાં સુખો તેમ જ મોક્ષનું શાશ્વત સુખ પણ એ મેળવી આપે છે.

આ મંત્રની અર્થસંકલના પણ એવી ઉત્તમ છે કે જગતના સર્વકાળના સર્વ શ્રેષ્ઠ આત્માઓ એના વાચ્ય રૂપે છે. એના અર્થનો આપણે વિચાર કર્યા કરીએ તો પણ એ પરમેષ્ઠિઓના ગુણોના સ્મરણ અને ચિંતનના પ્રભાવે તન્મય થઈને આપણે પરમાત્મા બની જઈએ. આધ્યાત્મિક શાસ્ત્રનો નિયમ છે કે 'જે માણસ જેનું અહર્નિશ ચિંતન કરે છે તે તદ્રૂપ બની જાય છે.' પરમાત્માનું સતત સ્મરણ અને ધ્યાન કરવાથી પરમાત્મા સાથે આપણા આત્માનું અનુસંધાન થાય છે અને તેથી આપણા આત્મામાં પરમાત્માની તમામ શક્તિઓ પ્રગટ થવાથી આપણે પરમા-

---

૧ " अथान्यदा श्रीहेमसूरिमाता चाहिणीदेवी प्रव्रजिता । कालान्तरेकृतानशना नमस्कारकोटिपुण्ये दत्ते सति श्रीपत्तने पुण्यवरे त्रिषष्टिशलाकापुरुषचरित्रादिलक्षग्रन्थो नवीनः कार्य इति प्रोक्ते सति सूरिणा मृता । "—कुमारपालप्रबोधप्रबन्ध, पृ० ५९.

સ્મરૂપ થઈ જઇએ છીએ. આ પ્રમાણે શબ્દ તથા અર્થ બંને દૃષ્ટિએ વિચારતાં નમસ્કારની મહામન્ત્રતા છે.

અહીં મહત્ત્વનો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે 'નમસ્કાર મંત્રનો અપાર મહિમા છે' એમ બધા જ કહેતા આવ્યા છે અને કહે છે. એનાં ચમત્કારોની પણ અનેક વાતો સાંભળવામાં આવે છે. તો પછી આપણને બધાને એનો અનુભવ કેમ થતો નથી? આનો ઉત્તર પણ સામાન્ય રીતે એ જ આપવામાં આવે છે કે એકાગ્રતા, ભક્તિ તથા વિધિ પૂર્વક એનો જાપ કરવામાં આવતો નથી તેથી નમસ્કાર મંત્રનો જાપ કરવા છતાં ઈષ્ટ ફળ મળતું નથી. આ ઉત્તર તદ્દન સત્ય છે, છતાં કેટલીક વિશેષ વિચારણા ખાસ જરૂરી છે કે એકાગ્રતા કેમ આવતી નથી? વ્યગ્રતા પાછળ શાં કારણો છે? વ્યગ્રતા કેવી રીતે દૂર થાય? એવી કઈ બાધક વસ્તુઓ નડે છે કે જે આપણી સાધનામાં વિઘ્ન નાખે છે? શું કરવામાં આવે કે જેથી સાધનામાં પ્રગતિ થાય અને એકાગ્રતા આવે? શું કરવામાં આવે કે જેથી મંત્રાક્ષરોમાં ગુપ્ત રહેલું અચિંત્ય સામર્થ્ય પ્રગટ થાય? નમસ્કારમંત્રના ભક્તિમાન સાધકોની અને ઉપાસકોની આ મોટામાં મોટી મુંઝવણો છે. આ સંબંધમાં ઉઠતા અનેક પ્રશ્નો અને તેના ઉત્તરો વિષેના યથામતિ વિચારોને વિસ્તારથી લખવા માટે પુષ્કળ સમય જોઇએ. અત્યારે અત્યંત મર્યાદિત સમયમાં આ આમુખમાં એ વિચારોને લખવાનું મારે માટે અશક્ય છે. પરંતુ નમસ્કારના સાધકોએ એટલી વાત ખાસ સમજી લેવી જોઇએ કે 'ફળપ્રાપ્તિની પ્રતિસમય ઝંખના એ જ

ફળપ્રાપ્તિમાં તથા નમસ્કાર મંત્રની ઉપાસનામાં મોટું વિઘ્ન બની જાય છે.' કારણ કે મંત્રાક્ષરોમાં ગુપ્ત રહેલી અચિન્ત્ય શક્તિને પ્રગટ કરવા માટે જાપ ઉપરાંત બીજા અનેકાનેક નિયમોને જીવનમાં ઉતારવા પડે છે. મોટા ભાગના સાધકો એ નિયમોને જાણતા જ હોતા નથી, ઘણા ખરા જાણનારા પણ અનેક કારણોને લીધે એ નિયમોને અમલમાં મૂકી શકતા નથી. એટલે નમસ્કારનો અપાર મહિમા સાંભળીને એકદમ આકર્ષાઈને 'નમસ્કારનો જાપ કરવાથી શીઘ્રમેવ ઇષ્ટ ફળ મળી જાશે' એવી આકાંક્ષાથી જેઓ નમસ્કારનો જાપ કરવા પ્રવૃત્ત થાય છે અને ફળની જ અધીરાઈને જેઓ સેવ્યા કરે છે તેવા મનુષ્યોને જ્યારે ઇષ્ટ ફળ શીઘ્ર મળતું નથી ત્યારે પ્રારંભમાં નમસ્કાર ઉપર તેમને જે તીવ્ર શ્રદ્ધા હોય છે તેમાં ઘટાડો થવા લાગે છે. પરિણામે મંત્રજાપનું પરમ બળ જે શ્રદ્ધા, તેમાં ઘટાડો થવા લાગે છે અને તેથી નમસ્કારથી મળતું જે ઇષ્ટ ફળ તે નજીક આવવાને બદલે ઉલટું દૂર દૂર ખસતું જાય છે. એટલે નમસ્કારના સાધકોએ ફળ ઉપર દૃષ્ટિ સ્થાપી રાખવા કરતાં નમસ્કાર ઉપર દૃષ્ટિ સ્થાપિત કરવાનીજ ખાસ જરૂર છે. 'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' 'કર્તવ્ય કરવાનો જ આપણને અધિકાર છે, ફળ ઉપર અધિકાર નથી' એટલે આપણું પરમ કર્તવ્ય તો નમસ્કારની ઉપાસના કરવી એજ છે, એનું ફળ આપવાનું કાર્ય નમસ્કારને જ સોંપી દેવું જોઇએ. કેવી રીતે ક્યારે અને શું ફળ આપવું કે જેથી આપણું શ્રેય થાય એની જવાબદારી આપણે નમસ્કારને

સોંપી દેવી જોઇએ.

'આ જીવનમાં નમસ્કારમંત્ર જપવાનું પરમ ભાગ્ય પ્રાપ્ત થયું' એ જ મોટામાં મોટું ફળ છે, એમ માનીને નમસ્કારના સાધકોએ નમસ્કારની ઉપાસનામાં જ લયલીન થઈ જવું જોઇએ. કારણ કે જગતમાં પ્રભુના નામસ્મરણથી બીજો એકે ય મોટો લ્હાવો નથી. જેને પ્રભુના સ્મરણમાં રસ લાગ્યો છે તેને કશી બીજી વાત ગમતી પણ નથી. એવો મનુષ્ય નમસ્કાર મંત્રને ગણે છે, એમ કહેવા કરતાં નમસ્કારમંત્રને ગણ્યા સિવાય એનાથી રહી જ શકાતું નથી, એમ કહેવું વધારે સુંદર છે. આવી સ્થિતિ પ્રાપ્ત કરવી એ સાધકોને માટે ખાસ જરૂરી છે. ભક્તો ભક્તિમાં પણ મુક્તિનો જ આનંદ અનુભવતા હોય છે.

મંત્રની ઉપાસનામાં નિષ્ઠાની ખાસ જરૂર છે. કારણ કે 'जप' वक्तायां वाचि, मानसे च' એ ધાતુ ઉપરથી જાપ શબ્દ બનેલો છે. આ એક શાસ્ત્રસિદ્ધ અને વિજ્ઞાનસિદ્ધ હકીકત છે કે આપણે જે શબ્દોનો ઉચ્ચાર કરીએ છીએ તે શબ્દો સમગ્ર જગતમાં વ્યાપી જાય છે. જેમ શાંત સરોવરમાં પત્થર નાખવાથી પાણીમાં કુંડાળાં પ્રગટ થાય છે અને જો જોરથી ફેંકવામાં આવ્યો હોય તો એક કુંડાળામાંથી બીજાં અનેક કુંડાળાં ઉત્પન્ન થઇને એક કિનારાથી બીજા કિનારા સુધી વ્યાપી જાય છે, તે પ્રમાણે શબ્દોનો ઉચ્ચાર કરવાથી પણ આંદોલનો પ્રગટ થાય છે અને તે સમગ્ર વિશ્વમાં વ્યાપી જાય છે. હવે જો આંદોલનો નિર્બળ હોય તો ખાસ કંઇ જ કરી શકતાં નથી, પણ પ્રબળ હોય અને વ્યવસ્થિત

રીતે ફેલાયા કરે તો આ આંદોલનો જગતના દ્રવ્યોમાં-વાતાવરણમાં પ્રવેશ કરીને તદ્દન કલ્પનાતીત અને ચમત્કારક પરિવર્તન કરી શકે છે. માટે સાધકે મંત્રાક્ષરના જપમાં એવી રીતે તન્મય થઇ જવું જોઇએ કે સમુદ્રમાં માછલાંને જેમ દશે દિશાઓમાં પાણીનો જ અનુભવ થયા કરે છે તેવી રીતે મંત્રાક્ષરોનો એવી વ્યવસ્થિત રીતે જાપ ચલાવવો જોઇએ કે જેથી મંત્રાક્ષરોનાં આંદોલનો પોતાની સર્વ બાજુએ વ્યાપી જાય અને પોતે જાણે મંત્રાક્ષરોના ધ્વનિના મહાસાગરમાં ડૂબી ગયો હોય એવું તેને ભાન થાય. આવી રીતે જાપ કરવામાં આવશે ત્યારે નમસ્કાર મંત્રના જાપના દિવ્ય ચમત્કારોનો સાધકને આપોઆપ અનુભવ થવા લાગશે.

નમસ્કાર મંત્ર એ માત્ર પૌદ્ગલિક અક્ષરરૂપ છે, એમ માનવાનું નથી. એમાં તો [1]અક્ષર રૂપે ખરેખર પરમેષ્ઠિઓ રહેલા છે. તેથી 'જાપ જપતી વખતે પરમેષ્ઠિના સાંનિધ્યનો આપણને અનુભવ થાય છે' એવી ભાવનાથી જાપ

---

૧ " मन्त्रमूर्तिं समादाय, देवदेवः स्वयं जिनः ।
सर्वज्ञः सर्वगः शान्तः, सोऽयं साक्षाद् व्यवस्थितः । "
ज्ञानार्णव पृ० ३९०

" प्रकारान्तरेण पदमयीं देवतां प्रस्तौति—
तथा पुण्यतमं मन्त्रं जगत्त्रितयपावनम् ।
योगी पञ्चपरमेष्ठिनमस्कारं विचिन्तयेत् ॥३२॥"
—श्रीहेमचन्द्राचार्यप्रणीतयोगशास्त्र (सटीक) अष्टमप्रकाशः

કરવો જોઇએ. મંત્ર એ પોતે જ અક્ષરાત્મક દેવ છે, અને મંત્રના પોતાના પણ અનેક અધિષ્ઠાયક દેવો હોય છે. એટલે મંત્રના ભક્તિપૂર્વક કરેલા વ્યવસ્થિત જાપથી મંત્રના અધિષ્ઠાયક દેવો સુધી તે આંદોલનો પહોંચે છે અને તે દેવો સાધકને અનેક રીતે સહાય કરે છે. માટે જ મંત્રાક્ષરોને પણ સાક્ષાત્ દેવ અને દેવાધિષ્ઠિત માનીને જ ઉપાસના કરવાની છે. મંત્રાક્ષરોમાં પણ આવું દૈવત ખાસ કરીને ગુરુના મુખથી આપણને મંત્ર મળે તો જ પ્રાપ્ત થાય છે. એ કારણે જે સદ્‌ગુરુનાં દર્શનથી આપણને પરમ આનંદ પ્રાપ્ત થતો હોય, જેમના ઉપર આપણને ખાસ જ ભક્તિ હોય, તેવા ગુરુદેવ પાસેથી મંત્રાક્ષરોનો પાઠ મેળવવો જોઇએ. એમ કરવાથી મંત્રમાં ચૈતન્ય પ્રગટ થાય છે. આ ઉદ્દેશથી જ નમસ્કાર મંત્ર આદિ ભણવા માટે શાસ્ત્રોમાં ઉપધાન આદિનો વિધિ ફરમાવેલો છે. કહ્યું છે કે—

'भवेद् वीर्यवती विद्या, गुरुवक्त्रसमुद्भवा'

'ગુરુના મુખેથી જે વિદ્યા પ્રાપ્ત થઈ હોય તે વિદ્યા વીર્યવાળી-વિશેષતયા ફળ આપનારી થાય છે'

એટલે નમસ્કાર મંત્રના સાધકોએ એટલું તો ઓછામાં ઓછું કરી લેવું જોઇએ કે તેઓ વિધિપૂર્વક ગુરુપ્રણિપાત કરીને અત્યંત બહુમાનપૂર્વક ગુરુ પાસેથી નમસ્કારનો પાઠ લઇ લે. આ વિધિથી મંત્રમાં ચૈતન્ય પ્રગટ થાય છે અને અમુક સંખ્યામાં જાપ થયા બાદ તેનો અનુભવ પણ થવા લાગે છે.

એટલી વાત સર્વથા નિશ્ચિત છે કે—

'जपात् सिद्धिर्जपात् सिद्धिर्जपात् सिद्धिर्न संशयः ॥'

'જપથી સિદ્ધિ થાય, જપથી સિદ્ધિ થાય, જપથી સિદ્ધિ થાય, એમાં સંશયને અવકાશ જ નથી.' એમ સમજી જે સાધકો નમસ્કાર મંત્રના જપને બરાબર વળગી રહેશે તેમને પરિણામે સિદ્ધિ–મોક્ષને આપનારી અપૂર્વ અને અકલ્પિત માનસિક શુદ્ધિનો અવશ્યમેવ અનુભવ થશે જ થશે.

નમસ્કાર મંત્રના સમ્યગ્ આરાધક પૂ૦ પં૦ શ્રીભદ્રંકર વિજયજીગણિવરે, આ આમુખ લખવાની પ્રેરણા કરીને પરમ-પૂજ્ય ગુરુદેવોએ આપેલી નમસ્કાર મંત્રરૂપી પરમકલ્યાણકર સમ્પત્તિ પ્રત્યે બહુમાન પ્રગટાવવાનો જે અમૂલ્ય અવસર મને આપ્યો છે તે બદલ તેઓશ્રી પ્રત્યે સબહુમાન આભાર વ્યક્ત કરીને તેમ જ આવી સમ્પત્તિ આપનાર પૂ૦ મારા ગુરુદેવોને અનંતશઃ ભક્તિપૂર્વક વન્દના કરીને આ આમુખ સમાપ્ત કરું છું.

વિ૦ સં૦ ૨૦૧૫, આસો વદિ ત્રીજ.
દોશીવાડાની પોળ–જૈનવિદ્યાશાળા,
**અમદાવાદ.**

પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજ
શ્રીભુવનવિજયાન્તેવાસી
મુનિ જમ્બૂવિજય.

卐 卐 卐

બાહ્ય–અભ્યંતર તપના સતત આરાધક, કીર્તિકામનાથી અલિપ્ત
વયોવૃદ્ધ સૂરીશ્વરજી

# પૂ. બાપજી મહારાજ[1]

## ( લે૦ રતિલાલ દીપચંદ દેસાઈ )

વિક્રમની વીસમી અને એકવીસમી સદીમાં દર્શન, જ્ઞાન અને ચારિત્રનું આરાધન કરનાર જે મુનિવરો અને આચાર્યો થઈ ગયા, એમાં સૌથી વયોવૃદ્ધ ગણી શકાય એવા પૂ. આ. શ્રી વિજયસિદ્ધિ-સૂરીશ્વરજી મહારાજ થોડા દિવસો પહેલાં જ કાળધર્મ પામ્યા, એટલે એમનો ટૂંક પરિચય અહીં આપવો ઇષ્ટ છે.


પંચમ ગણધર શ્રીસુધર્માસ્વામિજી શતવર્ષાયુ હતા. એ રીતે જેમણે **शतं जीव शरदः** એ ઉક્તિ પ્રમાણે એક સો કે તેથી વધુ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હોય એવા કેટલાક પૂર્વાચાર્યો કે યુગપ્રધાનો આપણે ત્યાં થઈ ગયા; જેમકે આર્ય પ્રભવસ્વામિજી ૧૦૫ વર્ષ, આર્ય ધર્મ-ઘોષસૂરિજી ૧૦૧ વર્ષ, આર્ય મહાગિરિજી અને આર્ય સુહસ્તિસૂરિજી વગેરે ૧૦૦ વર્ષ, શ્રીભદ્રગુપ્તસૂરિજી ૧૦૫ વર્ષ, શ્રીવજ્રસેનસૂરિજી ૧૨૮ વર્ષ, શ્રી નાગહસ્તિસૂરિજી ૧૧૬ વર્ષ, શ્રીરેવતિમિત્રસૂરિજી ૧૦૯ વર્ષ, શ્રીસિંહસૂરિજી ૧૧૬ વર્ષ, શ્રીનાગાર્જુન ૧૧૧ વર્ષ, આર્ય ભૂતદિન્નસૂરિ ૧૧૯ વર્ષ, શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ ૧૦૪ વર્ષ, વાચકપ્રવર શ્રીઉમાસ્વાતિજી ૧૧૦ વર્ષ અને શ્રીવિનયમિત્રસૂરિ ૧૧૫ વર્ષ—વગેરે વગેરે.

એજ રીતે ઉપર જણાવેલા શ્રમણોમાં એવા પણ છે કે જેમનો દીક્ષાપર્યાય ચાર વીશી કરતાંય લાંબો હતો. જેવા કે આર્ય સુંદિલ અને શ્રીરેવતિમિત્રસૂરિજી ૮૪ વર્ષ, આર્યધર્મસૂરિજી ૮૪ કે ૮૮ વર્ષ, શ્રી વજ્રસ્વામિજી ૮૦ વર્ષ, શ્રીવજ્રસેનસૂરિજી ૧૧૯ વર્ષ, શ્રી નાગહસ્તિસૂરિજી ૯૭ વર્ષ, શ્રીરેવતિમિત્ર ૮૯ વર્ષ, શ્રીસિંહસૂરિજી

---

૧–લેખક શ્રીરતિલાલ દીપચંદ દેશાઈ અને શ્રીજૈનપત્રના તંત્રીના સૌજન્યથી તા. ૧૭–૧૦–૫૯ ના જૈનપત્રમાંથી સમુદ્ધૃત કરી અહીં આપ્યું છે.

સંઘસ્થવિર દીર્ઘતપસ્વી શમમૂર્તિ



સ્વ૦ પૂ. આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ

૯૮ વર્ષ, શ્રી નાગાર્જુન ૯૭ વર્ષ, આર્ય ભૂતદિન્નસૂરિજી ૧૦૧ વર્ષ, શ્રીધર્મઘોષસૂરજી ૯૩ વર્ષ અને શ્રીવિનયમિત્રસૂરિ ૧૦૫ વર્ષ–વગેરે વગેરે.

સ્વર્ગસ્થ આચાર્ય મહારાજ પણ પાંચ વીશી કરતાં લાંબા આયુષ્યને ધરાવનાર અને ચાર વીશી કરતાં વધારે સમય સુધી દીક્ષાપર્યાયને ધારણ કરનાર આવા બધા વયોવૃદ્ધ અને ચારિત્રવૃદ્ધ પૂર્વ પુરુષોની હરોળમાં જ બેસી શકે એવા પુરુષ હતા; અને એમની ઉગ્ર અને દીર્ઘ અવિચ્છિન્ન તપસ્યાનો વિચાર કરતાં તો કદાચ એમ જ કહી શકાય કે ૧૦૫ વર્ષની અતિવૃદ્ધ ઉમ્મરે પણ, જીવનની અંતિમ ઘડી સુધી પોતાની તપસ્યાને સાચવી રાખનાર તેઓ ખરેખર, અદ્વિતીય આચાર્ય હશે.

આચાર્ય મહારાજનો જન્મ વિ. સં. ૧૯૧૧ના શ્રાવણ સુદિ ૧૫ ના રક્ષાબંધનના પર્વદિને એમના મોસાળ વળાદમાં થયો હતો. એમનું પોતાનું વતન અમદાવાદમાં–ખેતરપાળની પોળમાં. અત્યારે પણ એમના કુટુંબીઓ ત્યાં રહે છે. આ પોળ અમદાવાદની મધ્યમાં માણેકચોકની પાસે આવેલ છે. એમ કહેવાય છે કે આ પોળની નજીકમાંથી છેક ભદ્રનો કિલ્લો અને એનો ટાવર તે કાળે દેખી શકાતાં હતાં; એના ઉપરથી સમજી શકાય એમ છે કે તે વખતે અમદાવાદ શહેર કેવું હશે ?

એમના પિતાશ્રીનું નામ મનસુખલાલ; માતુશ્રીનું નામ ઉજમબાઇ; બંને ધર્મપરાયણ અને પોતાનાં સંતાનોમાં સારા સંસ્કાર પડે એવી લાગણી રાખનારાં. એમને ૭ પુત્રો અને એક પુત્રી. એમાં આચાર્ય મહારાજ સૌથી નાના પુત્ર, એમનું નામ ચુનીલાલ.

ચુનીલાલે અભ્યાસ પૂરો કર્યો અને પિતા તથા ભાઇઓના કામમાં તેઓ મદદગાર થવા લાગ્યા. કોઇપણ કામમાં એમની નજર પણ એવી પહોંચે. અને કામ કરવાની ખંત પણ એટલી જે જે કામ કરવા લે એમાં પૂરેપૂરો જીવ પણ એવો પરોવી દે કે તે કામમાં ધારી સફળતા મળ્યા વગર ન રહે. કોઇને પણ વહાલા થઇ પડવાનો

સારામાં સારો કીમિયો તે કામગરાપણું. જે કામચોર ન હોય એને લોકો હોંશે હોંશે બોલાવે અને ચાહે. ચુનીલાલ પણ આખા કુટુંબમાં પ્રિય થઇ પડેલા. જેને કંઈ પણ કામ હોય એ તરત જ ચુનીલાલને સંભારે અને ચુનીલાલ પણ એ માટે ખડે પગે તૈયાર રહે.

પણ આમાં નવાઇની વાત એ હતી કે ચુનીલાલ કોઇ પણ કામમાં આવા ઓતપ્રોત બની જાય, પણ એમનો અંતરંગ રસ તો વૈરાગ્યનો જ. ઘરનું અને બહારનું બધું ય કામ કરે, પણ જાણે સદા જળકમળની જેમ નિર્લેપ જ. કામ પાર પાડવામાં એમની નિષ્ઠા પુરવાર થતી અને એનાથી અલિપ્ત રહેવામાં એમની વૈરાગ્યવૃત્તિ જણાઇ આવતી. આ રીતે એમના જીવનમાં કાર્યનિષ્ઠા અને વૈરાગ્ય ભાવનાની ફૂલગૂંથણી થયેલી હતી. પરિણામે કોઇ પણ કાર્ય કર્યાનું ન તો એમને અભિમાન થતું કે ન તો કોઇની પ્રશંસા સાંભળીને તેઓ ફૂલાઈ જતા. મનને સમતાનો પાઠ જાણે એમણે ઘરમાંથી જ શીખવવા માંડ્યો હતો. મન આડું અવળું જવા માગે તો અંતરમાં બેઠેલો વૈરાગ્ય એને સીધે માર્ગે રાખે.

નાનપણમાં એમણે અમદાવાદની વિદ્યાશાળામાં શ્રી સુબાજી રવચંદ જેચંદની પાસે ધાર્મિક અભ્યાસ કરેલો. શ્રી સુબાજી ભારે ધર્મપ્રેમી અને સારા શ્રોતા લેખાતા. એ લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓને ધાર્મિક શીખવતા અને ધાર્મિક સંસ્કાર દૃઢ કરાવતા. ચુનીલાલની ધર્મ-શ્રદ્ધામાં સુબાજીના શિક્ષણનો પણ નોંધપાત્ર હિસ્સો હતો

ચુનીલાલ ૧૮-૨૦ વર્ષની ઉંમરના થયા અને સૌનાં માતા-પિતાની જેમ, એમનાં માતાપિતાને પણ એમના લગ્નના લહાવા લેવાના મનોરથ થવા લાગ્યા. પણ ચુનીલાલનો આત્મા તો વૈરાગ્યનો ચાહક હતો, એટલે એમનું મન સહજ રીતે લગ્નની દિશામાં કેવી રીતે વળે ? માતાપિતા અને કુટુંબીઓને સંસાર ખપતો હતો; વૈરાગી પુત્રને સંયમની તાલાવેલી લાગી હતી: એ બેનો નિકાલ કોણ લાવે ?

યૌવનમાં ડગ માંડતી વીસેક વર્ષની વયે આ પ્રશ્ન ઉગ્ર બન્યો.

વડીલો કહે પરણાવ્યા વગર રહીએ નહીં; પુત્ર કહે હું પરણું નહીં. છેવટે માતા–પિતાની આજ્ઞાને વિનીત ચુનીલાલે શિરોધાર્ય કરી અને અમદાવાદમાંજ આકાશેઠના કુવાની પોળમાં રહેતા ખરીદિયા કુટુમ્બનાં ચન્દનબ્હેન સાથે તેમનાં લગ્ન થયાં. ચંદનબહેન ચુનીલાલ કરતાં ફક્ત છ મહિને જ મોટાં હતા; એ પણ ખૂબ ધર્મપ્રેમી.

લગ્ન તો કર્યું, પણ અંતરનો વૈરાગ્ય દૂર ન થયો. બે–ત્રણ વર્ષનું ગૃહસ્થ જીવન ભોગવ્યું ન ભોગવ્યું અને વળી પાછી વૈરાગ્યની ભાવના તીવ્ર બની ગઈ. એ તેવીસ વર્ષની ભરયુવાન વયે ચુનીલાલે તો નિશ્ચય જ કરી લીધો કે હવે તો સંયમ લીધે જ છૂટકો.

ફરી પાછો ઘરમાં સંસાર અને વૈરાગ્ય વચ્ચેનો ગજગ્રાહ શરૂ થયો, માતા પિતા અને અન્ય કુટુંબીઓએ ખૂબ વિરોધ કર્યો. આમ દીક્ષા લેતાં પત્ની ચંદનબ્હેનની શી સ્થિતિ થાય ? કામગરા ચુનીલાલ ઉપર મોટાભાઇને ખૂબ હેત. એમને તો ચુનીલાલ ચાલ્યા જાય તો પોતાની એક ભુજા કપાઈ જવા જેવું દુઃખ થાય. એટલે આ વિરોધમાં એ સૌથી મોખરે હતા. પણ ચુનીલાલ આ વખતે પાકો નિશ્ચય કરી ચૂકયા હતા. એમનો આગ્રહ પણ કુટુંબીઓના આગ્રહથી ચઢી જાય એવો હતો. કુટુંબીઓએ અને બીજાઓએ ચુનીલાલને બહુ બહુ સમજાવ્યા, ધાકધમકી પણ આપી, પણ ચુનીલાલ કોઈ રીતે માન્યા નહીં. એક દિવસે તો પોતાની મેળે મસ્તકનું મુંડન કરાવીને એમણે સાધુવેષ પણ પહેરી લીધો ! કુટુંબીઓ સામે થયા તો ત્રણ દિવસ લગી ભૂખ્યા–તરસ્યા એક ઓરડામાં ભરાઈ રહેવાનું એમણે મંજૂર રાખ્યું, પણ પોતાનો નિર્ણય ન છોડયો. છેવટે સૌને થયું કે આ વૈરાગી આત્મા હવે કોઈ રીતે ઘરમાં રહેશે નહીં. લગ્ન પ્રસંગે માતા–પિતાનો આગ્રહ સફળ થયો હતો, તો આ વખતે ચુનીલાલનો નિર્ણય સૌને મંજૂર રાખવો પડયો હતો. આ રીતે ચુનીલાલે પોતાની અણનમ સંકલ્પ શક્તિનો સૌને પરિચય કરાવ્યો. **આ સંકલ્પબળ એમના સમગ્ર જીવનમાં અંત સુધી વ્યાપી રહ્યું હતું.**

પણ કુટુંબનો આવો સજ્જડ વિરોધ હોય ત્યાં કોણ સાધુ દીક્ષા આપવા તૈયાર થાય ? એટલે પોતાની મેળે સાધુ વેશ પહેરીને ચુનીલાલ ઝાંપડાની પોળના ઉપાશ્રયમાં રહ્યા અને છેવટે જંગમ યુગ-પ્રધાન સમા તે કાળના મહાપ્રભાવિક અને પરમ સાધુપુરુષ શ્રીમણિ-વિજયજી દાદાએ એમને લવારની પોળમાં સંઘની હાજરીમાં ભાગવતી દીક્ષા આપી. તે યાદગાર દિવસ વિ. સં. ૧૯૩૪ ના જેઠ વદિ બીજ. તે દિવસે ચુનીલાલ મુનિશ્રી સિદ્ધિવિજયજી બની ગયા. પૂ મણિવિ-જયજી દાદાના એ સૌથી નાના શિષ્ય.

તે વર્ષનું ચોમાસું સિદ્ધિવિજયજીએ પોતાના ગુરુ મણિવિજયજી દાદાની સાથે અમદાવાદમાં જ કર્યું. પરંતુ ચોમાસું પૂરું થયું, એટલામાં રાંદેરમાં મુનિશ્રી રત્નસાગરજી બીમાર થઈ ગયાના ખબર આવ્યા. મણિવિજયજી દાદા હતા તો માત્ર પંન્યાસ જ; પણ આખા સંઘનું હિત એમના હૈયે વસેલું, અને સૌ કોઈની ચિંતા એ કર્યા કરતા. રત્નસાગરજીની માંદગીના સમાચારથી દાદા ચિંતામાં પડી ગયા; પણ માત્ર ચિંતા કરીને કે મોઢાની સહાનુભૂતિ દર્શાવીને બેસી રહે એવા એ પુરુષ ન હતા. એમણે તરત જ મુનિશ્રી સિદ્ધિવિજય-જીને સુરત પહોંચીને મુનિશ્રી રત્નસાગરજીની સેવામાં હાજર થઈ જવાની આજ્ઞા ફરમાવી.

મુનિ સિદ્ધિવિજયજી તાજા જ દીક્ષિત, ગુરુ ઉપર એમને અપાર પ્રીતિ; અને ગુરુસેવાની પૂરેપૂરી તમન્ના. વળી મણિવિજયજી દાદાની ઉંમર પણ ૮૨-૮૩ વર્ષની; અને વૃદ્ધાવસ્થાને કારણે એમની કાયાનો ડુંગર પણ ક્યારેક ક્યારેક ડોલતો લાગતો હતો. આ પરિ-સ્થિતિમાં મુ. સિદ્ધિવિજયજીનું મન ગુરુજીના સાંનિધ્યનો ત્યાગ કરવા કોઈ રીતે ન માને, પણ ગુરુની આજ્ઞા થઈ, ત્યાં તો છેવટે **आज्ञा गुरूणामविचारणीया** અથવા **गुरोराज्ञा गरीयसी**, માનીને એને માથે ચઢાવવી જ રહી. મુનિ સિદ્ધિવિજયજી સત્વર સુરત શ્રીરત્નસા-ગરજીની સેવામાં પહોંચી ગયા અને એ ચોમાસું સુરત પાસે રાંદેરમાં

કર્યું. ભાગ્યયોગે એ ચોમાસામાં જ (આસો સુદિ ૮ મે) પૂ. મણિવિજય દાદા અમદાવાદમાં સ્વર્ગવાસી થયા; અને મુ૦ સિદ્ધિવિજયજીના મનમાં ગુરુજીનો અંતિમ વિયોગ, ગુરુ ગૌતમની જેમ અપાર વેદના જગાવી ગયો. એમની ગુરુસેવાની ભાવના અધૂરી જ રહી ગઈ. આમ છતાં અમદાવાદના ચાતુર્માસ દરમ્યાન, દીક્ષા પછીના છ એક માસ જેટલા ટુંકા ગાળામાં, એમણે ગુરુજીની એવી સાચા દિલથી સેવા કરી હતી કે આખી જિંદગી ચાલે એવા ગુરુના આશીર્વાદ મળી ચૂકયા હતા અને મુનિ સિદ્ધિવિજયજીનું શિષ્યપણું સફળ થયું હતું.

શ્રી રત્નસાગરજી મહારાજ કંઈક આકરા સ્વભાવના અને એમાં લાંબા વખતની બિમારી; છતાં મુ૦ સિદ્ધિવિજયજીએ સમભાવ અને શાંતિપૂર્વક સેવા કરીને એમનું દિલ જીતી લીધેલું તે એટલે સુધી કે, પછી કોઈ કાંઈ વાત કરવા આવતું તો રત્નસાગરજી મહારાજ એમને મુ૦ સિદ્ધિવિજય પાસે જ મોકલી આપતા. આ રીતે એમણે રત્નસાગરજી મ.ની આઠ વર્ષ સુધી ખડે પગે સેવા કરી અને તેઓ એક આદર્શ વૈયાવચ્ચ કરનાર લેખાયા.

મૂળ સિદ્ધિવિજયજી સુરતમાં હતા એ દરમ્યાન ત્યાંના બીજા કોઈ ઉપાશ્રયમાં એક ખરતરગચ્છના મુનિ બીમાર પડી ગયા. મહારાજશ્રીને આ વાતની ખબર પડી એટલે પછી એમનો વૈયાવચ્ચપ્રિય આત્મા નિષ્ક્રિય કેમ રહે ? મુ૦ સિદ્ધિવિજજીએ એમની સેવાનું કાર્ય પણ ઉપાડી લીધું. એ રોજ સવારે વ્યાખ્યાન વાંચે; પછી પેલા ખરતરગચ્છના મુનિ પાસે જાય, એમની સેવા કરે; એમને ગોચરી વગેરે લાવી આપે; અને પછી ઉપાશ્રયે પાછા આવીને ખરે બપોરે એકાસણું કરે. કેવું ઉગ્ર તપશ્ચરણ !

પૂ. મણિવિજયજી દાદા પોતાની વૃદ્ધ ઉંમર છતાં નવદીક્ષિત મુનિ સિદ્ધિવિજયજીને સુરત રત્નસાગરજીની સેવા માટે રવાના કરે અને મુ૦ સિદ્ધિવિજયજી પોતાની અનેક જવાબદારીઓ છતાં એક

ખરતરગચ્છના બીમાર મુનિની સેવા કરવાનું સ્વીકારે, એ બીના એટલું બતાવવાને બસ થવી જોઇએ કે તે કાળે સાધુસમુદાયનાં મન કેવાં ભદ્રપરિણામી અને એકબીજાના સુખે સુખી–દુઃખે દુઃખી થવાની ભાવનાથી સુવાસિત હતાં.

સુરતમાં મહારાજશ્રીની પ્રેરણાથી એક પાઠશાળા સ્થાપવાનું નક્કી થયું, તો એમણે એની સાથે સદ્‌ગત મુ૦ શ્રી રત્નસાગરજીનું નામ જોડયું અને એ રીતે પોતાની નિષ્કામવૃત્તિ અને કીર્તિની લોલુપતાનો અભાવ પ્રત્યક્ષ બતાવી આપ્યો.

સુરતમાં રહ્યા તે દરમ્યાન મુ૦ સિદ્ધિવિજયજી પૂ. આત્મારામજી મહારાજના સંપર્કમાં આવ્યા અને એમની પાસે સૂત્રસિદ્ધાંતનો, ખાસ કરીને ઉત્તરાધ્યયન સૂત્રનો અભ્યાસ કર્યો. બન્ને વચ્ચે ખૂબ પ્રીતિ હતી અને આત્મીયતાનો સંબંધ હતો. પૂ. આત્મારામજી મહારાજ તો એમને ‘ છોટા ચાચા ’ કહીને બોલાવતા.

મુ૦ સિદ્ધિવિજયજીને અભ્યાસની ખૂબ તાલાવેલી. એ માટે એ ગમે તેવી મહેનત કરવાનું અને ગમે તે કષ્ટ સહન કરવાનું ય ન ચૂકે. એકવાર તેઓ છાણીમાં રહેલા. તે કાળે વડોદરા રાજ્યના રાજારામ શાસ્ત્રી સંસ્કૃતના મોટા વિદ્વાન લેખાય. સિદ્ધિવિજયજીને થયું, આવા પંડિત પાસે કાવ્ય અને ન્યાયનો અભ્યાસ કરવાનું મળે તો કેવું સારું ! પણ રહેવું છાણીમાં અને ભણવું વડોદરામાં એ કેમ બને ? રોજ છ માઇલ જવું અને છ માઇલ આવવું. બાર માઇલની મજલ કરવી અને સાધુજીવનની ક્રિયાઓ સાથે અધ્યયન પણ કરવું. પણ મુનિ સિદ્ધિવિજયજીનું સંકલ્પબળ અજેય કિલ્લા જેવું હતું. એમણે સવારે છાણીથી વડોદરા જવાનું, વડોદરામાં પંડિતજીની સગવડ મુજબ અધ્યયન કરવાનું; અને રોજ છાણી પાછા આવવાનું–એ ક્રમ મહિનાઓ સુધી ચાલુ રાખ્યો.

સુરત શહેર મહારાજશ્રીનું ખૂબ રાગી. વિ. સં. ૧૯૫૭ની

સાલમાં ભારે ઉત્સવપૂર્વક એમને સુરતમાં પૂ. પં. શ્રીચતુરવિજયજીના હસ્તે પંન્યાસ પદવી આપવામાં આવી. આ વખતે પંદર હજાર જેટલી મેદની એકત્ર થઇ હતી, જેમાં દૂર દૂરના શહેરોના જૈન આગવાનો પણ આવ્યા હતા: એક મહિના સુધી આ ઉત્સવ નિમિત્તે જમણવારો થયા હતા અને તે સમયે એક લાખ રૂપિયાનું ખર્ચ થયું હતું. જે આજે પાંચ લાખ જેટલું ગણાય.

એમનો કંઠ ખૂબ મધુર, ભલભલાને મોહી લે એવો. એમનું વ્યાખ્યાન પણ એવું જ આકર્ષક. એમની વાણી સાંભળી સૌ રાજી રાજી થઇ જાય.

વિ. સં. ૧૯૭૫ની સાલમાં વસંતપંચમીના દિવસે મ્હેસાણામાં એમને આચાર્ય પદવી આપવામાં આવી હતી.

જ્ઞાનોપાસના તો જાણે એમના જીવનનું અંગ જ બની ગઇ હતી. એક બાજુ ઉગ્ર અને દીર્ઘ તપસ્યા અને બીજી સતત જ્ઞાન સાધના. બાહ્ય અને અભ્યંતર તપનો એક જ જીવનમાં આટલો સુમેળ વિરલ ગણાય. પ્રાચીન ધર્મ પુસ્તકો લખાવવાં એ એમની પ્રિયમાં પ્રિય પ્રવૃત્તિ. ગામ–પરગામના અનેક લહિઆઓ પાસે આવાં પુસ્તકો લખાવે અને એ લખાઇ રહ્યા પછી એકધારા પીઠફલકના આધાર વગર, કલાકોના કલાકો સુધી બેસીને પ્રાચીન મૂળ પ્રતોના આધારે એનું સંશોધન કરે. એમાં કલાકો વીતી જાય તોય એ ન થાકે, કે ન કંટાળે. પ્રતો લખવા–સુધારવાનાં સાધનો કલમ, શાહી, હડતાલ, વગેરે એમની પાસે પડયાં જ હોય. આ માટે એક ઊંચી ખાસ ઘોડી કરાવેલી, તે આજે પણ બાપજી મહારાજની જ્ઞાનસેવાની સાખ પૂરે છે. શાસ્ત્રસંશોધનનું આ કાર્ય છેક ૯૦ વર્ષની ઉંમર સુધી, આંખોએ કામ આપ્યું ત્યાં સુધી, તેઓ અવિરતપણે કરતા રહ્યા.

આ જ રીતે એમણે જપ, ધ્યાન અને યોગનો (હઠ યોગનો) પણ અભ્યાસ કરેલો. કદાચ એમ કહી શકાય કે એમનું સ્વાસ્થ્ય

આટલું સારું હતું, એમાં હઠયોગનો પણ કંઈક હિસ્સો હશે જ્યારે શાસ્ત્રસંશોધનનું કામ થઈ શકે એમ ન હોય ત્યારે તેઓ પોતાના મનને જપકે ધ્યાનના માર્ગે વાળી લેતા.

વળી ઉગ્ર અને દીર્ઘ તપસ્યાને માટે તો બાપજીનું જીવન એક આદર્શ સમું થઈ ગયું હતું. ૧૯૫૭ની સાલથી તેઓ ચોમાસામાં હંમેશાં એકાંતરે ઉપવાસનું ચોમાસી તપ કરતા હતા અને બહોંતેર વર્ષની ઉંમરથી તે છેક અંત સમય સુધી-૩૩ વર્ષ લગી એમણે એકાંતરે ઉપવાસનું વાર્ષિક તપ સતત ચાલુ રાખ્યું હતું. આમાં ક્યારેક બે કે ત્રણ ઉપવાસ પણ કરવા પડતા અને ક્યારેક ૧૦૫ ડીગ્રી જેટલો તાવ આવી જતો તો પણ એ તપમાં ભંગ ન થતો. એમનું આયંબિલ પણ અસ્વાદ વ્રતના નમુનારૂપ રહેતું. મૂળે તો આંબેલની વસ્તુઓ જ સ્વાદ વગરની અને લૂખી-સૂકી હોય.

આટલા ઉગ્ર અને દીર્ઘ તપસ્વી છતાં તેઓ કદી ક્રોધને વશ નહોતા થતા. હંમેશા સમતાભાવ ધારણ કરતા હતા એ વાત એમના તપસ્વી જીવન પ્રત્યે વિશેષ આદર ઉત્પન્ન કરે એવી છે. બહુ નારાજ થતા ત્યારે તેઓ દુઃખ સાથે માત્ર એટલું જ કહેતાઃ 'હત, તારૂં ભલું થાય!' પણ સમતા અને લાગણીથી ભરેલા આટલા શબ્દો પણ કોઈની લાગણીને સ્પર્શી જવા બસ થઈ પડતા.

એમનો એક મુદ્રાલેખ હતો કે મનને જરાય નવરું પડવા ન દેવું, કે જેથી એ નખ્ખોદ વાળવાનું તોફાન કરી બેસે. એમની તપ, જપ, ધ્યાન, સ્વાધ્યાય અને યોગની બધીય પ્રવૃત્તિઓ પાછળ આ આત્મજાગૃતિ જ સતત કામ કરતી રહી છે. આવી અપ્રમત્તતાનો પાઠ શીખવાની બહુ જરૂર લેખાય.

એમના હાથે અનેક પ્રતિષ્ઠાઓ અને અંજનશલાકાઓ થઈ છે. અને ભાઈ-બહેનોની દીક્ષાઓ તો એમના હાથે સેંકડોની સંખ્યામાં થઈ છે. આમ છતાં એમનો પોતાનો શિષ્ય સમુદાય

ચાલીશેક સાધુઓનો જ છે, એ બીના એમ બતાવે છે કે તેઓ શિષ્યમોહમાં ફસાયા ન હતા. એમને તો ફક્ત એટલાથી જ સંતોષ અને આનંદ થતો કે અમુક ભાઇ કે બહેનને ધર્મબોધ થયો છે; ભલે પછી એ ગમે તેનાં શિષ્ય-શિષ્યા બને. શિષ્ય માટેની આવી નિરીહવૃત્તિ સાચે જ વિરલ ગણાય.

શિષ્યો પ્રત્યે વાત્સલ્ય પણ એમને બહુ. જે કોઇને અભ્યાસ કરવો હોય, એને માટે જોઇતી બધી જ સગવડની ચિંતા તેઓ રાખે.

પોતાના જીવનને તો એ પૂર્ણ સ્વાશ્રયી રાખવા જ પ્રયત્ન કરતા. બને તેટલી બીજાની ઓછી સેવા લેવી પડે, એ રીતે એમણે એમના જીવનને કેળવ્યું હતું.

પોતાના ગુરુને એ કદી પણ ન વિસરી શકતા. ૧૯૯૫ની સાલમાં સાણંદમાં પૂ. મણિવિજયજી દાદાની મૂર્તિની પ્રતિષ્ઠા થઇ અને પૂ૦ બાપજી તે વખતે ન જઇ શકયા તો છેવટે બિમારી અને સખત તાપ હોવા છતાં વિહાર કરીને સાણંદ જઇને ગુરુમૂર્તિનાં દર્શન કર્યાં ત્યારે જ એમને સંતોષ થયો.

અને એક અજબ વાત તો જુઓઃ વીશેક વર્ષ પહેલાંની આ વાત છે. અમદાવાદના રાજમાર્ગ ઉપર એક વયોવૃદ્ધ સાધુ, બાળક પા-પા-પગલી માંડે એમ, થોડું થોડું ચાલવાનો પ્રયત્ન કરી રહ્યા છે. એમના દીલમાં ૮૫ વર્ષની જઇફ ઉંમરે ગિરનાર અને શત્રુંજયનાં પહાડો ચઢીને ત્યાં બિરાજતા દેવાધિદેવનાં દર્શન કરવાના કોડ જાગે છે. એ પૂ૦ બાપજી, એ ઉંમરે ધીમી ધીમી મજલ કાપીને, ડોળીની મદદ લીધા વગર, એ બન્ને ગિરિરાજોની યાત્રા કરીને પાછા ફર્યાં. કોઇએ પાલીતાણામાં ચોમાસું કરવાનું સૂચન કર્યું તો, આટલી ઉંમરે ગિર-રાજની સ્પર્શના મુશ્કેલ અને તીર્થભૂમિની આશાતના થાય, એ માટે એમણે એનો ઇનકાર કર્યો. આટલી વૃદ્ધ ઉંમરે આટલી જાગૃતિ સૌ કોઇને નમન કરવા પ્રેરે એવી છે.

એમની દીક્ષા બાદ પાંચેક વર્ષે એમનાં પત્ની, સાસુ અને સાળાએ પણ દીક્ષા લીધી હતી. એમનાં પત્નીનું નામ ચંદનશ્રીજી રાખ્યું હતું. તેઓને પણ આજે ત્રણસો જેટલો સાધ્વીપરિવાર છે.

વખતને સાચવવામાં પણ બાપજી પૂરા ખબરદાર, નક્કી સમયે નિર્ણીત કામ થવું જ જોઇએ. ક્યાંક પૂજામાં જવાનું હોય, અને કોઇ વખતસર તેડવા ન આવે તો, આચાર્ય હોવા છતાં તેઓ વખતસર રવાના થઇ જ ગયા હોય. આત્મસાધકને કાળક્ષેપ કરવો કેમ પાલવે ?

મેં પૂ૦ બાપજીના સમુદાયના જાણીતા વિદ્વાન શ્રીજંબૂવિજયજી મહારાજ તથા અન્ય મુનિરાજ પાસે એમનું ચરિત્ર હોય તો તેની માગણી કરી; તો મને કહેવામાં આવ્યું કે 'પૂ૦ મણિવિજયજી દાદાના જીવનચરિત્રમાં બાપજીના જીવન સંબંધી કેટલીક માહીતી બે પાનામાં આપવામાં આવી છે, તે સિવાય બીજું કંઇ સાહિત્ય અમારી પાસે નથી.' આ સાંભળીને બાપજીની કીર્તિ પ્રત્યેની નિષ્કામતાની મન ઉપર ભારે અસર થઇ. આપણા પ્રાચીન જ્યોતિર્ધર મહાપુરુષોએ પોતાના જીવનની હકીકતો સાચવી ન રાખી, એ સામે આજના ઇતિહાસકારોની ભારે ફરિયાદ છે, પણ જે આત્મસાધના માટે નીકળ્યા હોય તે પોતાની કીર્તિને સાચવવાની શી ખેવના કરે? તેઓ તો પોતાની જાતને નામનાથી દૂર રાખવામાં જ કૃતાર્થતા માનતા હોય છે. પૂ૦ બાપજી મહારાજ આવા જ એક કીર્તિના નિષ્કામી પુરુષ હતા.

પૂ૦ બાપજી તો હવે ચાલ્યા ગયા છે; પણ એમના અનેક સદ્‌ગુણો આપણને આપતા ગયા છે એમાંના બને તેટલા સદ્‌ગુણોના સ્વીકારમાં જ એમનું સાચું સ્મરણ રહેલું છે.

કીર્તિની કામનાથી મુક્ત એવા વયોવૃદ્ધ અને તપોવૃદ્ધ બાપજી મહારાજના આત્માને વાર વાર ભાવપૂર્વક વંદના કરીએ.

**રતિલાલ દીપચંદ દેશાઇ.**

★

# 卐 અર્પણ 卐

જેઓશ્રીની પુણ્યનિશ્રારૂપ પરમપુણ્યનો પવિત્રયોગ ચતુર્વિધ શ્રીસંઘને લગભગ એક શતાબ્દી સુધી મળ્યો, જેઓ એકસો પાંચ વર્ષનું દીર્ઘ જીવન જીવ્યા, બ્યાશી વર્ષ જેટલો દીર્ઘ ચારિત્ર પર્યાય પાળ્યો, અને તે દરમિઆન જેઓએ શ્રીનમસ્કાર મહામંત્રની તેના જ વિસ્તારરૂપ જિનાગમોના પઠન-પાઠન-લેખન-સંશોધન-વાચન વગેરે દ્વારા સર્વદેશીય સેવા કરી, એ મહામંત્રનો અને એના જ અંગભૂત સૂરિમંત્ર આદિ વિવિધ મંત્રોનો પ્રતિદિન હજારોનો જપ કરતાં અબજોના જપથી જીવન જપમય બનાવ્યું, જપની પૂર્વ ભૂમિકારૂપ નાના મોટા વિવિધ તપ ઉપરાંત છેલ્લાં તેત્રીશ વર્ષ એકાન્તર ઉપવાસનો અખંડ તપ કર્યો, તપ-જપના એ સુમેળથી પૂજ્યાતિપૂજ્ય બનેલા તેઓશ્રીને શ્રીસંઘે અનુક્રમે ગણિ-પંન્યાસ અને સૂરિપદે આરૂઢ કર્યા, હજારો ભવ્ય આત્માઓને ઉપધાનપૂર્વક નવકાર મહામંત્રનું વિધિપૂર્વક દાન કર્યું, લગભગ એક હજાર આત્માઓને પ્રવ્રજ્યાના પુનિત પંથે દોર્યા, કીર્તિ અને આડમ્બરથી દૂર રહી ઉજ્જવળ કીર્તિને વર્યા અને શ્રીનમસ્કાર મહામંત્રની સર્વતોમુખી એ વિવિધ આરાધનાના યોગે જેઓશ્રીએ છેલ્લે સમાધિમરણને પ્રાપ્ત કર્યું, તે **શાન્તમૂર્તિ વાત્સલ્યનિધિ દીર્ઘતપસ્વી સંઘ-સ્થવિર (દાદા) શ્રીવિજયસિદ્ધિ-સૂરીશ્વરજીના** અમાપ ઉપકારો અને ગુણોને સ્મરીને તેઓને આ પુસ્તક અર્પણ કરતાં **બાળ મફાનું** અંતર ઉછળે છે, મન મલકે છે અને કર કૃતકૃત્યતાને અનુભવે છે.

# બે બોલ.

અંદરના અને બહારના વાતાવરણને સર્વમંગલમયતા અક્ષવાની અનન્ય ક્ષમતાવાળા શ્રીનમસ્કાર મહામંત્રની આછી-પાતળી આરાધનાના પ્રભાવે થએલી સ્ફુરણાઓના નાનકડા સંગ્રહરૂપ આ પુસ્તકમાં વિવેકી વાચકોને જે કાંઇ સારભૂત પ્રતીત થાય તે શ્રીનમસ્કાર મહામંત્રની દેનરૂપે સમજવું અને જે કાંઇ અસ્પષ્ટ, અધૂરૂં, છીછરૂં અને ચરમ તીર્થપતિ શ્રીમહાવીર પરમાત્માની આજ્ઞારૂપ શાસ્ત્રોની વિરુદ્ધ લખાઇ ગયું હોય તેને મારી પોતાની અજ્ઞાનદશાના ફાલરૂપે સમજવું. તે બદલ હું ત્રણેય જગતના ત્રણ કાળના સર્વ ભવ્ય આત્માઓને દેવ-ગુરુ-ધર્મની સાક્ષીએ અત્યંત વિનમ્રતાપૂર્વક, રડતા અંતઃકરણે મિચ્છામિ દુક્કડં દઉં છું.

'શ્રીનવકાર મહામંત્ર છે, પરમમંત્ર છે, અભયમંત્ર છે, જીવનમંત્ર છે, ચારિત્રમંત્ર છે, મુક્તિમંત્ર છે. એ બધું જાણવા અને સમજવા છતાં જો તેનામાં તથા પ્રકારની નિષ્ઠા ન કેળવાય, તો ભોજનની સ્વાદિષ્ટ વાનીઓના માત્ર વર્ણનથી માનવીની ક્ષુધા નથી ટળતી તેમ, જીવની અનાદિની મોક્ષ-ક્ષુધા ન જ ટળે.'

સમભાવસ્થિત પરમ પૂજ્ય ગુરુદેવ પં૦ મહારાજ શ્રીભદ્રંકર વિજયજી ગણિવરનાં આવાં ગહન, સુંદર વચનામૃતોમાં રહેલી અદ્‌ભુત પ્રેરકતાએ મારા જીવનમાં મહામંત્ર શ્રીનવકારને સમર્પિત થવાની તાલાવેલી જગાડી અને તેમાંથી જે ભાવો સ્ફુર્યા તેના સંગ્રહરૂપે આ પુસ્તક છે.

ભિન્ન ભિન્ન શિર્ષકવાળા સઘળા લેખો મહામંત્ર શ્રી-નવકારમાં વધુને વધુ સન્નિષ્ઠ બનવાના પ્રયત્નોમાંથી જન્મ્યા છે.

પ્રત્યેક લેખના હાર્દમાં મહામંત્ર શ્રીનવકારમાં ઓત પ્રોત થવાની જેવી સ્ફુરી તેવી હકીકત વણી છે.

જેવી રીતે લોઢામાં સ્થૂલ સંયોજન–વિભાજનની શક્તિ રહેલી છે; તેવી રીતે અક્ષરોમાં મનને બાંધવાની શક્તિ રહેલી છે.

તેમ છતાં તે જ લોઢું જ્યારે સ્ક્રુ, ખીલા, સોય, સોયા, તાર, થાંભલા આદિના અંગભૂત બની જાય છે ત્યારે તેની તે સ્થૂલ સંયોજન શક્તિમાં ઘણો મોટો વધારો થઇ જાય છે અને જ્યારે તે તીર, તલવાર, ભાલા, બરછી, ચપ્પુ અને કાતર વગેરેના અંગભૂત બની જાય છે ત્યારે તેની તે સ્થૂલ વિભાજન શક્તિમાં અનેકગુણો વધારો થઇ જાય છે

તે જ રીતે મનને બાંધવાની શક્તિવાળા અક્ષરો જ્યારે મહામંત્ર શ્રીનવકારના અંગભૂત બની જાય છે ત્યારે મનને આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની ભયાનક ખીણમાં ગબડતું રોકવાની અને ધર્મધ્યાનમાં સ્થિર કરવાની તેની શક્તિમાં અસંખ્યગુણો વધારો થઇ જાય છે.

ભવના કારણરૂપ કર્મબંધક પરિણામના જનક મનને સ્વ અને પરના કલ્યાણના શુભ ધ્યાનમાં સ્થિર કરવામાં મહામંત્ર શ્રીનવકારની નિષ્ઠા અજોડ–અનુપમ શક્તિરૂપ છે.

મહામંત્ર શ્રીનવકારમાં નિષ્ઠા કેળવનાર ભવ્યાત્મા

પ્રત્યે ત્રિભુવનના વિવેકી જીવો નિષ્ઠાવાન બને છે અને જેઓ તેનાથી દૂર ભાગે છે, તેમની સાથે રહેવા માટે તેમના તન ઉપરનાં કપડાં પણ રાજી નથી હોતાં.

નિબિડ-સંસાર-કાનનના મહાભોમિયાતુલ્ય શ્રીનવકાર જે મહાપુણ્યશાળી આત્માઓને ભૂતકાળમાં મળ્યો હતો, વર્તમાન કાળે મળી રહ્યો છે અને ભવિષ્યમાં મળવાનો છે, તે સર્વેને હું સાદર પ્રણમું છું.

મને નમસ્કાર જેવા મહામંત્રનો યોગ કરાવનારા પરમ ઉપકારી પરમ પૂજ્ય ગુરુદેવનો યોગ કરાવી આપનાર; લોકત્રયના એક માત્ર ચક્ષુ સમાન શ્રીઅરિહંત પરમાત્માએ પ્રવર્તાવેલા મહા વિશ્વશાસનનો 'જય જય કાર' આલેખતાં મારૂં હૈયું ભરાઇ આવે છે.

પ્રમાદ અને અજ્ઞાનથી શ્રીજિનાજ્ઞાવિરૂદ્ધ લખાઇ ગએલા અક્ષરો અને શબ્દોને સાદ્યંત જોઇ લઇને સુધારવાનો પ્રયત્ન કરનાર પૂ૦ મુનિરાજ શ્રીભદ્રંકરવિજયજી મહારાજને ભક્તિભાવભર્યા અંતરે નમું છું અને પ્રેસદોષ વગેરે કારણોથી પણ ક્ષતિઓ રહી ગઇ હોય તેનો મિચ્છામિદુક્કડં દઇને હળવાશને અનુભવું છું.

રીસાલા બજાર,
**ડીસા.**
વિ૦ સં૦ ૨૦૧૫-ભાદરવા વદી ૧૧.

**મફતલાલ સંઘવી**

卐 卐 卐

॥ श्रीसिद्धि ॥

# પ્રકાશકીય નિવેદન

પૂજ્યપાદ સંઘસ્થવિર દીર્ઘતપસ્વી શમમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્-વિજયસિદ્ધિસૂરિશ્વર (બાપજી) મહારાજની સ્મૃતિ અર્થે શરૂ થતી श्रीसिद्धि-धर्मसङ्ग्रहसाहित्यग्रन्थमालाના પ્રારંભમાં પરમમઙ્ગલ શ્રી નવકારની નિશ્રામાં ઉપકારક આ પુસ્તકનું પ્રકાશન કરતાં અમોને ઘણો હર્ષ થાય છે.

પુસ્તક છપાતું હતું, તે દરમિઆન પૂ૦ બાપજી મહારાજનો સ્વર્ગવાસ થયો અને તે અમારી સમિતિની સ્થાપનામાં નિમિત્ત બન્યો.

તેઓશ્રીના વિવિધ ઉપકારો અને ગુણોનું સ્મરણ ચાલુ રહે અને શ્રુતજ્ઞાનની યત્કિંચિત્ સેવા કરી શકાય, એ આશયથી પૂ૦ મુનિશ્રી ભદ્રંકર વિજયજીને તથા પૂ૦ મુનિશ્રી જમ્બૂવિજયજીને તેઓશ્રીના સ્મરણાર્થે એક ગ્રન્થમાલા ચાલુ કરવાની ભાવના જાગી અને તદનુસાર પ્રેરણા પામીને ગાંભીર્યનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીવિજયમનોહર-સૂરીશ્વરજી આદિના શુભ આશીર્વાદપૂર્વક श्रीसिद्धिधर्मसङ्ग्रहसाहित्य-प्रचारकसमिति નીમવામાં આવી.

આ પ્રકાશનમાં અમદાવાદ-ગીરધરનગરવાસી શા. હીરાલાલ મણીલાલની ત્રણસો રૂપીયાની સહાય મળવાથી 'એક રૂપીયો' મૂલ્ય રાખ્યું છે, તે ખર્ચની અપેક્ષાએ પંચોતેર ટકા છે.

પ્રાન્તે પુસ્તક છપાવવામાં મેટર-પ્રુફો વગેરે તપાસી આપનારની લેખક મહાશયની, મૂળ પ્રેરક, પુરોવચન લખી આપનાર અને આ પ્રકાશનમાં સંમતિ આપનાર પૂ૦ પં૦ શ્રીભદ્રંકરવિજય ગણિવરની, આમુખ લખી આપનારની અને સંતોષજનક છાપકામ કરનાર મુદ્રકની, એ દરેકની સહાયની અનુમોદના કરી વિરમીએ છીએ.

વિ૦ સં૦ ૨૦૧૫, દીપાવલી.
દોશીવાડાની પોળ-જૈન વિદ્યાશાળા
અમદાવાદ.

લી૦
શ્રીસિદ્ધિ-ધર્મસંગ્રહ સાહિત્ય
પ્રચારક સમિતિ

# વિષયાનુક્રમ.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| પુરો વચન | ૨ |
| આમુખ | ૬ |
| પૂજ્ય શ્રી બાપજી મહારાજ | ૧૮ |
| અર્પણ | ૨૯ |
| બે બોલ | ૩૦ |
| પ્રકાશકીય નિવેદન | ૩૩ |
| વિષયાનુક્રમ | ૩૪ |
| શુદ્ધિપત્રક | ૩૬ |
| (૧) પરમમંત્ર શ્રીનવકાર | ૧ |
| (૨) પરમમંત્રનો પ્રભાવ | ૯ |
| (૩) અક્ષરનાં અમીપાન | ૧૭ |
| (૪) નવકારને ભાવ આપો | ૨૧ |
| (૫) સાચો સાથી | ૨૮ |
| (૬) અદ્‌ભુત અક્ષરયાન | ૩૫ |
| (૭) વિશ્વપ્રદીપ 'નમો' | ૩૮ |
| (૮) વાણી | ૪૫ |
| (૯) વિશ્વમય જીવનનો દાતા | ૫૧ |
| (૧૦) અક્ષરની ઉપાસના | ૫૭ |
| (૧૧) અભયમંત્ર નવકાર | ૬૪ |
| (૧૨) ચૈતન્ય મીલન | ૬૯ |
| (૧૩) નવકારનું તેજદાન | ૭૩ |
| (૧૪) નવકારનું ધ્યાન | ૭૯ |

| | |
|---|---|
| (૧૫) જીવનમંત્ર શ્રીનવકાર | ૮૪ |
| (૧૬) મહા રસાયણ | ૯૭ |
| (૧૭) કૃષ્ણવર્ણું તેજ | ૧૦૩ |
| (૧૮) ચાલો મહાસાગરમાં ઝીલવાને | ૧૦૬ |
| (૧૯) નવકારમાં શું નથી ? | ૧૦૯ |
| (૨૦) પધારો હૃદય મંદિરિયે | ૧૧૪ |
| (૨૧) નમસ્કાર નિષ્ઠા | ૧૧૭ |
| (૨૨) શ્રીનવકાર મહામંત્રની આરાધના | ૧૨૩ |
| (૨૩) અમૃતમંત્ર શ્રીનવકાર | ૧૩૧ |
| (૨૪) નવ-કાર શ્રીનવકાર | ૧૩૪ |
| (૨૫) નવકાર ગણો | ૧૩૭ |
| (૨૬) નવકારની ખોજ | ૧૪૩ |
| (૨૭) શ્રીનવકાર | ૧૪૮ |
| (૨૮) ચારિત્રમંત્ર શ્રીનવકાર | ૧૫૨ |
| (૨૯) મનનો માલિક | ૧૫૬ |
| (૩૦) પરમોપકારી શ્રીઅરિહંત | ૧૬૨ |
| (૩૧) શ્રીઅરિહંત ભક્તિ | ૧૬૯ |
| (૩૨) આજ્ઞાનો દીવો | ૧૮૫ |
| (૩૩) વિશ્વમૈત્રીભાવ | ૧૯૩ |
| (૩૪) પરમ એક આધાર | ૨૦૦ |
| અલબેલો નવકાર (ગીત) | ૨૦૪ |
| ચિંતન અને મનન | ૨૦૫ |
| Some gems | ૨૦૮ |


★

# શુદ્ધિપત્રકમ્.

| પૃ-પં. | અશુદ્ધમ્-શુદ્ધમ્ |
|---|---|
| ૧૪-૧૪ | वक्तायां=व्यक्तायां |
| ૮-૧૧ | શરણાશ્રત=શરણાગત |
| ૨૦-૪ | સત્યા આકાંક્ષા=સત્યાકાંક્ષા |
| ૨૦-૧૭ | ફુલ=ફૂલ |
| ૨૬-૬ | અણુ =અણુ |
| ૩૧-૧૮ | બોલતો=બોલાતો |
| ૪૨-૩ | આત્મવેદનની=આત્મનિવેદનની |
| ૫૪-૪ | સમય=સમગ્ર |
| ૫૪-૪ | અમગ્ર-અમલ |
| ૫૭-૪ | જ્યોતિકરણ:=જ્યોતિઃકરણ |
| ૬૭-૧૭ | કૃડ=કુડ |
| ૭૮-૨ | ચિતન૦=ચિંતન૦ |
| ૮૭-૫ | મંજાલ=મજાલ |
| ૧૦૧-૨૦ | તે=તો |
| ૧૨૫-૩ | સફળતા=સરળતા |
| ૧૩૫-૧૪ | તેજ-છાલ=તેજ-છાબ |
| ૧૬૮-૧૭ | જેમ=જેલ |
| ૧૭૬-૨૨ | પમાત્માએ=પરમાત્માએ |
| ૧૮૪-૧૫ | સદેરે=સદેહે |
| ૧૮૯-૭ | આપણુ=આપણે |
| ૧૯૪-૫ | ઘૂઘરાતા=ઘૂઘવતા |
| ૨૦૪-૮ | તત-મન=તન-મન |

☆

પૂ. આચાર્ય શ્રી વિજયકસ્તુરસૂરીજીના શિષ્ય



જન્મ સંવત ૧૯૫૮ ના શ્રાવણ વદ ૫

દીક્ષા સંવત ૨૦૧૦ ના અષાડ સુદ ૭

મુનિ શ્રી અજયચંદ્ર વિજયજી મહારાજ

|| अर्हं ||

|| नमः श्री जिनप्रवचनाय ||

|| अनन्तलब्धिनिधानाय श्रीगौतमस्वामिने नमः ||

# શ્રીનમસ્કાર નિષ્ઠા.

नमो अरिहंताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं,
नमो उवज्झायाणं, नमो लोए सव्वसाहूणं ।
एसो पंच नमुक्कारो, सव्वपावप्पणासणो,
मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ॥

(१)

## ★ પરમમંત્ર શ્રીનવકાર ★

નમસ્કાર મહામંત્ર, ત્રણેય લોકની અદ્‌ભૂત સંજીવની છે. તેના એક એક અક્ષરના અંતરાળે અનંત પ્રકાશમય શક્તિ છે. તેના શબ્દમાં ત્રિભુવનને ડોલાવવાનું સામર્થ્ય છે. તેના પ્રત્યેક પદમાં બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી, દેવ

અને દેવેન્દ્ર પણ નિત્ય જેની ભક્તિ વડે ધન્યતા અનુભવે છે, તે પરમ ઐશ્વર્યમય શ્રીઅરિહંતપદે પહોંચાડવાની સંપૂર્ણ ક્ષમતા છે.

અન્ન એ જેમ ભૂખનું મારણ છે, તેમ નમસ્કારમહામંત્ર એ સર્વ દુઃખો અને તેના કારણરૂપ સર્વપાપોનું વારણ છે. અન્ન આરોગવાથી જેમ સ્થૂલશરીર બંધાય છે, તેમ આ મહામંત્રને આરોગવા–ભજવાથી ભવનું અનારોગ્ય ફેડનાર સૂક્ષ્મશરીરની અદ્ભૂત નવરચના થાય છે. ગમે તેવા સ્વાદિષ્ટ અને સાત્ત્વિક ભોજનને પણ પચાવવા માટે, તેનો રસ–કસ શરીરની નસે નસમાં પહોંચાડવા માટે, જેમ સ્વસ્થતાપૂર્વક ચાવવું પડે છે, તેમ આ મહામંત્રના અમૃતભોજનના એક એક અક્ષરરૂપી કોળીયાને પણ ખૂબ ભાવ અને ઉલ્લાસપૂર્વક ચાવવો–રટવો જોઇએ. રટનની તે સૂક્ષ્મપ્રક્રિયાદ્વારા જ રોમે રોમ તેનો પ્રકાશ ફેલાવી શકાય. બરાબર ચાવ્યા સિવાયનું અન્ન, જેમ મોં વાટે પેટમાં ઉતરીને, ઉપરછલ્લી પોષક અસરો મૂકીને બહાર નીકળી જાય છે, તેમ આ મહામંત્રના એક એક અક્ષરને અંતરના અંતરાળે પધરાવ્યા પછી જો પૂરી વિધિપૂર્વક સેવવામાં નથી આવતો તો તે પણ ઉપલક અસર કરીને અલોપ થઈ જાય છે.

જેનામાં જેટલો રસ–કસ હોય તેને જો તેટલા પ્રમાણમાં વિધિપૂર્વક ચાવવામાં–ભજવામાં–સેવવામાં ન આવે તો તેનામાં રહેલો તે રસ–કસ પૂર્ણપણે પામવા ન જ મળે.

અમૃતભરેલા રત્નજડિત કળશથી યે અનેકગુણો અધિક અમૃતમય છે જેનો પ્રત્યેક અક્ષર, તે શ્રીનમસ્કારમહામંત્રને આપણે બધા તેવા પ્રકારના ભાવોલ્લાસપૂર્વક જપીએ છીએ કે નહિ? તેનો યોગ્ય વિચાર કરવો તે આજે નિતાંત આવશ્યક છે.

શેરડીના સાંઠામાં અપ્રગટપણે રહેલ મિષ્ટરસવડે પોતાના મન, શરીરને સંતુષ્ટ કરવા માટે માનવી જે રીતે પોતાની સમગ્રશક્તિ બત્રીસ દાંતમાં આરોપીને તેને એકાગ્રતાપૂર્વક ચૂસે છે અને તેના અપ્રગટરસનો ભાગી થાય છે, તે રીતે આપણે બધા નમસ્કારપ્રેમી આત્માઓ ભારોભાર અમૃતરસે ભરેલા છે જેના અક્ષરો, તે શ્રીનમસ્કારમહામંત્રમાં એકતાન બનીએ છીએ ખરા? કે પછી, 'શેરડીમાં રસ હોય જ, અને તેને ચૂસવાથી તે મળે જ,' એટલો પણ જ્ઞાનપૂર્વકનો વિશ્વાસ આપણને નમસ્કારમહામંત્રના રટણ વખતે રહેતો નથી, સત્ય શું છે?

જેના સાચા સાધકની સેવા બજાવવા માટે દેવો, દાનવો, વિદ્યાધરો અને ચક્રવર્તીઓ પણ અહર્નિશ તત્પર રહે છે, તે શ્રીનમસ્કારમહામંત્રના ત્રિભુવનજયી સામર્થ્ય વિષે કહેવું શું? અને છતાં તેને જપનારા મનાતા માનવોથી તે સામર્થ્ય દૂર ને દૂર રહે તે કેમ માની શકાય?

જેના અક્ષરે અક્ષરમાં પંચપરમેષ્ઠિભગવંતોનો સમગ્રજીવનપ્રકાશ છલોછલ ભરેલો છે તે મહામંત્ર નીચે પ્રમાણે છે.

नमो अरिहंताणं ॥
नमो सिद्धाणं ॥
नमो आयरियाणं ॥
नमो उवज्झायाणं ॥
नमो लोए सव्वसाहूणं ॥
एसो पंच-नमुक्कारो ॥
सव्व-पाव-प्पणासणो ॥
मंगलाणं च सव्वेसिं ॥
पढमं हवइ मंगलं ॥

આ મહામંત્રનો જાપ શરૂ કરતાં પહેલાં પોતે કોને જપી રહ્યો છે, કોને શરણે જઈ રહ્યો છે, તત્સંબંધી સમ્યક્ચિંતન જપનારને માટે ખૂબ જ આવશ્યક છે.

ત્રણે ય કાળની સમગ્રતાકાત જેના ત્રિકાળાબાધ્ય પ્રભાવને આંબી નથી શકતી તે મહામંત્રનો સાચો શરણાગત ત્રણે ય કાળમાં સુખી જ હોય. પાપજન્યદુઃખનો દાવાનલ તેના રૂંવાડાને ય સ્પર્શી ન શકે; પ્રલયનાં પૂર તેના આંગણે કલકલ નાદે વહેતા ઝરણાંનું રૂપ ધારી લે.

આવો અચિંત્ય પ્રભાવશાળી મહામંત્ર જેમને અનેક જન્મોના અનંત પુણ્યોદયે પ્રાપ્ત થયો છે, તે મહાભાગ્ય-શાળીઓને હું કોની ઉપમા આપું ?

અને છતાં સંભળાય છે કે તે મહામંત્રના જપનાર આજે દુઃખી છે. વાત ન માની શકાય તેવી છે, કારણ કે સાગર માઝા મૂકે, સૂર્ય પશ્ચિમમાં ઉગે, ચંદ્રમા વહ્નિ

વરસાવે, મેરૂ સ્થિરતા છંડે, તો પણ ઉક્ત મહામંત્રના પ્રભાવમાં અણુ સરખો ય ફેરફાર ન જ થાય.

આ એ મહામંત્ર છે કે જેની અપૂર્વ આરાધનાના પ્રતાપે આજ સુધીમાં અસંખ્ય આત્માઓ પરમસુખના ધામરૂપ સિદ્ધિપદને વર્યા છે. અનંત ઐશ્વર્યમય અરિહંત પદને પામ્યા છે, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુના ઉપકારક, મંગલમય જીવનના આરાધક બન્યા છે; એટલું જ નહિ, વર્તમાનમાં પણ આ જ મહામંત્રની આરાધનાના પ્રતાપે વીસ અરિહંતભગવંતો, કરોડો કેવળજ્ઞાનીભગવંતો, તેમ જ અબજો આચાર્ય, ઉપાધ્યાય અને સાધુભગવંતો સાંસારિકજીવોને ધર્મનો અપૂર્વ પ્રકાશ બક્ષી રહ્યા છે, તેમ જ ભવિષ્યમાં પણ આ જ મહામંત્રના પ્રભાવે અસંખ્ય પ્રાભાવિક પુરુષો આ સંસાર–તળે જન્મીને સિદ્ધિપદને વરવાના છે.

—તો પછી આવા મહામંત્રનો જપનાર આજે કે કાળાંતરે પણ દુઃખી હોઈ શકે ખરો કે ?

જ્યાં જડતા ને અહંતાના થરના થર જામી ગયા છે, તે હ્રદયતલ સુધી નમસ્કાર મહામંત્રનો પૂર્ણ પ્રકાશ ફેલાતો ન થાય ત્યાં સુધી સંભવ છે કે તેના જપનારને પૂરો આનંદ, સુખ ન પણ મળે. પરંતુ જો તે મન–વચન–કાયાની એકાગ્રતાપૂર્વક કર્મરૂપી તે થરને દૂર કરવાની ક્રિયામાં મંડ્યો રહે, તો તેનું જીવન યથાસમયે અવશ્ય પવિત્ર, પ્રેરણાદાયી અને મંગલમય બને જ. પરંતુ કર્મરૂપી મળને દૂર કરવાના તે અત્યંતવિકટ કાર્યને પરિપૂર્ણ

કરવા માટેના અત્યંત આવશ્યક ખંત અને ધીરજનો મોટો અભાવ કોઈ પણ સમયના સાધકને નડતરરૂપ બને જ.

સાગરમાં સમાવા જતી સરિતા સરખો ભાવ, ઉલ્લાસ, સંયમ અને ત્યાગ જે માનવીના જીવનમાં શ્રીનમસ્કારમહામંત્રના જાપ સમયે પ્રગટે છે, તે અમૃતમયનવકારના અમૃતાભિષેકનો અધિકારી બને જ છે.

પોતાના વહાલામાં વહાલા આપ્તજનના વસમા વિયોગ કરતાં પણ જેને વધુ વસમો લાગે છે ઉક્ત મહામંત્રનો એક ક્ષણનો ય વિયોગ, તે ભાગ્યશાળીને જ થાય છે સાચું દર્શન શ્રીનવકારના અંતસ્તેજનું.

જે ધર્મ, અર્થ, કામ અને મોક્ષને આમન્ત્રે તે મંત્ર.

પ્રભુની પ્રતિમાને પત્થરસ્વરૂપે જોવામાં પાપ સમાએલું છે, તેમ મન્ત્રને કેવળ અક્ષરોરૂપે જોવા, વાંચવા–સ્વીકારમાં પણ પાપ સમાએલું છે.

અક્ષર એ અક્ષરરૂપ હોવાથી તેની મારફત ઠેઠ અક્ષરપદે પહોંચી શકાય છે, નહિંતર તેનું અક્ષર એવું નામ સાર્થક ન થાય. દુનિયામાં તે બીજા જ નામે ઓળખાતો થયો હોત.

અક્ષરોના બનેલા શબ્દો જેમ જેમ બોલાતા જાય છે તેમ તેમ વિલીન થઈ જતા જણાતા હોવા છતાં તે પ્રત્યેક શબ્દમાં રહેલી આગવી શક્તિ, બોલનારના બોલતી વખતના ભાવ સાથે, આ દુનિયામાં ક્રમશઃ ચોક્કસ પ્રકારના આકારને ધારણ કરે જ છે.

અક્ષરમાંના અક્ષરત્વના આધાર ઉપર સમગ્ર મન્ત્ર-શાસ્ત્રની રચના થઈ છે.

'અ' થી માંડીને 'હ' સુધીના પ્રત્યેક અક્ષરમાં સ્થિર ચૈતન્ય હોવા ઉપરાંત આગવી વિશિષ્ટશક્તિ છે. જેવી રીતે સંસારના પ્રત્યેક મનુષ્યમાં આત્મા હોવા ઉપરાંત આગવી વિશિષ્ટશક્તિ હોય છે.

ચરાચર વિશ્વમાં ભરેલી અનંત આશ્ચર્યકારક શક્તિઓને તથાપ્રકારના અક્ષરોના સંયોજનદ્વારા બનેલા મન્ત્રના વિધિપૂર્વકના જાપદ્વારા સાધક સુખપૂર્વક હાંસલ કરી શકે છે, વિદ્યુત્ચુંબક સમા મન્ત્રાક્ષરોના પ્રભાવે તે શક્તિ સ્વયમેવ સાધકની આજ્ઞા તળે આવી જાય છે.

તે જ પ્રમાણે શ્રીનમસ્કારમહામંત્રમાં રહેલા ૬૮ અક્ષરો, તે માત્ર સુવાચ્ય અક્ષરો જ નથી. પરંતુ ચરાચર વિશ્વના અદ્‌ભૂતરહસ્યોને પ્રગટ કરનારા, પરમશક્તિસંપન્ન મહામંત્રો છે. ખગોળ, ભૂગોળ, વાયુમંડળ અને દૃશ્યાદૃશ્ય સૃષ્ટિનાં સઘળાં રહસ્યોને પ્રગટ કરનારા પરમ તેજોમય ચક્ષુઓ છે. એટલું જ નહિ, પરંતુ તે એકેક મન્ત્રાક્ષરમાં એટલું અચિંત્ય સામર્થ્ય છે કે તેના સાધકે કલ્પેલું એવું સઘળું પણ તે પોતાના માત્ર તેજોમય નયનદ્વારા સમય-માત્રમાં પોતાના સાધકના સાન્નિધ્યમાં હાજર કરી દે છે.

વિશ્વરચનાનાં સઘળાં સૂક્ષ્માતિસૂક્ષ્મ રહસ્યો જેની ભીતરમાં ઝળહળી રહ્યાં છે, એવા શ્રીનમસ્કારમહામંત્રનો

સાચો સાધક નિયમા વિશ્વના પારને પામી, વિશ્વેશ્વરના અજર અમરપદનો અધિકારી બને છે.

શ્રીનમસ્કારમહામંત્રના અક્ષરોના સંયોજનમાં એ ખૂબી રહેલી છે કે, તેમાંથી સર્વથા અમૃત જ ઝરે છે. એટલે કે તેના જેટલા અક્ષરોમાં સમર્પિત થવાય એટલો લાભ જ થાય. આ સંસારમાં એવો બીજો કોઈ મન્ત્ર ભાગ્યે જ આવી અદ્ભૂત ખૂબી પૂર્ણ અક્ષરરચનાવાળો હશે.

આ મહામંત્રની બીજી આગવી અને અનન્ય વિશિષ્ટતા એ છે કે, તે ત્રણે ય કાળના સર્વોત્કૃષ્ટપુરુષો પ્રત્યે સર્વોત્કૃષ્ટ એવા સમર્પણભાવરૂપ પરમ મંગળમય તત્ત્વથી છલોછલ ભરેલો છે. માટે જ શ્રીનમસ્કારમહામંત્રનો શરણાગત સર્વ અપૂર્ણતાઓને ટાળતો-ટાળતો, સર્વથા સંપૂર્ણ એવા મોક્ષપદને પામી શકે છે.

ત્રણે ય લોકને અનાદિકાળથી પોતાનાં સતત સાન્નિધ્યદ્વારા મંગલમય જીવનપ્રકાશ બક્ષી રહેલા આ મહામંત્રના એક અક્ષરનો પણ જો પૂરો પ્રકાશ પ્રગટ થાય, તો દુનિયાને અજવાળતા સૂરજનો પ્રકાશ તેની તુલનામાં ઓરડાને માંડ પ્રકાશિત કરતા એરંડીઆના દીવા જેટલો દેખાય.

સર્વ મન્ત્રશાસ્ત્રો, તંત્રશાસ્ત્રો, યન્ત્રશાસ્ત્રો, વિદ્યાશાસ્ત્રો, યોગશાસ્ત્રો અને અધ્યાત્મશાસ્ત્રોની રચનાની સઘળી ચાવીઓ જેનામાં છૂપાએલી છે, તે મહામન્ત્રને કોટિ કોટિ પ્રણામ !

★

## (૨)

# પરમમંત્રનો પ્રભાવ.

સૂર્ય સરખું તેજ અક્ષરમાં છે.
ચન્દ્રનાં અમી અક્ષરમાં છે.
સાગરની ગંભીરતા અક્ષરમાં છે.
ધરાની ધીરજ અક્ષરમાં છે.
આકાશની નિર્ભયતા અક્ષરમાં છે.

અક્ષર, અણુ અને પરમાણુ કરતાં પણ ઘણો સૂક્ષ્મ છે.

અણુ-પરમાણુ પ્રયત્ને પકડી શકાય, અક્ષર કદી સ્થૂલની પક્કડમાં ન આવે.

અણુનું વિભાજન થઈ શકે, અક્ષર અક્ષર જ રહે.

અણુની શક્તિ વડે જે કાર્યો થાય છે, તેનાથી પણ ઉત્તમકોટિનાં સુંદરકાર્યો અક્ષરની શક્તિ વડે થાય.

સેંકડો પરમાણુઓની એકસામટી શક્તિ કરતાં ય વધુશક્તિ એક અક્ષરમાં હોય છે.

આવા અડસઠ અક્ષરોવાળો એક પરમમંત્ર આ વિશ્વમાં અનાદિ કાળથી ઝળહળી રહ્યો છે.

તેનું નામ છે 'શ્રી નમસ્કારમહામંત્ર.'

તેના વડે વિશ્વના ત્રણે ય કાળના સર્વ શ્રેષ્ઠઆત્માઓને નમન થાય છે.

સર્વશ્રેષ્ઠ એટલે નિર્મળ આત્મસ્વરૂપને સર્વથા સાનુકૂળ એવા સર્વશ્રેષ્ઠપદે જેઓ બિરાજમાન છે તે.

સર્વશ્રેષ્ઠપદ તે કહેવાય કે જે શાશ્વત હોય, અપ્રતિહત હોય, જે પદે પહોંચ્યા પછી આત્માને જન્મ-મરણના ચક્રમાં ફસાવાનું ન હોય.

નવકારની પૂરી પક્કડ સિવાય આત્મા ઉપરની કર્મની પક્કડ ઢીલી ન પડે.

નવકારના જાપથી જેનું ધ્યાન થાય છે તે પંચપરમેષ્ઠિ ભગવંતોના પરમપવિત્ર જીવનનો પ્રકાશ જાપ કરનાર ભવ્યાત્માઓના જીવનમાં દાખલ થાય છે.

દાખલ કરવાનું દિવ્યકાર્ય અક્ષર જ કરે છે.

નવકારના જે અક્ષરો છે તે અનાદિકાળથી શાશ્વત મંગલપદના સાચાપ્રતિનિધિઓ તરીકે ત્રણે ય જગતના સર્વજીવોના મંગલના પરમકાર્યમાં પૂરેપૂરી સહાય કરી રહ્યા છે.

જેને તે અક્ષરોની પવિત્રશક્તિમાં વિશ્વાસ નથી, કહેવું જોઇએ કે તેને પોતાનામાં પણ વિશ્વાસ નહિ જ હોય.

ત્રણે ય કાળના સત્ત્વની અજોડ પ્રતિમાઓ સરખા છે અક્ષર નવકારના. જે ભવ્યાત્મા સમગ્રતયા એકાકાર બને છે તેમાં, તેના અંતઃકરણમાં અદ્‌ભૂતકરુણા ઉભરાય છે, મનમાં પૂર્ણપ્રસન્નતા પ્રગટે છે, ઇન્દ્રિયોમાં પવિત્રતા સંચરે છે, રોમ રોમે મંગલના તાલને ઝીલનારી આતુરતા જન્મે છે.

અણુની શક્તિ વડે સંભવ છે કે શ્રીનવકારને આજે નહિ જાણનારા જીવો પ્રભાવિત થાય, પરંતુ શ્રીનવકારના સાધકને મન તો અણુશક્તિ સંચાલિત વિવિધ યંત્રો આંગણાનાં રમકડાં સરખાં જ ગણાય.

અણુશક્તિવડે ચાલતા યંત્રોની મદદથી ચંદ્રલોકમાં જઈ શકાશે કે કેમ તે એક સવાલ છે, જ્યારે શ્રીનવકારનો પરમસાધક જો ઈચ્છે તો ઘડીના છટ્ઠા ભાગમાં ચંદ્રલોકના ચંદ્રને અહીં બોલાવી શકે, અથવા પોતે તેટલા જ સમયમાં ચંદ્રલોકમાં જઇને પાછો આવી શકે અને તેમ છતાં તે ન તો કોઈ જીવનો અપરાધી ઠરે, ન સંસારની ધર્મમૂલક વ્યવસ્થાને ઉત્થાપનારો.

કેવળ ભૌતિક લાલસામાંથી જન્મેલાં વર્તમાન આણ-વિક શસ્ત્રોની દોટ, ઇન્દ્રિયોની માત્ર સ્થૂલસપાટી સુધી જ મર્યાદિત રહેવાની છે. નથી તેનાથી જીવના જીવનમાં મૌલિક સાનુકૂળતા વધવાની, નથી પાપપ્રકૃતિ ઘટવાની.

જ્યારે શ્રીનવકારનો સીધો ઘા કર્મના વજ્રપહાડો ઉપર જ હોય છે. જીવને અનાદિથી વળગેલા વિવિધકર્મના

દુર્વારવ્યાધિને નાબૂદ કરવામાં તેના જેવું પરમઔષધ આ સંસારમાં બીજું એક પણ નથી. કારણ કે તેના અક્ષરોની જે રચના છે તેમાંથી સહજપણે તથાપ્રકારની દિવ્ય-શક્તિઓ વાદળામાંથી વરસતા જળની જેમ અસ્ખલિતપણે પ્રગટ થતી રહે છે અને માનવીના અંતરમાં ધર્મનો અનુપમ ભેજ ફેલાવે છે. ધર્મના ભેજવાળી તે હવામાં આત્મતત્ત્વ વિહોણા લુખ્ખા વિચારો ભૂલે-ચૂકે પણ પ્રવેશે છે તો તેમને પણ તે જ રંગે રંગાવું પડે છે.

જેની પાસે આવો નવકાર હોય તેને હું ખાત્રીપૂર્વક કહું છું કે બીજા કશાની ખોટ ન વર્તાય. ખોટની વાત તો દૂર રહી, પરંતુ દિનપ્રતિદિન તેની ભાવલક્ષ્મીમાં વૃદ્ધિ જ થતી જાય. જીવમાત્રનું દુઃખ દૂર કરવાનો સર્વોત્તમ આદર્શ તેની નાની-મોટી પ્રવૃત્તિમાં સ્પષ્ટ ડોકિયું કરતો વર્તાય. સર્વજ્ઞ શ્રીવીતરાગ ભગવંતોની આજ્ઞાનો દીવો અહર્નિશ તેના અંતઃકરણમાં ઝળહળતો રહે. તે કદી ન નમે દુન્યવી સત્તાને, હૈયું તેનું રહે સદાને માટે કબજામાં પંચપરમેષ્ઠિ ભગવંતોના.

જે નવકાર આજે આ સંસારમાં વિદ્યમાન છે તે જ નવકાર ભૂતકાળમાં હતો અને ભવિષ્યકાળમાં રહેવાનો છે. પરંતુ વર્તમાનમાં વર્તાતી તેના સાધકોની મોટી ખોટ તેના અચિંત્ય પ્રભાવ વિષે કંઈક બુદ્ધિશાળી માનવોને શંકાશીલ બનાવી રહી છે. પરંતુ તે તેમનું અજ્ઞાન છે, કારણ કે સાધકોની સંખ્યાની વધ-ઘટ સાથે તત્ત્વની તાત્ત્વિ-કતાને કશો સંબંધ હોતો નથી અને જો તત્ત્વની તાત્ત્વિ-

ક્તામાં એના આરાધકોની સંખ્યાની ઘટ-વધ મુજબ ઘટ-વધ થયા કરે તો તે તત્ત્વ કહેવાય જ નહિ.

જે નવકારની પરમકોટિની સાધના વડે ભૂતકાળમાં અસંખ્ય આત્માઓ મોક્ષના પરમ સુખને વર્યા છે. તે જ નવકાર આજે આ સંસારમાં વિદ્યમાન છે. જે તેને સમર્પિત થશે તેને તે પોતાના સઘળા સત્ત્વ વડે નવાજવામાં લેશ પણ કચાશ નહિ જ રાખે.

અણુની શક્તિની વાતોથી પ્રભાવિત થનારા આત્મા-ઓને નવકારમાં ઓતપ્રોત થવાની સદ્ભાવના સ્ફૂરે તો ?

કોટે વળગેલો સંસારનો રાગ ન છૂટે ત્યાં સુધી જીવને નવકારનો રંગ ન લાગે. સંધ્યાના રંગ જેવા સંસારના સુખ પાછળ રાત-દિવસ દોડનારા આત્માઓ નિરાંતની કો ધન્ય પળે પોતાની તે દોડધામના મર્મમાં ઉતરે તો તેમને સંસારના ગતિશીલ પ્રવાહમાં નિત્ય યૌવનવંતા શ્રીનવકારનું શું સ્થાન છે તે જરૂર સમજાય.

નવકારના એક એક અક્ષરનું ધ્યાન, જીવને અનાદિ કાળથી વળગેલા સંસારના તીવ્રતમ રાગને તોડે છે અને પંચપરમેષ્ઠિભગવંતોના પરમ સત્ત્વવંતા આત્મપ્રકાશ સાથે જોડે છે.

નવકારના સતત જાપનો તાપ નહિ સહન થવાને કારણે કામ, ક્રોધ, માન, માયા, આદિ અંતરંગશત્રુઓ નરમઘેંશ જેવા થઈ જાય છે અને સમગ્ર જીવનપ્રદેશ ઉપર આત્માનાં નિર્મળ તેજ પથરાય છે.

નવકારના સન્નિષ્ઠાપૂર્વકના સહયોગથી આત્મભાવ વધુને વધુ માત્રામાં ખૂલે છે અને અનાત્મ ભાવ દૂર થતો જાય છે. આત્મભાવ પ્રગટ થવાથી જીવમાત્ર પ્રત્યે દયાની ભાવના સહજ-પણે પ્રગટ થાય છે. દયાની તે ભાવનાની આડે દેહભાવનો જરા જેટલો પણ રોફ ચાલતો નથી.

નવકારચંદ્રના ઉદય સાથે અંતરસાગરનો એકે એક તરગ ઊંચે ને ઊંચે જ ગતિ કરે છે. નીચે જવાનો રૂઢ કુસંસ્કાર તેમાંથી સર્વથા અદૃશ્ય થઈ જાય છે. ચૈતન્યનો પ્રત્યેક અંશ વિશ્વમયતાને જ વાંછે છે. તેનાથી ઓછામાં સંતોષાતાં તેને અપાર વ્યથા પહોંચે છે, 'મારૂં સુખ સહુને હો' ! એ પરમ સત્ત્વવંતી ભાવના નવકારદ્રષ્ટાના શ્વાસમાં જડાઈ જાય છે. શ્વાસ છૂટે છે ત્યારે પણ તે ભાવનાને તો તે પોતાની સાથે જ લઈ જાય છે.

અણુ સૂક્ષ્મ છે, માટે જ તેનામાં વિશેષ શક્તિ રહી શકે છે, એ હકીકત જાણ્યા પછી પણ જેનામાં અદ્વિતીય શક્તિઓ રહેલી છે, એવા પરમ–સૂક્ષ્મઆત્માના વિશુદ્ધ ભાવકંપનમાંથી જન્મતી વિવિધ આકૃતિઓના અવતાર સરખા અડસઠ અક્ષરોના બનેલા પરમમંત્ર શ્રીનવકારમાં સંસારી જનોને જે ભક્તિ જાગવી જોઇએ તે કેમ નથી જાગતી ? એ એક આશ્ચર્યજનક બીના ગણાય.

શક્તિ સિવાય ન થઇ શકે સામનો કર્મની શક્તિનો, અને જો તે સામનામાં કર્મવશ જીવ પાછો પડતો જ રહે તો સંસારની ચક્કીમાંથી તેનો છૂટકારો થાય ક્યારે ?

આત્માને મોક્ષ અપાવનારી પરમશક્તિ જે મંત્રમાં રહેલી છે તે મંત્રની સાધનાથી સંસાર અને સ્વર્ગનાં સઘળાં સુખો અનાયાસે મળી રહે તેમાં નવાઇ શી ?

આ મંત્રની અનન્ય વિશિષ્ટતા એ છે કે તેને પહેલેથી ગણો, છેલ્લેથી ગણો, વચ્ચેથી ગણો, કે અવળી રીતે ગણો, પણ તે શ્રેયસ્કર જ નીવડે છે. બીજા સામાન્ય મંત્રોની માફક આ પરમમંત્રની કોઈ અવળી અસર થતી નથી. વિશિષ્ટપ્રકારની રચનાના પ્રભાવે તેનો પ્રત્યેક અક્ષર અખૂટ શક્તિદાતા નીવડે છે. બૂરા આશયપૂર્વકનો તેનો જાપ પણ તરત જ આશયમાંની બૂરાઇને હરી લે છે.

સિંહદર્શને નાસતા હરણાંના ટોળાંની જેમ સઘળો દુર્ભાવ આ પરમંત્રના ધ્વનિતરંગોના સ્પર્શે ઓગળી જાય છે. પાપનો કોઈ વિચાર આ પરમમંત્રની જ્યાં હાજરી હોય છે ત્યાં પ્રવેશી નથી શકતો.

'અમૃતમય શ્રીનવકારમાં જે છે તે જ સાચું છે. બાકીનું બધું ખોટું છે.' એવી અનન્ય શ્રદ્ધા જે પુણ્યાત્માના અંતરમાં સ્થપાય છે તેને નવકારમાંની અખૂટશક્તિના પરમ-તેજસ્વીઅંશનાં દર્શન થાય છે.

કશું સામાન્ય નથી જેનામાં, અને જે કાંઇ છે તે બધું જ પરમજીવનના પરમપદને માટે જ છે, એવો અક્ષય-મંત્ર શ્રીનવકાર, વ્યક્તિને વિશ્વના સીમાડાઓની પાર લઇ જાય તેમાં આશ્ચર્ય શું ?

અણુસંચાલિત યંત્રોની ગતિ નવકારની ગતિની તુલનામાં અત્યંત અલ્પ ગણાય.

જરા જેટલો પણ સમય ગૂમાવ્યા સિવાય વિશ્વાત્મ-ભાવના સર્વ સદ્ અંશોને પગટ કરવાની અપૂર્વ તાલાવેલી જાગી હોય જે ભવ્યાત્માઓના અંતરે, તેમણે સવેળા નવકારમાં ઓતપ્રોત થઈ જવું જોઇએ.

શ્રી નવકારની ઉત્કૃષ્ટપ્રકારની આરાધના સિવાય, ભૂતકાળમાં નથી થયો કોઇનો ભવનિસ્તાર. વર્તમાનમાં જે આત્માઓ તેને છોડીને બીજે જઈ રહ્યા છે તેમને બળતા ઘર સમાન આ સંસારમાં ઘણો લાંબો કાળ રહેવું પડશે. ભવિષ્યમાં જે આત્માઓ ભવસાગર પાર થશે તે પણ આ મંત્રરૂપી પરમજહાજના સર્વોત્તમભાવી આલંબનના જ પ્રતાપે.

શાશ્વત સુખના મહાસાગર સરખો શ્રીનવકાર જીવ માત્રને સુલભ હો !

ભાવતાં નથી જે આત્માને ભવનાં ખારાં જળ, તેને જ મળે છે ચાખવા અમૃત શ્રીનવકારનાં.

★

તરવા ભવજળપાર,
શાણો સમરે શ્રીનવકાર

卐 卐 卐

(૩)

## અક્ષરનાં અમીપાન

નવકાર ત્રિભુવનનો સાર છે.

જગમાં તેનો જોટો નથી.

અડસઠ તેના અક્ષરો છે, ચોવીસ તેના શબ્દો છે, નવ તેનાં પદો છે.

તેના એક એક અક્ષરમાં સાત-સાત સાગરથી ય અધિક તેજ ભરેલું છે.

તેના એક એક શબ્દના અચિંત્ય પ્રભાવનું વર્ણન જ્ઞાની સિવાય કોઈ કરી શકે તેમ નથી.

ગમે તેવો અસાધ્ય વ્યાધિ નવકારના જાપથી ટળે.

ગમે તેવો ભય નવકારના શરણાગતને ભયભીત ન કરી શકે.

ગમે તેવી ચિંતા નવકારના સાધકને છળી ન શકે.

ગમે તેવો શોક નવકારના ઉપાસકને ઘેરી ન શકે.

નવકાર, ત્રણે ય કાળના સર્વ પંચપરમેષ્ઠિ ભગવંતોનું એકકાળમાં સ્મરણ કરાવનારો પરમમંત્ર છે.

પંચપરમેષ્ઠિ ભગવંતો એટલે ત્રણે ય કાળના સર્વશ્રેષ્ઠ આત્માઓ.

તેમાં પહેલા પદે શ્રીઅરિહંત ભગવંતો છે.

બીજા પદે શ્રીસિદ્ધ ભગવંતો છે.

ત્રીજા પદે શ્રીઆચાર્ય ભગવંતો છે.

ચોથા પદે શ્રીઉપાધ્યાય ભગવંતો છે.

પાંચમા પદે સર્વ સાધુ ભગવંતો છે.

બાકીના ચાર પદમાં નમસ્કારના અચિંત્ય પ્રભાવનું સંપૂર્ણ સમર્થન છે, મોક્ષનું વચન છે.

આ પરમમંત્ર અનાદિ છે, શાશ્વત છે.

કાળ કરતાં અનંતગુણો સૂક્ષ્મ છે.

આ મંત્ર આત્માનો સમોવડીઓ ગણાય છે.

આત્માને કર્મના તીવ્રતમ પાશમાંથી સંપૂર્ણપણે મુક્ત કરવાની જે શક્તિ તેનામાં છે, તે સંસારના બીજા કોઇ સત્ત્વમાં નથી, કારણ કે સર્વ શ્રેષ્ઠસત્ત્વોનું સત્ત્વ તેનામાં છે.

કર્મની અમાપ સત્તા જેની સમક્ષ હાર કબૂલ કરે છે, તે મંત્રનો પ્રભાવ કેટલો ?

આ પરમમંત્રના અક્ષરોની રચના તેના દર્શનમાત્રથી જીવનમાં તાત્ત્વિક ફેરફાર કરે છે.

મંત્રના પ્રથમાક્ષર 'न' નું દર્શનમાત્ર પણ અમીપાન કરાવે.

'मो' ને જોતાં જે ભાવ જન્મે તે જીવને મોક્ષની આડે આવતા મોહની સાથે યુદ્ધ કરવાની પ્રેરણા આપે.

અને જ્યારે થાય મંગલ પ્રારંભ આ બધા અક્ષરોના અંતઃકરણપૂર્વકના જાપનો, ત્યારે સમગ્ર જીવનપ્રદેશમાં અદ્દભુત ફેરફારો સાથે મોક્ષાનુકૂલ જીવનનું થાય પ્રત્યક્ષી-કરણ. રોમે-રોમે સંચરે વિશ્વાત્મભાવનો સાત્ત્વિક સમીર. ખીલે મનની સમુન્નત કળા.

આ મંત્રમાં સમગ્ર શ્રીજૈનશાસનનો સાર છે. મોક્ષ-તત્ત્વનો અર્ક છે.

જે માનવીના સમગ્ર જીવન ઉપર હોય છે કાબુ શ્રીનવકારનો, તેના ઉપર નથી ચાલતાં બાણુ કામનાં, નથી દઝાડી શકતી ક્રોધની જ્વાળાઓ તેને, નીવડે છે નિષ્ફળ કામણ મોહનાં, લાત માનની ટુંકી પડે છે ત્યાં પહોંચવામાં.

આ મંત્ર દુર્લભ-અતિ દુર્લભ છે.

ભવનો ઘણો મોટો ભાગ કપાયા પછી જીવને તે જડે છે. તેમ છતાં જે જીવને સંસારનું વર્તુળ નાનુ જણાતું હોય, સાંસારિક સંબંધો કસ વગરના જણાતા હોય, ઈન્દ્રિયોની મોજ આપત્તિજનક લાગતી હોય, મરીને પુનઃ જન્મવાની પીડા અતિશય વસમી લાગતી હોય અને ધૂપછાંવ જેના સંસારના સુખ-દુઃખમાં શ્રદ્ધા ન હોય, તે

જીવમાં અતિદુર્લભ એવા શ્રીનવકારમંત્રને આકર્ષનારૂં પવિત્રબળ અવશ્ય નિર્માણ થાય.

જ્યાં હોય પવિત્ર મન, શુદ્ધ અંતઃકરણ, ઊંચો સંયમ, સત્યા આકાંક્ષા, કરુણાદૃષ્ટિ, નિર્દોષ આહાર અને અલ્પ પરિગ્રહ, ત્યાં જ આ પરમમંત્ર રહી શકે છે. તે સિવાય તેને ફાવે જ નહિ, રહેવું હોય તો પણ તે રહી શકે નહિ. કારણ કે તેનામાં પરમજીવનની સંપૂર્ણ ક્ષમતા છે. જે જીવને ખરેખર વહાલું હોય તે પરમજીવન, તેના જ હૃદયમંદિરે પગલાં થાય આ પરમપ્રભાવક મંત્રનાં.

નવકાર ન ગમે ત્યાં સુધી સમજવું કે ભવની મોટી પરંપરા બાકી છે. પાપ–પુણ્યનો ઘણો મોટો હિસાબ ઊભો છે, રાગ–દ્વેષનું મોટું વીણામણ બાકી છે, અપૂર્ણતાના ઘણા વસમા ઘા હજી સહન કરવાના છે. આત્મપ્રદેશોમાં પેસી ગએલા મિથ્યાત્વનું સખ્ત હાથે મોચન કરવું પડશે.

એક વાર આ મંત્રને મન સોંપી દો, પછી અનુભવ થશે તેના સાચાપ્રભાવનો, અદ્વિતીયશક્તિનો.

★

જેવું સુગંધ વગરનું ફુલ,
તેવું નવકાર વગરનું જીવન.

卐 卐 卐

(૪)

## નવકારને ભાવ આપો

ભાવરૂપી સઘળી મુડી નવકારમાં જ રોકો. આજે તે જ્યાં જ્યાં રોકાએલી હોય ત્યાં ત્યાંથી તેને ઉપાડી લ્યો અને નવકારને જ આપી દ્યો. તેનાથી તમને મોટો નફો થશે–કદી નુકસાન ન આવે એવો નફો થશે. કેવળ નફાનો ધંધો છોડીને નફો અને નુકસાન બંને જેનામાં રહેલાં છે એવા વેપારમાં પોતાની મુડી રોકનારને જ્ઞાની ભગવંતો અજ્ઞાની જ કહે છે.

ભાવ એટલે આદર, સન્માન, પૂજ્યભાવ, મન–વચન–કાયાની એકતા પૂર્વકનું સમર્પણ.

આવો નિર્મળ ભાવ ત્યારે પ્રગટે જ્યારે સંસારપ્રત્યે અભાવ જન્મે. સંસારપ્રત્યે અભાવ એટલે અપૂર્ણતાપ્રત્યે અભાવ, નાશવંત પદાર્થોના અનર્થકારી આકર્ષણપ્રત્યે અભાવ, એકાંગી સંબંધોપ્રત્યે અભાવ.

નવકારપ્રત્યેનો પરિપૂર્ણ ભાવ, ત્રિભુવનની સઘળી રિદ્ધિ-સિદ્ધિ ઉપરાંત મોક્ષલક્ષ્મીને અપાવે.

નવકારને ભાવ આપવાથી વિશુદ્ધ અને વિવેકમય જીવનપ્રત્યે ભાવ પ્રગટે, પાપમય અશુદ્ધ જીવન અળખું લાગે. સ્વ જરૂરીઆતને વશ થઇને પાપના માર્ગે દોડવાની જે દુર્બુદ્ધિ માનવોમાં પ્રગટતી જાય છે, તે નવકાર સિવાય નહિ જ ટળે. નવકારપ્રત્યેનું ખેંચાણ માનવીને નિર્મળ જીવનનો એવો અનુપમ રંગ લગાડી દે છે કે કર્મજન્ય સંયોગોની પ્રતિકૂળતા વચ્ચે પણ તે પર્વતની જેમ અડોલ રહી શકે છે.

નવકારમાં ત્રણે કાળના સર્વોત્તમ આત્માઓનું સર્વ-શ્રેષ્ઠ સત્ત્વ ભરેલું છે. જે તેનો જાપ જપે છે. તેને બદલામાં તે સત્ત્વ મળે છે. સત્ત્વ મળે એટલે મેળવવા જેવું કશું બાકી ન રહે, એ હકીકત છે.

સત્ત્વ એટલે શું ? તે નીચેના દાખલાથી વધુ સ્પષ્ટ થશે.

'સમ્રાટ વિક્રમાદિત્ય આષાઢની એક મધરાતે નગર-ચર્ચા સાંભળવા નીકળ્યા. ચાલતાં ચાલતાં એક ઘરમાંથી આવતો અવાજ તેમના કાને પડયો. તેઓ તે ઘરની દિવાલની બરાબર લગોલગ થયા. અંદર ચાલતી વાતચીત વધુ સ્પષ્ટપણે સંભળાવા લાગી.

એક સ્ત્રી પોતાના પતિને કહી રહી હતી કે 'જોયો તમારો રાજા વિક્રમ. એવો પરદુઃખભંજક હોય તો મારા ઘરમાં રહેલી દરિદ્રનારાયણની મૂર્તિને પોતાના રાજમહેલમાં કેમ નથી લઈ જતો ? પણ શેનો લઈ જાય ? લઈ જાય તો એના હાલ પણ આપણા જેવા જ થાય ને ?'

'ગાંડી! આવું ન બોલીએ. દિવાલને પણ કાન હોય છે અને તેમાં ય આતો શકારિ સમ્રાટની નગરી. એમાં ગમે તેવું છાનું, પણ છાનું ન રહે.' પતિએ કહ્યું.

'તમારો રાજા મને અનાજ પૂરવા આવતો નથી, કે હું તેનાથી ડરૂં! તમારે ડરવું હોય તો ડરો!' સ્ત્રી છણકતી બોલી.

વાતચીત સાંભળીને સમ્રાટ રસ્તે પડયા.

સવાર થયું, રાજસભા ભરાણી, સમ્રાટ આવીને સિંહાસને બેઠા. ઠામ–ઠેકાણું બતાવીને એક સુભટને રાતવાળા બ્રાહ્મણને તેડવા મોકલ્યો.

બ્રાહ્મણને સાથે લઇને સુભટ થોડી જ વારમાં પાછો ફર્યો.

'વિક્રમોના સમ્રાટનો જય હો!' રાજસભામાં પ્રવેશતાં જ બ્રાહ્મણ બોલ્યો.

બ્રાહ્મણને આવકારતાં વિક્રમાદિત્ય બોલ્યા–

'સાંભળ્યું છે કે તમારા ઘરમાં એક સુંદર મૂર્તિ છે. મારે તેનો અત્યંત ખપ પડયો છે, એથી તમને અહીં બોલાવ્યા છે.'

'ખપે જે મારા સમ્રાટને, તે ન ખપે મારે. અબઘડી જઇને લઇ આવું છું' સમ્રાટભક્તિઘેલો બ્રાહ્મણ બોલ્યો.

થોડી જ વારમાં તે મૂર્તિ લઇને પાછો આવ્યો. રાજાએ ખૂબ પ્રસન્નતાપૂર્વક તે મૂર્તિ લઈ લીધી. મૂર્તિભારોભાર સોનું આપીને બ્રાહ્મણને વિદાય કર્યો.

રાત પડી, રાજવી શયનભવનપ્રતિ વળ્યો. પોતાના ઈષ્ટદેવના ભજન વડે હળવો બની નિદ્રાખોળે ઢળ્યો. થોડી

જ વારમાં એક ઝબકારો થયો. રાજાએ આંખો ખોલી. જુએ તો સામે લક્ષ્મીદેવી ! તે બેઠો થયો, લક્ષ્મીદેવીને આગમનનું કારણ પૂછ્યું.

'હવે હું તારા મહેલમાં એક પળ માટે પણ નહિ રહી શકું, કારણ કે તેં દરિદ્રનારાયણની મૂર્તિને વસાવી છે.' આટલું બોલી લક્ષ્મીદેવી રાજભવન છોડીને ચાલતાં થયાં.

ખેદ કે વિમાસણ અનુભવ્યા સિવાય વિક્રમાદિત્ય પુનઃ નિદ્રાધીન થયો. એવામાં પુનઃ ઝબકારો થયો. વિક્રમાદિત્ય આંખો ખોલીને જુએ છે તો સામે જ કીર્તિદેવીને ઊભેલાં જોયાં.

આગમનનું કારણ પૂછવાની કોઈ જરૂર હવે તેને ન જણાઈ. એ તો તે જાણતો જ હતો, એથી કીર્તિદેવીને ઉદ્દેશીને બોલ્યો 'હવે હું પણ તારા ભવનમાં નહિ રહું, એ જ કહેવા આવ્યાં છો ને ?'

'હા' કીર્તિદેવી બોલ્યાં.

'તો ખુશીથી જાઓ' સ્વસ્થતાપૂર્વક વિક્રમાદિત્યે જવાબ આપ્યો.

કીર્તિદેવી પણ ગયાં.

કશી પણ ચિંતા સિવાય સમ્રાટ વિક્રમાદિત્ય પુનઃ સૂઇ ગયો. એવામાં ત્રીજીવાર ઝબકારો થયો, વિક્રમાદિત્ય પુનઃ ઉઠયો, સામે જુએ તો ઝગારા મારતું સત્ત્વ. તે મૂંઝાયો. તેને થયું કે સત્ત્વ જાય અને વિક્રમ જીવે એ ન જ બને.

તેણે નિશ્ચય કર્યો. 'કાં સત્ત્વને રોકવું, કાં મારે પણ તેના નીકળી જવા સાથે જ શરીર છોડી દેવું.'

રાજાને નિશ્ચલ જોઇને સત્ત્વ બોલ્યું. 'હું જાઉં છું સમ્રાટ'

'એમ એકલા જવાય કે? ઊભા રહો, હું પણ સાથે જ આવું છું.' એમ બોલીને પોતાના ઓશીકા નીચે રહેલું ખંજર વિક્રમાદિત્યે પોતાના વક્ષસ્થલ નજીક લંબાવ્યું.

'ઓ સત્ત્વશીલ રાજન્! તું ખરેખર મહાન છે. ખંજર મ્યાન કર, હું તને છોડી શકું તેમ નથી.'

સત્ત્વને રોકાઇ ગએલું જોઇને મહેલના દ્વાર પર ઊભેલી કીર્તિ અને લક્ષ્મી પણ પાછી ફરી.

સત્ત્વ એટલે પુણ્યાનુબંધી પુણ્યનો વિમળસ્રોત.

એ સ્રોતમાંથી જન્મે પરમવિશુદ્ધ ભાવચંદ્રિકા.

નવકારમાં સત્ત્વનો સ્રોત પણ છે અને તે સ્રોતના સત્ત્વરૂપ ભાવ પણ છે.

નવકારને ભાવ આપવાથી એ બધું મળે.

**ભાવનો બીજો અર્થ છે મુલ્ય આંકવું તે.**

નવકાર તો અણમોલ છે જ. જેનામાં જેટલા અંશે ઝળહળતું હોય છે સત્ત્વ, તે તેટલી કિંમત આંકી શકે છે તેની.

પરંતુ જે ભવ્યાત્માઓ નવકાર અણમોલ છે, એમ ખરેખર સમજીને તેમ જ સ્વીકારીને તેની સાચા મનની આરાધનામાં લીન થાય છે તેમને થોડા જ સમયમાં

નવકારની અણમોલ તત્ત્વપ્રભાનો અનુપમ અનુભવ થવા માંડે છે.

જીવ માત્રને સુખી કરવાનો ઉત્કૃષ્ટભાવ તેના જીવનમાં વધવા માંડે છે, અંગત સુખની વામણી વાતો તેને કાંટાની જેમ ખૂંચે છે, ગુણીજનોને જોતાં જ તેનું અંતર નાચવા માંડે છે, પરના દોષ તેને અણું સરસા લાગે છે, સઘળે પથરાએલા જીવનના પવિત્ર પ્રવાહનું તે બહુમાન કરે છે. જીવ માત્ર પ્રત્યે તે સ્વજન સરખો વર્તાવ રાખવાનો પ્રયાસ કરે છે, મનાતા સ્વજનો પ્રત્યે પક્ષપાતરહિત વર્તાવ રાખે છે, જિનેશ્વર ભગવંતોની ભાવદયાને તે કરે છે. અભિષેક સર્વ કલ્યાણની ઉત્કૃષ્ટ મંગલ ભાવનાનો. સર્વજ્ઞ ભગવંતોના વિશ્વોપકારી શાસનમાં જેની કોડીની પણ કિંમત નથી એવાં હિંસામૂલક વાણી, વિચાર અને વર્તનથી તે સેંકડો જોજન દૂર રહે છે.

નવકારને અપાતો ઉત્કૃષ્ટભાવ જીવનને સાવ નવું બનાવે. નવું બનાવે એટલું જ નહિ, નવીનતમ પણ બનાવે. કિન્તુ તેનો સઘળો આધાર છે ભાવની માત્રા ઉપર.

સંસારને અપાતો અર્થહીન વિશેષભાવ બંધ થાય ત્યારે જ નવકારને ભાવ આપવાની સન્મતિ જાગે–સમ્યક્ત્વ પ્રગટે.

સામાન્ય નિયમ એવો છે કે જેને જે ગમે તેને તે ભાવ આપે, તેની તે સેવા કરે, પૂજા કરે, આરાધના કરે, તેને મેળવવા માટે તે વન–જંગલોમાં આથડે, નદી–નાળાં ખૂંદે, ટાઢ–તડકો વેઠે, ભૂખ–તરસ સહન કરે.

પણ આપણે ઘણીવાર અનુભવીએ છીએ કે એકને જે ગમતું હોય છે, તે જ બીજાને અણગમતું લાગે છે.

આવા વિરોધનું કારણ સમજાવતાં જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે જીવે ભવો ભવને વિષે જેને વધુ ભાવ આપ્યો હોય છે તે જ તેને ભવોભવને વિષે વળગેલું રહે છે.

વર્ષો સુધી ચાલ ચાલ કરવા છતાં જે રસ્તાનો છેડો ન આવે તે રસ્તા પર કોઈ ડાહ્યો માણસ પગ મૂકવા તૈયાર થાય ખરો કે ? પરંતુ જ્યારે સ્વ જીવનધ્યેય નક્કી કરવાની વાત આવે છે ત્યારે લગભગ સંસારી જનો એવી જ ભૂલ કરી બેસે છે.

સંસારના સુખને કેન્દ્રમાં રાખીને પ્રવૃત્તિ ચલાવવાને બદલે માનવી જો નવકારને કેન્દ્રમાં રાખીને પ્રવૃત્તિ આદરે તો તેનું જીવન ઉત્તરોત્તર ઉર્ધ્વગામી બને.

કાચના ટુકડાને સાચો હીરો સમજીને તેની તેટલી કિંમત આંકનારૂં અજ્ઞાન જ માનવીને સાચા હીરા જેવા નવકારની સાચી કિંમત આંકતાં અટકાવે છે.

અણમોલ શ્રીનવકારની આરાધનાની સંપૂર્ણ અનુકૂળતાવાળો હોવાથી જ માનવભવ અણમોલ લેખાયો છે.

આવા અણમોલ નવકારને અણમોલ જીવનભાવ આપનારા ભવ્યાત્માઓ અમુલખ મોક્ષલક્ષ્મીના ભાગી બને છે.

★

(૫)

## સાચો સાથી

ત્રિભુવનને વિષે તેજ કિરણો પાથરતા રત્ન-દીપ'શો અણમોલ છે નવકાર.

નવકારના એકેક અક્ષરમાં હજારો હીરા, મોતી, માણેક અને લીલમ કરતાં પણ અનેકગુણું વિશેષ તેજ છે.

પરમમન્ત્ર નવકારના અડસઠ અક્ષરોમાંથી કોઇ પણ એક અક્ષરને જે ભવ્યાત્મા પોતાના અંતરના ઉજ્જવળ આસન ઉપર ઉલ્લાસ અને બહુમાનપૂર્વક પ્રતિષ્ઠિત કરે છે તેનું જીવન સંસારને વિષે અજવાળું પાથરનારૂં બને છે. ભવવનને વિષે રઝળતા અનેક આત્માઓને નવકારમય જીવનનો તે પ્રકાશ અનેક રીતે ઉપકારક નીવડે છે.

પરમ તેજે ઝળહળતા નવકારના અક્ષરોને જેઓ સામાન્ય શબ્દાક્ષરો સરખા જ સમજે છે તેમનામાં અને કિંમતી હીરાને કાચના કટકા સરખો જ સમજનારા ગ્રામવાસી ભાઇઓમાં ઝાઝો તફાવત ન જ ગણી શકાય.

દેવ–ગુરુ–ધર્મની સતત વહેતી કૃપાના પ્રકાશમાં પણ જે આત્માઓ પોતાના આત્મતેજના જ અંગભૂત એવા અક્ષરમન્ત્ર શ્રીનવકારના અક્ષરોમાં પરમસુખની અનુપમ પ્રભાનું દર્શન નથી કરી શકતા તે સ્પષ્ટ સૂચવે છે કે તેઓ નવકારને બરાબર ઓળખતા નથી થયા. જો ખરેખર ઓળખતા થયા હોત, તો અતિસામાન્ય કોટિના પાત્ર, પદાર્થ અને પ્રસંગના પ્રથમ પરિચયે લગભગ પરવશતાને તટે પહોંચી જવા જેટલી નિર્માલ્યતા દર્શાવવા પૂર્વે તેમના અંગે અંગમાં ધરતીકંપ જેવો સખ્ત આંચકો લાગ્યા સિવાય ન જ રહ્યો હોત. તે આંચકો ચેતન ઉપર જડના આક્રમણ સામે સજાગ બનાવનારા શંખનાદ સરખો મનાય છે.

વનરાજની છટાથી ગૌરવોન્નત મસ્તકે બેઠેલા સિંહને જોતાં જ લગભગ સંસારી જનો ભય પામે એ તો ઠીક; પરંતુ કેટલાક તો તેના નિષ્પ્રાણ કલેવરને જોઇને પણ ગભરાઈ જાય છે, તેમ જે ભવ્યાત્માના આંતરભવનમાં અદ્‌ભુત પ્રભાવશાળી નવકારમન્ત્રનો વાસ હોય છે, ત્યાં જવાની હામ રોગ, શોક, ભય, ચિંતા કે મહામારી પણ ભીડી શકતી નથી. આ તો થઈ ભાવનવકારના પ્રભાવની વાત, પરંતુ જે પુણ્યાત્મા દ્રવ્યનવકારના સંબંધમાં રહે છે, તે પણ ઘણા અનિષ્ટતત્ત્વોના હુમલાઓથી બચી જવા પામે છે.

એના સાચા સાધકનું નવકાર કઈ રીતે રક્ષણ કરે છે, તે જોઇએ.

નવકારમન્ત્રના ઉચ્ચારની સાથે અંતરમાં જે મોજાંઓ સ્ફુરાયમાન થાય છે, તેના ચોક્કસ માપના કંપનની અસરથી આત્મપ્રદેશને ચોંટીને રહેલાં વિવિધકર્મોનાં દળિયાં જોરદાર પવનના યોગે ઉઘાડ-વાસ થતા બારણાની જેમ ઉઘાડ-વાસ થવા માંડે છે, તેમ જ કેટલાંક નામશેષ પણ થઈ જાય છે. ઉઘાડ-વાસની આ પ્રક્રિયાના પરિણામે પ્રગટતા આત્મ-તેજનો પ્રભાવ સાધકના આંતરશરીર મારફત બહારના વાતાવરણ ઉપર પણ અદ્ભુત અસર પહોંચાડે છે અને તેથી કરીને જડભાવલીન માનવોના ભયાનક હુમલાઓ વચ્ચે નવકારનો અનન્ય ઉપાસક સમભાવે સ્થિર રહી શકે છે. નવકારના સાધકને રોગ-શોક વગેરે ઊંડી અસર કરી નથી શકતાં, તેનું પણ એ જ કારણ છે. કારણ કે નવકાર જેવા અક્ષરમન્ત્રમાં પરોવાએલું હોય છે જેનું આખું ય મન તે ભવ્યાત્માને રોગ-શોક ઘેરી શકે જ કઇ રીતે ? જે સ્વયં ઘેરાએલો છે પોતાના હજારો અંગરક્ષકો વડે તે સમ્રાટ કે રાજપ્રમુખને બીજાઓ કઈ રીતે ઘેરી શકે ?

કહેવાનું તાત્પર્ય એ છે કે જેને સંસારના ત્રિવિધ તાપમાંથી બચવું હોય તે આત્માએ પોતાના મન, વચન અને કાયા પર નવકારના અમૃતમય અક્ષરના તેજનું સ્નાન અને વિલેપન કરવું જોઇએ.

નવકાર મહામન્ત્ર છે, માટે મનનું તો રક્ષણ કરે જ. અને કરે એમાં નવાઈ પણ શી ? એટલું જ જો કોઈ માનતું હોય તો તે તેનું અજ્ઞાન છે. પરમમન્ત્ર નવકાર

મનના રક્ષણનું મહાકાર્ય કરવા ઉપરાંત તે મનના જડબામાં ચવાઇને ચૂર–ચૂર થઇ જવા માટે ઝડપભેર પ્રવેશ વાંચ્છતા પ્રત્યેક વિચારકણ ઉપર પણ સખ્ત જાપ્તો રાખે છે. રંગ–રાગ અને વિલાસનું અનુપમ દૃશ્ય તો શું, પણ તેના અવતાર સમો કામદેવ પણ શ્રીનવકારની અખંડ ચોકી ભેદીને એના સાધકના મનને દૂષિત કરવામાં નિષ્ફળ જ નીવડે છે.

અણુમાંથી પ્રગટતી સૂક્ષ્મશક્તિ વડે વૈજ્ઞાનિકો ઘણાં મોટાં કાર્યો સરળતાપૂર્વક કરી શકે છે, તેમ નવકારના પ્રત્યેક અક્ષરમાંથી પ્રગટતી અત્યંત સૂક્ષ્મશક્તિના પ્રભાવ વડે તો સાધક આત્મા વૈજ્ઞાનિકો જેને જોઈ શક્યા નથી તે સંસારમાં છવાએલા પાપના ધુમ્મસને આસાનીથી હઠાવી શકે છે.

સારી શક્તિવાળું લોહચુંબક જે ઓરડામાં કે દુકાનમાં પડયું હોય છે તે ઓરડા અને દુકાનમાં આડાઅવળા વેરાઇને પડેલા કે ખૂણામાં છૂપાઇને રહેલા લોઢાના સર્વ કણો ત્વરિત વેગે ખેંચાઇને જેમ તેને ચોંટી જ પડે છે તેમ જ્યાં પરમમન્ત્ર શ્રીનવકાર બોલતો હોય છે, ત્યાં ત્રિભુવનને વિષે રહેલાં સઘળાં શુભતત્ત્વો સ્વયમેવ ખેંચાઇને એકઠાં થઇ જાય છે અને ત્યાંના વાતાવરણને દિવ્ય તેજે ઝળહળતું કરી મૂકે છે.

શરીરવાટે બહાર નીકળતું નવકારનું તેજ ઘણાં અનિષ્ટોનો નાશ કરે છે. નાશ કઈ રીતે કરે છે? એમ

જો કોઈ પૂછવા ઈચ્છતું હોય તો તેના સમાધાનમાં જણાવવાનું કે સૂર્ય પ્રગટતાં જે રીતે અંધકારનો વિલય થાય છે તે જ રીતે નવકારના તેજના પ્રગટીકરણ સાથે અનિષ્ટકારક તત્ત્વો દૂર ખસી જાય છે. એક જ સમયે એક જ સ્થળમાં એક સાથે બે વિરુદ્ધ દ્રવ્યો ન રહી શકે, એ નિયમના આધાર ઉપર આત્માનું તેજ લઈને પ્રગટતા નવકારના અતીવ પ્રભાવ સામે ટક્કર ઝીલવામાં સર્વથા અસમર્થ એવું જડભાવાત્મક વાતાવરણ તરત જ નવકારને શરણે પોતાની જાતને સમર્પી દઈને નવકારરંગી બની જાય છે.

જન્મોજન્મના સંચિત કર્મોમાંનું કયું કર્મ કયા સમયે ઉદયમાં આવશે અને તે ભોગવવું પડશે, તે નહિ જાણનારા આપણે સહુએ પ્રત્યેક સમયે નવકારની છાયામાં જ રહેવાનો દૃઢ નિયમ રાખવો જોઈએ. જેમ કે ઘણા શત્રુઓથી ઘેરાએલો એવો વિચક્ષણ રાજપુરુષ પોતાના રાજભવન ફરતો દક્ષ અને વફાદાર એવા સૈનિકોનો કડક પહેરો ગોઠવી દે છે, તેમ આપણે પણ આઠેય પ્રહર દરમ્યાન આપણી જાતને અભયમન્ત્ર શ્રીનવકારની છત્રછાયા તળે જ રાખવી જોઇએ.

ધારો કે પ્રમાદવશ થઈને આપણે દિવસના ચાર પ્રહરમાંથી એકાદ પ્રહરના આઠમા ભાગ જેટલી વાર એમ શોચીએ કે, 'આખો દિવસ નવકારને સાથે રાખવાની શી જરૂર છે ? એમ કરવાથી તો આપણે જતે દિવસે નિર્માલ્ય થઈ જઇશું; આપણું રક્ષણ આપણે આપણી જાતે જ કરવું

જોઇએ.' અને જો તે જ સમય દરમ્યાન પૂર્વકર્મના યોગે આપણા ઉપર કોઈ અણધારી આફત આવી પડે તો આપણે તે સમયે ધર્મધ્યાનમાં ટકી શકીશું ખરા કે ? સમભાવમાં દૃઢ રહી શકીશું ખરા કે ?

માટે જ પરમજ્ઞાની ભગવંતોએ ભવવનને વિષે કર્મરૂપી અનેક શત્રુઓથી ઘેરાએલા આત્માઓને અહર્નિશ, પોતાના સાચા રક્ષક અને હિતૈષી એવા શ્રીનવકારની અનન્ય છત્ર–છાયા તળે જ વિહરવાનું અને વસવાનું સ્પષ્ટ ફરમાન કર્યું છે.

આ જીવ પરમકરુણાસિંધુ ભગવંતોના અનંત ઉપકારી શાસનને પામ્યા પછી પણ જો પોતાની જન્મ પરંપરામાં ઘટાડો ન કરી શકે અને અસદ્‌યોગે તેમાં વધારો જ થયા કરે તો તે અત્યંત શોચનીય ઘટના ગણાય. તેને ટાળવાના શુભ હેતુપૂર્વક જ્ઞાની ભગવંતોએ ફરમાવેલો નવકારનો સાથ પ્રત્યેક જાગૃત અને વિવેકી આત્માએ શરીર છોડતાં પણ ન જ છોડવો જોઇએ.

★

નવકાર સમો નહિ મન્ત્ર જગતમાં,
અલબેલો જયકાર;
જળમાં થળમાં શશિ–સૂર્ય–ગગનમાં,
ગૂંજે છે એનો ઝંકાર.

卐 卐 卐

(૬)

# અદ્‌ભુત અક્ષર–યાન

નવકાર, અદ્‌ભુત અક્ષર–યાન છે.
તેમાં જે બેસે, તે મોક્ષમાં પહોંચે જ.
જેઓ બેઠા છે, તેઓ પહોંચ્યા છે.
જેઓ બેસશે, તેઓ પહોંચશે જ.
જેમને પહોંચવું હોય, તેઓ ઉતાવળ કરે.

સંસાર જેમને વહાલો હોય, તેઓ ભલે ઊંટ, ગાડાં, મોટર, ગાડી, જહાજ અને વાયુયાનમાં રવડ્યા કરે, મોક્ષનો અભિલાષી આત્મા તો અક્ષર–યાનમાં જ બેસે.

સંસાર સારો એટલા માટે નથી કે તે હાથતાળી દઈને છટકી જાય છે. તેની સાથે ગમે તેવી આત્મીયતા કેળવવા છતાં આત્માવિહોણો તે દૂરને દૂર જ રહે છે. સંસાર કોઈનો થયો હોવાનો દાખલો ઇતિહાસમાં છે ?

ના.

પુરાણોમાં છે ?

ના.

લોક જાણે છે ?

ના.

તો પછી જે આજ સુધી કોઈનો ય થયો નથી, તે આપણો થશે ખરો કે ?

ના.

તો પછી ઉતાવળ કરો એવા નગુણા સંસારને છોડવાની. પળના ય વિલંબ સિવાય બેસી જાઓ અક્ષર-ધ્યાનમાં.

પણ તેમાં બેસવું કઈ રીતે ?

જે રીતે ગાડીમાં બેસીએ છીએ તે રીતે.

તો આવડું મોટું શરીર તેમાં સમાઈ શકશે ખરૂં કે ?

શરીરને પડતું મૂકીને મનને બેસાડી દેવું.

પરંતુ મન તેમાં જંપીને બેસશે ખરૂં ? એ તો વાંદરા જેવું છે.

બેસશે, બેસશે, તમે બેસાડવાને પ્રયત્નશીલ થશો તો જરૂર બેસશે.

પણ તેને પકડવું કઈ રીતે ? કારણ કે તે પકડાય નહિ ત્યાં સુધી તેને અંદર બેસાડવાની વાત તો બને જ નહિ ને !

પકડવાનો પણ રસ્તો છે.

તેને અપાતો દુર્વિચારોનો ખોરાક સદંતર બંધ કરી દો અને પછી જુઓ તે જંપીને બેસે છે કે નહિ?

પણ દુર્વિચારોથી દૂર રહેવું કઇ રીતે?

જે રીતે દેવતાથી દૂર રહો છો તે રીતે.

દેવતા તો દઝાડે છે, એથી તેની નજીક નથી જતા.

તો શું દુર્વિચારો અમી સીંચે છે?

ના, ના, એમ તો ન જ કહેવાય.

તો પછી તમારૂં શું કહેવું છે?

જો સાચે જ મોક્ષની ઈચ્છા હોય, તો ત્યાં લઈ જનારા અક્ષર–યાનમાં જેટલો માલ–સામાન સાથે લઇ જવાની પરવાનગી છે તેનાથી એક રતિભાર પણ વધારે સાથે લઇને બેસવા જશો, તો ઊતરી જ જવું પડશે. એમાં કોઇની ય લાગવગ નહિ ચાલે.

મનથી સંસારને મૂકવો નથી અને તનથી અક્ષર–યાનમાં બેસવું છે, એ બે વાતો એક સાથે ન બને તેવી છે.

ક્યાં સંસાર છોડો, ક્યાં મોક્ષની વાત જતી કરો.

'અહીંના દુઃખથી અમે પૂરેપૂરા ધરાઇ ગયા છીએ' એમ બોલતી વખતે પણ હું માનું છું કે તમે સંસારના સુખની જ ભીખ માગતા હો છો. કારણ કે જેને જેને અહીંનું દુઃખ આકરૂં લાગ્યું છે, તેને તેને દુઃખની બીજી બાજુ સરખું સુખ પણ છેતરામણું લાગ્યું જ છે. એટલે તે બધા ભવ્યાત્માઓ અહીંની કોઇ પણ વસ્તુના મોહમાં

ફસાયા સિવાય જ્યાં શાશ્વત સુખ છે એવા મોક્ષમાં પહોંચવા માટેની બધી શરતોનું અણિશુદ્ધ પાલન કરીને પણ અક્ષર–યાનમાં જ બેઠા છે.

શરતોનું પાલન કરવું નથી અને અક્ષર–યાનમાં બેસવું છે, એ બને કઇ રીતે ?

જો દેહ છોડતી વખતે આપણું માનેલું બધું જ છોડવું પડતું હોય, તો સમજીને તેને પહેલાં જ છોડી દેવામાં વાંધો શો ?

જે મળ્યું હોય તે ભોગવવું પણ નહિ ?

ભોગની વાતો દેહના દાસને શોભે. મોક્ષ ખરેખર જેના હૈયામાં હોય, તેને આવી વાતો યાદ જ ન આવે.

નિરંતર શુભભાવમાં નિમગ્ન તે આત્મા તો સંસાર આખાને પોતાની સાથે મોક્ષમાં લઇ જવાની હોંસ રાખે.

જન્મે જ્યારે આવો પરમ મંગલકર ભાવ હૈયામાં, ત્યારે સમજવું કે આપણે મોક્ષપુરીમાં લઈ જનારા અક્ષર–યાનમાં બેસવાની પ્રથમ શરત પાળી. એ પ્રથમ શરતનું નિષ્ઠાપૂર્વકનું પાલન એવું છે કે તે ઉત્તરોત્તર અન્ય શરતોના પાલનની યોગ્યતાને ખેંચી લાવે અને તે પછી જ અક્ષર–યાનમાં બેસવાની પરવાનગી મળે.

ક્ષરને પોતાની સાથે લઇને કદી કોઇથી અક્ષર–યાનમાં બેસવા માટે જવાય નહિ.

★

(૭)

# વિવેકપ્રદીપ 'નમો'

'નમો' શબ્દ વ્યક્તિને વિશ્વ સાથે અને જીવને શિવ સાથે જોડનારો અજોડ પુલ છે. આમ લખીને હું એ પ્રતિપાદિત કરવા નથી માગતો કે વ્યક્તિ વિશ્વથી અલગ છે. જીવ અને શિવ જુદા જુદા છે, પરંતુ વ્યક્તિની વિશ્વમય પ્રતિભાને તેમ જ જીવના શિવસ્વરૂપને અપ્રગટ રાખનારી જડતાને–મિથ્યાદૃષ્ટિને દૂર કરવામાં 'નમો' અદ્ભુત કામ કરે છે. એમ લખવાનો મારો આશય છે.

'નમો'ના સંચાર સાથે અંતરભવનમાં લટકતો મિથ્યાત્વનો પડદો ઊંચો થાય છે અને ત્યાં પરમ પવિત્ર પરમાત્માની પધરામણીનું નિર્મળ વાતાવરણ નિર્માણ થાય છે.

'નમો' પદના ઉપયોગ સિવાયની સઘળી આરાધના મૂળ વગરના ઝાડ જેવી, પાયા વિનાના મકાન જેવી, જળ–વિહોણા સરોવર જેવી અને તેલ વગરના તલ જેવી જ છે.

'નમો' શબ્દ સન્માનવાચક છે. એટલું જ નહિ, પરંતુ ભારોભાર ભક્તિભાવ અને સમર્પણભાવનો પણ દ્યોતક છે.

આ દુનિયાના નાના–મોટા કોઈ પણ વ્યવહારમાંથી જો 'નમો' શબ્દના ભાવને ખેંચી લેવામાં આવે તો તે વ્યવહાર–ક્રિયા ચૂસાએલી શેરડી જેવી જ લાગે.

'અરે! ભલા આદમી! મીઠા આવકારથી ય ગયો?' એ વાક્યનો ઉપયોગ જ્યારે કોઇ શાણો પુરુષ કરતો હોય છે, ત્યારે જેને ઉદ્દેશીને તે એ વાક્ય બોલતો હોય છે તેને તે એ જ કહેવા માગતો હોય છે કે 'તારા ઘરમાં અન્ન–પાણીની અછત હતી, પરંતુ અંતરમાં આવકારની ય અછત હતી કે શું? અન્નપાણીમાં અનુકૂળતા સાનુકૂળતા જોવાય, પરંતુ 'આવો, પધારો' જેવા મીઠા બે શબ્દોને કઇ પ્રતિકૂળતા કે સાનુકૂળતાની રાહ જોવી પડે તેમ છે?

આ તો 'નમો'નાં મૂળ લોકમાં કેટલાં ઊંડાં ઉતરેલાં છે તે બતાવવા પૂરતું જ ટાંકયું. બાકી અહીં જે કહેવાનું છે તે તો 'નમો'ના તાત્ત્વિક સ્વરૂપ વિષે છે.

દુનિયાના જીવોને ઊંચો લાવનારો 'નમો' શબ્દ અનાદિકાળથી આ સંસારમાં એના ગુણ વૈશિષ્ટ્યના પ્રભાવે સૂર્ય અને ચન્દ્રની જેમ દીપી રહ્યો છે.

'નમો' છે જેના મંગલ પ્રારંભમાં, એવો નમસ્કાર–મહામંત્ર આ સંસારમાં અનાદિકાળથી વિદ્યમાન છે. તે હકીકત 'નમો'માં રહેલા સામર્થ્યના પ્રતિપાદન માટે પૂરતી ગણાય.

'નમો' એટલે હું નમું છું, મારા નમસ્કાર હો!

નમવું એટલે કેવળ મસ્તક ઝૂકાવવું કે હાથ જોડવા એટલું જ નહિ, પરંતુ મસ્તક અને હાથની સાથોસાથ મન, મનમાંના વિચારો અને અંતઃકરણ પણ નમાવવું જોઇએ. મન અને અંતઃકરણના સમર્પણ સિવાયનો નમસ્કાર અધૂરો જ રહે છે. તે જેને પહોંચાડવાનો હોય છે તેને પૂરેપૂરો પહોંચતો નથી.

કૂવામાં પાસેલી ડોલ જ્યાં સુધી પોતાનું મસ્તક ઝૂકાવીને કૂવાના પાણીને નમસ્કાર કરતી નથી ત્યાં સુધી તેને તેમાંથી એક ખોબાભર પણ પાણી મળતું નથી, તેમ માનવીની સાધના ગમે તેવી ઉગ્ર છતાં તે જ્યાં સુધી પોતાના સાધ્યને પોતાનું જીવન સમર્પિત કરતો નથી ત્યાં સુધી તેના અંતરમાં આત્માનું તેજ–વારિ પ્રવેશતું નથી.

'નમો' શબ્દ જ્યાં પ્રવેશે છે, ત્યાંના વાતાવરણને પોતાને સાનુકૂળ બનાવી દેવાની તે અજબ ક્ષમતા ધરાવે છે. તેનો મુખ્યગુણ માનવઅંતરના બૂઝાયેલા વિવેક–દીપને પુનઃ પ્રજ્વલિત કરવાનો છે, બીજો ગુણ મિથ્યાત્વના હિમ–ગિરિને ઓગાળવાનો છે, ત્રીજો ગુણ ઊર્મિઓને ધ્યેયાવલંબી રાખવાનો છે, ચોથો ગુણ શુચિતા ફેલાવવાનો છે અને પાંચમો ગુણ દોષ–ક્ષય અને ગુણવૃદ્ધિમાં સહાય કરવાનો છે.

'નમો' શબ્દના ઉચ્ચાર સાથે જે ભાવ સ્ફૂરાયમાન થાય છે તે એમ સૂચવે છે કે, આ વિશ્વમાં નમવાને યોગ્ય કોઇક પરમપવિત્ર તત્ત્વ છે જ.

'ન' અને 'મો' એ બે અક્ષરોના સંયોજનથી બનેલો 'નમો' શબ્દ નમનારના અંતરમાં આત્મભાવ, નિર્મળતા, મૃદુતા, શાંતિ અને સંતોષની ધારા વહાવે છે. કારણ કે તેના પ્રત્યેક અક્ષરમાં પોતાનો આગવો વિશિષ્ટ પ્રભાવ રહેલો છે.

'નમો' પોતે પોતાની શક્તિની ખાત્રી આપતાં જણાવે છે કે, 'જે કોઇ આવકારશે મને, તેના ભાગ્યમાં ભવિષ્યમાં કોઇને ય નમવાનું નહિ રહે.'

'નમો' શબ્દ સર્વમાં પ્રથમ શ્રીપંચપરમેષ્ઠિ ભગવંતોના પરમ મંગલકારી નામ સાથે વપરાયો છે.

આપણાથી ગુણમાં જેઓ ચઢીઆતા હોય તેમને આપણે નમવું જ જોઇએ. 'નમો' શબ્દમાં પણ એ જ ભાવ રહેલો છે.

સર્વજ્ઞભગવંતો અને તેમના પ્રકાશેલા તત્ત્વને નમનારા–આરાધનારા, તેનો જ ઉપદેશ આપનારા અને તે ઉપદેશ અનુસાર જીવન જીવવામાં સતત પ્રયત્નશીલ આત્માઓ જ વસ્તુતઃ નમનનાં પાત્રો ગણાય. માતા–પિતાદિ બીજાં જે કોઈ નમનપાત્ર મનાય છે તે તો એ વિશિષ્ટ આત્માઓને નમવાની કળા શિખવા માટે–યોગ્યતા મેળવવા માટે.

જેનું ધ્યેય સર્વજ્ઞભગવંતોને, તેઓના તત્ત્વજ્ઞાનને, કે તેના ઉપાસક મહાત્માઓને નમવાનું નથી તેનાં સઘળાં નમનો સંસારવૃદ્ધિમાં જ સહાયક થાય.

સર્વશ્રેષ્ઠ એવું નમસ્કારનું દાન તો વસ્તુતઃ ત્રણે ય કાળના અને ત્રણેય લોકના સર્વશ્રેષ્ઠ આત્માઓને જ ઘટે.

'નમો'માંથી જન્મે આત્મવેદનની કળા. તે કળામાંથી પ્રગટે નિષ્કપટભાવ. તે ભાવનું બળ ખેંચે સંસારમાં વેરાએલા સર્વસમર્પણભાવના કણોને.

નમસ્કારનો ભાવ જડમાંથી મુક્તિ અપાવે, ચૈતન્યનો સુયોગ કરાવે, કચરાને બહાર કાઢે, સુવર્ણને અંદર લાવે.

જેવું પેટ્રોલ વગરનું વાયુયાન, તેવી 'નમો' વગરની ભક્તિ.

પાત્રભેદે નમસ્કારનો પણ ભેદ પડે.

જે ઉત્તમમાં ઉત્તમ હોય, પવિત્રમાં પવિત્ર હોય, સર્વ જીવોના સાચા ઉપકારી હોય તેને નમસ્કાર કરવામાં માનવીએ સહેજ પણ કચાશ ન રાખવી જોઇએ. ઉત્તમમાં ઉત્તમ દ્રવ્ય વડે, ઉત્તમમાં ઉત્તમ ક્ષેત્રમાં જઇને, ઉત્તમમાં ઉત્તમ કાળે, ઉત્તમમાં ઉત્તમ ભાવપૂર્વક એવા પરમોપકારી પરમપુરુષને માનવીએ નમવું જોઇએ. કહો કે અર્પિત થઈ જવું જોઇએ. પોતાપણાના હક્કનું રાજીનામું આપીને સમર્પિત થઈ જવું જોઇએ. રોમ-રોમે 'નમો'નું જયગાન જગવવું જોઇએ. નમન ટાણે નમનારે મન-વચન-કાયાના કોઈ પ્રદેશ ઉપર પોતાનો કાબૂ ન રાખવો જોઇએ. તે બધું પોતે જેને નમતો હોય તેને જ અર્પિત કરી દેવું જોઇએ.

નવકાર સંપૂર્ણપણે નથી ફળતો, તેનું કારણ છે આપણો નમસ્કારસંકોચ. જેઓ નમસ્કારના સાચા અધિકારી

છે તેમનાથી અક્કડાઈમાં દૂર રહીએ છીએ. તેથી મુક્તિ આપણાથી દૂર ને દૂર રહી છે, બંધન આપણી સાથે ને સાથે રહ્યું છે. આ દુનિયાના અનેક માનવોને નાના પ્રસંગે નમવું પડે છે, તેનું કારણ છે આપણું નમસ્કાર સંબંધી અજ્ઞાન.

રાજાને નમવાથી સેનાપતિને કે પ્રધાનને પણ નમન થઈ જાય છે, તેમ જે આત્મા નમે છે પંચ પરમેષ્ઠિ-ભગવંતોને તેને પછી આ સંસારના અન્ય માનવોને લાંબો કાળ નમવાનું રહેતું નથી. અરે, તેનામાં નમસ્કારના યોગે ખીલતી નમ્રતા, વિવેકદૃષ્ટિ, સૂક્ષ્મતા અને પવિત્રતાના પ્રભાવે માનવ કે સુરગણ બધાય ઉલટીને સ્વયં તેનું બહુમાન કરે છે.

શરીર બગડે છે ત્યારે આપણે ઝટ દઈને દાક્તર પાસે દોડીએ છીએ, પણ વકીલ કે ઇજનેર પાસે નથી જતા. કારણ કે આપણે સારી રીતે જાણતા હોઇએ છીએ કે શરીરના ઇલાજ માટે દાક્તર પાસે જ જવું ઘટે, જો બીજા પાસે જઇએ તો રોગ ઘટવાને બદલે વધી જ જાય. તે જ રીતે વિષય-કષાયના પાશમાં ફસેલા સંસારી જીવોનું સાચું શરણું એક શ્રીપંચપરમેષ્ઠિ ભગવંતો છે. કારણ કે પ્રથમના બે સર્વવિષય-કષાયથી મુક્ત છે અને પછીના ત્રણ મુક્ત થવાનો પ્રયત્ન કરનારા છે. માટે શાશ્વત સુખના અભિલાષી આત્માએ તેમને જ નમવું જોઇએ, જયારે તેઓ વિદ્યમાન ન હોય ત્યારે પણ તેમના નામ, પ્રતિમા અને ગુણને નમવું જોઇએ. તેમ જ તેમણે પ્રકાશેલા ધર્મના સાચા સાધક આચાર્યાદિ ભગવંતોને નમવું જોઇએ.

નમવા જેવું ત્યાં જ છે. બીજે નમીને સરવાળે ભટકવાનું જ રહેશે. ગુન્હેગાર ગુન્હેગારને નમે તેનાથી તેને ગુન્હાની સજામાંથી મુક્તિ ન મળે, તેમ કેવળ સંસારના અસ્થિર સુખ–દુઃખમાં ગળાડૂબ સંસારીજનોને નમવાથી ઉદ્ધાર ન જ થાય. ઉદ્ધાર તો જે સંસાર મુક્ત છે તેમને નમવાથી જ થાય.

કર્મના દુઃખનું જેમને દુઃખ હોય, અપૂર્ણતા જેમને સાલતી હોય, કષાયના ડંખ જે ન ખમી શકતા હોય, આત્મામાં જેમને અપૂર્વ શ્રદ્ધા હોય, તે કદી પંચપરમેષ્ઠિ ભગવંતોને નમ્યા વિના ન જંપે.

'નમો' જરૂર આંતર રજને નિર્મૂળ કરે, પણ તે ત્યારે કે જ્યારે એનો સાધક તે શબ્દની સાથે રહેલા પંચ પરમેષ્ઠિભગવંતોને નમન કરે.

પંચ પરમેષ્ઠિભગવતોને નહિ નમનારાના ભાગ્યમાં ગુલામી જ લખાએલી રહે છે. ગુલામી જેને ખપતી હોય તે ભલે અક્કડ થઈને ફરે, પરંતુ વહાલું છે જેમને સ્વાતંત્ર્ય તેમણે તો જ્યારે ત્યારે સંસારમુક્ત શ્રીઅરિહંતભગવંતાદિને નમવું જ પડશે.

'નમો' છે ખાણ નમ્રતાની, પ્રદીપ વિવેકનો, પુલ શિવપુરીનો, વીણા મુક્તિની અને ચાવી કર્મતાળાની.

આવો 'નમો' આપણામાં પ્રવેશે અને પંચપરમેષ્ઠિ ભગવંતોની પુનિત પધરામણીને યોગ્ય વાતાવરણ સર્જે! એ જ મંગલ ભાવના.

★

(૮)

# વાણી

અંદરથી બહાર આવતા સુધીમાં શબ્દમાંની ઘણી શક્તિ ઓછી થઇ જાય છે, માટે પોતાના ઇષ્ટદેવનું નામ દરેકે બને ત્યાં સુધી મૌનપણે જપવું જોઇએ. તેમ છતાં જેને તેમ જપવું ન ફાવતું હોય, તેણે પાસે બેઠેલા માણસો ન સાંભળે તેમ જપવું જોઇએ અને જ્યારે તેમાં પણ મન ન લાગે ત્યારે જ ભાષ્યજાપનો આશ્રય લેવો જોઇએ.

પરા વાણી બીજ જેવી છે, પશ્યન્તી થડ જેવી છે, મધ્યમા ડાળ જેવી છે અને વૈખરી પાંદડા જેવી છે.

જે વાણી આપણે મુખથી બોલીએ છીએ અને કાનથી સાંભળીએ છીએ તેને 'ઉચ્ચાર' યાને 'વૈખરી' વાણી કહેવાય છે. જે વાણી સંકેતથી, મુખાકૃતિથી, ભાવભંગીથી તેમ જ આંખોથી બોલાય છે તેને 'ભાવ' અથવા 'મધ્યમા' વાણી કહેવાય છે. જે વાણી મનમાંથી નીકળે છે અને જેને મન જ સાંભળી શકે છે તેને 'વિચાર' યાને 'પશ્યન્તી'

વાણી કહે છે. જે વાણી આકાંક્ષા, ઇચ્છા, નિશ્ચય, શાપ, વરદાન, આદિરૂપે અંતઃકરણમાંથી નીકળે છે તેને ‘સંકલ્પ’ અથવા ‘પરા’ વાણી કહે છે. મતલબ કે વાણીના સંકલ્પ, વિચાર, ભાવ અને ઉચ્ચાર, એમ ચાર પ્રકારો છે.

દુર્ભેદ્ય વજ્રદિવાલોને પણ ભેદીને આગળ વધવાની–સર્વત્ર વિસ્તરવાની અમાપ શક્તિ શબ્દમાં રહેલી છે. એટલે જો કોઈ એમ માનતું હોય કે મૌનપણે થતો જાપ દુનિયાને કઈ રીતે લાભ કર્તા નીવડે ? તો તે માન્યતા બરાબર નથી. ખરી તાકાત જ માનસ જાપમાં છે, તેનાથી ઓછી ઉપાંશુમાં અને તેનાથી ઓછી ભાષ્યમાં.

વૈખરી વાણી કરતાં શતગુણી વધુ અસર મધ્યમા વાણી કરે છે. મધ્યમા કરતાં શતગુણી વધુ અસર પશ્યન્તી વાણી કરે છે અને પશ્યન્તી કરતાં શતગુણી વધુ અસર પરા વાણીની થાય છે. માટે જ પ્રગટ કાર્ય કરતાં અપ્રગટ કાર્યનું આ સંસારમાં અનાદિકાળથી વિશેષ મહત્ત્વ છે. અપ્રગટ એટલે કે છૂપું પાપકાર્ય જેમ ઘણા અંતરાયો જન્માવે છે, તેમ છૂપું પુણ્યકાર્ય પણ સંસારી જીવને ઘણી જ સાનુકૂળતાઓ બક્ષે છે.

પાકીને ખરી પડતા ફળ જેવા ઉચ્ચારની અસરથી આપણે જેટલા પરિચિત છીએ, તેટલા ભાવ વિચાર અને સંકલ્પની અસરથી પરિચિત નથી, અને તેથી જ આપણું ધ્યાન તેના તરફ બરાબર ખેંચાતું નથી.

સ્વ–પર શ્રેયવાંછુ આત્માએ બને ત્યાં સુધી સંકલ્પના

સબળ વાહનમાં બેસીને જ સંસારમાં ફરવું જોઇએ, નહિ કે ઉચ્ચારના રગસીઆ ગાડામાં બેસીને.

નમસ્કાર જેવો મહામંત્ર જેમને પૂર્વપુણ્યના યોગે વારસામાં મળ્યો છે તે જૈનબંધુઓનું જીવન દિવ્ય તેજે ઝળહળતું હોય. પરંતુ નવકારના અક્ષરોમાં એકાકાર થવાની સબળ એકાગ્રતાના અભાવે તેમાંના કેટલાક આજે દુઃખી અને અસંતોષી જણાય છે, કારણ કે તેમને જેટલી શ્રદ્ધા સંસારના સંબંધોથી મળનારા લાભમાં છે, તેટલી શ્રીનવકારના અક્ષરોના જાપથી મળનારા લાભમાં નથી. પરંતુ થાકીને પણ તેઓએ તે મહામંત્રના અક્ષરોને સમર્પિત થવું જ પડશે.

પરા વાણી વડે પરમાત્મા સાથે વાતચીત કરવામાં જે સુખ સમાએલું છે તે સુખ દેવલોકના સ્વામી ઇન્દ્રને પણ ઇર્ષ્યા ઉપજાવે તેવું છે.

આંતરશરીરની સમગ્ર પ્રક્રિયાને વિશ્વમય જીવનમાં ઢાળનારી ઊર્મિઓ તથાપ્રકારના અક્ષરોના બનેલા શબ્દોમાં છે. પરમમંત્ર શ્રીનવકાર એવા જ અડસઠ અક્ષરોનો બનેલો છે. તેના ગાઢ સંબંધથી કર્મનો સમૂહ સિંહને જોઇને નાસતાં હરણાંના ટોળાની જેમ નાસવા માંડે છે, બહારના વાતાવરણ ઉપર આત્મભાવની સંગીન પ્રભા તરવરવા માંડે છે.

અક્ષરમાં રમતાં નથી આવડતું, તે કારણસર માનવીને વિનશ્વર સંસારમાં રખડવું પડે છે. શબ્દની આકૃતિઓને બદલે શબ્દના અંતરમાં છૂપાએલા ભાવને ગ્રહણ કરવાની

સાત્ત્વિક વૃત્તિના અભાવે માનવી વાત વાતમાં કષાયના હુમલાનો ભોગ થઈ પડે છે. શબ્દ કયા શુભ યા અશુભ ભાવને લઇને આવી રહ્યો છે તે જાણવાની નિર્મળ બુદ્ધિ જેને મળી છે તે આત્મા શબ્દની આરાધનામાં સારી રીતે ઓતપ્રોત થઈ શકે છે. કારણ કે શબ્દનો મૌલિકપ્રભાવ તેના અંતસ્થભાવને ખુબ જ બંધબેસતો થઈ ગયો હોય છે.

શબ્દ દ્વારા જ નિઃશબ્દમાં પ્રવેશી શકાય.

બહારને બહાર રઝળે છે જેમનું મન, તેમણે શ્રી-નવકારના ચોવીસ શબ્દોમાં પ્રવેશવું જોઇએ. તેમનો પ્રવેશ થોડા જ વખતમાં તેમના મન ઉપર અસર ઉપજાવશે અને તેનું સ્વાભાવિક બની ગએલું બહિર્ભ્રમણ ઘણું જ ઓછું થઈ જશે.

ઉચ્ચાર કરતાં વિચારની શક્તિ વિશેષ છે. વિચાર કરતાં ભાવની શક્તિ વિશેષ છે અને ભાવ કરતાં સંકલ્પની શક્તિ વિશેષ છે.

ઉચ્ચાર, વિચાર, ભાવ અને સંકલ્પ એ ચારે ય માનવી પાસે હોવા છતાં તેનો કશો ખાસ સદુપયોગ આજે તો વર્તાતો નથી. મતલબ કે તે ચારે ય ઉપર આજે માનવીના આત્માનો નહિ, પરંતુ કર્મ અને કષાયોનો કાબુ છે. કર્મ અને કષાયોના કાબૂમાં પડેલા પોતાના જીવનના ખજાનાને છોડાવવા માટે માનવીએ તે કર્મ અને કષાયોનો ભૂક્કો ઉડાડી દે તેવા શ્રીનવકારમંત્રના શબ્દે શબ્દને અંતર-ખલમાં ચીવટપૂર્વક ઘુંટવો જોઇએ. પછી જુઓ તેનો પ્રભાવ !

શબ્દને બરાબર પકડવા માટે પ્રસન્ન ચિત્ત, સાબૂત અંતઃકરણ અને સમતાભાવ આવશ્યક છે. તો જ તે હાથ ચઢશે અને તેમાંની અચિંત્યશક્તિ આપણી થશે.

શરીરને ઉચ્ચાર કહી શકાય, મનને વિચાર કહી શકાય, અંતઃકરણને ભાવ કહી શકાય અને આત્માને સંકલ્પ કહી શકાય.

ઉચ્ચાર શરીરમાં રહે છે, વિચાર મનમાં રહે છે, ભાવ અંતઃકરણમાં રહે છે અને સંકલ્પ આત્મામાં રહે છે.

મુખથી શબ્દ બોલીએ અને તેની જે અસર થાય, તેના કરતાં સમગ્ર શરીરવાટે બહાર નીકળતા સંકલ્પની ઘણી વધારે અસર થાય છે. મુખથી બોલાએલો શબ્દ બહુ જ ઓછા વાતાવરણને શુદ્ધ યા અશુદ્ધ બનાવી શકે છે, જ્યારે અંતરમાં સ્ફૂરાયમાન થએલો ભાવ ઘુંટાઇને બહાર નીકળે છે, તેની અસર ઘણા મોટા વિસ્તારમાં ફેલાય છે.

અશ્રાવ્યધ્વનિનાં મોજાંઓવડે કિંમતી યંત્રોમાંની ચીકાશ અને રજને સાફ કરવાના વર્તમાન વૈજ્ઞાનિક પ્રયાસો, અંતઃકરણમાં સ્ફૂરતી શુભભાવની ઉર્મિઓની અમાપ સૂક્ષ્મતા અને પ્રભાવકતાનું સમર્થન કરે છે.

ત્રણે ય લોકમાં સર્વશ્રેષ્ઠ શ્રીનવકારમંત્ર પણ શબ્દ સંકલિત છે. તેની આરાધના વડે આજ સુધીમાં અનંત આત્માઓ મોક્ષના પરમસુખને વર્યા છે. વર્તમાનમાં પણ એવા અબજો આત્માઓ વિદ્યમાન છે અને ભવિષ્યમાં બીજા અનંત આત્માઓ તેની આરાધના વડે નિર્મળ આત્મ-સ્વરૂપના ભાગી થશે.

માંદા માનવીને સાજો કરવામાં જ્યારે સઘળી દુન્યવી દવાઓ બાતલ જાય છે, ત્યારે શાણો ડૉકટર પ્રભુપ્રાર્થનાનો આશરો લેવાની સલાહ આપે છે, તે એમ સાબીત કરે છે કે, માંદાની સાચી દવા પણ શબ્દ છે.

ઉચ્ચાર એટલે કેવળ જીભ અને મોં વડે જેમ તેમ બોલી નાખેલા અક્ષરો નહિ, પરંતુ અંતઃકરણની પવિત્રતા–પૂર્વક તે શબ્દો જેના શુભનામનું સૂચન કરતા હોય તેને સમર્પિત થવાપૂર્વકનો શબ્દોચ્ચાર.

દા. ત. नमो अरिहंताणं ।

સાત અક્ષરોનું બનેલું આ પદ ત્રિભુવનની સઘળી રિદ્ધિ–સિદ્ધિને આપણા ચરણોમાં પાથરી દેવાની અનન્ય ક્ષમતા ધરાવે છે, પરંતુ તેને વાંચવા અને વિચારવાથી આપણને જે બોધ થાય છે, તેનો જો આપણે બરાબર અમલ કરી શકીએ તો.

અજ્ઞાનજન્ય જડતા તરફના ઝોકને કારણે શબ્દતરંગોની ધારી અસર માનવીના જીવન ઉપર થતી નથી, કારણ કે મુખથી શબ્દ બોલતી વખતે પણ માનવીનું મન મોટે ભાગે બીજે ફરતું હોય છે. એટલે મન વાટે તે શબ્દનો સમગ્રભાવ જોઇએ તેવા પ્રમાણમાં રોમ–રોમે સંચરી શકતો નથી.

★

જેવું સુગંધ વગરનું ફુલ,
તેવું નવકાર વગરનું જીવન.

(૯)

# વિશ્વમય જીવનનો દાતા.

વિશ્વમયજીવનના સમુજ્જવળ ભાવથી સહેજ પણ ન્યૂન એવા કોઇ પણ ભાવને માનવીએ પોતાનું મન ન સોંપવું જોઇએ. મતલબ કે મનને વિશ્વમયજીવનના પરમભાવવડે જ પોષવું જોઇએ, કે જેથી આખા શરીરમાં વિશ્વમયતાનો મૃદુ પવન સંચરવા માંડે. વિશ્વમયજીવનથી અણુમાત્ર પણ ઓછા કે અધુરા ભાવવડે મનની ભૂખ ભાગવાની વૃત્તિ, સિંહને ઘાસ નીરવા જેવી હીન કક્ષાની ગણાય.

માનવીમાં સૂતેલા વિરાટને જગાડવા માટે તેની પ્રત્યેક વૃત્તિ અને પ્રવૃત્તિ વિરાટ વિશ્વના હિતની નિર્મળ ભાવના-પૂર્વકની જ હોવી જોઇએ. હાથી જેમ શેર લોટ વડે ન ધરાય, તેમ માનવીમાંનો વિરાટ કદી જડના મિશ્રણવાળી નાની વાતોથી સજાગ બનતો નથી. એનો પ્રત્યેક અંશ પરમતત્ત્વનું પ્રગટીકરણ વાંચ્છતો હોય છે. બ્રહ્માંડનાં સઘળાં

રહસ્યોને ખોલનારા દિવ્ય કિરણોનો પુંજ, માનવીના દુર્લક્ષ્યને કારણે જ સાવ અણપીછ્યો પડી રહ્યો છે.

આત્મ-રવિના તેજ-કિરણોના અજવાળે સંસારનો સઘળો પાપ અંધકાર ખાળવા માટે કટિબદ્ધ થવાને બદલે, તે પાપમાં વધારો કરવાની અસત્પ્રવૃત્તિમાં સામેલ થવા જેટલો નીચો આજનો માનવી શાથી ગયો ? એને કોણે એવો ભયાનક ધક્કો માર્યો ?

માનવી, એની મૌલિક મહાનતા ગૂમાવતો જાય છે તે હકીકત છે. જડ ઉપરનો તેનો પ્રભાવ ઓસરતો જાય છે, તેમાં કોઇને ય બેમત નથી. તેની ઇન્દ્રિયો તેના કાબુ તળે નથી, એમ રોજ બનતા ગુન્હાઓની નોંધ ઉપરથી પુરવાર થાય છે. આજે તેને ગમતા વિષયો ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે કે મનનો તેનો રાજહંસ કાગડાની ચાલ ચાલી રહ્યો છે. અધમતાઘેર્યા વાતાવરણ વચ્ચે વસવાની તેની વૃત્તિ આપોઆપ કહી જાય છે તેના જીવનવ્યાપી અધમ સંદેશને ! આમ છતાં તેના અંતરાળે હજી પણ ઘણાં પવિત્ર તત્ત્વો છૂપાયેલાં પડ્યાં છે. હજી સુધી તેને પ્રવર્તમાન સંયોગોની ઝેરી હવા નથી સ્પર્શી, એટલે નિરાશ થવાનું કોઇ કારણ રહેતું નથી. ચિંતા ફક્ત એટલી રહે છે કે તે ક્યારે પોતાના અંતરમાં આસન માંડીને બેસી શકશે ?

શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં કેવળ જડ સુખાનુભવની વૃત્તિ, માણસને વાસ્તવિક રીતે ન હોય-ન હોવી જોઇએ. તેનો ધર્મ ઇન્દ્રિયોના તે તે વિષયોને

આત્મભાવનામાં પ્રેરક બનાવવાનો અને સહાયક બળ તરીકે ઉપયોગમાં લેવાનો જ હોય.

મનના માળવાના ભોજ સરખો માનવી, શું પોતાના જ પ્રદેશમાં ગૂમ થઈ જાય ? આત્મશાસનના સઘળા હક્કો જેને મળેલા છે તે માનવી ઉપર શું અન્ય જડબળો શાસન ચલાવી શકે ?

પરંતુ માનવી સૂતો છે પોતાનામાં અને જાગતો છે પરાયામાં, તેનું આ પરિણામ છે. પોતાનું જે અખૂટધન છે તેને નહિ જાણતો–નહિ ઓળખતો હોવાથી તે બહારની દુનિયાનાં જડદ્રવ્યોને ધન સમજીને આલિંગવા દોડે છે. તેની આ દોટ આજની નથી, પરંતુ યુગયુગ પ્રાચીન છે. તેમાં તફાવત ફક્ત એટલો જ પડયો છે કે ગઈ કાલ સુધી તે દોડતો હતો ખરો, પરંતુ પોતાનું સઘળું બળ તેમાં ન આરોપી દેતો, જ્યારે આજે તે સઘળી તાકાત આપીને દોડી રહ્યો છે.

માનવજીવનની આ ગંભીર વિષમતા ટાળવાના ધરખમ પ્રયત્નો આજે ય ચાલુ છે. તેમ છતાં તેમાં ખાસ નોંધપાત્ર ફેરફાર કળાતો નથી, એટલે એમ લાગે છે કે પ્રયત્નમાં જે પ્રાણતત્ત્વોનું અધિષ્ઠાપન થવું જોઇએ તે બરાબર રીતે થતું નથી. જૂના અને શરીરમાં ઘર કરી ગએલા લગભગ અસાધ્ય કળાતા વ્યાધિને દૂર કરવા માટે જેમ તેની સામે ઇલાજ પણ એવા જ આકરા અજમાવવા પડે, તેમ પડછાયામાં પોતાના જીવનના સુખને પકડવાના અવળા ક્રમમાં ઓતપ્રોત બનેલા માનવને, પુનઃ પોતાના મૌલિક સ્વરૂપમાં આણવા

માટેના પ્રયત્નોમાં પણ અખૂટ આત્મતેજ ભેળવવું જોઇએ. તે તેજ ભેળવવાનું કાર્ય અતિશય કઠીન છે, તો પણ જેનામાં આત્મપ્રકાશને પ્રગટ કરવાનું અગાધ સામર્થ્ય છે તે નવ-કારનો સમય જીવનવ્યાપી અમગ્ર કરવામાં આવે, તો જે નાનમ વર્તાઇ રહી છે માનવના મન્તવ્ય અંગે સંસારમાં, તે આસ્તે આસ્તે સર્વથા દૂર થઇ જાય. નવકાર એ કોઇ પણ યુગના પ્રવર્તમાન બળો સામે માનવીને પુરતું રક્ષણ આપી શકે એવો પરમ પ્રભાવવંતો મહામન્ત્ર છે. તેમ જ નાના-મોટા સહુને તે બધી રીતે માફક આવે તેવો છે. તે પરમમન્ત્ર પૃથ્વીથી ય વિશેષ દૃઢ છે, પાણીથી ય વધુ પવિત્ર છે, હવાથી ય વધુ હલકો છે, તેજ કરતાં પણ વિશેષ પ્રકાશવંત છે અને આકાશથી પણ અનેકગુણો વધુ વ્યાપક છે. જો તે મન્ત્રનું આજના માનવીના જીવનમાં આગવું વર્ચસ્વ સ્થાપી શકાય, તો આ દુનિયાના સઘળા પાપ-જખમો ઝડપથી રૂઝાઇ જાય. માનવીમાં દિવ્યતા જન્મે. અંગત સુખની ઝંખનામાંથી જન્મતા રાગદ્વેષજન્ય પ્રત્યા-ઘાતોને બદલે સહુના શ્રેયનું પવિત્ર વાતાવરણ હવા પકડે. વિપરીત સંયોગોના દબાણ તળે કચરાતો માનવ પવિત્ર અને પરમજીવનનો તાલ ઝીલે.

કૂવો ઘણો ય મોટો અને ઊંડો હોય, પરંતુ જો તેમાં પૂરતું પાણી ન હોય તો તે જેમ ભાગ્યે જ ઉપયોગમાં આવે છે, તેમ માનવ આજનો તેના બહારના પથારા અને ઠાઠમાઠથી ભલે મોટો-પહોળો દેખાતો હોય, પરંતુ મન તેનું ખૂબ જ નાનું બની ગયું હોવાથી તે બહુ જ ઓછા

જીવોના ઉપયોગનો રહ્યો છે. મનનો તેનો વિસ્તાર અતિશય ટૂંકો અને મર્યાદિત બની જવાને કારણે, તેના જીવનની વ્યાપક પ્રતિભા દિન-પ્રતિદિન ઓસરતી જાય છે. તેના વિચારોમાં ભારોભાર નિસ્તેજતા ભળતી જાય છે. તેના મન ઉપર કબજો જમાવીને બેઠેલા ક્ષુદ્ર વિચાર-પશુઓને તે જ્યાં સુધી દૂર-બહાર નહિ ધકેલી શકે ત્યાં સુધી તેના જીવનને કોરી રહેલી પાપની ઉધેઇનો વાસ નહિ જ બદલાય.

ટાઢથી બચવા માટે જેમ આપણે તાપનો આશ્રય લઇએ છીએ, વરસાદથી બચવા માટે છત્રી અથવા છાપરાનો આશ્રય લઇએ છીએ, તેમ ક્ષુદ્ર વિચારો અને વાતાવરણ વચ્ચે ક્ષુદ્ર બનતા જતા મનને હવે વધુ ક્ષુદ્ર અને નિસ્તેજ બનતું અટકાવવા માટે અખૂટ તેજપુંજ'શા નવકારનો આશ્રય આપવો જોઇએ. નવકારનું આલંબન મળતાં જ મનમાંની ક્ષુદ્રતા, અલ્પતા અને નિસ્તેજતા આપોઆપ સૂર્ય-કિરણના સ્પર્શે ઓસરતા અંધકારની જેમ ઓસરી જશે અને તેની જગ્યાએ પ્રાણીમાત્રના કલ્યાણનું સુમધુર ભાવ-સંગીત ગૂંજતું થશે. વિશ્વભરમાં પથરાઇને રહેલાં અનેકવિધ કલ્યાણકર તત્ત્વો આપોઆપ ખેંચાઇને મનની દિવ્ય સમૃદ્ધિમાં વધારો કરશે. તે પછીથી મન આપણું આત્માના સર્વકલ્યાણકર સંદેશને ઝીલવાને બધી રીતે યોગ્ય બનશે. પછી તેને બહારની નાની વાતો નહિ સતાવી શકે. અંદરની દુનિયામાં આસન માંડીને બેઠેલા ચેતનની દોસ્તી પછી કોઇ નબળો વિચાર-મિત્ર તેના ઘર-આંગણે આંટો મારતાં ય ધ્રુજશે.

વિશ્વમયજીવનનું પરમપવિત્ર સંગીત સાંભળવાને ઉત્સૂક

જગતના જીવોની જીવનદૃષ્ટિને ઠુકરાવવાથી માનવીના સંસારમાં કદી આનંદની દિવાળી નહિ પ્રગટે. સહુનું શ્રેય અને શ્રેયના જ તે માર્ગે સમયના કણે કણનો સદુપયોગ, માનવીના મંગલમય મનોરથને વાચા આપશે.

પામરતાની પછેડી ઓઢીને શ્વાસોચ્છ્‌વાસની ધમણ ચલાવવા માટે નહિ, પરંતુ વિશ્વનું તેજ-મલીર ઓઢીને સર્વ-કલ્યાણનું પરમ સંગીત પ્રસારવા માટે, જન્મે છે માનવી સંસારમાં.

માનવીનો સંસાર, સ્વર્ગના વૈભવને ઝાંખો પાડે તેવો હોવો જોઇએ. જ્યારે આજે તો નરકની યાદને ખૂબ નજીક લાવનારાં દૃશ્યો સર્જાઇ રહ્યાં છે. તેનું કારણ છે માનવ મનની ક્ષુદ્રતા અને અસ્વાધીનતા, જીવનની શક્તિના પ્રવાહનું અધોગામી વહેણ.

મન, મંગલનું અજોડ માધ્યમ બને, જીવન ચૈતન્યનો અજોડ તેજપ્રવાહ બને અને સંસાર ધર્મની હવાનું કેન્દ્ર બને, તે ઉત્કૃષ્ટ મંગલ-હેતુ સિદ્ધ કરવા ખાતર મન નવકારમાં ડૂબી જાય, એવો અનન્ય ભાવ નવકારને આપણે આપવો જોઇએ. મનની તસુએ તસુ જમીનમાં નવકારના પ્રકાશવંતા અક્ષરોનું વાવેતર, આપણને જે તેજફાલ આપે છે તેની તુલનામાં આજનાં સઘળાં ઉપલક સુખોને સર્જાવનારાં વાવેતરો તૃણવત્ ગણાય.

નવકાર વિશ્વમય જીવનનું પરમ સત્ત્વ છે,

✶

(૧૦)

# અક્ષરની ઉપાસના

'ભાવ તેવો ભવ, વન તેવો દવ.'

ભાવના સત્ત્વ વડે થાય જીવનનું જ્યોતિકરણ:

વર્તાતો સઘળો અભાવ, છે ભાવના અ–ભાવ કેરો ભાવ.

તણખલા ઉપર આગ ધસી જાય, કીડી ઉપર સિંહ તલપે, એવી છે આજની સ્થિતિ.

અક્ષર તત્ત્વ વડે ક્ષરની ભક્તિ કરવી, નાશવંત પદાર્થોની જ પૂજા કરવી, એ શું સૂચવે છે ?

સમયનો કણે કણ ક્ષરદ્રવ્યોને મેળવવા પાછળ ખર્ચવો અને પછી ક્ષરદ્રવ્યોની સાથોસાથ પ્રવેશતા ક્ષાર અંગે ફરીઆદ કરવી, તેનો શો અર્થ ?

આત્મા અક્ષર છે, અવ્યય છે, અનાદિ છે. તેને મળેલું શરીર એ તો માત્ર ઢાંકણ છે. દુનિયામાં તો આ

ઢાંકણુના જ પૂજારીઓ વધુ જોવા મળે છે. અંદરના અક્ષરની તો કોઇકને જ ગતાગમ હોય તેવું જણાય છે.

અક્ષરની ઉપાસના સિવાય જીવનના ચિરંતન તત્ત્વોની શુદ્ધિ નહિ થાય, ભાવનાનો ભાનુ નહિ ઝળહળી શકે, કણે કણમાં ગૂંજતા ચૈતન્યના સંગીત–સૂરો નહિ ઝીલી શકાય અને અસીમમાં એકાકાર થવા તલસતા સસીમનું રુદન નહિ સંભળાય.

અક્ષરનો યોગ અક્ષર જ કરાવશે. કારણ કે અક્ષર–આત્મામાં જે અનંત પ્રકાશ છે, તેવા જ અદ્ભુત પ્રકાશનું તેજ અક્ષર એવા અક્ષરોના સુસંયોજનવડે દીપતા અક્ષર–મન્ત્ર શ્રીનવકારમાં છે.

નવકારની ઉપાસના માનવીને અવશ્યમેવ અચિંત્ય પ્રભાવશાળી અક્ષરતત્ત્વોનો ઉપભોગી બનાવે.

પરંતુ જે માનવો ક્ષરના ક્ષારમાં અમૃતની મીઠાશ અનુભવવા જેટલા નિષ્પ્રાણ બની ગયા હોય તેમને અક્ષરમાં કઇ રીતે જોડી શકાય? તે અતિ ગહન કોયડો છે.

આઘાત અને પ્રત્યાઘાતના ઝૂલે ઝૂલતો માનવી, તે આઘાત અને પ્રત્યાઘાતની અસરદ્વારા જીવનના સમષ્ટિકરણના પ્રધાન લક્ષ્યમાં કેટલી પ્રગતિ કરી રહ્યો છે, તેનો અંદાજ કાઢે તો તે ઉપરથી અવશ્ય સ્પષ્ટપણે જાણી શકે કે જીવનમાં તેજ–કિરણો અને તિમિર–વર્ષા ક્યાંથી ક્યાંથી પ્રવેશે છે.

અને પછી તેના અંતરમાં વિષ–અમૃતને પારખનારો વિવેક–દીપ સદાને માટે ઝળહળતો થાય.

જીવનને ઉર્ધ્વગતિ બક્ષનારા તત્ત્વોની સાચી ઓળખાણ પછી માનવી બનતાં સુધી ઓખા કૂવા જેવા આત્મભાવ-વિહોણા જીવન પ્રત્યે ન જ આકર્ષાય. પરંતુ તેના જીવનના પ્રત્યેક અંશમાં, શ્વાસ અને ઉચ્છ્વાસના પ્રત્યેક ધબકારામાં, તે પોતાના અંતરના વિરાટ ભવનમાં પોતાની જાતે કોને સપ્રેમ આમંત્રી રહ્યો છે, તેનું તેવું પૂરતું ભાન અને જ્ઞાન નવકાર સિવાય નહિ થાય અને નહિ જ ટકી શકે.

નવકાર, જીવનના અભિનવકરણનો અનન્ય અક્ષરમન્ત્ર છે. તેની ઉપાસનાદ્વારા જાગૃત એવો કોઈ પણ આત્મા ચરાચર વિશ્વમાંનાં સર્વોત્તમ સુંદર તત્ત્વોને પોતાના અંતરભવનમાં આમંત્રી શકે છે, ક્ષરના ભાવના સઘળા ભારથી હળવો થઈ શકે છે, જીવમાત્રને આત્માના અમૃતનો આનંદ ચખાડી શકે છે, ક્ષરની અનેક જન્મોની આંધળી ઉપાસનામાંથી જન્મેલા મમત્વના મારક સંગીતની જલદ અસરથી મુક્ત થઈ શકે છે અને અંતરમાં ઠેર-ઠેર દર કરીને સંતાઈ રહેલા કષાયરૂપી કીડા-મંકોડાને નિરાહાર બનાવી શકે છે.

આવું અચિંત્ય છે બળ જેનામાં, તે અક્ષરમન્ત્ર-વિશ્વમય જીવનનો અણમોલ દાતા છે. તેના પ્રત્યેક અક્ષરની ભક્તિ, માનવીના જીવનના ભાવમાં અદ્દ્ભુત ક્રાન્તિ આણે છે. તે ક્રાન્તિનો જોશ, માનવીને જડના બંધનમાં ઘડીવાર જંપીને બેસવા દેતો નથી. નિત્ય નવું સર્જવાની ભૂખ, ચેતનાવંત તેના મનમાં હીલચાલ પેદા કરે છે. તે હિલચાલદ્વારા જે નવસર્જન થાય છે તેનું મૂલ્ય, જગતના કિંમતીમાં કિંમતી કોહીનૂર કરતાં ય ઘણું વધારે ગણાય. કારણ કે કોહીનૂરનો

પ્રભાવ અમુક ચોક્કસ પ્રદેશ અને વ્યક્તિઓ પૂરતો જ સીમિત રહે છે, તેમાં ય પણ સૂક્ષ્મચૈતન્યના અંશોના ઉર્ધ્વીકરણની દિશામાં તો તેનો હિસ્સો લગભગ નહિવત્ ગણાય. જ્યારે નવકારમાંથી જન્મતી આધ્યાત્મિક શક્તિનો લાભ તો જગત્ત્રયના નાના મોટા સઘળા જીવોને ઓછા-વધુ અંશે મળે જ છે. તેની અસરની સૂક્ષ્મતાની સામે જગતની કોઇ સ્થૂલશક્તિ માથું ઊંચકી શકતી નથી.

અક્ષરની ઉપાસનાનું નિર્મળ વાતાવરણ જન્માવવા માટે, માનવીએ પોતાના રોજીંદા જીવનને ચોક્કસ પ્રકારના માનસિક, વાચિક અને કાયિક સંયમની તાલીમ આપવી જોઇએ. જેમ બને તેમ શક્તિનો થતો અર્થહીન દુરુપયોગ ટાળવો જોઇએ. ઉત્તમ પ્રકારનો હળવો અને સાત્ત્વિક આહાર, તેવું જ ઉચ્ચ કોટીનું વાંચન અને દર્શન, તેમ જ આધ્યાત્મિક જીવનને સર્વથા વરેલા પરમત્યાગી પુરુષોની છાયા સ્વીકારવાનો આગ્રહ કેળવવો જોઇએ. આદર્શને અનુરૂપ માળખું પૂરેપૂરું તૈયાર થાય છે તે પછી જ તેમાં તથાપ્રકારની શક્તિઓનું અવતરણ થાય છે, બોલી નાખવા માત્રથી મહાન્ કાર્યોનાં મૂળ ઊંડાં ઊતરી ન જ શકે.

ઉપાસ્યને પરિપૂર્ણ ભાવ આપ્યા સિવાય, જીવનની ભારોભાર તોળ્યા સિવાય, ઉપાસકની ઉપાસનામાં જોઇએ તેવું બળ પેદા થતું નથી. દુર્ભાવરૂપી છિદ્રો કે જેમાં થઇને જીવનનું ઘણું બળ સાવ નકામું બહાર વહી જાય છે, તેને જો ટાળવામાં-પૂરવામાં ન આવે તો આપણી સતત જાગૃતિ છતાં જોઇએ તેવી શક્તિઓનો સુયોગ ન સાંપડે.

આ દુનિયામાં સર્વત્ર સુખ અને દુઃખના વાયરા વાતા હોય છે, તે વાયરાના લાભાલાભ પણ લગભગ માણસો જાણતા હોય છે અને તેથી દરેકની ઈચ્છામાં સુખ જ વસતું હોય છે. પરંતુ તે સુખનું જે પ્રધાન પ્રેરક બળ છે તે જ્યાં સુધી વ્યક્તિના જીવનમાં ન પ્રગટે, ત્યાં સુધી સુખ કદી તેને આંગણે પગલું ન મૂકી શકે. સુખની સતત ઝંખના છતાં માનવી પોતાની ઇચ્છા પ્રમાણે સમયસર તેને મેળવી નથી શકતો, તેનું મૂળ કારણ તેના અંતરમાં રહેલી અસુખની અપાર કાલિમા છે. તે કાલિમા અક્ષરની ઉપાસનામાંથી જન્મતા દિવ્યતેજ વડે જ દૂર થશે અને માનવીના જીવનમાં કેવળ અંગત સુખની જ નહિ, સહુને સુખી કરીને સુખી થવાની ભાસ્કરી ભાવનાનો ઉદય થશે. સુખની દેહ-ભાવજન્ય મમતાનો પ્રેર્યો માનવી જ્યારે અનેકના હિતના ભોગે પણ પોતાની સુખી થવાની લાલસાની પક્કડમાંથી છૂટતો નથી, ત્યારે તેના વર્તનમાં જે અધમતા, અનાર્ય-જુષ્ટતા પ્રવેશે છે તે તેના જ જીવનને સુખ, શાંતિ અને આબાદીના ઉષસ્કાળથી વંચિત રાખે છે. એટલું જ નહિ, અનેકવિધ ઉપલક પ્રયત્નો કરવા છતાં દુઃખથી તે છૂટી શકતો નથી. દુઃખથી છૂટવા માટે તો સુખની સાત્વિક હવા જન્માવવી પડે. તે હવા મોહઘેર્યા મનના ઓરડામાંથી કદી ન જન્મે. તેને જન્માવવા માટે તો મન આખાયમાં નવકારનું દિવ્યતેજ ફેલાવવું જોઇએ. તે તેજની અસરથી જ મોહના ધૂમ્રગોટ વેરાઈ જાય અને સ્વચ્છ જીવન ખુલ્લું થાય. તેવું જીવન ખુલ્લું થાય એટલે દુનિયાના અનેક આત્માઓની

નિર્મળતાને પૂજવાનો તેનામાં ઉલ્લાસ પ્રગટે. સત્ત્વપૂજનનો તે ઉલ્લાસ જીવનમાં અદ્‌ભુત સત્ત્વવૃદ્ધિ કરે અને તે સત્ત્વથી આકર્ષાઈને પ્રવેશતા સઘળા સુંદર ભાવો વડે પુષ્ટ થતા જીવનમાં ક્યાંય અસુખની કાળી રેખા પણ રહેવા ન પામે. પરંતુ જો અક્ષરની ઉપાસનામાં જ કંટાળો, થાક, વિષાદ, કે નિરાશાનું બળ જોરમાં આવીને માનવીને પાછો પાડી દેતું હોય, તો સમજવું કે તે માનવીના અંતરના ભાવોની પૂરેપૂરી શુદ્ધિ નથી થઈ. થોડીક પણ અશુદ્ધિ હોય ત્યાં સુધી બહારનાં અશુદ્ધબળોનું જોર જીવન ઉપર ચાલી શકે છે.

'ઉપાસક બનું અ-ક્ષરનો, ક્ષરથી મારે શો સંબંધ? અણુ અણુ મારો આત્મા ચૈતન્યસ્પર્શનો જ અભિલાષી છે. ક્યાં ક્ષરનો કાટ અને ક્યાં ચૈતન્યનો ચળકાટ? એ બે વચ્ચે આસમાન જમીન જેટલું અંતર છે.'

સત્ત્વને ઉછાળતા શુભભાવના સતત શેક સિવાય અક્ષરની ઉપાસનામાં જોઈએ તેવી ગરમી આવતી નથી. તેવી ગરમી ન આવે ત્યાં સુધી સ્થૂલશરીર, સૂક્ષ્મશરીર અને કારણશરીરમાં ભળેલા જડતાના આછા પાતળા કણો છૂટા પડે નહિ. આંખમાં પડેલું એક નાનું સરખું તણખલું આપણને જેવી રીતે ખૂંચે છે તેવી રીતે જડતાના તે કણો જ્યારે ઉપાસકને ખૂંચવા માંડે ત્યારે સમજવું કે તેનામાં ચૈતન્યનું બળ પ્રગટ્યું છે. આંખમાંનું તણખલું સાચવી-સંભાળીને હળવા હાથે ખેંચી લઈને જેમ આપણે જંપીએ છીએ તેમ ઉપાસક પોતે પણ પોતાની સાચી ઉપાસનાના પવિત્ર કાર્યમાં આડખીલી ઊભી કરતા જડતાના તે કણોને નવકારની તેજશક્તિ વડે હળવેથી દૂર કરીને જ જંપે.

અક્ષરની ઉપાસના માટે છે જન્મ માનવનો.

અક્ષરનો ઉપાસક કદી ક્ષર–ઘેલો બને ખરો કે ? ક્ષર સાટે અક્ષરને વેચવા નીકળે ખરો કે ?

સોના સાટે, લોઢાનો ટૂકડો ખરીદનારા મૂર્ખો જેવો, અક્ષરતત્ત્વવડે ક્ષરસુખનાં વિનશ્વર સાધનો ખરીદનારો ગણાય.

★

**'શ્રીનવકાર મહામંત્રના પ્રભાવે જળ, અગ્નિ અને પવન વગેરેનાં ભયાનક તોફાનો પણ પળવારમાં થંભી જાય છે' એવા પરમજ્ઞાની શ્રીભગવંતોના વચનથી નક્કી કરી શકાય કે તે પૃથ્વી આદિ સઘળાં તત્ત્વો પણ શ્રીનવકારનું આધિપત્ય સહર્ષ સ્વીકારે છે. ભૂતકાળમાં થએલા, ભવિષ્યમાં થનારા અને વર્તમાનમાં વિચરતા શ્રીપંચ પરમેષ્ઠિ ભગવંતોના પ્રત્યક્ષ યા પરોક્ષ ઉપકારથી સર્વથા વંચિત હોય તેવો કોઇ જીવ ત્રણે ય લોકમાં ભાગ્યે જ શોધ્યો જડશે. એથી જ્યારે તે તે યોનિના જીવોને તેઓશ્રીના મહામંગળકારી નામની યાદ, શ્રીનમસ્કાર મહામંત્રના જાપદ્વારા દેવડાવવામાં આવે છે ત્યારે તેઓ કૃતજ્ઞભાવે લળીને શાન્ત અને પ્રસન્ન બની જાય છે.**

(૧૧)

# અભયમંત્ર નવકાર.

અભયમંત્ર નવકારના સાધકને ન હોય ભય મરણનો, ન માંદગીનો, ન શત્રુનો, કે ન હોય સંકટનો. આગ, વિષ, વિષધર, દુષ્ટગ્રહ, ચોર, પિશાચ, ડાકિની, શાકિની, ભૂત ને વેતાલ ન ભીડી શકે હામ તેના આંગણે પગ મૂકવાની.

ત્રણે ય લોકમાં સારભૂત એવું કશું બાકી નથી, કે જે નવકારમાં ન હોય. દૂધમાં જેમ માખણ રહેલું છે, શરીરમાં જેમ આત્મા રહેલો છે તેમ ચરાચર સૃષ્ટિમાં નવકાર રહેલો છે.

પ્રકૃતિ સ્વયં નવકારના સાધકને સાનુકૂળ બની જાય છે, તે જ એમ સ્પષ્ટ સૂચવે છે કે પૃથ્વી, પાણી આદિ પાંચે ય તત્ત્વો નવકારનાં આજ્ઞાવર્તી છે. નહિતર એ મહા-મંત્રના પરમઆરાધક એવા શ્રીઅરિહંતભગવંતોની સેવામાં પ્રકૃતિ પોતાનાં સઘળાં સુંદર તત્ત્વો સાથે આઠે ય પ્રહર હાજર ન જ રહે.

પરમમંત્ર શ્રીનવકારના આંતરપ્રકાશમાંથી જન્મતી વિદ્યુલ્લહરીમાં સકલ સૃષ્ટિનું સંચાલન કરવાનું અપ્રતીમ સામર્થ્ય રહેલું છે અને તેથી જ નવકારના સાધકનું બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી અને ઇન્દ્ર પણ બહુમાન કરે છે.

જો વિશ્વમાં નવકાર ન હોત તો સારભૂત એવું કશું ન હોત, કારણ કે નવકારના આંતરસ્પર્શવડે પ્રગટતા ઉષ્મા–પ્રભાપૂર્ણ સૂક્ષ્મભાવોના સતત સંચારના પ્રભાવે જ સર્વત્ર શુભના ઉદયને સાનુકૂળ બળ નિર્માણ થતું હોય છે. તે બળના એક રતિના હજારમા જેટલા ભાગમાં પણ સાગરને શોષી લેવાની, પર્વતને મસળી નાખવાની, તેમ જ પવનની ગતિને થંભાવી દેવાની તાકાત રહેલી છે.

જળમાં જેમ શિતળતાનો ગુણ રહેલો છે, તેમ નવ–કારમાં સર્વ અમંગલોને દૂર કરનારા ઉત્કૃષ્ટ મંગલને નિર્માણ કરવાનો ગુણ રહેલો છે. આપણે જેમ દરિયાને રત્નાકર કહીએ છીએ તેમ નવકારને સર્વમંગલોનો મહાસાગર કહી શકીએ. કારણ કે ત્રણે ય જગતમાં એવું કોઇ મંગલ નથી કે જે નવકારની સાધના વડે ન સાધી શકાય.

આવો અચિંત્ય પ્રભાવશાળી અમૃતમંત્ર આ સૃષ્ટિ ઉપર આજે વિદ્યમાન છે તે આપણા ઓછા પુણ્યની વાત ન ગણાય.

જ્ઞાની ભગવંતોએ જેને ચૌદપૂર્વનો સાર કહ્યો છે તે નવકારમંત્રના એક એક અક્ષરમાં સાત સાત સાગર જેટલું તેજ સમાએલું છે. તે તેજસાગરમાં ઝીલવાની જેને

અભિલાષા હોય તેણે 'न' 'अ' 'म' 'ओ' આદિ આકૃતિઓની ભીતરમાં વહેતા નવકારના અખંડ વિમળ સ્રોતની આરાધના કરવી પડશે.

નવકાર એ અક્ષરોનો સમૂહ જ નથી, પરંતુ વિશ્વ-ચૈતન્યનો અધિષ્ઠાતા છે.

ત્રિભુવનમાં અજવાળું પાથરવાની ક્ષમતાવાળા નવકારનો યોગ, જીવને લાગેલાં ભવોભવનાં પાપોને તડોતડ તોડી નાખે છે. આગમાં જેમ લાકડું બળે છે, તેમ નવકારના ધ્યાનમાંથી પ્રગટતી જવાળાઓમાં જન્મોજન્મનાં સંચિત કર્મો બળી જાય છે.

ભૂમંડલે વધતી જાય છે જે પાપની આંધી, દુષ્કર્મોની વર્ષા, તેને પરાસ્ત કરવા માટે નવકાર સિવાયના બધા ઉપાયો લગભગ આટારેણે જશે. આત્માના અમાપ પ્રભાવને ખીલવ-વાની જે અખૂટ શક્તિ નવકારમાં રહેલી છે તે સમગ્ર વિશ્વના બીજા કોઇ મંત્રમાં નથી.

પદાર્થ વિજ્ઞાનનો નિયમ છે કે વસ્તુ જેમ નાની તેમ તેને પકડવા માટેનું સાધન પણ નાનું જોઇએ. પાણીનો ભરેલો કળશ કે જ્ઞાનનો ગ્રન્થ આપણે હાથ વડે બરાબર ઝાલી શકીએ છીએ, પણ જો જમીન ઉપર પડેલી ટાંકણી, સોય, કે ચાંદી-સોનાના ઝીણા તારને આપણો બનાવવો હોય તો તેને આંગળી અને અંગુઠાના અગ્રભાગની-નખની મદદ વડે જ પકડવો પડે, તે સિવાય તે આપણી પાસે ન આવી શકે.

આવો જ નિયમ અધ્યાત્મવિજ્ઞાનનો છે.

સ્થૂલશબ્દ કાન વડે સાંભળીને અંતરમાં સ્થાપી શકાય, પરંતુ તે શબ્દમાંના સૂક્ષ્મભાવને ઝીલવા માટે તો વિશુદ્ધ અને સૂક્ષ્મ એવું જ શરીર (મન) જોઇએ. સ્થૂલશરીર વડે તે કદી ન જ પકડી શકાય.

જ્યારે નવકાર એ તો સૂક્ષ્મતમ ભાવોનો વાહક પરમમંત્ર છે. તેમાં જે કાંઈ છે તે બધું પરમસુંદર છે, પરમવિશુદ્ધ છે, પરમશિતળ છે. તેથી તેને ઝીલવા માટે–આત્મસાત કરવા માટે સાધકે પણ પોતાના આંતર્–શરીરને તથાપ્રકારે ઘડવું જોઇએ. તે સિવાય તેને થાય નહિ દર્શન ભાવનવકારનાં. સ્થૂલની સહાય વડે સ્થૂલ સુધી જરૂર પહોંચી શકાય, પરંતુ સૂક્ષ્મને ગ્રહણ કરવા માટે તો સૂક્ષ્મસાધન જ જોઇએ.

સાધનાની સરાણ પર ચઢ્યા વગરનું શરીર સાધકના અંતસ્થભાવને ઝીલવાની યોગ્યતા હાંસલ નથી કરી શકતું.

જાડા કામ માટેનું યન્ત્ર જરૂર જાડાં તેલ, એટલે કે ક્રૂડ, હાઈસ્પીડ, આદિ વડે ચાલી શકે. પણ નાજુક કામ માટેના વાયુયાનને તો ઉત્તમ પ્રકારનું પેટ્રોલ જ જોઇએ. તેમ જે ભવ્યાત્માઓને મળેલા માનવભવને નવકારની સાધના વડે અજવાળવો છે, તેમણે પોતાની પ્રત્યેક ક્રિયામાં અપૂર્વ સૂક્ષ્મતા (સંયમ) અને સાવધાની રાખવી જોઇએ. જો તેઓ ભૂલે–ચૂકે પણ સ્થૂલની સીમામાં પ્રવેશશે, કે સ્થૂલને પોતાની સીમામાં પ્રવેશવા દેશે, તો સ્થૂલનો પટ તેમના સાધક–

જીવનના પ્રગટતા ઉષઃકાળને આંખો બનાવ્યા સિવાય નહિ રહે. કારણ કે જેની પાસે જે હોય તે જ તેની સંગતિથી મળે.

સૂતાં–જાગતાં, ઊઠતાં–બેસતાં, ખાતાં–પીતાં અને વન–પર્વતો, કે સાગરના પ્રવાસ દરમ્યાન, અનેકવિધ આક્રમક બળો સામે ખડે પગે જીવનું રક્ષણ કરનાર શ્રીનવકારથી વધુ ઉત્કૃષ્ટ પ્રભાવવાળો બીજો કોઈ મંત્ર આ સંસારમાં નથી. માટે વિવેકી અને જાગૃત આત્માઓએ ઘડીના ય વધુ વિલંબ વિના તેની આરાધનામાં જોડાઈ જવું જોઇએ.

મધરાતના ઘોર અંધકાર વડે વીંટળાએલો સામાન્ય માનવી પણ જે શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક કહી શકે છે કે 'બે ઘડી પછી સૂરજદેવ ઉગશે, ને બધે અજવાળું થશે.' એટલી જ આસ્થાપૂર્વક, જ્ઞાની ભગવંતોના વચનમાં પૂરેપૂરી શ્રદ્ધા છે જેમને તેઓ જગતના જીવોને કહી શકે કે, 'નવકારને સમર્પિત નથી થયા ત્યાં સુધી જ તમે દુઃખી છો, નવકારને સમર્પિત થતાં વેંત રવિકિરણના મૃદુલ સ્પર્શે ઓગળતા હિમકણોની જેમ તમારાં સઘળાં દુઃખો ઓગળવા માંડશે.'

અનંતકાળથી ત્રિભુવનને અજવાળી રહેલા પરમમંત્ર શ્રીનવકારને મારા સર્વકાળના સમગ્ર જીવનવડે હું નમું છું.

*

મનમાં અમનભાવ શ્રીનવકારની
નિષ્ઠા સિવાય કદી ન ખીલે.

(૧૨)

# ચૈતન્ય મિલન

નવકાર વહાલા! આવ અને મને ચુમ. અમૃતશીળા તવ સ્પર્શની મધુરી ઝંખનામાં ગૂમાવ્યા છે કંઈક જન્મો મેં.

હું તારા અવનીઉદ્ધાર ખોળે બેસું અને તારો અમૃત-કર ફરતો રહે મુજ શિર પર, એ છે જન્મો જન્મની ઝંખના મારી. તારા નામનાં જાદુ, મારા જીવતરમાં અમી-રસરૂપે ભળી ગયાં છે. હે નાથ ! નવ-કારરૂપે ન જાણે આજ સુધીમાં આપે કેટ કેટલા આત્માઓને શિવપદના ભાગી બનાવ્યા હશે ? હું ય તે લાલચે આવ્યો છું આપના દ્વારે. 'મારૂં બધું' મરી જાય અને આપનું બધું બની જાય મારૂં, એ અંતરની છે લગન મારી. આપના નિર્મળ કાન્તિપુંજ'શા અક્ષર-દેહના દર્શન પછી હૈયું હાથમાં રહેતું નથી, મન દીલમાં માતું નથી. ઇંદ્રિયોનાં નાચ-ગાનમાં જુદી જ સંવાદિતા અનુભવી રહ્યો છું. આ દુનિયાના ઉંબરે બેસીને હું તમારા સિવાયના કોઇને જોઇ શકતો નથી. આવતા-જતા સહુના મુખ પરના ભાવોમાં તમારી જ દિવ્યઆકૃતિના દર્શનની આશાએ આંખો પરોવું છું.

સાંભળ્યું છે મેં, પરમોપકારી સંત પુરુષો પાસેથી કે, 'હું' ચાલ્યો જાય તો તેની જગ્યાએ ઈશ્વર આવીને બેસે. મારા ઈશ્વર તો તમે જ છો. હે નવકારસ્વામી ! આપને માટે એક 'હું' થી તો શું ? પણ સેંકડો 'હું' થી છૂટા છેડા લેવા માટે હું તૈયાર છું. આપ પધારો મારા અંતરના આસન પર, એથી વિશેષ મારે શું જોઈએ ?

માટીના રમકડામાં મોહી પડવું અને તે ફૂટી જાય–તૂટી જાય એટલે લમણે હાથ દઈને રડવા બેસવું, એ તારા પ્રેમીને પોષાય ? એને તો ભાવે તેજકિરણોની માળામાં પરોવાવું. ગમે એને મૂંગી મધરાતના ગંભીર સંગીતમાં ગૂંજતા તવ તેજ–સંદેશને ઝીલવાનું.

જેવી અલબેલી છે મૂરત તારી, એવું જ અનુપમ છે નામ તારૂં. નવકાર, અહા હા ! તારા ઉચ્ચારની સાથે શા અનુપમ તેજ–ધોધ ખળખળ કરતા વહેવા માંડે છે અંતરના ઘાટોમાં ? શી અનુપમ શીતળતા ફોરવા માંડે છે જીવનની વાડીમાં ?

અમૃત અંશોને પ્રગટાવનારા હે પરમ પ્રગટ દેવ ! મને આપના ચરણરજમાં આળોટવાનો પરમ અવસર આપીને જીવતરને સફળ બનાવવાની મારી ભાવનાને સફળ બનાવો !

હું અપ્રગટ છું, અંધકારમાં છું. માતાના ગર્ભમાં અસહ્ય યાતનાઓ ભોગવતા બાળક જેવી મારી દશા છે. તમારાં દર્શન થશે ત્યારે જ હું સુખી થઇશ, મુક્ત થઇશ, વિશ્વમાં વિહરતો થઇશ. 'આપનામાં રહેલી પરમ સંજીવની–

શક્તિ, જીવનને વિશ્વના સીમાડાઓની પાર રહેલા અનંત તેજના સાગર સુધી લઇ જઈ શકે તેમ છે ' એવી અખૂટ-શ્રદ્ધાનો દોર્યો હું જ્યાં જ્યાં જઇને ઊભો રહું છું ત્યાં ત્યાં પહેલી તપાસ એ જ કરૂં છું કે મારા જીવનના ભાવો મને આપની સાથે રાખી રહ્યા છે, કે જ્યાં આપનો નિવાસ અપ્રસિદ્ધ છે એવા સ્થળોમાં ધકેલી રહ્યા છે.

નવકાર નાથ ! ન નમું આપને, તો નમું બીજા કોને ? આપનાથી ચઢીઆતો વન્દ્ય પુરુષ મને સકળ સૃષ્ટિમાં બીજો કોઇ જણાતો નથી. કારણ કે સઘળાં સૂક્ષ્મ અને શુદ્ધ તત્ત્વોની માળા કંઠે ધારણ કરેલા આપને નિહાળું છું, ત્યારે આત્મામાં એટલી મધુરી શાંતિનો વાયુ પ્રસરે છે કે જાણે સ્વર્ગનાં સઘળાં સુખો તેની આગળ તૃણવત્ ગણાય.

આપને ક્યાં મળુ ? ક્યારે મળું ? તે ય સમજાતું નથી.

આપનાથી અપ્રગટ એવું કશું નથી રાખવું મારે. નથી છૂપાવવો એકે ય દોષ આપનાથી મારે. દર્દ ફીટે દિલના એકરારથી, ત્યાં વળી તેને છૂપાવવાની વાત કેવી ?

અણુ-અણુમાં સંતાકૂકડી રમતા હે વહાલા નવકાર ! મારી સકળ આંતર વ્યથાનો સઘળો ઉપાય આપને હાથ છે. મારા માતા, પિતા, મિત્ર, બન્ધુ, સ્વજન, સ્નેહી, જે કાંઇ ગણું તે આ દુનિયામાં મારે આપ જ છો.

આપની છત્રછાયાનું મળી જાય અનન્ય શરણું, તો હું ય આપના નામનું અતિસુંદર અને મંગળભાવસભર સંગીત સઘળા જીવોને સંભળાવતો રહી, જીવનનો ભાર હળવો કરવાની સહુની મથામણમાં સહાયક સ્નેહી બની શકું.

પરમજીવનના દાતા હે નમસ્કાર! મારા આત્માની સઘળી જમીન-જાગીરનો કબજો હું આપને સોંપું છું, એનો ઉપયોગ કરવો, ન કરવો તે આપને હાથ છે. હું તો એક ખૂણે બેસીને જોયા કરીશ આપના અનંત પ્રભાવપૂર્ણ જીવનના તેજની અલૌકિક ઝલક. મારે બીજું જોઇએ પણ શું?

ચૈતન્યને ચૈતન્ય મળે, એનાથી વધુ શ્રેષ્ઠ મંગલ અવસર કયો હોઈ શકે ત્રણ લોકમાં?

★

**ચૈતન્યના ઉર્ધ્વીકરણનું સબળ માધ્યમ શ્રીનવકાર છે. પ્રસન્નચિત્તે પૂર્ણઉલ્લાસથી જપેલા તેના અડસઠ અક્ષરોથી શરીરની અંદર અને બહાર જે પ્રબળ અસર થાય છે, તેનાથી ગમે તેવો થાક તરત જ શમી જાય છે. નવકારમાંના સૂક્ષ્મચૈતન્યની અસર-થી શરીરમાંના જડભાવો વેર-વિખેર થવા માંડે છે. મન વાટે સમગ્ર શરીરમાં ફરતી શ્રીનવકારની તેજ-લહરીથી મનનું અને શરીરનું બળ ખૂબ જ વધી જાય છે. વિવેકથી લીધેલાં વસાણાં અને માત્રાઓથી જઠરાગ્નિ સતેજ બને તેમ શ્રીનવકારના વિધિપૂર્વકના સેવનથી ઇન્દ્રિઓની અને મનની આત્મ-મિલનની ભૂખ ખૂબ જ સતેજ બની જાય છે.**

(૧૩)

# નવકારનું તેજદાન

ધરતીમાં વાવેલો અનાજનો દાણો, ધરતીના રસકસ ચૂસીને યથાસમયે મનોહર છોડરૂપે બહાર નીકળે છે, તેમ સાધકના અંતરમાં વવાએલો નમસ્કારમહામંત્રનો અક્ષર આત્માનાં અમી પીને યથાસમયે તેજના ફૂવારારૂપે બહાર નીકળે છે.

આસપાસ ઊગેલું નકામું ઘાસ જો ધરતીનાં રસકસ ચૂસી લે, તો અંદરનો દાણો કાચો રહી જાય તે ગણત્રીએ ખંતીલો ખેડૂત જેમ તે ઘાસને ઉખેડીને ખેતરની બહાર ફેંકી દે છે, તેમ સાધકે પણ પોતાના મનની ભોમકામાં ઊભેલા નકામા વિચારોના ઘાસને ઉખેડીને બહાર ફેંકી દેવું જોઇએ, કે જેથી તેના અંતરની ભોમકામાં પાકતો નવકારનો મોતી–દાણો જરા પણ કાચો રહેવા ન પામે.

આજે આપણે સમયસર નવકારનો તેજફાલ નથી લણી શકતા, તેનું મૂળકારણ આપણા અંતરની ભોમકામાં ઠેર

ઠેર ઊગી નીકળેલા દુર્વિચારોના છોડ છે. તે છોડ નવકારના મોતી–દાણાને મળતા પોષણમાંની ઘણી શકિતનું શોષણ કરી જાય છે. જ્યારે આપણે સહુ તો એમ માનીએ છીએ કે નવકાર આજના દુઃષમકાળમાં બીજાં અનેક તત્ત્વોની માફક દુઃસાધ્ય બનતો જાય છે.

અંતરની ભોમકામાં વવાએલા નવકારના મોતી–દાણા ઉપર જો સુંદર ભાવનાનો પવન, સત્પ્રવૃત્તિનાં જળ અને સન્નિષ્ઠાનો કર ફરતો રહે, તો તે કાલાંતરે પણ નિષ્ફળ ન જાય, અવશ્ય પાકે, પાકે ને પાકે જ.

પરંતુ આજે બહારની સામગ્રીવડે સમૃદ્ધ બનવાની ઘેલછામાં માનવીને પોતાની અંતર ભોમકામાં ઝળહળતી સમૃદ્ધિ પ્રત્યે લક્ષ્ય આપવાની ફુરસદ જ છે ક્યાં ?

આત્માના પ્રકાશ વડે ઝળહળતાં અંતરનાં અજવાળાં જગતના અંધકારને ધોઇ શકે, કે બહારના પેટાવેલા દીવાઓ ?

જેની સ્થિરતા અને સંગીનતાનું કોઇ ઠેકાણું નથી, એવી બાહ્ય સામગ્રી પ્રત્યેનું માનવીનું આકર્ષણ જીવનના ભારોભાર અવરોધરૂપ ગણાય. જીવનનું વહેણ જે દિશામાં ઢળવું જોઇએ તે દિશામાં આજે મોતના વાયરા વાતા વર્તાય છે અને મધરાતની ભેંકારતા વર્તાય છે, તે સ્પષ્ટ સૂચવે છે કે, માનવીના આંતરિક વૈભવમાં ધરખમ ઘટાડો થઇ ગયો છે.

માનવજીવનની આંતરિક સમૃદ્ધિ પ્રગટ કરવા માટે નવકારમાં અનન્ય નિષ્ઠા કેળવવા આપણે જાગૃત થવું જોઇએ.

નવકારનિષ્ઠા એટલે આત્મ-નિષ્ઠા, સર્વકલ્યાણ-નિષ્ઠા, પરમ-મંગલ-નિષ્ઠા.

જીવનના મહાકાવ્યના પ્રત્યેક ખંડને સર્વાંગ સંપૂર્ણતા બક્ષનારૂં નવનીત નવકારમાં સમાએલું છે. જીવનમાં તેનો વેગ વધતાંની સાથે આત્માના કુમળા જ્યોતિઃકણો વિશ્વભરમાં સ્નેહની સુધા વેરતા વિસ્તરવા માંડે છે. જડદ્રવ્યોની જે સુવાસ જીવનને ગુલાબના અત્તર જેવી ખુશબુદાર પ્રતીત થાય છે આજે, તે આત્માનાં તેજ નથી પ્રગટચાં ત્યાં સુધી જ. તેના પ્રગટીકરણ સાથે જ તે ખુશબુ આપણને અતિશય ભારરૂપ બદબો લાગવાની જ છે. કારણ કે ચૈતન્યતત્ત્વની અદ્‌ભુત સુરભિ સાથેનો સંબંધ આપણને થયો નથી, એથી તે કેવી હોય તેની કલ્પના આજે આપણને આવી શકે તેમ નથી. બીજું આ સંસારમાં ચોમેર પથરાએલા પદાર્થોના કાયમી સંબંધને કારણે આપણી ઇંદ્રિયોની સૂક્ષ્મતા ઘણા અંશે ઓસરી જવાને કારણે આત્મતત્ત્વના સૂક્ષ્મપ્રભાવને ઝીલવાની તેમની ક્ષમતામાં ઘણો ઘટાડો થઇ ગયો છે. આજે સહુ લગભગ એમ જ માને છે કે 'આંખો જોવા માટે મળી છે,' પરંતુ તે માન્યતાની સામે કોઈ શાણો પુરુષ એવી દલીલ નથી જ કરી શકતો કે 'આંખો જોવા માટે મળી છે તે તો માન્યું, પરંતુ શું જોવા માટે, તેમ જ કેટલા પ્રદેશવિસ્તાર સુધીમાં જોવા માટે?' એ ખરી રીતે વિચારીએ ત્યારે સમજાય છે કે આંખો વડે માણસ, દશ્યમાત્રને દેખી શકે....ઘર આંગણે બેઠાં. પાંચ પચીસ લાખ યોજન દૂરનાં દશ્યોને પણ તે ચાર હાથ છેટેનાં દશ્યોની માફક જ જોઇ શકે. પરંતુ તેની સઘળી ઈન્દ્રિયોની

ઘણી ખરી શક્તિ, પ્રત્યેક સમયે કશા ચોક્કસ આધ્યાત્મિક હેતુ વિહોણા જીવનને ટકાવવા પાછળ ખર્ચાતી હોવાથી અને તેના બદલામાં તેને કશું વિશેષ ન જ મળતું હોવાથી દિન–પ્રતિદિન તે શક્તિમાં મોટો ઘટાડો થતો જાય છે. જો તે પોતાના જીવનમાં નવકારનાં તેજ ફોરવવા માંડે, નસેનસમાં નવકારનું પવિત્ર સંગીત ફેલાવવા માંડે, તો સૂતેલી તેની ચેતનાના ઘણા અંશો પ્રગટ થાય. પ્રગટ થએલા તે અંશો વડે તેનું જીવન નવો વળાંક લે. તેની ઇન્દ્રિયો મન વાટે નવા સંદેશા ઝીલવા માંડે અને પછી એક સમયની લગભગ નિસ્તેજ બનેલી તેની તે જ ઇન્દ્રિઓ મારફત તે વિશ્વભરનાં સુંદર, સરસ, અદ્‌ભુત અને મંગલમય દશ્યો વડે પોતાના જીવનને સુવાસિત બનાવી શકે, પોતાની ભાવનાઓમાંના મંગલ–તત્ત્વને વિશ્વભરમાં ફેલાવી શકે. વિશ્વમય જીવનને વરેલો માનવી, આજે ખૂબ જ રંકજીવન વડે જગતની રંકદશામાં વધારો કરી રહ્યો છે, તેનું કારણ એ જ છે કે તેને પોતાની આંતરિક સમૃદ્ધિને ખીલવનારો મહામંત્ર હજી સુધી જડ્યો નથી. તે મહામંત્રની શોધની સાચી લગની હજી તેના અંતરમાં જાગી નથી. રોજના દુઃખનો ભાર ઉપાડવાનું દુઃખ હજી તેને શલ્યની જેમ ભોંકાતું નથી. માનવીના ઊંડા અંતરમાં જ્યારે જીવનના સ્વત્વને ચૂસી લેતી જડતા પ્રત્યે ઘેરો વિષાદ જન્મ પામશે, ત્યારે જ તેને જીવનના તે અણમોલ દિવ્યમન્ત્રની ખરી ખપ સમજાશે.

અન્ન, વસ્ત્ર ને આવાસ મળી ગયાં, એથી જાણે કે બધું જ મળી ગયું, એવા રંક ખ્યાલવડે દોરવાઇ જઇને

આજનો માનવી પોતાના જીવનમાંના દિવ્યતત્ત્વોની ખોજની દિશામાં જરા જેટલો પણ પગ સંચાર કરતો નથી. કારણ કે તેના જીવનની સમૃદ્ધિનો સઘળો ખ્યાલ જડતાના ઘેરા વચ્ચે લગભગ લુપ્ત થઈ ગયો હોય છે.

રવિ-કિરણના સ્પર્શે જેમ હિમ-કણો ઓગળે છે, તેમ નવકારજન્ય તેજરશ્મિઓના સતત સ્પર્શે અંતરની દુનિયાને બાઝેલી સઘળી જડતા ઝડપભેર ઓગળવા માંડે છે. મનની અતિ ઊંડી ભોમકામાં છૂપાઇને રહેલી શક્તિઓને નવકાર પોતાના અત્યંત સૂક્ષ્મ પ્રભાવવડે જીવન સમક્ષ હાજર કરે છે. નવકારનો જે અચિંત્ય પ્રભાવ છે, તે બહારના સ્થૂલજીવનને માલામાલ કરી દેવા પૂરતો જ સમજી લેવાનો નથી. પરંતુ અંદરનું જે વિશ્વવ્યાપી જીવન છે તેને ખરેખર વિશ્વમયતા બક્ષનારો છે, એમ સમજવાનું છે.

અવની અને આસ્માનને આંબનારા સ્પુટનીક અને લ્યુનીકને જાણ્યા તથા જોયા પછી પણ વર્તમાન યુગના માનવો, પોતાના આત્માની અનંતશક્તિનો એકરાર કરતાં અચકાય છે તે આ જમાનાનું એક આશ્ચર્ય નહિ તો બીજું શું સમજવું ?

જડ ઉપરના ચૈતન્યના પ્રભુત્વના અનાદિસિદ્ધ સિદ્ધાન્તના સમ્પૂર્ણ સ્વીકાર સિવાય, માનવીની આંતર-ચેતનામાં સળવળાટ પેદા થવો આજે તો ખૂબ મુશ્કેલીભર્યો જણાય છે.

'હું ચૈતન્યનો અવતાર છું', સકળ જીવસૃષ્ટિને સાચું

સુખ બક્ષવા માટે મારો જન્મ છે અને હું એથી જ વિશ્વમય ચૈતન્ય છું.' આ મૌલિક અને વાસ્તવિક ચિંતનધારાના સ્પર્શના અભાવે જ માનવી દિન-પ્રતિદિન પોતાના જીવનને વિનાશના ખારાપાટની દિશામાં વહાવી રહ્યો છે અને માનવ-સંસાર એ સત્ય, સ્નેહ તથા સૌંદર્યનું કેન્દ્રસ્થાન બનવાને બદલે પશુસૃષ્ટિને વધુ માફકસરનું અંધકાર વીંટયું જંગલ બનતું જાય છે.

જ્યાં દિવ્યતાના પુંજ'શા ચૈતન્યના પ્રગટ અંશોને ધારણ કરનારા માનવો રહેતા હોય, તે દુનિયા કેવી હોય, તેનો સાચો ખ્યાલ નવકારના પ્રકાશ સિવાય કોઈને ય આવવાનો નથી. નવકારના તેજદાન સિવાય અંતર-સુવર્ણમાં ભળેલા જડતાના લોહ-કણો કદાપિ અલગ નહિ જ થાય. દાન-શીલ-તપ અને ભાવના ઉત્કૃષ્ટ મનોરથમહોર્યા જીવનના અરમાન નવકારની અચિંત્ય શક્તિ વડે જ પૂરાં થશે સહુનાં.

નવકારના તેજફાલવડે જીવનને પુષ્ટ કરવાથી જ આપણી દુનિયામાંની સઘળી અલ્પતા, રંકતા, પામરતા અને પ્રતાપહીનતા ઓસરશે. નવકારવિહોણા જીવનમાંથી, પરમજીવનના પવિત્ર તેજ-કિરણો કદી નહિ જ પ્રગટે અને તેના સિવાય, માનવીને સાચી શાંતિ, મૈત્રી અને કારુણ્યની તેજ-ગંગામાં ઉલ્લાસભેર ઝીલવાનું પરમ સદ્ભાગ્ય પ્રાપ્ત નહિ જ થાય.

સહુના જીવનસાગરે સરે નવકાર-ચન્દ્રનાં અમૃતાંશુ !

★

(૧૪)

# નવકારનું ધ્યાન

દિવસનો બધો થાક જેમ રાત હરી લે છે, તેમ શરીરનો, મનનો અને ઇન્દ્રિયોનો સઘળો થાક શ્રીનવકાર હરી લે છે.

રાત એ દિવસનું ધ્યાન છે. તેમાં ટમટમતા તારા એ તેના આંતરજીવનને અજવાળતા ચૈતન્યના અંશો છે. ચન્દ્રમા એ તેનો આત્મા છે.

રાત સિવાય દિવસ લાંબું ન જીવી શકે, તેમ નવકાર સિવાય માનવી લાંબું મંગલમય જીવન ન જ જીવી શકે. નવકારના ધ્યાનનો યોગ, માનવીને વિશ્વમય પવિત્રજીવનની સઘળી અજોડ સામગ્રી પૂરી પાડે છે.

નવકારના ચૈતન્યઅંશોરૂપી વિવિધ અક્ષરોના સંયોજનવડે બનેલા અનેકવિધ મન્ત્રો આજે આ સંસારમાં મોજુદ છે, તેમાંના કોઈ એકાદ મન્ત્રનો આશ્રય, આજે

પણ માનવીને જીવનના ટકાવ અર્થે લેવો જ પડે છે. મન્ત્રનાં ગૂઢ રહસ્યો અંગે છેલ્લી એક સદીથી ફેલાએલી ઉલ્ટાસુલ્ટી ગેરસમજને કારણે જેઓ તેનો સીધો ઉપયોગ કરતાં કંઈક માનસિક ખેંચ અનુભવે છે, તેઓને પણ આડકતરી રીતે તો પોતાના જીવનને જોમવંતું રાખવા માટે નવકારની માતૃકાઓનો ભાષામાં ઉપયોગ કરવો જ પડે છે. તે રીતના ઉપયોગથી તેઓને જો કે ખાસ વિશેષ પ્રકારનો લાભ નથી થતો, છતાં ચાલુ જીવનનો ભાર ખેંચવા જેટલું સામર્થ્ય તો તેઓ તેમાંથી મેળવી જ લે છે.

નવકારનું ધ્યાન શરૂ થાય એટલે સંસારમાં ઠેર ઠેર ભટકવાની આદતવાળું મન સ્થિર થાય. તેનું સઘળું બેધ્યાન-પણું ટળી જાય. તે ઠરીને નવકારના ધ્યાનમાંથી જન્મતા અદ્‌ભુત પ્રેરક તેજસ્ફુલ્લિંગો ઝીલવા માંડે. શરીરના ભિન્ન ભિન્ન અવયવોને આલિંગીને રહેલી સઘળી ક્ષુદ્રતા, અલ્પતા અને વાસના નવકારના ધ્યાનમાંથી પ્રગટતી ધવલ ઉષ્માને પ્રભાવે ઓસરવા માંડે. મંદ–મંદ વહેતી સમીર–લહરીના મુલાયમ સ્પર્શે શરીર જેમ તાજગી અને પ્રસન્નતા અનુભવે છે તેમ નવકારના ધ્યાનના યોગે, વિશ્વમયજીવનનું પ્રભાત હળવે-હળવે અંતરની પ્રાચીમાં ડોકિયાં કરતું થાય, ભયાનક વાસનાઓના અંધકારના ભારે અકળાતું-મુરઝાતું મનોહર વિશ્વમુખી જીવન નવકારના તેજોમય મુખના દર્શને પૃથ્વી-માંથી પ્રગટતા છોડની જેમ પ્રગટવા માંડે.

દૂધમાં ઘી રહેલું છે તેમ ધ્યાનમાં અમૃત રહેલું છે. નવકારનો યોગ જીવનના દૂધને લાંબે ગાળે અમૃતમાં

પરિણમાવી દે છે. અંતરનું બે-તાલ સંગીત નવકારના ધ્યાનમાંથી પ્રગટતી શક્તિને ઝીલીને અદ્ભુત તાલ ધારણ કરે છે. તે તાલ આવ્યા પછી માનવીનું જીવન ઝડપભેર દિવ્યતાના પરમપંથે ગતિ કરી શકે છે. સામાન્યમાં સામાન્ય જણાતા પ્રસંગમાંથી પણ તે ઝડપભેર સારતત્ત્વ ગ્રહણ કરી શકે છે. ઉકરડામાં રહેલા પણ સુવર્ણના કણો તેની દૃષ્ટિ બહાર રહેવા પામતા નથી.

કશા ચોક્કસ ધ્યેયવિહોણા વેરાન માર્ગે ખર્ચાઈ જતી જીવનની અણમોલ શક્તિના કેન્દ્રીકરણનું ધ્યાન એ ઉત્તમમાં ઉત્તમ માધ્યમ છે, નવકાર તેના પ્રાણ સ્વરૂપ છે. નવકારનું ધ્યાન જીવનને ઘણું સરળ પડે છે. તેમ જ કોઇ પ્રકારનો વિષમ પ્રત્યાઘાત તેમાંથી જન્મતો નથી. તે સાબીત કરે છે કે, ચૈતન્યના પ્રબળતમ અંશો તેનામાં રહેલા છે.

આંતર જીવનનો સંપર્ક ટકાવી રાખ્યા સિવાય, બાહ્ય પરિબળોની પ્રગાઢ અસર વચ્ચે જીવનના ઉર્ધ્વમુખી પ્રકાશને જીવંત રાખવાનું મહાન કાર્ય માનવીથી પાર પડી શકે તેમ નથી. આંતરૂજીવનના અસ્પષ્ટ પાઠો ઉકેલવાનું બળ-તેજ નવકારના ધ્યાનદ્વારા સરળતાપૂર્વક મળી જાય છે. એટલા માટે નવકારને સકળ શાસ્ત્રોના સારરૂપે વર્ણવવામાં આવ્યો છે. તેનો યોગ, અનાદિના પરમજીવનના વિયોગને ટાળીને આત્માને તેના પરમસ્વરૂપનો યોગ સફળતાપૂર્વક કરાવી આપે છે.

આવો પરમયોગવંતો નવકાર જેના હૈયામાં સ્થાન પામે, તેના જીવનને કદી કશાની ખોટ ન જ વર્તાય. કારણ

કે નવકારનું આગમન થાય, એટલે અપૂર્ણતાના અંશો પાંખો, ફફડાવીને દૂર દૂર....નાસી જાય.

કાયાની છીપમાં રહેલું જીવનનું મોતી, નવકારના ધ્યાનની ગરમી સિવાય કદી પૂરૂં ન પાકી શકે. કાયાની છીપને બાઝીને રહેલી કર્મરૂપી શેવાળ, નવકારની પૂરી ગરમી સિવાય કદાપિ નિર્મૂળ ન થાય અને તે નિર્મૂળ ન થાય ત્યાં સુધી અંદરના મોતીને જોઇએ તેટલી ઉષ્મા ન પહોંચે. એથી તેને પરિપકવ થવામાં ઘણો વિલંબ થાય. એટલા માટે છીપની આસપાસ ખૂબ પવિત્રતા ખીલવવી જોઇએ. અહિંસક આચાર-વિચારના પાલનદ્વારા તન-મનનાં પાસાંઓને પવિત્ર રાખવાં જોઇએ. આ રીતનું પવિત્ર-સ્નેહમય વાતાવરણ નવકારના ધ્યાનમાંથી જન્મતી પ્રભાની અસરકારકતામાં સંગીન વધારો કરે છે. જ્યાં સુધી આપણાં તન અને મન મેલાં-કાળાં હશે, ત્યાં સુધી આપણા ધ્યાનમાંથી જન્મતી ઘણી ખરી શક્તિ તે મેલ આડે અટવાઇ જશે. પ્રતાપી સૂર્યના માર્ગ વચ્ચે વાદળું આવી જતાં, પૃથ્વીપટે જેમ અંધકાર છવાઇ જાય છે, તેમ આપણા તન-મનમાં જ્યાં સુધી કામ-ક્રોધ-માન-માયા આદિ વાદળાંની તિમિર-વર્ષા ચાલુ રહેશે ત્યાં સુધી જીવનના મોતીનું તેજ નહિ જ ખીલી શકે.

મક્કમ નિર્ધાર સાથે પરમજીવનના યોગના લક્ષ્ય-પૂર્વકનો નવકારનો યોગ, માનવીના પ્રયત્નોમાં પૂરો સહાયક થાય છે. જ્યાં પવિત્રતાનો પવન, સન્નિષ્ઠાનું જળ અને

સમતાનું સંગીત તરતું નથી, તે જીવનને સફળતાનાં તીરે પહોંચવામાં નિષ્ફળતા જ વરે છે.

સફળતા–નિષ્ફળતાની તડકી–છાંયડી જેવા જીવનને બહારથી જોઈને આપણે ક્યાં સુધી બેસી રહીશું? તેની ભીતરના રહસ્યને હાથ કર્યા સિવાય–જાણી લીધા સિવાય આપણો નિસ્તાર ઓછો જ થવાનો છે? આપણા જીવનને પરમજીવનના પરમાનંદથી વંચિત રાખનારા કર્મના તડકી–છાંયડીના ખેલમાં જો આપણે બધા બાળક બનીને મોહી પડીશું, તો તે ખેલ તો ખતમ નહિ થાય, પરંતુ મળેલું અત્યંત સુંદર જીવન અકર્મણ્યતાના ખારાપાટમાં સમાઇ જશે. તેનામાં જડતાનાં ઘણાં ખરાં ક્ષારતત્ત્વો ભળી જશે.

વિશ્વમય જીવનના પોષણ અને સંવર્ધન માટેના અનન્ય સામર્થ્યવાળો નવકારનો યોગ તરત જ થઇ જાય, જો આપણી દૃષ્ટિ વ્યાપક બને, જીવન વધુ પવિત્ર અને તાલબદ્ધ બને, મન ઉત્તુંગ ભાવનાઓના ગિરિશિખરો પર વિહરતું બને અને વાણી સત્ત્વરંગી બને. પણ તેમાં થતો વિલંબ એમ સૂચવે છે કે આપણા સમસ્ત જીવનમાં નવકારનાં પક્ષપાતી એ બળો કરતાં, તેનાં વિરોધક બળો અનેકગુણાં વિશેષ છે. તે બળોને તોડવા માટે, તેમજ જીવનને વિશ્વના ચૈતન્ય પ્રવાહ સાથે જોડવા માટે આપણે આપણી જાતે નવકારનાં દ્વાર ખખડાવ્યા સિવાય છૂટકો નથી.

જીવન અને મોક્ષ વચ્ચે પથરાઇને પડેલી ભવની ભીષણ ખાઇ, નવકારના સુયોગ સિવાય આપણે નહિ જ તરી શકીએ.

★

(૧૫)

# જીવનમંત્ર શ્રીનવકાર

જે રીતે પીપરમીન્ટની ગોળીમાં મીઠાશ રહેલી છે, તે રીતે અક્ષરમાં શક્તિ રહેલી છે. પીપરમીન્ટની ગોળી મોંમાં મૂકીને ચગળીએ છીએ એટલે ધીમે ધીમે તેમાં રહેલી મીઠાશનો સ્વાદ ચાખવા મળે છે, એ રીતે અક્ષરને મન વાટે શરીરમાં રમતો કરવાથી ધીમે ધીમે તેમાંની શક્તિનો પ્રભાવ અનુભવવા મળે છે. જુદી જુદી પીપરમીન્ટની ગોળીમાં સ્વાદ જેમ જેમ જુદા જુદા હોય છે, તેમ ભિન્ન ભિન્ન અક્ષરમાં ભિન્ન ભિન્ન પ્રકારની શક્તિ રહેલી છે.

'ક' સુખ, શક્તિ અને સંતાનદાતા ગણાય છે, એટલે જે માનવી 'ક'ને આખા શરીરમાં સ્વસ્થતાપૂર્વક હરતો-ફરતો કરી શકે તેને ઉપર્યુક્ત લાભ થાય.

આવા અક્ષરોના અનન્ય પ્રકારના સંયોજન વડે, નવકાર મન્ત્ર બનેલો છે. તેનો વિધિપૂર્વક જાપ કરવાથી

આત્મપ્રદેશોને ચોંટીને રહેલી કર્મની રજ, ધીમે ધીમે દૂર થાય છે અને આત્માની કાન્તિ પ્રગટ થવા માંડે છે. આ મન્ત્ર આત્માની કાન્તિને પ્રગટ કરનારો હોવાથી જ પરમ-મન્ત્ર તરીકે વિશ્વમાં પ્રસિદ્ધ છે. કારણ કે આત્મસાક્ષાત્કાર એ જ માનવજીવનનું પરમકર્તવ્ય હોવાનું સંસારમાં આજ સુધી થઈ ગએલા સર્વ જ્ઞાનીમહાત્માઓએ એકમતે જાહેર કર્યું છે.

નવકારનો મન-વચન-કાયાની એકતાપૂર્વક જાપ કરવાથી રોગ, શોક, ભય, ચિંતા, આપત્તિ અને બીજી અપૂર્ણતાઓ ટળે છે; તેનું કારણ પણ આત્મપ્રદેશોને નિર્મળ કરવાની તેના અક્ષરોમાં રહેલી અનન્ય શક્તિ છે. શક્તિ પ્રગટ થાય એટલે સામાન્ય બળોનું જોર ન ચાલે, એ તો વ્યવહારપ્રસિદ્ધ વાત છે. નબળા ઉપર સબળ અનાદિ કાળથી રાજ્ય કરતો આવે છે, એ આપણે ક્યાં નથી જાણતા ? જે મન્ત્રાક્ષરો આત્મપ્રદેશને બાઝેલી અતિશય ચીકણી અને કદરૂપી કર્મ-રજને દૂર કરવાને સમર્થ છે, તે મન્ત્રાક્ષરો માનવીના અન્ય સર્વ મનોરથોને વધુ સરળતાપૂર્વક અને ઓછી મુદતમાં પૂરા કરી શકે, એ તો એકને એક બે જેવી વાત થઈ. કારણ કે જે વાહનમાં બેસીને ચાર કલાકમાં લંડન પહોંચી શકાતું હોય, તે વાહન આપણને એકાદ કલાકમાં મુંબઈ સુધી લઇ જાય તેમાં તો નવાઈ પામવા જેવું છે જ શું ?

નવકારના માનવ-પ્રાણીઓના જીવન ઉપરના પ્રભાવનું બીજું કારણ તેમાં વર્ણવાએલા પંચપરમેષ્ઠિ ભગવંતોનું શુદ્ધ સ્વરૂપ છે.

એક 'નમો અરિહંતાણું' પદ બોલતાંની સાથે આપણા મનચક્ષુ સમક્ષ ત્રણેય કાળના અરિહંત ભગવંતોના અત્યંત નિર્મળ, શાંત, વ્યાપક અને પરોપકારી સ્વરૂપ ખડાં થાય છે, તેમાંથી જો આપણે એકાદ અરિહંત ભગવંતના પરમ કલ્યાણમય જીવન વિષે શાંતચિત્તે વિચાર કરતા થઇએ તો પણ આપણા જીવનમાં કેવી કેવી પ્રેરણાઓ જાગે ? કેવી કેવી ભાવનાઓનો સંચાર થાય ? એ રીતે આપણા જીવનમાં નવકાર વાટે પંચ પરમેષ્ઠિભગવંતોના પરમવ્યાપક અને કરુણામય જીવનનું અપૂર્વ તેજ દાખલ થાય છે. ભવોભવના ભૂંડા ભ્રમણકાળે આપણા આત્માને વળગી પડેલી કર્મની રજ ઘણા મોટા પ્રમાણમાં દૂર થઈ જાય છે. આપણી બધી ઇચ્છાઓ અને મનોરથોનું સ્થાન વ્યાપક બનતી જતી આત્મશક્તિના હાથમાં ચાલ્યું જાય છે. શરીર એ ચેતનનું વાસ્તવિક માધ્યમ બની જાય છે.

કામ, ક્રોધ, માન, માયા આદિ અંતરંગ શત્રુઓના સામ્રાજ્યમાં જીવવાનું આપણું દુર્ભાગ્ય નવકારના સામ્રાજ્યમાં તદ્દન બદલાઈ જાય છે. એક સમયે એક પ્રદેશ પર બે રાજ્યો સંભવી ન શકે ! મતલબ કે 'આપણું સામ્રાજ્ય' નાબૂદ થાય તો જ નવકારનું સામ્રાજ્ય સ્થપાઈ શકે. નવકારનું સામ્રાજ્ય સ્થપાતાં જડતાનો આજે જે ભાવ બોલાય છે, તે સાવ ઓછો થઈ જશે. બધે આત્માનાં જ ગુણગાન ગવાતાં થશે. માણસનાં સુખ-દુઃખ, રોગ-શોક, જન્મ-મૃત્યુ વગેરે પ્રત્યે યુગોથી કેળવાએલી સામાન્યપ્રજા-સમૂહની જડ દૃષ્ટિ સર્વથા બદલાઈ જશે. માણસના તો શું,

પશુ-પંખીના મનમાં પણ પાપનો ભય દાખલ થઇ જશે! આપવદિક સંયોગોમાં પણ જો કોઇને માઠું સ્વપ્નું આવ્યું હશે, તો ય તેના પશ્ચાતાપરૂપે તે આકરો તપ આદરશે. બહારથી ખરાબ ગ્રહણ ન કરીએ અને અંદર ખરાબ પેદા ન કરીએ, તો મંજાલ છે શી કળીની કે તે આપણી ગરિમાને આંબવાની ધૃષ્ટતા કરી શકે?

પરંતુ અંદર-બહાર સર્વત્ર શુભનું, મંગલનું, કલ્યાણનું, સાત્ત્વિક વાતાવરણ ફેલાવવા માટે નવકારનું આલંબન સ્વીકારવું જોઇએ. જો નવકાર આપણી સાથે નહિ રહે તો આપણા જીવન ઉપર રાજ્ય ચલાવવા માટે સદૈવ તત્પર એવાં અનેક દુષ્ટ બળોના હુમલાનો આપણે ભોગ થઈ પડીશું. મોટો સમ્રાટ પણ પોતાના અંગરક્ષક સિવાય બહાર ગમે ત્યાં હરવા-ફરવામાં જોખમ સમજતો હોય છે, તો જ્યારે નવકાર એ માત્ર આપણો અંગરક્ષક જ નહિ, પણ આત્મરક્ષક છે; તે જો સાથે હોય તો બહારના શત્રુનો હુમલો ન આવે એ તો ચોક્કસ. પરંતુ અંદરનાં બળો પણ તેની હાજરીથી શેહ પામી જઇને ઠંડાંગાર થઇ જાય.

આ તબક્કે કોઇના મનમાં કદાચ એ શંકા જન્મે કે શસ્ત્ર સામે શબ્દનું શું ગજું? ખુલ્લી તલવાર હાથમાં રાખીને ફરતાં અંગરક્ષકની બરાબર નજર વચ્ચે ચાલતા સમ્રાટ ઉપર હુમલો કરતાં તો ગમે તેવો શૂરવીર પણ ઘડીભરને માટે શેહ ખાઈ જાય, પરંતુ નવકારનું રટણ તો મનમાં હોય, પછી તેની અસર બહારના વાતાવરણ અને માનવોના મન ઉપર કઇ રીતે થાય?

તેના સમાધાનમાં સમજવાનું કે માનવીના શરીરમાંથી પ્રત્યેક ક્ષણે શક્તિના તરંગો પ્રગટ થઇને બહારના વાતાવરણ ઉપર સારી–માઠી અસર જન્માવીને અનંતમાં સમાઇ જતા હોય છે, એ કારણે જે માનવી નવકારનું રટણ કરતો હોય છે, તેની અત્યંત પ્રભાવપૂર્ણ બનેલી શક્તિ બહાર ફેલાતી હોય છે. તે શક્તિનો મૂળધર્મ સંહાર નહિ પણ સ્નેહ–પ્રેમ–કરુણા હોય છે. ધારો કે નવકારને સમર્પિત થએલો એક માણસ, મધરાતે ગાઢ જંગલમાંથી સાવ એકલો પસાર થઇ રહ્યો છે, તેની ચોમેર નિઃસ્તબ્ધતા છવાએલી છે, ક્યાંય અજવાળું જણાતું નથી, એવામાં એકાએક કોઇ શસ્ત્રધારી લુંટારો તેના ઉપર હુમલો કરીને તેને લુંટી લેવાની લાલચમાં આગળ ધસી આવે, મ્યાનમાંથી તલવાર કાઢીને ભયનું વાતાવરણ ફેલાવવાની કોશિષ કરે, પણ તે જ સમયે તેના મનમાં વિલક્ષણ પ્રકારનો–તે પોતે ન સમજી શકે તેવો ફેરફાર થવા માંડે, તેનામાં રહેલી લુંટારૂવૃત્તિ એકદમ શિથિલ થવા માંડે, તેના ઉપર આત્મબળની પક્કડ જામવા માંડે અને તે પોતે અત્યંત નમ્રતાપૂર્વક પ્રવાસી માણસના પગમાં ઝૂકી પડે. આવા અનેક દાખલાઓ હકીકતરૂપે અનેક ધર્મ–કથાઓમાં સંગ્રહાએલા વાંચવા મળે છે અને આજે પણ બનતા હોય છે.

મનની અંદરની સઘળી જડતાને ખંખેરવાનું અને તેના સ્થાને ચૈતન્યના અદ્ભુત પ્રવાહને દાખલ કરવાનું મહાન કાર્ય નવકારના અનન્ય નિષ્ઠાપૂર્વકના રટણ વડે ખૂબ જ સરળ બની જાય છે. એથી તો સંસારમાં તે પરમમન્ત્રના નામે

પ્રસિદ્ધ છે. 'પરમ' એટલે ઊંચામાં ઊંચો, અદ્વિતીય, બેનમુન, એવો 'મન્ત્ર' એટલે મનનું રક્ષણ કરનારો. 'મનનું રક્ષણ' એટલે દુર્વિચારોના સતત આક્રમણ વચ્ચે તેને સલામત રાખવું તે. ચૈતન્યપ્રવાહને ઝીલવાનું ને સવિસ્તર વિસ્તારવાનું જે પવિત્રકાર્ય મનને હસ્તક રહેલું છે, તે કાર્ય બજાવવામાં તેને કશી હરકત ન પડે, તે રીતે નવકારના અક્ષરનું તેજ તેની આસપાસ વીંટળાઈને તેને સહાય કરે છે.

નવકાર એટલે અભયનો ગુરુમન્ત્ર જ નહિ, કલ્યાણનો પરમમન્ત્ર પણ ખરો. જેને તેનો રંગ લાગે છે, તેના હૈયામાં જીવમાત્રના ભલાની શુદ્ધ અને વ્યાપક ભાવના અવિરતપણે રમતી થાય છે. તે કદી પોતાના શરીરના સુખને આગળ કરવાની લાલસામાં લપટાતો નથી. તેની પ્રત્યેક હીલચાલમાં શુભનું મંગલમય સંગીત ગૂંજતું જ હોય છે.

ગુલાબના ફૂલના ઢગલા પાસે ઊભા રહેવાથી આપણે જેમ તેની મીઠી સુવાસ વડે તરબતર થઈ જઇએ છીએ, તેમ નવકારના સતત સેવનથી આપણું આંતર શરીર અદ્ભુત પ્રકાશવડે ઝળહળવા માંડે છે. આપણા વિચારોની બધી અપવિત્રતા નવકારના સ્પર્શે દૂર નાસી જાય છે. આપણામાં રહેલા પશુતાના સઘળા અંશો નવકારની દિવ્યતા વડે પ્રભાવિત થઇને સ્વયમેવ અલોપ થઇ જાય છે.

માનવ દેવથી ય મહાન કહેવાય છે, તે તેને મળેલા 'નવકાર' અને 'કરેમિભંતે' જેવા પરમમન્ત્રોના કારણે. તે વારસાના સદુપયોગ વડે આપણે સહુ આપણા ઉક્તપદને ચરિતાર્થ કરી શકીએ તેમ છીએ. પરંતુ તેને માટે અપૂર્વ નિષ્ઠા

વાણીનો પૂરતો સંયમ, રસના ઉપરનો પૂરતો કાબુ અને શરીરસુખના સાધનો તરફ અનાસક્તભાવ કેળવવો પડશે. તે સિવાય નવકારના પ્રકાશને ઝીલવાની અને પચાવવાની પૂરી યોગ્યતા આપણે નહિ ખીલવી શકીએ.

સામામાં જેટલું બળ હોય તેટલું મેળવવા માટે બહારથી આપણે તેટલું બળ લગાવવું જ પડે. ક્ષણિકસુખ આપનારી ભૌતિક વસ્તુઓ મેળવવા પાછળ આપણે મન-વચન કાયાનું જેટલું બળ ખર્ચીએ છીએ તેનો જો અંદાજ લગાવીએ તો આપણને સમજાય કે આપણામાં કેટલું બધું બળ રહેલું છે; પણ આપણું તે બળ સાચી સમજપૂર્વક યોગ્ય દિશામાં વાપરી નહિ શકતા હોવાને કારણે જ આપણે દિનપ્રતિદિન નબળા બનતા જઈએ છીએ. કારણ કે ભૌતિક પદાર્થો મેળવવા માટે આપણે જેટલા પ્રમાણમાં બળ ખર્ચીએ છીએ તેટલું આપણને તે પદાર્થોમાંથી પાછું વળતર મળી શકતું નથી. જો આપણે નવકારમાંની દિવ્યશક્તિ પાછળ આપણું બધું બળ લગાડી દઈએ તો આપણી શક્તિમાં જરા જેટલો પણ ઘટાડો ન થતાં, ઉત્તરોત્તર વધારો જ થાય. કારણ કે તેની પાછળ સતત મંડ્યા રહેવાથી શારીરિક કે માનસિક ઘસારો મુદ્દલ પહોંચતો નથી, પરંતુ પુષ્ટિ વધે છે અને તેથી કોઈ જાતના ખરાબ વિચારો ઉઠતા નથી, કે કોઈ પ્રત્યે રાગદ્વેષ પણ જન્મતો નથી.

મન્ત્રાક્ષરોની અદ્‌ભુત શક્તિવડે, જીવનના પ્રવાહને પવિત્ર અને ગતિશીલ બનાવવાની ભાવના દરેક માણસને હોય જ છે; પરંતુ નિષ્ઠા, ધૈર્ય, તેમ જ સંયમના અભાવે

ઘણા ખરા તો નાસીપાસ જ થતા હોય છે, કેટલાક થાકીને અર્ધે રસ્તેથી પાછા ફરતા હોય છે, તો થોડાક લગભગ કિનારે પહોંચવાની તૈયારીમાં હોય છે, પણ ધીરજનો બંધ તૂટી જતાં તે પણ નિષ્ફળ બને છે; કોઈક વિરલ પ્રતિભાશાળી આત્મા જ સફળતાની રેખા સુધી પહોંચે છે.

જડતાની જડ ઉખેડી નાખનારા મન્ત્રાક્ષરોનો ઉપયોગ ચૈતન્યપ્રવાહના ઉર્ધ્વીકરણના મંગલ હેતુપૂર્વક જ થવો જોઇએ. જેઓ તેના વડે પોતાના જડ જગતને જીવતું કરવાની કોશિષ કરે છે તેઓ દીવા વડે અંધકાર ખરીદનારા કે અમૃત સાટે વિષ મૂલવનારા જ ગણાય.

મન્ત્રના અક્ષરો અક્ષરજીવનના જ સાચા સાથીઓ, સહાયકો અને સમર્થકો છે.

નવકાર મન્ત્રાધિરાજ છે, ત્રણ જગતમાં તેનો જોટો નથી; તે જેના હૈયામાં વસ્યો હોય તેને રોગ, શોક, ભય, ચિંતા, વગેરે નડતાં નથી. એ બધું તો આપણે સારી રીતે જાણીએ છીએ, પરંતુ તે મંત્રાધિરાજનું આપણા વર્તમાન જીવનમાં સ્થાન છે કે નહિ ? તે અંગે અત્રે વિચાર કરવાનો છે.

જો મન્ત્રાધિરાજ શ્રીનવકારનું સ્થાન આજે આપણા જીવનમાં હોત તો આપણે આજે છીએ તેના કરતાં જુદી જ હાલતમાં હોત. જે દુઃખ, મુશ્કેલીઓ, અંતરાયો અને કષાયો વચ્ચે આપણે શેકાઇ રહ્યા છીએ, તે એમ સૂચવે છે, કે નવકારને આપણે હૈયામાં નથી વસાવ્યો. નવકારને છોડી, નવકારવિરોધી જડબળોના આકર્ષણમાં ફસાઇને આપણે સહુ આપણી જાતે જીવનના વિરોધી અને મોતના પક્ષપાતી બનતા જઇએ છીએ.

જો કોઇના ય મનમાં એવો ખ્યાલ હોય કે નવકાર-મંત્ર એ ચમત્કાર–મન્ત્ર છે, તો તેમણે તે ખ્યાલને વહેલામાં વહેલી તકે દૂર કરી દેવો જોઇએ. કારણ કે નવકાર એ ચમત્કાર–મંત્ર નહિ, પરંતુ જીવન–મન્ત્ર છે. જીવનના શાંત, નિર્મળ અને પરમસ્વરૂપને પ્રગટ કરનારો મહામન્ત્ર છે. તેનામાં ચમત્કારનું કોઈ તત્ત્વ નથી. આત્માને સર્વથા સાનુકૂળ એવી ભૂમિકા ઉપર તેના પ્રત્યેક અક્ષરનું, એકમેક સાથે સંયોજન થયેલું છે. હા, ચમત્કાર સમજવો હોય તો શ્રીનવકાર આપણને મળ્યો તેને કહી શકાય !

એ તો આપણા સહુના અનુભવની વાત છે, કે દવા સાથે ચરી બરાબર ન પાળી શકાય તો દવાની લગભગ અસર મારી જાય છે. નવકાર સાથેના વર્તાવમાં આપણે સહુ, ચરી પાળવા બાબત જ ભૂલ ખાઈ ગયા છીએ. એ મહારસાયણનું આપણે ક્યારે'ક સેવન તો કરીએ છીએ, પરંતુ તેની ઉપર જે ચરી પાળવી જોઇએ તે નથી પાળતા. એથી તેના વડે થવો જોઇતો મોટો ફાયદો આપણને થતો નથી અને આપણે નિરાશ થઇ જઇને તેની અસરકારતા વિષે સંદેહશીલ બની જઇએ છીએ. જ્યારે સંદેહ એ તો માનવીનો મોટામાં મોટો શત્રુ છે.

સંદેહ એટલે અનાસ્થા, અશ્રદ્ધા.

બીજને પોતાના હૈયામાં ધારણ કરનારી પૃથ્વીના જેવી અખૂટ શ્રદ્ધા અને ધીરજ જેના હૈયામાં વાસ કરે છે તેના હૈયામાં નવકારનું તેજ પ્રસરી શકે છે.

નવકારના તેજપ્રપાતને ઝીલવો એ કોઇ નાની–સૂની

વાત નથી. સાધનામાર્ગે જીવન જેમનાં ગંભીર બને છે, શુદ્ધ બને છે, વ્યાપક બને છે, ઊંડાં બને છે, તેઓ જ નવકારના પૂર્ણપ્રભાવનાં પવિત્ર તેજકિરણોને પોતાની અંતર ગુફામાં ખેંચી શકે છે–બોલાવી શકે છે.

આપણો નવકાર સાથેનો પરિચય ઘણા જૂના વખતથી હોવાને કારણે આજે નવકાર પણ આપણને જૂનો લાગે છે. સૂર્ય–ચન્દ્ર સાથેના ઉપલક પરિચય જેવો જ નવકાર સાથેનો આપણો પરિચય છે અને છતાં સૂર્ય–ચન્દ્ર આપણને જૂના નથી લાગતા. વાસ્તવમાં જૂનું થાય એવું કશું તેમનામાં છે પણ નહિ. એમ જો સૂર્ય–ચન્દ્ર સદૈવ નવા જણાય અને નવકાર જૂનો જણાય તો તેનું કારણ શું ? નવકારમાં જૂનું થાય એવું કોઇ તત્ત્વ છે ખરું ? કે પછી આપણા જીવનમાં વધતી જતી જડતાને કારણે ચેતનના પારાવાર સમો નવકાર પણ આપણને આજે જૂનો પ્રતીત થઇ રહ્યો છે ?

આ અંગે આપણે ગંભીર ચિંતન કરવાની જરૂર છે. તે સિવાય નવકાર સાથેનો પૂર્ણ સ્નેહ આપણે નહિ સ્થાપી શકીએ, આપણી હાલત દિન–પ્રતિદિન બગડતી જશે, ખુલ્લા આપણા ચૈતન્યના અંશો પણ કર્મવાદળાના અંધ-કારમાં ઢંકાઈ જશે. નવકારને નહિ ઓળખી શકવાને કારણે તો આજે આપણા આત્માને ઓળખી શકતા નથી, આત્મા અને દેહ વચ્ચેની ભેદ રેખાને સ્પષ્ટપણે કળી શકતા નથી.

અને તેથી જ પ્રસંગોપાત નવકારના અક્ષરો બોલી નાખવા છતાં એ અક્ષરોમાંના અક્ષરતત્ત્વ વિષે જરા જેટલો પણ વિચાર કરી શકતા નથી. જેમને આવા અદ્‌ભુત

જીવનમંત્ર અંગે શાંતિસર વિચાર કરવાનું પણ ન સૂઝે તેમના ભાગ્યમાં દુઃખ, દારિદ્રય અને દેહભાવના ઝંઝાવાત સિવાય બીજુ શું હોઇ શકે ?

જીવનને ઘડનારા વિવિધ પરિબળોના મૂલ્યાંકનની આપણી આજની દૃષ્ટિમાં ઘણી જડતા વધી ગઈ છે. તાત્કાલીક લાભના લોભમાં સમષ્ટિમય જીવનના અનેક ઉજ્જવળ અંશોને આપણે ઢાંકી દઇએ છીએ, આપણે મધરાતની શાંતિમાં દિવસનો કોલાહલ વાંછીએ છીએ અને જ્યારે દિવસ ઉગે છે ત્યારે, રાતની ઝંખના કરીએ છીએ.

એ બધું સ્પષ્ટ સૂચવે છે કે આપણી આંતરિક નિર્બળતા વધી છે. તે નિર્બળતાને ખંખેરી નાખવા માટે નવકાર પૂરતો ગણાય અને તે આપણી પાસે છે પણ ખરો, પણ તેને લાયક બનવાની બેપરવાઇને કારણે આજે આપણે વધુ ને વધુ લાચાર-નિરાધાર દશામાં મૂકાતા જઇએ છીએ.

આપણી હાલત સુધારવાનો ઉપાય માત્ર નવકાર છે.

મન-વચન-કાયાને બાઝેલી સઘળી જડતા નવકારનું બળ વધતાંની સાથે જ ઓછી થવા માંડે છે. કામ, ક્રોધ, માન, માયા-આદિ અંતરના શત્રુઓનું જોર નવકારના પદસંચાર સાથે જ ઘટવા માંડે છે. વાતાવરણમાં તરતા સઘળા સાત્ત્વિક ભાવો નવકારના આકર્ષણથી ખેંચાઇને આપણા જીવનને સત્ત્વસમૃદ્ધ બનાવે છે. પ્રકૃતિની સઘળી અસર, નવકારની અસર વધતાંની સાથે જ ઓસરવા માંડે છે. વિશ્વના અંતરાળે રહેલાં અખૂટ તત્ત્વોનું દર્શન નવકારના સાધકને થઇ શકે છે. તે દર્શનની અસરથી

જીવનનું વહેણ ઉર્ધ્વગામી બને છે. પાંચે ઇન્દ્રિયોની સઘળી તાકાત સાનુકૂળ દિશામાં સહાયક બને છે. મનની આંતરિક શક્તિઓ આત્માની પ્રગટતી શક્તિઓ સાથે તાલ મેળવી શકે છે. નવકારના પ્રત્યેક અક્ષરમાં રહેલી અપૂર્વશક્તિનો અંતરમાં પ્રવેશ થાય છે, તેથી ત્યાં ઘર કરીને રહેલાં સઘળાં જડબળોની જડ ઝડપથી ઉખડી જાય છે. ચૈતન્યતત્ત્વનું સુંદર રીતે પ્રગટીકરણ થાય છે અને ચૈતન્યના અંશો જેમ જેમ પ્રગટ થતા જાય છે તેમ તેમ જીવન અને જગતમાં વ્યાપી રહેલી જડતાની આક્રમક પ્રતિભાનો વિલય થાય છે.

નમસ્કારમહામન્ત્રને નમસ્કાર કરવાથી, આપણા મનમાં નવું બળ પેદા થાય છે. જડ દ્રવ્યોની લાલસા ખાતર જેને તેને નમવાની સ્વાભાવિક બની ગએલી માનવ વૃત્તિમાં નમસ્કારને નમ્યા પછી ઘણો મોટો તફાવત પડી જાય છે. કારણ કે નમસ્કારને નમતાંની સાથે જ આપણા અંતરમાં તેમાંના પંચ પરમેષ્ઠિભગવંતોના નિર્મળ સ્વરૂપની અદ્‌ભુત પ્રતિચ્છાયા પડે છે. તે છાયા આપણા અંતરમાં વસતી જડ-છાયાને દૂર ભગાડી દે છે. આપણને બધી વાતે સુખી કરવાનું સામર્થ્ય નવકારમાં છે જ, પણ તેનો ઉપયોગ નહિ કરી શકવાને કારણે આપણે ઠેરઠેર ઠોકરે ચડીએ છીએ.

નવકારનો મહિમા અપાર છે. કારણ કે તેનો પ્રભાવ અચિંત્ય છે. આવો નવકાર આપણી ખૂબ નજીક હોવા છતાં આપણે તેમાંથી કશું નવું ઝીલી શકતા નથી. અરે, કહો કે એ નવું આપણી જૂની અને જડ વૃત્તિઓને ગમતું જ નથી.

નવું જીવન, દિવ્ય જીવન, મંગલમય જીવન, આનંદમય

જીવન અને પરમાનંદમય જીવન, નવકારમાં છે.

તમે નવકારને તમારો કબજો સોંપી દો અને પછી જુઓ, કે તમને કેવાં કેવાં અદ્દભુતતત્ત્વો વડે શણગારી દે છે.

★

નવકાર તો મનનું મન છે. એ ન હોત તો મન ન હોત અને આરાધનામય જીવન પણ ન હોત. જેઓ જાણે-અજાણે પણ એનાથી વેગળા રહ્યા છે તેઓને મન પણ તેવાં જ અતિમંદ મળ્યાં છે. મલયના મંદ સમીરના સ્પર્શે શરીરને જે સુખાનુભવ થાય, તેવો જ સુખાનુભવ શ્રીનવકારના સ્પર્શે મનને થવો જોઇએ. જ્યાં સુધી એ ન થાય ત્યાં સુધી સમજવું કે શ્રીનવકારનો કબજો આપણા ઉપર પૂરો સ્થાપાયો નથી. આપણી વૃત્તિઓ અવસરે નવકારવિરોધી બળોના આશ્રય તળે સુખ મેળવવાની પેરવી કરે છે તેનું મૂળકારણ છે જીવને ભવોભવમાં ભાવેલું સંસારનું આકર્ષણ. જ્યારે નવકાર તો છે મોક્ષનું આકર્ષણ. આકર્ષણ જ નહિ, સંસારના કલણમાંથી જીવને બહાર નીકળવાની અને મોક્ષાનુકૂળ જીવનના રાજમાર્ગ પર સમભાવે ચાલવાની સઘળી ક્ષમતા બક્ષનારો પરમતારક મહામંત્ર !

(૧૬)

# મહા રસાયણ

નવકાર મહારસાયણ છે, અદ્‌ભુત ચાટણ છે. તેના વિધિપૂર્વકના સેવનથી મનમાં નવું તેજ, વાણીમાં પૂર્ણ પ્રભાવ અને કાયામાં નવું જોમ પ્રગટે છે.

મન, વચન, કાયાના સઘળા રોગો આ મહારસાયણ વડે દૂર થાય છે. તેના સ્પર્શ માત્રથી મંદ પડી ગએલી આંતર્‌શક્તિઓ સતેજ બને છે. તે જેમ જેમ શરીરમાં ફરતું થાય છે, તેમ તેમ લોહીમાં તેનું શુદ્ધ તેજ ભળવા માંડે છે અને ધીમે ધીમે આખું શરીર ચૈતન્ય પ્રવાહનું એક સુંદર માધ્યમ બની જાય છે.

નિર્મળ તેજે ઝળહળતા આત્માનું વિશ્રામસ્થાન જે શરીર છે, તેને સદા પવિત્ર રાખવા માટે આ મહારસાયણનો નિયમિત આસ્થાપૂર્વક ઉપયોગ કરવો જોઇએ. જીવનને ટકાવવા માટે શ્વાસોચ્છ્‌વાસ જેટલો કિંમતી છે, તેટલું જ કિંમતી ચેતનના સમષ્ટીકરણ માટે આ મહારસાયણ છે.

પદાર્થની અતિસૂક્ષ્મ માત્રાને તેમ જ વાયુમંડળના સંકેતોને ઝીલનારાં આધુનિક વૈજ્ઞાનિકયન્ત્રો કરતાં ય વધુ કિંમતી અને વધુ સૂક્ષ્મ ઇન્દ્રિયો જો આંતરૂચેતના સાથેનો પોતાનો સીધો સંપર્ક જાળવી રાખે તો ઘર આંગણે બેઠાં વિશ્વનાં હેરતભર્યાં દૃશ્યો જોવા મળે. પરંતુ પોતાની અંદરના તેમ જ બહારના ચૈતન્યપ્રવાહને ઝીલવાની જરા જેટલી પણ જાગૃતિ દર્શાવ્યા સિવાય, આજનો માનવ સુખ-દુઃખની ક્ષણિક છાયાવાળા પદાર્થોને પકડવાના સતત પ્રયાસમાં મગ્ન બન્યો છે. તેથી તેનું વ્યાપક સ્વરૂપ ઢંકાએલું રહે છે અને મન, બુદ્ધિ તથા ઇન્દ્રિયોએ સર્જેલા માત્ર સંકુચિત પ્રદેશોમાં રખડવાનું તેને નસીબે વર્તાય છે.

આવી ખરાબ સ્થિતિની જાતતપાસ કરવા જેટલો સમય પણ આજે કોઇને ય હોય તેમ જણાતું નથી. જો તેટલો સમય કાઢે તો આજનો સમય બદલવામાં જરૂર સફળ થઇ શકે. આશાના દરિયા જેવા માનવી માટે નિરાશ થવાનું કાંઈ પણ કારણ નથી, સત્ય માર્ગે પ્રયત્નની જરૂર છે.

અંતરાત્મા કહે છે કે છેવટે થાકીને પણ માનવીને પોતાને ઘેર પાછા ફરવું પડશે. તે સિવાય તે જીવનનો પૂર્ણ સંપર્ક નહિ સાધી શકે. તે મહામંગલકારી સમય વધુ ને વધુ નજીક આવતો હોવાનાં ચિહ્નો વિચારકોને આજે સ્પષ્ટ કળાય છે. સુખ અને શાંતિની શોધ માટેના બાહ્ય પ્રયાસોને આંતરિક વળાંક મળતાંની સાથે જ માનવીનો જીવન-સંસાર નવો વેગ ધારણ કરશે. તે વેગમાં

ગતિ, સ્થિરતા અને પ્રગતિ આણવા માટે તેને નવકાર સિવાય નહિ જ ચાલે. કારણ કે વિશ્વમાં નવકારનું બળ બીજાં બધાં સ્થૂલ અને સૂક્ષ્મ બળો કરતાં વિશેષ છે. તેના વડે પ્રાણશક્તિમાં વધારો થાય છે, ઇન્દ્રિયોની સૂક્ષ્મ શક્તિ વધે છે, મનના વિચારોમાં વધુ વ્યાપકતા, સ્થિરતા, સાત્ત્વિકતા અને સૂક્ષ્મતા પ્રગટ થાય છે. એના અક્ષરોનું સંયોજન એવા પ્રકારનું છે કે તેના નિયમિત જાપના પ્રભાવે જીવનમાંની સઘળી જડતા, દુર્વિચારો અને પાપમય પ્રવૃત્તિઓ આપોઆપ ઢીલી પડી જાય છે. પાણીથી જેમ મેલ કપાય છે, તેમ નવકારના અક્ષરો વડે આંતરિક મલિનતા કપાય છે. સૂર્યસ્નાનદ્વારા જેમ અંગે અંગમાં નવું તેજ પ્રવેશે છે તેમ નવકારના નિત્ય સંપર્કદ્વારા સૂક્ષ્મ આંતરિક શક્તિઓનું પ્રગટીકરણ થાય છે. રાતની મીઠી ઉંઘ પછી શરીરમાં જેવી હળવાશ અનુભવાય છે તેવી જ હળવાશ નવકારના જાપ વડે અંતરમાં વ્યાપે છે. જાણે કે નવો જન્મ થયો હોય તેવું હળવું અને પવિત્ર વાતાવરણ જીવનની અંદર-બહાર ફેલાએલું રહે છે.

નવકાર, એ કોઇ સમ્પ્રદાયવિશેષની મુડી નથી, તેના ઉપયોગની સઘળા જાગ્રત અને વિવેકી આત્માઓને છૂટ છે. તેનો એ અર્થ નથી કે જેઓમાં જ્ઞાનશક્તિ અને વિવેકશક્તિ જાગી નથી તે આત્માઓ તેને ન સ્મરી શકે. પરંતુ તે માટે તેમણે ઉપકારી ગુરુનું શરણું સ્વીકારવું જોઇએ. માંદા માણસને દવા લેવાની છૂટ હોવા છતાં તે ક્યારે લેવી, કેટલા પ્રમાણમાં લેવી, તેના ઉપર શી શી

ચરી પાળવી, વગેરે પૂછવા માટે પણ તેને વૈદ્ય–દાકતર પાસે જવું જ પડે છે. તે જ રીતે નવકારની અંતરમાં આદરપૂર્વક સ્થાપના કરવાની વિધિ સારી રીતે જાણી લેવા માટે સુગુરુનું શરણું અનિવાર્ય ગણાય. ગુરુ પણ, આ સંસારના જોરદાર પ્રવાહમાં સામે પૂરે તરતા હોય તેવા જોઇએ, નહિ કે તેમાં ખેંચાતા અને ડૂબકીઓ ખાતા હોય તેવા.

શરીરમાં જ્યાં સુધી રોગ હોય ત્યાં સુધી દવા લેવી જ પડે. તે રીતે જ્યાં સુધી આપણો આત્મા સંપૂર્ણ નિર્મળ ન બને–સર્વથા કર્મમુક્ત ન બને, ત્યાં સુધી શરીરે સ્વસ્થ છતાં આપણે સહુ રોગી જ ગણાઇએ. આત્મા ઉપરનો કર્મનો મહાવ્યાધિ સર્વથા દૂર કરવા માટે, ભાવરોગનું નિવારણ કરવા માટે સંસારના નાના–મોટા સહુ માનવોએ નવકારનું સેવન કરવું જ જોઇએ. તે સેવનવિધિ ઉત્તમ પ્રકારના સુગુરુ પાસેથી શીખવો જ જોઇએ.

નવકારના જાપથી શરીરમાં જે ઉષ્મા–પ્રભા પ્રગટ થાય છે, તેની અસર આપણને બહારના સાધનો વડે સ્ફૂર્તિ ટકાવી રાખવાની પરાધીન વૃત્તિમાંથી મુક્ત કરાવે છે. નવકારના અક્ષરો જેમ જેમ અંતરમાં ઊંડે ઉતરતા જાય છે, તેમ તેમ મન અને ઇન્દ્રિયોનું બહિર્ભ્રમણ ઘટવા માંડે છે, તેમને પણ અંદરની સુખશાંતિની ગોદમાં લપાઇને બેસી રહેવાની સતત ઝંખના થયા કરે છે. પરંતુ બહારથી સુખ શોધવાના ઘર કરી ગએલા જડ સંસ્કારોના પ્રભાવે આપણું વલણ જેટલું આંતરિક દિશામાં રહેવું જોઇએ તેટલું રહેતું

નથી. નવકારના સહવાસ પછી આ બહિર્મુખતા ઘટવાની સાથોસાથ અંતર્મુખતા વધવા માંડે છે અને તે સહવાસમાં સંપૂર્ણ આત્મીયતા કેળવાયા પછી બહારના જોરદાર હુમલાઓ વચ્ચે પણ સ્થિરતાપૂર્વક ટકી શકાય છે. મજબૂત ખૂંટે બાંધેલી ગાય કે ભેંશ રસ્તે જતા કોઇ નવા વાહન કે પ્રાણીને જોઇને ભડકે પણ છે અને ઘડીભરને માટે કૂદાકૂદ પણ કરી મૂકે છે, છતાં ખૂંટો મજબૂત હોવાના કારણે તે જેમ કોઇને નુકસાન નથી કરી શકતી, તેમ નવકારરૂપી મજબૂત ખૂંટે બંધાએલું મન, કોઇ ચિત્ર-વિચિત્ર પ્રસંગ કે પદાર્થના દર્શને ઘડીભરને માટે કૂદાકૂદ કરી મૂકે, પરંતુ કોઇને વ્યથા પહોંચાડવાની હદ સુધી પહોંચી શકતું નથી; કારણ કે તેના સ્વૈરવિહારને અટકાવનારો ખૂંટો ખૂબ જ મજબૂત છે.

લોકત્રયના કલ્યાણની અનન્ય ભાવનાના અમૃતનું પાન નવકારના સાધકને કરવા મળે છે. કારણ કે નવકારમાં કોઇ નાની વાત કે ઇચ્છાનો અંશ પણ નથી. જીવન માત્રના કલ્યાણનો તે મહામંત્ર છે. આવ્યા પછી ચાલ્યું ન જાય એવું સુખ અપાવવાની નવકારમાં સંપૂર્ણ તાકાત છે. જેમને ક્ષણિક સુખમાં જ રસ હોય તે ભલે બીજે જાય, પરંતુ સાચા સુખના અભિલાષી માત્રને તો નવકારને જ નમવું પડશે. પાંચ પૈસાનો લાભ થતો હોય તે વેપારીને સલામ ભરી શકાય, સમયસર પરવાનો મળતો હોય તો અમલદારને સલામ ભરી શકાય; જ્યારે સુખ, શાંતિ અને મંગલના દાતાર એવા નવકારને સલામ ભરતાં વિચાર કરવો પડે છે!

આપણી આ બહિર્મુખદશાને કારણે જ આપણે આજ

સુધી પરાધીન રહ્યા છીએ. આપણામાં કેટલું બળ છે? તેનો આપણને પૂરેપૂરો ખ્યાલ નથી આવ્યો. શક્તિના પુંજતુલ્ય નવકારના જાપના પ્રભાવે આપણી આ જુગજૂની જડતા જરૂર દૂર થવા માંડશે, આપણને પોતાને આપણી ખરી કિંમતનું સાચું ભાન થશે. આજે આપણને એ ભાન નથી, ત્યારે તો આપણે અમૂલ્ય તત્ત્વોના પક્ષપાતી બનવાને બદલે, ટૂંક મુદ્દતમાં ગંધાઇ ઉઠે એવા જડ પદાર્થોના ઢગલાના માલિક બનીને ફૂલાઈએ છીએ.

અંતરના આસન ઉપર ખૂબ ઉલ્લાસપૂર્વક નવકારને બિરાજમાન કરો. પછી જુઓ, કે મન અને ઇન્દ્રિયો આઠે ય પ્રહર તેની કેવી સરસ સેવા-ભક્તિ કરે છે? બહારનાં સઘળાં તોફાની બળો આપો આપ શાંત થઈ જઇને તમારી આજ્ઞાની રાહ જોતાં ઊભાં રહેશે.

નવકાર, આત્મા અને પરમાત્મા વચ્ચેનો દિવ્ય સેતુ છે. તેને શરણે જવાથી પરમાત્માનું દર્શન સુલભ બની જાય છે. નવકારના પ્રવેશ સાથે જીવનમાં નવલું પ્રભાત ઉઘડે છે, નવી જ આશાઓ અને ભાવનાઓ આળસ મરડીને બેઠી થાય છે અને ચોમેર નવી જ પ્રભા ફેલાતી દેખાય છે.

ચેતનના આવિર્ભાવ અને ઉર્ધ્વીકરણને સર્વથા સાનુકૂળ એવું નખ-શિખ પરિવર્તન નવકારરૂપી મહારસાયણના નિષ્ઠાપૂર્વકના નિયમિત સેવનથી થાય છે.

★

(૧૭)

# કૃષ્ણવર્ણું તેજ

**આ** સંસારમાં પૃથ્વી, પાણી, તેજ વાયુ અને આકાશના જેટલું જ ઉપકારક સ્થાન કાળા, લીલા, પીળા, લાલ અને ધોળા રંગનું છે.

પૃથ્વી, પાણી આદિનો પ્રત્યક્ષ ઉપકાર તેના ઉપયોગમાં વરતાતો હોવાથી આપણે સહુ તેની અનિવાર્યતાને સ્વીકારીએ છીએ. શરીરના સ્થૂલ ઘડતરમાં જેટલા ઉપયોગી છે પૃથ્વી–પાણી આદિ, તેટલા જ ઉપકારક અને અનિવાર્ય છે ઉક્ત પાંચે ય રંગો, આંતરિક સૂક્ષ્મ જીવનના ઘડતર માટે.

કાળો રંગ ગહનતાના ઘડતર માટે.
લીલો શીતળતાના સંપાદન માટે.
પીળો સાત્ત્વિકતા ખીલવવા માટે.
લાલ દાહકતા ફોરવવા માટે.
શ્વેત શિવ, સુંદર અને મંગલને આકર્ષવા માટે.

નવસર્જનનું બીજ સદા અંધકારમાં જ વવાય છે, અંધકારની ગહનતામાં જ તે ઉછરે છે અને પાકટતા હાંસલ કર્યા પછી પ્રગટે છે પૃથ્વીપાટલે.

ગહનતાના શેક અને હૂંફ વિના કોઈ ગુણ કે દ્રવ્ય પોતાનું સત્ત્વવંતુ મૌલિક જીવન પામી ન જ શકે. માટે તો મોતીને ઘેરા રત્નાકરના ઘોર એવા અગોચર કોતરમાં

વસવું પડે છે, શાંતિને પણ અતલ નિઃસ્તબ્ધ મધરાતના અંતરે આળોટવું પડે છે.

અંધકારનું ઊંડાણ અને વ્યાપકતા જેમ વધારે, તેમ તેમાં પાકતાં ગુણ–દ્રવ્યરૂપી રત્નો બેનમુન પાણીદાર અને તેજભારે લહલહતાં.

અંધકાર એટલે ધૂમાડાના ગોટ નહિ, અજ્ઞાનતાનાં વાદળાં નહિ, વિષય–કષાયનાં દળ–કટક નહિ; પરંતુ સાત્ત્વિકતાની ગહનતામાં સ્થિર જ્યોતિર્પુંજનું કૃષ્ણવર્ણું સુભગ તેજ.

આંખની કાળી કીકી વડે જ જગતની સઘળી સુંદરતા પી શકાય છે, એ પ્રત્યક્ષપણે જાણવા અને અનુભવવા છતાં, આપણે અંધકારનું ગૌરવ સ્વીકારતાં અચકાઈએ છીએ, અંધકારની અલૌકિક ગહનતામાં લઈ જનાર ધ્યાન અને આત્મસાધનાના માર્ગ પર પગ મૂકતાં અચકાઈએ છીએ.

કૃષ્ણવર્ણ જો ખરેખર ખરાબ હોત તો આંખની કીકી કાળી ન હોત. કાળી તે કીકી વડે જ બધું જોઈ શકાય અને બધા વર્ણોમાં પ્રવેશ કરી શકાય તેવી અદ્ભુત વ્યવસ્થા ન હોત. તેનામાં વધુ ચમક આણવા માટે કૃષ્ણવર્ણના અંજનનું સંશોધન અને ઉપયોગ ન થાત. નાના બાળકોને કાળા દોરા બંધાય છે તે પણ કૃષ્ણવર્ણની અદ્ભુત પ્રભાવ શક્તિનું સમર્થન જ છે. તે રંગમાં એટલું બધું સામર્થ્ય છે કે ભલભલા પ્રયોગવીરો તેની પ્રતિભા સમક્ષ ઝાંખા પડી જાય છે. ચન્દ્રમાંનો કાળો ડાઘ સૃષ્ટિમાં પ્રકાશ જેટલું જ તિમિરનું મહત્ત્વ પ્રસ્થાપિત કરે છે.

જેને પકવવું છે પાણીદાર જીવનનું મોતી, તેણે અવશ્ય અંધકારની ગહનતાને પીતાં અને પચાવતાં શીખવું જોઇએ. કારણ કે તેના વડે આંતર્જીવનની સપાટીની પાર રહેલા પ્રકાશ સાથે એકરૂપતા સાધી શકાય છે.

સૂક્ષ્મ પરિપકવતા પ્રદાન કરવાનું ગૂઢ સામર્થ્ય છે તિમિરની ગહનતામાં, અંધકારની નિઃસ્તબ્ધતામાં

ઉષા, સંધ્યા અને મધ્યાહ્નનું જે સઘળું આધ્યાત્મિક મહત્ત્વ છે તે પણ જીવનના સર્વતોમુખી વિકાસમાં પૂરેપૂરા સહાયક થતા સંક્રાન્તિના તેજભીના તિમિરકાળને જ પ્રતાપે.

ધ્યાનની ગરમીમાં અંધકારની ગહનતાનો પટ અદ્ભુત ચૈતન્યધારા વહાવે છે. ઠેર ઠેર ભરાઇ રહેલો કચરો ને રજ તે ધારાના પ્રવાહમાં ધોવાઇને સાફ થઈ જાય છે.

કૃષ્ણવર્ણ છે આત્મસાધનાનું પ્રથમ સોપાન. અને તેથી જ પંચમપરમેષ્ઠી એવા ઉપકારી સાધુ ભગવંતોનો વર્ણ પણ શ્યામ સ્થાપવામાં આવ્યો છે. કૃષ્ણ એવી પ્રથમ અવસ્થાના જાગૃતિપૂર્વકના સત્કાર–પૂજનદ્વારા જ વિશ્વ–વિસ્તરતા જીવનને સાધનાનું બીજું સોપાન જડે છે.

જે માનવી કૃષ્ણમાં જ ગોટવાઈ જાય છે તે નીલ, પીત, રક્ત અને શ્વેતને લાયક બની શકતો નથી.

કૃષ્ણવર્ણની ગરમીમાં સંસારના કલણને શોષવાનું અજોડ સામર્થ્ય છે.

દિવસને પ્રકાશ બક્ષનારા રાત્રીના અંધકાર જેટલું જ જીવનને મુક્તિ બક્ષનારા કૃષ્ણવર્ણનું આ સંસારમાં મહત્ત્વ છે.

★

(૧૮)

# ચાલો મહાસાગરમાં ઝીલવાને

નમો અરિહંતાણં એટલે સર્વ કલ્યાણમયભાવનું ઉર્ધ્વીકરણ.

નમો સિદ્ધાણં એટલે સર્વ કલ્યાણમયભાવનું સ્થિરીકરણ.

નમો આયરિયાણં એટલે સર્વ કલ્યાણમયભાવનું પ્રસરણ.

નમો ઉવજ્ઝાયાણં એટલે સર્વ કલ્યાણમયભાવનું સિંચન.

નમો લોએ સવ્વસાહૂણં એટલે સર્વ કલ્યાણમયભાવનું શુદ્ધીકરણ.

નમો અરિહંતાણં એટલે તેને જપનારનું સર્વથા (સમ્યક્) રક્ષણ.

નમો સિદ્ધાણં એટલે તેને જપનારને સર્વથા (સમ્યક્) ધ્યાનની સુપ્રાપ્તિ.

નમો આયરિયાણં એટલે તેને જપનારમાં આજ્ઞા-

પાલનની (આચાર ધર્મની) સર્વથા યોગ્યતાનું (સમ્યક્) પ્રગટીકરણ.

નમો ઉવજ્ઝાયાણં એટલે તેને જપનારમાં અધ્યયનને યોગ્ય બનાવનારી સર્વથા (સમ્યક્) યોગ્યતાનું પ્રગટીકરણ.

નમો લોએ સવ્વસાહૂણં એટલે તેને જપનારમાં સાધનાની યોગ્યતાનું સર્વથા (સમ્યક્) પ્રગટીકરણ.

નમો અરિહંતાણં એટલે મનનું શુદ્ધીકરણ.
નમો સિદ્ધાણં એટલે અંતઃકરણનું શુદ્ધીકરણ.
નમો આયરિયાણં એટલે બુદ્ધિનું શુદ્ધીકરણ.
નમો ઉવજ્ઝાયાણં એટલે અખંડ વિનય.
નમો લોએ સવ્વસાહૂણં એટલે પંચેન્દ્રિયજય.

સફેદ, રક્ત, પીળો, લીલો અને શ્યામ છે રંગ જેમનો તે શ્રીપંચપરમેષ્ઠિ ભગવંતોના સતત જાપના યોગે અંતઃસૃષ્ટિમાં અપૂર્વ એકવાક્યતા સ્થપાય અને તે પછી સાધક સ્વપર–કલ્યાણની ભાવનાવાળાં ઉત્તમ કાર્યો સરળતા પૂર્વક પાર પાડી શકે.

શ્રીનમસ્કાર મહામંત્રની ચૂલિકાનાં જે પદો છે તે આત્માને તથા કરણોને ઉક્ત મહામંત્ર સાથે તદ્રૂપતા સાધી આપવામાં પૂરતું બળ પૂરું પાડે છે તેમ જ તત્ત્વનું સર્વ સમાધાન પૂરું પાડે છે.

અણમોલ છે ઉક્ત મહામંત્ર.

તેને જો તથાપ્રકારનો ભાવ અપાય, તો જીવનમાં સર્વત્ર તેનું શાસન સ્થપાય અને પછી તો તેને અણગમતું

એવું, કે તેની આજ્ઞાવિરુદ્ધનું હોય એવું કોઇ કામ આપણે કરી જ ન શકીએ.

વિદ્યાર્થી જે રીતે અધ્યયનને, સિપાહી સેનાપતિની આજ્ઞાને, કલાકાર કલાને, કે સંગીતકાર સંગીતને ઉંચો ભાવ આપીને પોતાની લઘુતાનો અત્યંત વિનમ્રતાપૂર્વક સ્વીકાર કરીને જીવનમાં તેને સ્થાપવાનું સઘળું બળ મેળવી શકે છે તેમ જે કોઈ ભવ્યાત્મા, જેમ પુષ્પ શાખાને કે સરિતા સિંધુને સમર્પિત થાય છે તેવા જ ભાવ સાથે ઉક્ત પરમમંત્રને ચરણે પોતાની જાતને સમર્પી શકે છે, તેનું જીવન ત્રણે ય લોકને આદરણીય બને છે.

કેમ કે જેવું આલંબન તેવું ઉત્થાન.

જે જેટલા અંશે તે આલંબનમાં પોતાની જાતને ઓગાળી શકે તે તેટલા અંશે ઉંચો આવે. મતલબ કે તેટલા અંશે તેના જીવનની મૌલિક વ્યાપક્તા પ્રગટે, તેટલા અંશે તે અન્ય જીવાત્માઓને સ્વાત્મવત્ ઓળખી શકે. જે પુણ્યાત્મા ધ્યાનરૂપી અગ્નિના નિર્ધૂમ પ્રકાશમાં પોતાની જાતને સર્વથા લુપ્ત કરી દેવાની અવસ્થાએ પહોંચે છે તેના શ્વાસમાત્રની સુંગધથી પણ સંસારની સઘળી દુર્ગંધ (વાસનાઓ) દૂર નાસી જાય છે અને ઉત્કૃષ્ટ કારુણ્યરસ તેના જીવનમાં ઊભરાવા માંડે છે.

એવું જીવન પામવા કાજે, ચાલો સહુ નમસ્કાર મહામંત્ર રૂપી મહાસાગરમાં ઝીલવાને.

★

(૧૯)

# નવકારમાં શું નથી ?

મંગલમય શ્રીનવકાર સ્વયં સંપૂર્ણ છે.

ભક્તિભાવભર્યા અંતરે જેઓ તેની પાસે જે માગે છે તેઓને તે મળે છે.

સાધ્યાસાધ્ય સઘળા રોગો શ્રીનવકારરૂપી પરમ ઔષધિવડે મટે છે.

જીવનચંદ્રને લપટાવા દોડા-દોડ કરતાં શોકનાં ભારે વાદળાં, શ્રીનવકારના માત્ર પદસંચારથી અલોપ થઇ જાય છે.

શ્વાસને ગૂંગળાવતી ચિંતાની ચીકણી રજ, શ્રીનવકારના માત્ર એક જ ઘુંટમાં સાફ થઈ જાય છે.

જીવનને ચૂસવા મથતા ભયના અજગરનો ભરડો, શ્રીનવકારનું તેજ-કિરણ પડતાં જ છૂટી જાય છે.

કષાયોનો અનર્થકારી પવન, શ્રીનવકારમાંથી પ્રગટતા પ્રજ્ઞાના શીળા તેજને છબી પણ શકતો નથી, છબવા જતાં તેનાં ગાત્ર ઢીલાં પડી જાય છે; તેના શ્વાસોચ્છ્વાસ થંભી જાય છે.

અસહાય હાલતમાં જીવનની ઘડીઓ ગણનારો માનવી, જો અનન્ય નિષ્ઠાપૂર્વક શ્રીનવકારને શરણે જાય તો તેનો દિવસ જરૂર બદલાઈ જાય. તેના ગાત્રોમાં નવું ચેતન આવે, તેની બુદ્ધિમાં નવો પ્રકાશ આવે, તેના હૃદયમાં સાત્ત્વિક શ્રદ્ધા જન્મે અને તેની દૃષ્ટિમાં નવું પવિત્ર તેજ આવે. દુઃખથી દબાઇને જીવવાને બદલે, દુઃખને જીતવાની સર્વ કળાઓમાં તે પારંગત બને.

પરમતત્ત્વમય શ્રીનવકારનો અક્ષર આંતરશરીરના જે ભાગને સ્પર્શે છે, ત્યાં અદ્ભુત ઝંકાર ઉત્પન્ન થાય છે. તે ઝંકારમાંથી પ્રગટતી સૂક્ષ્મ શક્તિવડે, આત્મપ્રદેશોને આલિંગીને પડેલી કર્મોની અતિશય ચીકણી અને બેડોળ રજ ધીમે ધીમે છૂટી પડવા માંડે છે અને જીવનમાં અનોખી હળવાશનો સંચાર થાય છે.

શ્રીનવકારના અડસઠ અક્ષરોનું સંયોજન સૃષ્ટિરચનાની જેમ પૂર્ણ, પ્રમાણસરનું અને અધ્યાત્મ-વિજ્ઞાનની સર્વ ગૂઢસમસ્યાઓને ધારણ કરનારૂં છે.

તેના અક્ષરોમાં જે પરોવાઈ જઈ શકે તેનું તેજ, કાન્તિ અને બળ સૂર્ય, ચંદ્ર અને ઇન્દ્રને પણ ઝાંખા પાડે.

ત્રણે ય જગતના પ્રગટ અને અપ્રગટ સઘળા મન્ત્રો, મહામન્ત્ર શ્રીનવકારમાંથી જન્મ્યા છે.

સંસારના મહાકાવ્યને ઝાંખું પાડે એટલું ઊંડાણ છે શ્રીનવકારમાં. કથા-સાહિત્યના સર્વશ્રેષ્ઠ ગ્રન્થોનું જન્મસ્થાન પણ શ્રીનવકાર જ છે. દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગ પણ શ્રીનવકારની અંદર છે.

સર્વજ્ઞ શ્રીતીર્થંકર ભગવાનના સર્વજ્ઞત્વની ગૂઢ વસ્તુને કાનમાં કહી જનારા શ્રીનવકારમાં શું ન હોય ?

આવો પરમમંગલકારી પરમમન્ત્ર જે મહાપુણ્યશાળી આત્માને મળી જાય તે ન વાંચ્છે દેવ-દેવેન્દ્રનું પદ, ન રાખે ચક્રવર્તીના સુખ-ભોગની લાલસા. રાગ-દ્વેષનો ઝેરી પટ તેના સૂક્ષ્મશરીરને સ્પર્શી પણ ન શકે. સ્વ-મંગલ, પર-મંગલ અને સર્વ-મંગલના મનોરથ તેના હૈયે સદા રમતા હોય. તેની ચાલમાં મંગલનું સંગીત ગૂંજતું હોય, વાણીમાં મંગલની સુગંધ મહેકતી હોય, વર્તનમાં મંગલનું તેજ ખીલતું હોય, તેના આંગણે સદા મંગલ હોય. તેના જીવનનો કણે કણ મંગલભાવે રસ્યો હોય. જે જે મળે, તેને તે મંગલમાં યોજે, અમંગલ સિવાય બીજું કશું ન ખોવાનું હોય તેને, સર્વ મંગલનું જ સાહિત્ય તેના ઘરમાં હોય, મંગલકર મહાપુરુષોની સેવામાં તે ઉલ્લાસ અનુભવે. મંગલકારી અનુષ્ઠાનો જોઇને તેની આંખો ઠરે, અંતર રીઝે પરમ મંગલ પદે બિરાજતાં, શ્રીતીર્થંકર ભગવંતોની ભક્તિમાં તેની મંગલકર પ્રભા ગૂંથાએલી રહે.

અનંતકાળના અનંતાનંત આત્માઓએ જેને સાચા ભાવપૂર્વક જપ્યો છે તે શ્રીનવકારનો વિશ્વવ્યાપી પ્રભાવ, વિશ્વના નવકારપ્રેમી સર્વઆત્માઓનું સદા શ્રેયઃ કરે છે.

હૃદય-સિંહાસને શ્રીનવકારની પધરામણી એટલે પંચ પરમેષ્ઠિ ભગવંતોની પધરામણી.

પોતાના આંગણે એકાદ મોટો અમલદાર કે પ્રધાન

આવે છે તો પણ માનવી તેના અપૂર્વ સ્વાગત માટે પોતાના ઘરની તેમ જ બહારથી લાવેલી ઉત્તમ વસ્તુઓ વડે ઘરને શણગારે છે અને આવનારા મહાનુભાવને જરા સરખી પણ ઓછપ ન વરતાય તેવું સુંદર વાતાવરણ ઊભું કરે છે.

–તો પછી પંચ પરમેષ્ઠિ ભગવંતોની ભાવપધરામણીના અણમોલ અવસર ટાણે આપણી તૈયારી કેવી હોવી જોઇએ ? આપણો ઉત્સાહ કેવો હોવો જોઇએ ?

પરંતુ આજે આપણું મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો બીજે રોકાએલી–ગૂંથાએલી હોવાથી આપણને નવકારની કિંમત સમજાતી નથી. સ્થૂલ બુદ્ધિ અને ઇન્દ્રિયોને જે કાંઇ ગમી જાય છે તેની કિંમત આંકવાની પડેલી જૂની ટેવ આપણને નવકારની અપાર શક્તિ મેળવવાથી વંચિત રાખે છે.

નાટક, સીનેમા ને ભવાઇના માત્ર મનોરંજક લેખાતા પ્રસંગોને આપણે પૂરો ભાવ આપી શકીએ છીએ, પરંતુ આપણા જીવનની પવિત્રતા અને તેના પ્રાણાધાર સમા નવકારને નથી ઓળખી શકતા. તેને ભાવ આપવાની, તેની સાથે ન્યાયના ધોરણે વર્તવાની વાત આવે ત્યારે દલીલ–બાજીદ્વારા છટકી જવાની પેરવીમાં પડીએ છીએ.

કિંમત જરૂર આંકો, ભાવ અવશ્ય આપો; પરંતુ જે કિંમતપાત્ર નથી તેની કિંમત આંકીને કિંમતી જીવનની ક્ષણોને બરબાદ કરવાનો શો અર્થ ? જેને ભાવ આપવાથી કેવળ ભવ જ વધતો હોય તેનો વિચાર આપઘાત સરખો જ ગણાય ને !

નવકારમાં બધું છે, જે તેનામાં ઓતપ્રોત થાય છે તેને તે સારી રીતે સમજાય છે. દિવસ-રાત બહાર રખડનારા પુરુષનો સઘળો ઘર-વ્યવહાર કથળી જાય છે, તો દિવસ-રાત પરભાવમાં રાચવાને કારણે પોતાના આત્મ-ઘરની આજે શી સ્થિતિ થઈ રહી છે તેનું ભાન બહુ જ ઓછા માણસોને છે.

એક પ્રયોગ ખાતર પણ પ્રયોગવીરની તમન્ના અને દૃષ્ટિ સાથે શ્રીનવકારનો સહવાસ મહિના-બે મહિના પૂરતો તો રાખો ! તેટલા સમયમાં પણ તે આખી જીંદગી દરમ્યાન નહિ જોએલા અને નહિ અનુભવેલા અદ્ભુત પ્રસંગો વડે જીવનને સારભૂત બનાવી દેશે.

જે પરિપૂર્ણ છે, તેની જ મૈત્રી અને ભક્તિ હોય.

જે વેપારમાં ખોવાનું કશું ન હોય અને કમાવાનું પુષ્કળ હોય તે વેપાર કોને ન ગમે ?

નવકારની ભક્તિ એ પણ એકાંતિક લાભનો ઉત્તમ પ્રકારનો વેપાર છે, તેમાં ખોવાનું કશું નથી, કમાવાનું ઘણું છે.

નવકાર જ્યાં પગ મૂકે છે ત્યાં કુબુદ્ધિનો અંધકાર ટકી શકતો નથી, સંકુચિત વૃત્તિઓ નભી શકતી નથી, જે સુંદર અને સત્ત્વમય હોય છે તે જ જીવનને રુચે છે.

આવા નવકારના અજવાળે સહુનાં જીવન ઉજ્જવળ અને મંગલમય બનો.

✶

(૨૦)

# પધારો હૃદય મંદિરિયે

પધારો! હે પંચ પરમેષ્ઠિભગવંતો! મુજ રંકના હૃદય-મંદિરિયે!

આપના પુનિત પગલાંની અપેક્ષામાં, મારી દુન્યવી સર્વ અપેક્ષાઓ શૂન્યવત્ બની ગઈ છે. 'એક દિવસ આપની પધરામણી અવશ્ય થવાની જ છે' એવું સમજીને મેં આજ સુધી ખાલી રાખ્યું છે મુજ હૃદય-સિંહાસન, કારણ કે જો આપના સિવાય અન્ય કોઈને ત્યાં પધરાવી દઉં, તો મધ-રાતની કોઈક મંગલ પળે આપ એકાએક પગલાં કરો ત્યારે શી દશા થાય મારી?

આપના મંગલમય સંસ્મરણમાં લીન મારું શ્વાસો-ચ્છ્વાસનું સંગીત આપને સંભળાતું તો હશે જ, છતાં સંભળાતો નથી પદરવ આપનો. તે એમ જ સૂચવે છે કે આપ નહિ, પરંતુ હું જ દૂર થયો છું આપનાથી. કારણ કે દુનિયામાં ડહાપણના દીવા સમાન લેખાતા પુરુષો તો એમ જ કહેતા આવ્યા છે અને આજે ય કહે છે કે 'ભગવાન કદી એના ભક્તથી દૂર થતા જ નથી.'

—તો પછી શું મેં જ આપને દૂર કર્યા? આંગણે

પધારેલા આપને ઓળખવામાં ભૂલ કરી ? આછી-પાતળી સમજ અને શ્રદ્ધાના પ્રકાશમાં જો ન ઓળખી શક્યો હોઉં આપને, તો હે કરૂણાનિધાન! મને માફ કરજો. તમારી ચરણરજ ગણાઉં હું તો, શું મને તરછોડીને આપ જશો બીજે રસ્તે? આપના પાદસ્પર્શના યુગ-યુગના મુજ કોડ પણ અધૂરા જ રહેશે કે શું ?

મુજ હ્રદય-મંદિરના હે પ્રભુ ! આપને પધારવાના ચોક્કસ સમયથી અજાણ હું દિન-રાતની મારી બધી પળો આપને સત્કારવાના અનન્ય અજંપામાં જ વીતાવું છું.

આપના સત્કારની સર્વ સામગ્રી પણ તૈયાર રાખી છે.

પ્રભુ ! આપને પાંપણથી પંખો ઢોળીશ, નયનોથી નમન કરીશ. એકદીલથી અંતરનું આસન સમર્પીશ.

આપના દર્શનની ઝંખનાના અમૃત સ્પર્શે, 'મારા-પણા'નું સઘળું વિષ સર્વથા અદૃશ્ય થઈ ગયું છે. તો પછી હે અમૃતમય ભગવંત! આપના નામના રટણ અને આપની જ અમૃતવર્ણી પ્રતિમાના દર્શનથી હું ખરેખર ધન્ય ! ધન્ય ! બની જાઉં, તેમાં આશ્ચર્ય જેવું શું છે ?

અને જો આપના દર્શન પછી આંખ, અંતર અને આત્મામાં આપને નમવાના, આપની આભ આંબતી ગરિમામાં સમાવાના રુડા ભાવ જાગે તો મારો જન્મારો સફળ થઇ જાયને ?

એટલા માટે હું આપને લળી લળીને વિનવું છું કે, કર્મોની ઠોકરે ચઢેલા મને આપ ન ઠુકરાવશો. હે ભગવંત!

આ સંસારમાં એક આપ જ 'મારા' છો. આપનામાં જ શમે છે 'મારાપણા'નો સઘળો ભાવ. આપ ચાલ્યા જાઓ એટલે પછી હું રહું કોના માટે? જીવું શી રીતે?

હે પરમેષ્ઠિભગવંતો! શું કરૂં કે હૃદય નાનું છે મારું. અન્યથા ત્યાં ગૂંજતું આપની ભક્તિનું સંગીત એ બુલંદી પર પહોંચ્યું હોત કે આખા સંસારને આપના પ્રત્યેની મારી પ્રીતિની પારખ થાત. અધ્ખૂલ્યું મુજ હૃદય-પદ્મ આપના જ સ્પર્શની પ્રતીક્ષામાં નાચી રહ્યું છે.

હે પંચ પરમેષ્ઠિભગવંતો! જન્મોજન્મના કર્મમળને નિર્મૂળ કરતી આપના સંસ્મરણની પવિત્રતાના પ્રકાશને હું કઈ રીતે બીરદાવું? શું શું સમર્પું આપને? શી વિધ વંદું આપને?

ધન્યતમ હશે એ અપૂર્વ અવસર મારા જીવનનો, કે જ્યારે આપ મને સ્વીકારશો; મારૂં જીવન આપના ભેટણાજોગ બનશે.

વિશ્વના અણુએ અણુમાં સતત ગૂંજતું પરમમંગલમય જીવનનું શાશ્વત સંગીત હે ભગવંતો! આપના પરમમંગલમય જીવનને જ આભારી છે ને?

આપની ભક્તિના યોગે જાગેલી ભાવનાના બળ વડે, હે કરુણાસિંધુ ભગવંત! ત્રણે ય કાળના મારા સર્વ જન્મોનું સઘળું જીવન-ધન હું આપના ચરણોમાં સમર્પું છું. આપની ભક્તિના યોગે મળે જે કાંઈ મને, તે બધું આપની જ ભક્તિ સિવાય બીજે વાપરી નાખવાનો શો હોઇ શકે અધિકાર મને?

ધન્ય હો એ જીવન, કે જ્યાં અહર્નિશ ગૂંજે છે સંગીત પંચ પરમેષ્ઠિભગવંતોની ભક્તિનું!

★

(૨૧)

# શ્રીનવકાર નિષ્ઠા

ખાતાં–પીતાં, ઉઠતાં–બેસતાં, વિચાર કરતાં અને નાનું કે મોટું કાર્ય કરતાં, જે આત્મા જગત પ્રત્યેની પોતાની જવાબદારી પ્રત્યે સજાગ નથી રહેતો તેને કર્મના વિશ્વનિયમ અનુસાર તેની સજા ભોગવવી જ પડે છે.

ભલે પછી તે રાજા હોય કે રંક, સાક્ષર હોય કે નિરક્ષર, શ્રીમંત હોય કે ગરીબ, ગૃહસ્થ હોય કે સાધુ, સ્ત્રી હોય કે પુરુષ, બાળક કે યુવાન, દેવ હોય કે નારક, પશુ હોય કે પંખી, પરંતુ તે દરેકને કર્મના વિશ્વનિયમના ભંગની સજા ભોગવવી જ પડે.

જીવોનાં જીવન જ્યારે સંપૂર્ણ કષાયમુક્ત બને, 'અહં અને મમ' વિહોણાં બને, મોહની જેલ તોડીને સ્વતંત્ર બને; જીવમાત્રના હિતનાં સંરક્ષક અને સંવર્ધક બને, ત્યારે જ તેઓ કર્મના વિશ્વનિયમનું પાલન વિશુદ્ધપણે કરી

શકે અને ત્યારે જ તેમના આત્માના કેવળજ્ઞાન, કેવળદર્શન અને કેવળચારિત્ર ગુણનું પ્રગટીકરણ થાય. ત્યાં સુધી તો એ પાલન રણભૂમિમાં જૂઝવાની જેમ કરવાનું રહ્યું.

અનેક જન્મો સુધી જે મહામંત્રની આરાધના કર્યા પછી કર્મના વિશ્વનિયમને અખંડપણે પાલન કરવાની ક્ષમતા પ્રાપ્ત કરીને જે પરમપુરુષો જગચિંતામણિ, જગનાથ, જગગુરુ, જગરક્ષક, જગબંધુ અને જગસાર્થવાહ, આદિ ઉચિત આભરણોને સ્વ-કંઠે ધારણ કરનારા બન્યા છે, તે મહામંત્ર શ્રીનવકારમાં સન્નિષ્ઠા કેળવ્યા સિવાય, આપણે કર્મના વિશ્વનિયમના પાલનની સંપૂર્ણ ક્ષમતા પ્રાપ્ત નહિ કરી શકીએ અને તે સિવાય આપણો ઉદ્ધાર નહિ થાય, તે એકને એક બે જેવી સ્પષ્ટ હકીકત છે.

સન્નિષ્ઠા એટલે પરમશ્રદ્ધા.

જેવી બાળકને પોતાની માતામાં હોય છે તેવી, ફળને ડાળીમાં હોય છે તેવી, ડાળીને થડમાં હોય છે તેવી, થડને મૂળમાં હોય છે તેવી, મૂળને-માતા ધરતીમાં હોય છે તેવી અને સરિતાને સાગરમાં હોય છે તેવી.

એવી અવિચળ શ્રદ્ધા પ્રગટે કઇ રીતે ?

નવકાર જ મારૂં જીવનસર્વસ્વ છે. નવકાર જ મારી માતા છે, નવકાર જ મારા પિતા છે, નવકાર જ મારા બંધુ છે, નવકાર જ મારા સ્વજન છે, નવકાર જ મારા મિત્ર છે, નવકાર જ મારા જન્મોજન્મના ઉપકારી છે, નવકાર જ મારા ગુરુ છે અને નવકાર જ મારા એક

માત્ર તારક છે. આ સંસારમાં પુણ્યના યોગે હું જે સુખ-શાંતિ અનુભવી રહ્યો છું, તે બધો પ્રતાપ નવકારનો જ છે. કોઇ જન્મમાં મને થએલા નવકારના સુયોગના પ્રભાવે જ હું વર્તમાન જન્મમાં ઉત્તમ માનવજીવન, ધર્મની સામગ્રી અને દેવગુરુના સુયોગનો ભાગી થયો છું. નવકારની જ આછી પાતળી ભક્તિના પ્રભાવે મારી ઇન્દ્રિયો સાબૂત છે, મારી શ્રદ્ધા સજીવ છે, મારી બુદ્ધિ સતેજ છે, મારા જીવનમાં ઉદ્વેગના વેગ મંદ છે. ઉત્તમ જીવનની આરાધનાની જે કાંઇ સામગ્રી મને આ જન્મમાં મળી છે, તે બધો ઉપકાર નવકારનો જ છે. જે સાનુકૂળતા અત્યારે મને વર્તાઈ રહી છે તેની પાછળ કારણરૂપે નવકાર જ છે, નવકારની થોડા સમયની પણ આરાધના જ છે.

આવી ઉજ્જવળ ભાવના ભાવતાં ભાવતાં આપણું હૈયું જરૂર નવકારમાં ભક્તિઘેલું થઈ જાય. આપણામાં રહેલી નવકાર પ્રત્યેની થોડી ઘણી અશ્રદ્ધા પણ જરૂર દૂર થઈ જાય. વાતવાતમાં બહાર ભટકવા જવાની આપણા મનની અસ્થિરતા જરૂર ઓછી થઇ જાય. દુષ્કૃતને નિંદવાની અને સુકૃતને અનુમોદવાની જીવંત-ભક્તિનો ઝરો જરૂર આપણા સૂકા જીવનપટ ઉપર પુનઃ વહેતો થઈ જાય.

કર્મના વિશ્વનિયમ અંગે ઘણું ઘણું જાણતા હોવા છતાં, તેના પાલન સમયે આપણામાં જે શિથિલતા પ્રવેશી જાય છે તેના કારણની તપાસ કરીએ તો આપણને તરત સમજાય કે આપણામાં રહેલો પરભાવ, તે નિયમને આપણા

આંગણે આવતાં જ અપમાન કરીને કાઢી મૂકે છે. તે કદાચ મોં વકાસીને થોડીકવાર ઉભો રહે તો પણ આપણે તેની સામે જોવા સુદ્ધાંની દરકાર કરતા નથી અને તેથી જ આપણું જીવન 'સર્વકલ્યાણભાવસમૃદ્ધ' બનવાને બદલે દિન-પ્રતિદિન 'ક્ષુદ્રતાદિદોષસંચયઘર' સમું બનતું જાય છે.

આપણી આ સ્થિતિ માત્ર દુઃખદ નહિ, અતિશય દુઃખદ ગણાય, શોચનીય ગણાય, ભારે ચિંતા ઉપજાવનારી ગણાય, ક્ષુધા-તૃષાને થંભવી દેનારી ગણાય. તેના નિવારણ માટે આપણે સહુએ વિના વિલંબે શ્રીનવકારનું શરણું સ્વીકારી લેવું જોઇએ. નવકારની આરાધનામાં ઓતપ્રોત થઈ જવું જોઇએ.

નવકારની આરાધનાથી આપણને વિશ્વના સર્વ શ્રેષ્ઠ આત્માઓનો સુયોગ થશે. તેમના પરમપવિત્ર જીવનનો પ્રકાશ આપણા જીવનમાં દાખલ થશે, તે પ્રકાશના પ્રભાવે આપણા આધ્યાત્મિક જીવનને વેર-વિખેર કરી નાખનારા પ્રમાદ, અવિરતિ, કષાય, મિથ્યાત્વ અને યોગનું બળ ઓછું થઇ જશે. કર્મોના નિબિડ ઘનમાં છૂપાયેલો આપણો આત્મ-દિવાકર પ્રકાશિત થશે. કર્મના વિશ્વનિયમને પાળવાની આપણી શક્તિમાં વધારો થશે, શાશ્વતસુખની દુનિયાના રાજમાર્ગ ઉપર આપણે મક્કમપણે પગલાં ભરી શકીશું, તે માર્ગ ઉપરથી આપણને દૂર હઠાવવા મથતા બળોની સામે જૂઝવામાં રહેલા ગૌરવનો સાચો અર્થ આપણે સ્પષ્ટપણે સમજી શકીશું, કોઈ કદી ન છીનવી શકે એવું આત્માનું

જે સુખ છે, તે જ સાચું છે, એવી આપણને દૃઢ પ્રતીતિ થશે.

નવકારનિષ્ઠા એટલે મોક્ષનિષ્ઠા. મોક્ષનિષ્ઠા એટલે સર્વાત્મભાવનિષ્ઠા. સર્વાત્મભાવનિષ્ઠા એટલે સ્વાત્મભાવનિષ્ઠા. સ્વાત્મભાવનિષ્ઠા એટલે કર્મના વિશ્વનિયમના પાલનમાં નિષ્ઠા અને કર્મના વિશ્વનિયમના પાલનમાં નિષ્ઠા એટલે આપણું કર્તવ્ય. તેના પાલન માટે શ્રીનવકારમાં નિષ્ઠા કેળવવી જ પડે.

કર્મનો વિશ્વનિયમ જ એવો છે કે શ્રીનવકારમાં પૂરેપૂરી નિષ્ઠા નહિ કેળવી શકનાર આત્મા કદી તેનું યથાર્થપણે પાલન ન કરી શકે.

કર્મના વિશ્વનિયમનું મન વચન કાયાની એકવાક્યતા-પૂર્વક પાલન કરીને જે પરમ પવિત્ર આત્માઓ ભૂતકાળમાં મોક્ષે પધાર્યા છે, વર્તમાનમાં પધારી રહ્યા છે અને ભવિષ્યમાં પધારવાના છે, તે બધા જ આત્માઓનો આત્મપ્રકાશ શ્રીનવકારમાં પૂરેપૂરો સમાયેલો હોવાથી તેનામાં સન્નિષ્ઠા કેળવનાર આત્મા કર્મના વિશ્વનિયમને પાળવાની પોતાની શક્તિમાં દિનપ્રતિદિન વધારો કરીને મોક્ષના અક્ષય સુખનો ભાગી બની શકે છે.

'આપણામાં જેવો આત્મા છે, તેવો જ આત્મા ત્રણે ય જગતના જીવ માત્રમાં છે' એ અનંતજ્ઞાની ભગવંતોના વચનમાં સોએ-સો ટકાની શ્રદ્ધા કેળવીને કોઈ જીવને જાણતાં કે અજાણતાં મનના વ્યાપારથી, વાણીના વ્યવહારથી કે શરીરના વર્તનથી દુઃખ ન પહોંચાડવું, બીજાઓ

મારફત પણ તેવું વર્તન ન કરાવવું, તેમ જ જેઓ તેવા વર્તનમાં રસ ધરાવતા હોય તેમનું જરા પણ સમર્થન (અનુમોદન) ન કરવું, એ છે કર્મનો વિશ્વનિયમ.

શ્રીનવકારની ઉચ્ચતમ આરાધના વડે કર્મના આ વિશ્વનિયમના દ્રષ્ટા બનેલા સઘળા સર્વજ્ઞભગવંતોએ ત્રણે જગતના સર્વજીવોના શુભની ખાતર એ વિશ્વનિયમના પાલનની શક્તિ મેળવવા માટે શ્રીનવકારની જ સન્નિષ્ઠા-પૂર્વકની આરાધનાનો સહુને બોધ કર્યો છે.

નવકારનિષ્ઠા સિવાય કદી નહિ પાંગરે પૂર્ણ જીવન અને તેના સિવાય કદી નહિ પાળી શકાય કર્મનો વિશ્વનિયમ.

એટલે કે નવકારનિષ્ઠા વિહોણા જીવનને સંસારના ધક્કે જ ચઢવું પડશે.

સર્વોત્તમભાવના પરમસત્ત્વવડે છલકાતા શ્રીનવકારના અમૃતકુંભ'શા પ્રત્યેક અક્ષરમાં ત્રણે જગતના સર્વ આત્મા-ઓની ગતિ હો ! સહુની નિષ્ઠાના મૂળમાં શ્રીનવકાર વસો !!

★

**બધું જાય તો ભલે જાય, પણ ન જવા દેશો એક શ્રીનવકારને. હશે જ્યાં સુધી શ્રીનવકાર તમારા હૈયામાં, ત્યાં સુધી રહેવા જેવું બધું તમારી પાસે જ રહેશે, તમારી સેવા કરશે, અને છૂટશે તો પણ તમારૂં કામ પૂર્ણ કર્યા પછી જ.**

(૨૨)

# શ્રીનવકાર મહામંત્રની આરાધના

ઉતાવળમાં જેમ તેમ ખાધેલા અને શાંતિપૂર્વક બરાબર ચાવીને ખાધેલા ખોરાકની અસરમાં જેમ મોટો તફાવત રહે છે, તેમ ઉતાવળમાં જેમ તેમ બોલી નાખેલા અને ઉલ્લાસ અને શાંતિપૂર્વક બરાબર શુદ્ધ ઉચ્ચારપૂર્વક બોલાએલા નવકારની અસરમાં પણ ઘણો ઝાઝો તફાવત રહે છે.

ઉતાવળ અને અશાંતિપૂર્વક કરાએલા કોઈ પણ નાના-મોટા કામનાં મૂળ ઊંડાં ઉતરતાં જ નથી. બહારનો એક ધક્કો લાગતાં જ તે ઉખડીને પડી જાય છે; ક્ષણિક અસર મૂકીને તરત જ નાબૂદ થઈ જાય છે.

કામ જેવું હોય તેવી રીતે જો તેને જાત સોંપાય તો જ તેમાં બરાબર સફળ થવાય.

નવકારના જાપનું કાર્ય, નોકરી-ધંધા જેવાં સ્થૂલ કાર્યોની અપેક્ષાએ ઘણું જ સૂક્ષ્મ છે; કારણ કે શરીરબળથી

પતી જાય તેવું તે નથી. તેને સફળ બનાવવા માટે શરીર બળ ઉપરાંત મનનું બળ અને હૃદયની આસ્થાની પણ પૂરી જરૂર પડે છે, તે સિવાય તેમાંથી જોઇએ તેટલું બળ મેળવી શકાતું નથી.

જેમ દામ આપ્યા સિવાય વસ્તુ ન મળે તેમ બળ–ભાવ આપ્યા સિવાય કામ ન ફળે. લાકડું ચીરવું હોય તો ધારદાર કુહાડી વડે તેના ઉપર બરાબર ધારીને ઘા કરવો પડે છે; તેમ જ ઘા કરવા માટે ઘા કરનારને પૂરૂં બળ પણ વાપરવું પડે છે, ત્યારે જ તે લાકડું ચીરાય છે અને ચૂલામાં ખોસવા લાયક બને છે. પરંતુ લાકડાના થડ ઉપર કેવળ કુહાડીની ધાર ઘસવાથી તે જેમ ન ચીરાય, તેમ નવકારના અક્ષરોને કેવળ જીભથી બોલી નાખવાથી તેની જોઇએ તેવી ઊંડી અને વ્યાપક અસર ન થાય. તેવી અસર નીપજાવવા માટે તેનામાં ઉલ્લાસપૂર્વક મનને પરોવી દેવું જોઇએ; હૃદયને સમર્પી દેવું જોઇએ. ટૂંકમાં એવું વાતાવરણ જગવવું જોઇએ કે નવકારનું વાતાવરણ અભેદ્ય-પણે ચોમેર છવાએલું રહે.

નવકારના અક્ષરોમાં જે સૂક્ષ્મ શક્તિ છૂપાએલી છે તેને પ્રગટ કરવાની વિધિ પણ સૂક્ષ્મ જ છે. સ્થૂલને સ્થૂલ મેળવે તેમ સૂક્ષ્મને સૂક્ષ્મ જ મેળવી શકે. અને તે વિધિનો મંગલ–પ્રારંભ પણ સૂક્ષ્મ ચૈતન્યના સમષ્ટિકરણના ઉત્કૃષ્ટ હેતુપૂર્વક જ થતો હોય છે.

નવકારને લાયક બનવા માટે, સાદો અને સાત્ત્વિક

ખોરાક લેવો જોઈએ. તીખા તમતમતા પદાર્થો લેવાની ટેવ હોય તો તે છોડી દેવી જોઇએ. આંતર પ્રક્રિયામાં સફળતા રહે તે ખાતર પેટને થોડુંક ઊણું રાખવું જોઇએ, પાણી પણ બને ત્યાં સુધી ઉકાળેલું તેમ જ હલકું પીવું જોઇએ. જેમ બને તેમ શરીરને ખોરાક-પાણી પચાવવાની સતત કામગીરીમાંથી મુક્ત રાખવાનો અને ઉત્તમ આદર્શોની પૂર્તિમાં સહાયક બનાવવાનો હેતુ આવા નિયમોમાં હોય છે. આજે આપણાં શરીર જાણે કે ખોરાક-પાણી સંઘરનારાં સંગ્રહસ્થાનો ન હોય, તે રીતે આપણે તેની સાથે વર્તીએ છીએ. અને તેથી નવકારને આપણા શરીરમાં બરાબર જમાવટ કરીને બેસવું ફાવતું નથી.

મનની પવિત્રતા દૂષિત ન થાય તેટલા માટે અપવિત્ર વાણી, વિચાર અને વાંચનથી સદંતર દૂર રહેવું જોઇએ. તો જ આપણાં મન નવકારને લાયક બનશે. આજે આપણાં મન બહારના રંગરાગ તરફ વધુ ખેંચાય છે, તેનું કારણ તેના ઉપર બાઝેલી અતિશય જડતા છે. જો તે જડતામાં ઘટાડો કરવો હોય તો આપણે તેને ઉત્તમ પ્રકારના સાત્ત્વિક વિચારોનો ખોરાક આપવો જોઇએ. તે ખોરાકની અસરથી ધીમે ધીમે તેનું વલણ ચેતન તરફ ઢળતું થશે જ.

વાણી વાટે થતો શક્તિનો અર્થહીન દુરુપયોગ આપણી મંદ પ્રતિભાના કારણરૂપ છે. ઝાઝું બોલવાથી શરીરની નસો નબળી પડે છે, તે પછી તેની મારફત ઉત્તમ કાર્યોની સાધના અતિશય દુષ્કર બની જાય છે. નસેનસમાં નવકારનું

તેજ ઉતારવા માટે તેમ જ તે જ નસો મારફત તેની પ્રભા વિસ્તારવા માટે આપણે વાણીનો સંયમ કેળવવો જોઇએ.

મન–વચન–કાયાની પવિત્રતા અને સુંદરતાનો સુયોગ, નવકારના પ્રભાવને ફેલાવવામાં ખૂબ જ સહાયક થાય છે. શરીરના મોટા ભાગમાં જ્યાં સુધી મોટે ભાગે જડતા છવાએલી પડી હોય છે, ત્યાં સુધી જ શરીરના ભિન્ન ભિન્ન અવયવો નવકારની સાધનાના કાર્યમાં ઉતાવળ કરાવે છે. પરંતુ જ્યારે તે જડતા ઓછી થાય છે અને ચેતનતા વધવા માંડે છે ત્યારે બધે નવકારનો જ ભાવ પૂછાય છે. કારણ કે નવકાર એ ચૈતન્યનો પુંજ છે અને તેથી તો જડભાવો તેનાથી વેગળા રહેવાની કોશિષમાં રહેતા હોય છે, તેમ જ તેના સાધકના માર્ગમાં અવનવા અંતરાયો ઊભા કરતા હોય છે.

શ્વાસ અને ઉચ્છ્વાસના તાલ સાથે, લોહીના ભ્રમણની ગતિ સાથે અને ભાવનાના સંચાર સાથે નવકારના અક્ષરોનો મેળ બેસાડવા માટે આપણી ઇન્દ્રિયોને શુદ્ધ અને પવિત્ર રાખવી જોઇએ. જો ત્યાં કોઈ નબળો, નકામો કે મલિન વિચાર અથડાશે તો તેની અસર ઠેઠ લોહી સુધી પહોંચશે અને તેનાથી નવકારની અસરમાં ફેર પડી જશે, નવકારની ગતિમાં રુકાવટ આવશે.

નવકારની સાધનાનું કાર્ય અખૂટ ધીરજ અને અતૂલ સ્થિરતા માગી લે છે. તે સિવાય તેનામાં રહેલી અનંત ઉપકારક શક્તિનો લાભ મળવો ખૂબ જ મુશ્કેલ છે. લાભ

એટલો મોટો છે કે તેના માટે એકાદ બે જીંદગી સમર્પી દેવી પડે તો તે પણ નાની જ જણાય.

નવકારના ઉચ્ચારની સાથે શ્વાસોચ્છ્વાસ મારફત શરીરમાં નવું બળ દાખલ થવા માંડે છે. વધુ ઊંડે ગયા પછી તે બળ આંતર ચેતનાને સતેજ કરે છે. આંતરચેતના સતેજ થાય છે એટલે ઇન્દ્રિયોની સૂક્ષ્મતા ખીલવા માંડે છે. મનની તેજસ્વિતા સ્થિર બનવા માંડે છે. ટૂંકા સ્થળ-કાળનો મામુલી મહેમાન હોવાને બદલે માનવી પોતાને આ વિશ્વનો એક અદ્ભુત પ્રકાશવિતરક સમજવા અને સ્વીકારવા માંડે છે.

પરંતુ શરીરમાં જ્યાં સુધી ખોટો ગભરાટ, અર્થ વગરનો ભય, આવતી કાલની ચિંતા અને રોગની જાડી-પાતળી અસરો હોય છે, ત્યાં સુધી નવકારના અક્ષરોના પ્રભાવવિતરણનું કાર્ય જરા મંદ ગતિએ ચાલે છે. વીણાનો એકાદ તાર ઢીલો હોય ને તેના ઉપર સંગીત બરાબર ન ઝીલી શકાય, તે જ રીતે શરીરનો પ્રત્યેક અવયવ નવકાર માટે તૈયાર ન હોય ત્યાં સુધી તેની ધારી સંપૂર્ણ અસર ન થાય, એ સ્વાભાવિક છે.

પણ નવકારનો લાભ સમજાયા પછી ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત અને શરીરના બીજા નામી-અનામી અવયવો એકી પગે તેની આજ્ઞા ઝીલવાને માટે ઉત્સૂક રહેતા હોવાનો નમ્ર સાધકોનો જાત અનુભવ છે. આ સંસારમાં લાભ મેળવવા માટે કોણ ધાંડા નથી કરતું ? સહુ કરે છે. અને

કરે તે સ્વાભાવિક છે. કારણુ કે લાભમાંથી જન્મતો હર્ષ જીવનને ટકાવવામાં ખૂબ જ સહાયક થાય છે. પરંતુ સંસારના પદાર્થોના લાભની પાછળ રહેલા નુકશાન સાથે સંકળાએલો શોક માનવીને સરવાળે ઠેરનો ઠેર લાવીને મૂકી દે છે.

જ્યારે નવકારની સાધનાદ્વારા જીવનને થતો લાભ ચિરંજીવી હોય છે. કારણુ કે તેનું મૂળ અંતરમાં હોય છે, બહારના પદાર્થો સાથે તેને કશી લેવા–દેવા હોતી નથી. નવકારના સતત સાન્નિધ્યના પ્રભાવે આંતરશરીરમાં એવી અનુપમ તેજટશરો પ્રગટે છે કે જેનું સુખ માણ્યા પછી માનવીને દેવલોકના સુખની પણ અભિલાષા નથી રહેતી. જીવનમાં પૂર્ણતાનો એક એવો સુંદર ભાવ છવાએલો રહે છે કે સ્થૂલ આવ–જાની કશી સારી–માઠી અસર તેના સાધકને થતી જ નથી.

વાતાવરણમાં બરાબર ગોઠવાઇ જતાં શીખી લીધા પછી નવકારને પોતાના આંતરિક વાતાવરણમાં ગોઠવવાનું કાર્ય સાધકને માટે લગભગ સહેલું થઇ પડે છે. જ્યાં સુધી બહારનું વાતાવરણ સાધના–વિરોધી હોય છે, ત્યાં સુધી સાધકને પોતાની આંતરસૃષ્ટિમાં સ્થિરતાપૂર્વક બેસવાની સાનુકૂળતા પ્રાપ્ત થતી નથી. એટલા માટે સાધકે બહારના વાતાવરણથી સાવધ રહેવું જોઇએ. તેમ જ શક્ય હોય ત્યાં સુધી તેને પોતાની સાધનામાં સહાયક થાય તેવો ઘાટ આપવો જોઇએ.

સાધનાની પ્રાથમિક ભૂમિકા દરમ્યાન બહારના વાતા- વરણની જરા જેટલી પણ ઉપેક્ષા, સાધકને એના પ્રયત્નોમાં નાસીપાસ કરવાની હદ સુધી અસર પહોંચાડે છે. એકડો ઘૂંટતા બાળક જેવી સાધકની પ્રાથમિક અવસ્થા હોય છે. મનને તે સમયે વધુ પડતા ભાર વડે લાદવાને બદલે, સાનુકૂળ વાતાવરણ વડે પ્રસન્ન રાખીને સાધનામાં સ્થિર બનવાથી જ લાભ થાય છે.

જીવન આજે વિકેન્દ્રિત થતું જાય છે. શક્તિઓનો અર્થ વગરનો છૂટોછવાયો સારોમાઠો ઉપયોગ થતો જાય છે. મધરાતની મીઠી ઊંઘ અને બે ટંક શાંતિસરનો રોટલો પણ દુર્લભ બનતો જાય છે. માનવ પોતે પોતાનો વાણી, વિચાર અને વર્તન ઉપરનો કાબુ ગૂમાવતો જાય છે. આમ જો વધુ વખત ચાલશે તો તેનાથી મોટું નુકશાન માણસને જ થવાનું છે. કારણ કે તે ચૈતન્યનો અવતાર છે. સ્નેહ અને સદ્‌ભાવનાઓનો સાથી છે. શીલ, સંયમ અને ત્યાગનો રાગી છે. આજે તેનું જીવન તેને હાથ નથી, તે પોતે બીજાના જીવનમાંથી જીવન મેળવવાની મિથ્યા કોશિષ કરી રહ્યો છે.

એટલા માટે નવકારની સાધનાની આજના યુગને કોઇપણ સમય કરતાં વધુ આવશ્યકતા છે. તેના વડે જીવનના સઘળા ભાવો શુદ્ધ બનશે, સ્થિર થશે અને સર્જનશીલ પ્રતિભા દાખવતા થશે. સુખ-શાંતિ માટે બહાર ફાંફાં મારવાની ઘર કરી ગએલી કુટેવનાં ઠેર ઠેર થતાં દર્શન

આપોઆપ અંદરનો સાથ નહિ મળવાને કારણે ઓસરી જશે.

આત્માની નિર્મળ કાન્તિને ઢાંકનારાં કર્મોની રજને દૂર કરવામાં નવકારના અક્ષરોથી મોટું ત્રણે ય લોકમાં કોઇ બીજું ઔષધ નથી. એક વખત તેના હાથમાં હાથ સોંપી દીધા પછી આપણી બધી ચિંતા અને જવાબદારીનો ભાર હળવો થઇ જશે. એથી તે મહાકાર્ય આજે વિના વિલંબે અમલમાં મૂકવા જેવું છે. તેમાં જેટલો વિલંબ થશે તેટલો અશાંત યાતનાઓમાં અને પાપકાર્યોમાં વધારો થશે.

દુઃસાધ્ય છે જે કષાયો, તેને સાધ્યા સિવાય-નિર્મૂળ કર્યા સિવાય સ્વાધીનતાનું સાચું સુખ મળવાનું નથી. તેને સાધવા માટે નવકારથી મોટો બીજો કોઇ મન્ત્ર નથી.

નવકારસાધના એટલે પરમ જીવનની સાધના, આત્મ-રવિના નિર્મળ પ્રકાશની સાધના, સર્વ-મંગલની સાધના, સત્ય, શિવ અને સુંદરની સાધના, મૌલિક પ્રગતિના મૂળમન્ત્રની સાધના.

પોતાની અપૂર્ણતાથી અકળાએલા સહુ વિવેકી આત્મા-ઓને નવકારની પ્રાપ્તિ હો ! કે જેથી તેઓ સવેળા તેની સાધના દ્વારા જીવનનું વ્યાપક દર્શન કરવાને મહા-ભાગ્યશાળી બને.

★

સૂરજના તાપ જેવો ? ના ના, તેનાથી પણ અધિકતર પ્રભાવ છે શ્રીનવકારના જાપમાંથી જન્મતા તાપનો.

(૨૩)

# અમૃતમંત્ર શ્રીનવકાર.

સત્સંગતિ સિવાય દુર્જનની સોબતના ગેરલાભ ન સમજાય, તેમ શ્રીનવકારની સાચી ઓળખ સિવાય સંસારની અસારતા પૂરેપૂરી ન સમજાય.

નવકાર સમગ્રતયા સારમય છે.
સંસાર સમગ્રતયા અસાર છે.
સંસારનો સબળ પ્રતિપક્ષી તે નવકાર.
નવકારનો સામાન્ય પ્રતિપક્ષી તે સંસાર.

એક તરફ ક્રોધ, માન, માયા અને લોભનું સઘળું બળ હોય અને બીજી તરફ એક શ્રીનવકાર જ હોય, તો પણ જીત નવકારની જ થાય.

એક પલ્લામાં ત્રિભુવનની સઘળી રિદ્ધિ-સિદ્ધિ હોય અને બીજા પલ્લામાં એક શ્રીનવકાર જ હોય, તો પણ પલ્લું શ્રીનવકારવાળું જ નીચું નમે.

આમ થવાનું કારણ ?

કારણ એ જ કે ક્રોધ, માન, માયા અને લોભનું સઘળું બળ, ઘડીમાંની રેતની માફક સરર....સરર....સરકી રહેલા સંસારના ખૂંટામાં રહેલું હોય છે, જ્યારે શ્રીનવકારમાં કેવળ આત્માનું પરમસ્વરૂપ કેન્દ્રવર્તી હોય છે. એટલે કામ, ક્રોધાદિના સઘળા હુમલા છતાં જેના હૈયામાં શ્રીનવકાર વસેલો હોય છે, તેનો પરાજય થતો નથી.

ત્રિભુવનની સઘળી રિદ્ધિ-સિદ્ધિ પાછળ પુણ્ય કારણરૂપ હોવા છતાં કેટલાક અંશોમાં મોહ પણ રહેલો છે, તેથી શ્રીનવકારના વિશુદ્ધ પ્રકાશ આગળ તેનો પ્રભાવ નહિવત્ બની જાય છે.

જ્યાં રહીને જીવને ક્રોધની માનની, માયાની, લોભની, રોગની, શોકની, ભયની, ક્ષુધાની, તૃષાની અને નિદ્રાની આધીનતા સ્વીકારવી પડે તેનું જ નામ સંસાર.

આવા સંસારમાં જીવની સ્વભાવદશા નવકારના એક નિષ્ઠાપૂર્વકના જાપ અને ધ્યાન સિવાય ન જ પ્રગટી શકે. કારણ કે સમગ્ર સંસારનો મુકાબલો કરવાની પૂરી તાકાત શ્રીનવકાર સિવાય બીજા કશામાં નથી.

નવકારનો જાપ એટલે સ્વભાવદશાનું સતત સંસ્મરણ.

નવકારનો જાપ એટલે વિભાવદશાથી મુક્ત કરનારો અજોડ આધ્યાત્મિક સંગ્રામ.

નવકારનો જાપ એટલે પંચ પરમેષ્ઠિભગવંતોને પરમ આદરપૂર્વક અંતરના આસન પર પધરાવવા તે.

પધરાવવા એટલું જ નહિ, પધરાવ્યા પછી પણ ખૂબ ઉમંગભેર તેમની સમક્ષ નાચવું, તેમના જ ગુણ

ગાવા, તેમના જ દર્શનમાં ઓતપ્રોત થઈ જવું.

નવકારની આધીનતા સ્વીકારવાથી આત્માની સ્વાધીનતા પ્રગટ થાય, સંસારની આધીનતા સ્વીકારવાથી ચોર્યાશીલાખ જીવાયોનિમાં ભટકવું જ પડે. કીડી, મંકોડી, ઈયળ, કુંથુઆ, કાગડો, સમડી, મોર, માછલી, કાચબો, હરણ, હાથી, સિંહ, અને સસલાના ભવ પણ કરવા પડે. અને તે તે ભવમાં કેવાં કેવાં અસહ્ય દુઃખ ભરેલાં પડ્યાં છે તે તો આપણે તે તે જીવોની વર્તમાનદશાના દર્શનથી પણ સારી રીતે જાણી શકીએ તેમ છે.

સંસાર ડરે છે એક માત્ર નવકારથી. માટે સંસારનો જેમને ડર હોય, તેમણે તરત જ નવકારના શરણે જવું જોઇએ.

નવકારના સાચા શરણાગતનું બહુમાન દેવો, દાનવો અને માનવો જ નહિ, પશુ-પંખીઓ પણ કરે છે.

જીવના પરમ-સ્વરૂપને પ્રગટાવવાનું પરમ-સામર્થ્ય એક નવકારમાં જ છે.

ઈન્દ્ર, ચન્દ્ર, સૂર્ય, ચક્રવર્તી, આદિમાં જે સામર્થ્ય હોય છે, તે તો એક જ શ્રીનવકારના અનંતમા ભાગ જેટલું માંડ ગણાય.

આવો શ્રી નવકાર આજે આપણી દુનિઆમાં વિદ્યમાન છે, તે આપણા માટે ઓછા આનંદની વાત ન ગણાય.

માનવીના હૃદયને ડાઢ બેસાડીને પોતાનું સઘળું ઝેર તેમાં વમી નાખતા સંસારરૂપી નાગને નાથવામાં અજોડ એવા અમૃતમંત્ર શ્રીનવકારનું જીવમાત્રને શરણું મળો!

★

(૨૪)

## નવ–કાર શ્રીનવકાર.

અંગે અંગમાં નવો ઉત્સાહ, નવી સ્ફૂર્તિ, નવું જોમ, નવી ચેતના, ભરીને આરંભો કામ નવલાં સહુ.

નવું તન, નવું મન, નવું ધન, પામો સહુ.

નવી દૃષ્ટિ, નવી સૃષ્ટિ, નવું જીવન, વિસ્તરો બધે.

સુવર્ણ, શુદ્ધિ વરે પ્રચંડ અગ્નિતાપમાં. તેમ સહુનાં આત્મસુવર્ણ ઝળહળો–તપ, જપ અને શીલના ત્રિવેણી અગ્નિસંગમે.

આપણા પ્રતાપી પૂર્વજો ઝીલતા સંદેશ રવિ, શશિ ને તારાગણના. જ્યારે આપણે તો આપણા પાડોશીને ય પૂરા ઓળખતા નથી.

આત્માને ભૂલી ગયા તેનું આ પરિણામ છે.

આપણા સંબંધો અને ઓળખાણ માત્ર ઔપચારિક બનતાં જાય છે તેનું આ જ કારણ છે.

કોણ કહે છે કે માણસ, માણસની વધુ નજીક આવતો જાય છે? નજીક આવવાની વાત તો દૂર રહી, પરંતુ ભૂતકાળમાં કોઇ સમયે માણસ-માણસ વચ્ચે આજના જેટલું મોટું અંતર હતું નહિ. પોતપોતાના અંતરઆંગણે મતભેદની ખાઇઓ ખોદી, તેના આશરે સુરક્ષિત બનવા મથતા આજના માનવોની સ્થિતિ ખરેખર શોચનીય છે.

પોતાના પરમ શક્તિસંપન્ન આત્માને ઓળખવાની જરા સરખી પણ દરકાર સિવાય સ્નેહ, શાંતિ અને સદ્-ભાવનું પવિત્ર મંગલ વાતાવરણ આજ સુધીમાં નથી તો કોઈ સર્જી શકયું ને ભવિષ્યમાં નથી તો કોઇ સર્જી શકવાનું.

આત્માના અજવાળા સિવાય ન વંચાય દુઃખ દુનિયાના જીવોનાં. જીવનમાં ન જન્મે પવિત્ર ભાવ સહુને સુખી કરવાનો, ન બદલાય બુદ્ધિની જડતા, કે ન ફરે મનનું અવળું વહેણ.

નિત-નિત નવા સુંદર ભાવોની તેજ-છાલ લઇને અવનિના ઉંબરે ઝળકતા શશિ-સૂર્યનો સતત સંપર્ક પણ, ન બદલી શકયો આજના માનવીની સ્થૂલદૃષ્ટિને.

કારણ કે માનવી પોતે પોતાની દુનિયામાં એવા નવ-રાઓની (?) દખલ ચલાવી લેવા માટે તૈયાર નથી. બંધિયાર જીવનમાં જ એને પ્રીતિ છે. વાસી અને સડેલું ખાવાથી જ તેની ક્ષુધા સંતોષાય એવું તે માનતો થઇ ગયો છે. કુદરતને પણ તે કૃત્રિમતાનો સ્વાંગ સજાવીને જ આનંદે છે. આત્માના ઝળહળતા પ્રકાશની અલબેલી સૃષ્ટિના નામે પણ તે અકળાય છે. જડતાના ડુંગરામાં ખોવાઇ રહ્યું છે એનું જીવન ઝરણું.

જ્યારે તેની શોધ તે બહાર ચલાવે છે અને તે હાથ નથી ચઢતું એટલે અન્ય માનવો તરફ તે ખોટો ગુસ્સો ઠાલવે છે.

પરમોપકારી પવિત્ર જીવનની સુરભિવડે મઘમઘતા વાતાવરણ વચ્ચે ઉછરનારો માનવી આજે દુર્ભાવની દુર્ગંધ-વડે ઘેરાએલા વાતાવરણ વચ્ચે સુખી જીવનના મિથ્યા પ્રયત્નો કરી રહ્યો છે.

સુખ વસે છે સત્ય, સ્નેહ, સંયમ અને સમર્પણમાં. ત્યાં જે કોઇ જાય તે કોઇ કાળે દુઃખી ન જ થાય. કારણ કે ત્યાંની હવામાં આત્માની મધુરી સુવાસ મહેકતી હોય છે, દેહભાવના વાયરા ત્યાં સુધી પહોંચી જ શકતા નથી.

નવા, મંગલમય જીવનના મનોરથ સહુના, નવ-કાર છે જે તે નવકારને ભજતાં અવશ્ય પૂરા થાય, નવકાર સિવાય નહિ જાગે કદી અલબેલા મંગલ જીવનની સાત્ત્વિક ઝંખના. જ્યાં સુધી મનને ભાવે એંઠા-જૂઠા, સડેલા-કોહેલા વિચારોનો ખોરાક, ત્યાં સુધી સમજવું કે ભવ-કાર ભયાનક બળોનું સામ્રાજ્ય ચાલુ જ રહે છે. નવ-કાર ભાવોની એંધાણી છે આત્મભાવની પૂજના.

શ્રીનવકારનો અમૃત-છંટકાવ, એ ભવ-કાર બળોના જોરને તોડી નાંખવા સાથે નવ-કાર બળોને જાગૃત કરે છે. આવો બેવડો લાભ અપાવનાર નવકાર મહામંત્રની ભક્તિ કરવાનો ઉલ્લાસ કોને ન હોય ?

★

(૨૫)

## નવકાર ગણો !

સુખી થવું હોય તો નવકાર ગણો !
દુઃખથી છૂટવું હોય તો નવકાર ગણો !

યશ, આરોગ્ય અને અધિકાર જોઈતા હોય તો નવકાર ગણો !

મનની શાંતિ મેળવવી હોય તો નવકાર ગણો !
બુદ્ધિનું તેજ ખીલવવું હોય તો નવકાર ગણો !
હૃદયમાં શ્રદ્ધા વિકસાવવી હોય તો નવકાર ગણો !
રોમે-રોમે પવિત્રતા પ્રગટાવવી હોય તો નવકાર ગણો !

આંખ, કાન, નાક, જીભ અને ત્વચાને સુંદરતા અર્પવી હોય તો નવકાર ગણો !

ઊંચા, પવિત્ર, વ્યાપક અને મંગલમય જીવનના કોડ હોય તો નવકાર ગણો !

સર્વોત્તમ કાર્યો કરવાં હોય તો નવકાર ગણો !

સર્વ પ્રકારની અધમતાને ત્યજવી હોય તો નવકાર ગણો!

રાત અને દિવસની સઘળી પળોમાં સાચો આનંદ માણવો હોય તો નવકાર ગણો!

નવકારના ગણનારને બધું નવું મળે. કારણ કે 'જેવી સોબત તેવી અસર.'

વસંતઋતુના આગમનથી જેમ પ્રકૃતિ પૂર બહારમાં ખીલી ઊઠે છે તેમ નવકારના આગમનથી જીવનમાં નવી જ ચેતના ખીલી ઊઠે છે. જ્યાં નવકાર ગણાતો હોય ત્યાં નિત્ય વસંત હોય.

જેમ સૂરજ ઉગે એટલે અંધકાર નાસી જાય અને સર્વત્ર સુંદરતાનાં દર્શન થાય, તેમ જેના શરીરમાં નવકારનો પ્રકાશ ફેલાય તેના સઘળા ભાવો સુંદર બની જાય, જડતારૂપી અંધકાર દૂર ભાગી જાય.

સંસારના ગતિશીલ ચૈતન્યનો આધારસ્થંભ નવકાર છે. નવકારના જાપમાંથી જન્મતી સ્વર-લહરીઓના અત્યંત સૂક્ષ્મ છતાં પ્રબળતમ સ્પર્શના પ્રભાવે સંસારમાં પ્રતિક્ષણે નવીનતાનો સંચાર થાય છે. નવકારનો ગણનાર તેનો લાભ ઊઠાવી શકે છે અને પોતાના જીવનને વધુ પવિત્ર, તેજસ્વી અને ઉલ્લાસપૂર્ણ બનાવી શકે છે.

જેને જીવન વહાલું હોય તેને નવકાર વહાલો હોય જ. જેને નવકાર તરફ વહાલ ન હોય તેને જીવન તરફ વહાલ છે, એમ ન જ કહી શકાય; કારણ કે જીવનને અપૂર્વ પ્રતાપ-વડે છલોછલ ભરી દેવાની સંપૂર્ણ ક્ષમતા-

વાળા નવકારની સાચી પ્રીતિ સિવાય, જીવન તરફ પ્રીતિ છે, એ કઈ રીતે સાબિત થાય ?

નવું નભે નવકાર નજીક, જૂનું નહિ. ગતિહીન, જડ અને નિષ્પ્રાણ તે જૂનું. ગતિશીલ, ચેતનામય અને પ્રાણવંતું તે નવું.

નવકારનો જાપ એટલે ચેતનાનું વલોણું, જમાવેલા અમૃતના ચોસલા જેવો નવકારનો પ્રત્યેક અક્ષર સૂક્ષ્મ શરીરમાં સરકવા માંડે છે, તેમ તેમ તે વલોણાનો વેગ વધવા માંડે છે. તેનું સંગીત અદ્દભુત પ્રભાવ ધારણ કરે છે અને અંદરનો મેલ, જડતા, કષાય, અલ્પત્વ તથા પ્રમાદ ધીમે ધીમે પણ મૂળમાંથી કપાવા માંડે છે. તેના સ્થાને પવિત્રતા, ચૈતન્યશીલતા, સદ્દભાવ, વ્યાપકતા અને ઉપયોગવાળું જીવન અવતરતું જાય છે.

નવકારમાં જે અક્ષરો છે, તે પ્રકૃતિના પેટાળમાંથી જન્મેલા છે. તે અક્ષરોમાંથી જન્મતા સંગીતની શક્તિના બળે પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ, એ પાંચે ય તત્ત્વો પોતાનો ધર્મ બજાવી શકે છે. માનવીના શરીરમાં પણ એ પાંચ તત્ત્વો પ્રધાનપણે હોવાથી નવકાર તેને બીજા મન્ત્રોની અપેક્ષાએ વધુમાં વધુ બંધ બેસતો થાય છે અને તેની અસરથી તેના શરીરમાં ન સમજી શકાય તેવા અદ્દભુત ફેરફારો થાય છે. તેના શરીરની કાન્તિ વધે છે, આંખોનું તેજ વધુ સૂક્ષ્મ અને સ્થિર બને છે, શ્રવણશક્તિ વધુ ક્ષમતાવાળી બને છે, ત્વચા મુલાયમ અને ચીકણી બને

છે, રસના સત્ત્વાકાંક્ષી બને છે અને બહુ દૂરની વાસને નાક ઝડપથી પકડી શકે છે.

નવકારનો ગણનાર સ્વ-પ્રકૃતિનો સ્વામી બને છે. નવકારના દિવ્ય-પ્રકાશમય અક્ષરોની સહાય વડે પ્રકૃતિના થરોને ભેદીને, તેની પેલી પાર ઝળહળતા ચૈતન્યનું દર્શન તે કરી શકે છે.

સમગ્ર પ્રકૃતિ જેનું દાસત્વ સ્વીકારવામાં પણ ગૌરવ અનુભવે છે, તે નવકારમાં ત્રણ જગતના વૈભવને ઝાંખો પાડે તેવું શાશ્વત સુખ અહર્નિશ ઝળહળી રહ્યું છે. તેના અક્ષરમાં મનને પરોવો, એટલે મન ધીમે ધીમે તે અક્ષરનું તેજ પીને શાંત, પવિત્ર, તેજસ્વી અને વ્યાપકજીવનનું અભિલાષી બનવા જ માંડશે, મનની તે અસર ક્રમશઃ બીજી ઇન્દ્રિયો ઉપર પણ પડશે અને એ રીતે આખું જીવન પવિત્ર અને વ્યાપક તત્ત્વોનું ધામ બની જશે.

એક આખો નવકાર ગણીએ એટલે શરીરનો ગમે તેવો થાક. મનની ઉદાસીનતા તેમ જ ભય અને ચિંતાનું બધું દબાણ સર્વથા ઓસરી જાય. નવકારના અક્ષરોમાંથી ઝરતું તેજ, શરીરની અંદરના ભાગની તે તે ઉણપોને ઝડપથી પૂરી દે છે અને ઘડીભર પહેલાનું આપણું માંદલું જણાતું શરીર પુનઃ ચેતનાના ઝરણા જેવું બની જાય છે.

નવકારમાં જે અચિંત્ય શક્તિ છે, તેના સતત ઉપયોગ વડે આપણે આપણા આત્માની ઢંકાએલી અચિંત્ય શક્તિને જરૂર પ્રગટ કરી શકીએ. નવકારમાં જે કાંઈ છે તે બધું

જ આપણા આત્મામાં છે. પણ તેનો આપણને કશો ખાસ અનુભવ નહિ હોવાને કારણે આપણું ધ્યાન તે દિશામાં કેન્દ્રિત થતું નથી અને આપણે છતી શક્તિએ દુઃખી હાલતમાં દિવસો ગૂજારીએ છીએ.

એક જ સમયમાં આખા વિશ્વમાં અજવાળું ફેલાવી શકે તેટલી આપણા આત્માની શક્તિ છે. તે અપ્રગટ શક્તિને પ્રગટ કરવા માટે આજે આપણે પૂરી પ્રસન્નતા-પૂર્વક નવકારનું શરણું સ્વીકારવું જોઇએ. નવકારનો સંસર્ગ વધતાંની સાથે જ આપણને તેના પ્રભાવની ઝાંખી થવા માંડશે, આપણું આખું જીવન નવો જ વળાંક લેતું આપણને પ્રતીત થશે. આંતર્સૃષ્ટિના સૂક્ષ્મપ્રભાવની સ્પષ્ટ ઝલક આપણા વર્તનમાં સ્પષ્ટ કળાવા માંડશે. વિચારનું તેજ વાણીમાં ઊતરશે, વાણીનો વેગ જીવનમાં પ્રગટ થશે.

નવકારનો એક એક અક્ષર શ્વાસવાટે લોહીમાં થઇને આખા શરીરમાં જે ગતિએ ફરી વળે છે તેનો બરાબર વિચાર કરીએ તો, શક્તિ માટે અપાતાં આજનાં ભારેમાં ભારે ઈન્જેક્ષનો પ્રત્યેની લોકોની ઘેલછા સર્વથા ઓસરી જાય. ઈન્જેક્ષનના પ્રવાહી કરતાં ઓછામાં ઓછી પચીસ ગુણી ઝડપે આખા શરીરમાં ફરી વળતું નવકારના અક્ષરનું તેજ-પ્રવાહી, ઈન્જેક્ષનના શક્તિશાળીમાં શક્તિશાળી પ્રવાહી કરતાં પણ અસરમાં સેંકડો ગુણું વધુ શક્તિશાળી તેમ જ ધારી અસર નિપજાવનારૂં છે.

ભારોભાર ચૈતન્યથી ભરેલા શરીરની મોટામાં મોટી

દવા નવકાર જ છે. તેના સિવાયના નાના–મોટા સઘળા ઇલાજની અસર ટૂંક સમય પૂરતી તેમ જ એકાંગી હોય છે.

નવકારના અક્ષરો તેજના અને પ્રભાવના દરિયા જેવા છે. તેમાં દાખલ થનાર, પાપીમાં પાપી મનુષ્ય પણ પવિત્રતાનો પરમ ઉપાસક બની શકે. કારણ કે બધા પાપોને ભસ્મીભૂત કરવાનું અદ્ભુત સામર્થ્ય નવકારમાં છે.

કાળને ગતિ બક્ષનાર નવકારનું અત્યંત સૂક્ષ્મ તેજ જેના શ્વાસમાં ઘુંટાય છે, તે ભવ્યાત્મા સંસારમાં નવકારના મહિમાને સારી રીતે ફેલાવી શકે છે, તેમ જ પોતે નવકારમય બની, ભવપાર પહોંચે છે.

★

Shree Navakar is the epitome of fourteen Puravas.

To become Navakar conscious is the only solution of all time crisis of all living beings

Life without Navakar is just like an aeroplane without fuel.

O, brother mine, dedicate thyself entirely to Navakar. Let Navakar be the centre of all thy activities. Be lead by Navakar !

(૨૬)

# નવકારની ખોજ.

નવકાર એટલે નિત્ય નૂતનત્વ બક્ષતું અમૃત.

નવ+કાર = નવકાર

નવ એટલે નૂતન, સુંદર, મનોહર.

કાર એટલે જે કરે તે; કરનાર.

એટલે કે પ્રતિક્ષણે જેનો સ્પર્શ માનવીના જીવનમાં વિશ્વચૈતન્યનો નવો ચમત્કાર ફેલાવે અને જડની જૂની અસરોથી મુક્ત કરે તે નવ-કાર નવકાર.

નવકારનો બીજો અર્થ:-

ન+વકાર = નવકાર.

ન, એટલે નહિ.

વકાર, એટલે વિકાર.

એટલે કે જેનામાં કોઇ વિકાર નથી, તે ન-વકાર=નવકાર.

વિકાર, એટલે જડમાં ચૈતન્યનો ભાસ જન્માવનારી વિકૃતસમજ.

વિકાર એટલે અપૂર્ણને પૂર્ણપણાનો ભાવ અપાવનારી ટૂંકી દૃષ્ટિ.

વિકાર એટલે જ્યાં-ત્યાં શરીરને અને શરીરના મહત્ત્વને આગળ કરનારી અવળી-મિથ્યા મતિ.

આવા સઘળા વિકાર, જેના સ્પર્શે ઓગળી જાય, તેનું નામ ન-વકાર.

ખોજ એટલે શું? તે પણ વિચારવા જેવું છે.

ખો+જ = ખોજ.

ખો, એટલે ખોવાઈ જવું.

જ, એટલે જડવું.

એટલે કે જેનામાં ખોવાઈ જવાથી, જે જડે તેનું નામ ખોજ.

ખોવાઈ જવું એટલે સર્વોત્કૃષ્ટભાવે સમર્પિત થવું.

સ્ત્રી જેમ પોતાના પતિમાં ખોવાઈ જઈને માનવ સંસારમાં દાંપત્ય સ્નેહનું ઝરણું વહાવે છે, કલાકાર જેમ પોતાની કલામાં ખોવાઇ જઇને માનવજગતને ઉત્તમ કલાકૃતિઓ વડે દીપાવી શકે છે, કવિ જેમ પોતાની કવિતામાં ખોવાઇ જઇને સળગતા સંસારમાં સ્નેહનું અદ્‌ભુત હૃદયસ્પર્શી કાવ્ય-ઝરણું વહાવી શકે છે, તેમ જે મહાન આત્મા પૂરેપૂરી પ્રસન્નતા પૂર્વક નવકારમાં ખોવાઇ

જઈ શકે, તે વળતા દિવસે જગતમાં ઠેર-ઠેર અમૃતની પરબો માંડી શકે. સ્વયં અમૃતમય બની કષાયના વિષને સંહરી શકે. રૂંધાતા માનવ લોકને શાંતિનું દાન કરી શકે. જીવનના અમૃતક્યારાને અભડાવતા 'અહં'ના તમિસ્રને નસાડી શકે.

પરંતુ નવકારની ખોજની સાચી લગની જાગે ક્યારે ? જીવનનો સ્રોત નવકારમયતા પ્રાપ્ત કરી શકે ક્યારે ? સર્વત્ર 'નવકાર' નું મંગલમય સંગીત પ્રસરે ક્યારે ?

—માનવી જ્યારે નવકારમાં પોતાનું સઘળું ઈષ્ટ નિહાળી શકે ત્યારે. નવકારની નેહ નીતરતી અમી-કલાને સ્પર્શતો થાય ત્યારે. નવકારની આજ સુધીની અનંત ઉપકારકતાને સમજતો થાય ત્યારે.

નાના-મોટા ટેકા અને આધારો વડે આસ્માનને આંબવાની અને સાગરને વલોવવાની કલ્પનામાં રાચતો આજનો સાહસિક માનવ, હજી સુધી મહાન કેમ નથી બની શક્યો ? તે પ્રશ્નના ઊંડાણમાં ઉતરવાથી સ્પષ્ટ પ્રતીત થશે કે તે પોતાને ખરેખર મહાન-સમર્થ થવાને યોગ્ય સમજતો નથી અને તેથી જે ખરેખર સામર્થ્યશીલ છે, તે નવકારની ખોજની લગની તેના અંતરમાં જાગી નથી.

પરંતુ જે પળે તેના હૈયામાં જાગશે કોડ, વિશ્વ-વિસ્તરતી આત્મપ્રભાને આલિંગવાના, જીવમાત્રને સ્નેહભાવે સમજવાના, સત્કારવાના, તે જ પળે તેને નવકારની ખોટ સાલશે અને તેની શોધમાં તેને ખોવાઈ જવું પડશે જ.

ખોવાઈ જવામાં તે જેટલી ઢીલી નીતિ અપનાવશે તેટલો મોડો, તે નવકારને પામવામાં થશે.

નવકારની ખોજ એટલે પૂર્ણત્વના પરમ પંથે પા-પા પગલી. તેમાં જેટલી પ્રગતિ એટલી જીવનમાં પ્રગતિ, આત્માની સાચી ઓળખમાં પ્રગતિ, રાગ-દ્વેષાદિ અંતરંગ શત્રુઓને જીતવામાં પ્રગતિ, કર્મના મર્મને સમજવામાં પ્રગતિ, ધર્મના યથાર્થ સ્વરૂપને ઓળખવામાં પ્રગતિ, સંસાર અને સ્વર્ગનાં સર્વ સુખોની પાર રહેલા અવ્યાબાધ સુખને પામવાની દિશામાં પ્રગતિ, જડભાવની પકડમાંથી છૂટવામાં પ્રગતિ અને 'અહં'ના વજ્રકિલ્લાને ભેદવામાં પ્રગતિ.

મૌલિક પ્રગતિવાંચ્છુ માત્ર નવકારનો સાચો શરણાગત હોય.

નવકારમાંના પંચ પરમેષ્ઠિભગવંતોના જેવું પરમોપકારી જીવન ઘડવામાં જ દિન-રાતની તેની બધી ક્ષણો સાર્થક થતી હોય. પરમપદથી ઓછું, અધૂરું, કે ઊણું મેળવીને શાંત બેસી રહેતાં પણ તે શરમાય, અત્યંત સંકોચ અનુભવે, અલ્પત્વનું ભાન તેને સાલ્યા કરે.

સર્વ મંગલના દૃઢ સંકલ્પ પૂર્વક જે પ્રવેશે છે નવકારની અમૃતમય સૃષ્ટિમાં, તે મહાન આત્મા સંસારમાં આત્મભાવનું એવું પ્રબળ સામ્રાજ્ય સ્થાપે છે કે જેની દિવ્યતા સમક્ષ સમર્થમાં સમર્થ સમ્રાટો અને સેનાનીઓ પણ આદરપૂર્ણ અંતરે શિર ઝૂકાવે છે.

શ્રીનવકાર એટલે ચૈતન્યનો ઝરો.

પ્રાર્થીએ સહુ પરમેશને કે, વહેલું-વહેલું તેમાં ખોવાઇ જવાનું સદ્ભાગ્ય સાંપડે.

આપણી ઉપર બાઝી ગએલા હદ બહારના જડતાના ચરના થર તે સિવાય દૂર નથી જ થવાના. તેને દૂર કરીશું ત્યારે જ અંદરના ચેતનનો ચમકારો જોવા મળશે. ચેતનના તે ચમકારમાં છૂપાએલી છે આપણી જાત. ખોવાએલી આપણી અસલ જાતને પાછી મેળવવા માટે, જે જાતને આપણે 'આપણી' માનીને સાચવી રહ્યા છીએ, સત્કારી રહ્યા છીએ, પૂજી રહ્યા છીએ, તે ખરેખર આપણી નથી. પરંતુ આપણી અસલ પ્રકાશરંગી જાતનું માત્ર ઢાંકણ જ છે. તેને હઠાવવાનું સંપૂર્ણ સામર્થ્ય માત્ર નવકારમાં જ છે. જેમ જેમ વધતો જશે તેનો અમૃતમય અંતઃસ્પર્શ, તેમ તેમ તે ઓસરતું જશે અને આપણે પુનઃ આપણી દૈવી દુનિયાનાં દર્શન કરી શકીશું.

નથી જેનો જોટો ત્રિભુવનમાં, તેવા અણમોલ નવકારની અનુપમ આલમમાં પ્રવેશ કરવાની પ્રબળ ઉત્કંઠા જેમના અંતરમાં જાગે છે, તેઓ ધન્ય બને છે અને અનેકને પોતાના જેવા બનાવતા જાય છે.

પરમ મંગલમય, આનંદમય, ચારિત્રમય, દર્શનમય અને જ્ઞાનમય જીવનનું જે પરમ સંગીત છે તેનું પ્રથમ પદ, તે જ છે નવકારની ખોજ!

★

(૨૭)

# શ્રીનવકાર.

નવકારથી અધિક શ્રેષ્ઠ, બીજો કોઇ મન્ત્ર નથી તો આ દુનિયામાં, કે નથી સ્વર્ગ કે પાતાળ લોકમાં.

નવકાર આત્માને ઉઘાડે છે, અનાત્મભાવને દૂર કરે છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારમાં છૂપાઈને રહેલી વાસનાઓની ઝેરી વાસને આસ્તે આસ્તે સાફ કરી નાખે છે, આત્માની દિવ્યજ્યોતિને સકળ સંસારમાં ફેલાવનારી ઇન્દ્રિયોની શુદ્ધિ કરે છે.

નવકારનો એક એક અક્ષર કિંમતીમાં કિંમતી કોહીનૂર કરતાં પણ વધુ કિંમતી છે, કારણ કે તેમાં કોહીનૂર કરતાં પણ વધુ પ્રકાશ, વધુ સત્ત્વ, ઘણી વધારે સૂક્ષ્મતા અને કાલાતીત પ્રતિભા રહેલી છે.

હલેસાંથી જેમ પાણી કપાય છે, તેમ નવકારના અક્ષરના ઉચ્ચારથી કર્મરૂપી મેલ કપાય છે. કર્મ-મેલ કપાય એટલે જડતા કપાય, જડતા કપાય એટલે ચૈતન્ય-

પ્રવાહની ગતિ વધે, એ ગતિ વધે એટલે જીવનમાં ઉત્સાહ અને ભાવનાનો વેગ વધે. એથી શરીરનું જીવન ઓસરવા માંડે અને આત્માનું જીવન શરૂ થાય. તાત્ત્વિક રીતે વિચારતાં શરીરનું જીવન જ ન સંભવી શકે, જીવન તો આત્માનું જ હોય. શરીર તો આત્માનું માત્ર માધ્યમ છે, તેની મારફત આત્માએ પોતાનો સઘળો કલ્યાણકારી પ્રકાશ સંસારમાં ફેલાવવાનો હોય છે. જ્યારે આજે તો શરીર જ આત્માનું ધણી બનીને બેસી ગયું હોય તેવો અવળો ક્રમ લગભગ સંસારમાં વર્તાય છે. કારણ કે આત્મભાવને જીવંત રાખનાર નવકારનો જે આંતરૂસ્પર્શ કાયમીપણે આપણા જીવનમાં રહેવો જોઈએ તે આજે ઘણી રીતે ઓછો થતો જાય છે–થઈ ગયો છે. નવકાર પ્રધાન હતો જ્યાં સુધી જૈનોના જીવનમાં, ત્યાં સુધી સંસારમાં તેમનું પ્રધાન સ્થાન રહ્યું, આજે તેમણે તેને અવગણ્યો–ગૌણ બનાવ્યો, એથી તેઓનું સ્થાન પણ ગૌણ બની ગયું.

નવકારની આરાધનાના પ્રભાવે જેઓના પૂર્વજોએ સ્વ અને પરનું કલ્યાણ સાધ્યું, સંસારમાં અહિંસાની અમરવેલ ફેલાવી, સર્વત્ર સત્યનાં તેજ રેલાવ્યાં, શીલની સૌરભ ફેલાવી અને ત્યાગની મૌલિકતા ખીલવી, તેઓના ઉત્તરાધિકારી જૈનો આજે નવકારની આરાધનાના અભાવે વાણી, વિચાર અને વર્તનમાં વામણા બની જઈને બધી વાતે દુઃખ અનુભવી રહ્યા છે. દેવ, ગુરુ અને ધર્મમાં સન્નિષ્ઠા કેળવવાને બદલે આજે તેઓ અન્ન, વસ્ત્ર અને આવાસની પ્રાપ્તિ પાછળ ઘેલા બની ગયા છે.

નવકારને અવગણનારા જગતના અન્ય માનવ-પ્રાણીઓની સાથે જૈનો પણ ભળી ગયા, એથી આજે તેમની સ્થિતિ પણ જગતના અન્ય જીવાત્માઓ જેવી લગભગ થઇ ગઇ છે.

નવકારથી વધુ ચઢીઆતા કયા અનુપમ તત્ત્વની પ્રાપ્તિ માટે જૈનો આજે નવકારને ઉવેખી રહ્યા છે ? નવકારમાં શું નથી કે તેને સર્વથા તરછોડીને જૈનો કાળની ઠોકરે ચઢી રહ્યા છે ? નવકાર બધું આપી શકે તેમ છે, જો પોતાની માતાના ખોળામાં રમતા બાળકની માફક-માણસ તેને સમર્પિત થઈ શકે તો બળ, બુદ્ધિ, વિદ્યા, શક્તિ, સંપત્તિ, દીર્ઘાયુષ્ય, મનની શાંતિ અને ત્યાગનો તનમનાટ નવકારના પ્રવેશની સાથે જ પદાર્થને અનુસરતા પડછાયાની જેમ માણસના જીવનમાં પ્રવેશ કરે છે.

જીવને શિવપદ અપાવનાર નવકારનું મૂલ્ય, જીવ કરતાં જરાય ઓછું નથી. જેવું રાજા વગરનું રાજ્ય, તેવું નવકાર વિનાનું જીવન. વિશ્વભરમાં પથરાઇને રહેલાં સઘળાં સુંદર અને સાત્ત્વિક તત્ત્વો નવકારની દિશામાં ખૂબ જ ત્વરાથી ખેંચાઇ જાય છે. જાણે કે લોહચુંબકની દિશામાં લોઢાના કણ ન ખેંચાતા હોય ! સકલ શુભ-મંગલના અનન્ય કેન્દ્રભૂત નવકારને જે ભવ્યાત્મા પોતાના હૈયામાં આદરપૂર્વક પધરાવે છે તે સંસારમાં અજવાળું ફેલાવનારા ચન્દ્ર અને સૂરજ જેવી કીર્તિને વરે છે.

જીવનના મંગલમય પ્રવાહમાં ઝડપભેર દાખલ થતી વર્તમાન યુગની જડતાને દૂર કરવા માટે, જૈનોએ વિના વિલંબે નવકારનો હાથ પકડી લેવો જોઇએ. તેમાં તેઓ

જેટલો વધુ વિલંબ કરશે, તેટલી વધુ યાતનાઓ તેમને સહન કરવી જ પડશે. આ યુગ, ભલે આજના બુદ્ધિશાળીઓના મતે ગમે તેવી પ્રગતિનો હોય; પરંતુ તત્ત્વવેત્તાઓની દૃષ્ટિએ તો આજના જેવો અંધકારયુગ ઇતિહાસના આદિકાળથી આજ સુધીમાં બીજે ક્યાંય નજરે પડતો નથી. ચૈતન્યની સર્વોપરિતાને સર્વથા અવગણનારા આજના યુગનું આંધળું અનુકરણ–માનવકુલના સર્વનાશમાં પરિણમે તો નવાઈ નહિ. માનવીનું જે આંતરિક બળ તેને પ્રતિપળે સંસારના કુરુક્ષેત્રમાં સમતુલા બક્ષે છે તેનો આજે મોટો અભાવ વર્તાય છે અને તેથી બહારના અનેકવિધ પ્રયાસો છતાં કોઇના ય જીવનમાં મૌલિક શાંતિ ટકતી નથી.

નવકાર સિવાય આજના તિમિર–આક્રમણ સામે, કોઇ માનવી ટકી નહિ જ શકે. ટકવાના મિથ્યા પ્રયાસમાં તે દિનપ્રતિદિન વધુને વધુ ઘસાતો જશે. કારણ કે રોજના જીવનનો તાત્ત્વિક ઘસારો જો સમયસર ન પૂરાય તો આંતરિક પ્રતિભા લુપ્ત થઇ જાય અને તેના સિવાય તો જીવનની હાલત પાણી વિનાના સૂકા સરોવર જેવી થઇ જાય. નવકારથી જ જીવનનો રોજનો તાત્ત્વિક ઘસારો તરત જ પૂરાઈ જવા ઉપરાંત નવા આકસ્મિક હુમલાઓ સામે ટકી રહેવાની વિશેષ શક્તિ જીવનમાં પ્રગટે છે અને કાયમ રહે છે.

પવિત્રતા, પ્રેરણા અને પ્રતિભાના કિરણોવડે જીવનને અદ્ભુત તેજ, ભાવના અને દિવ્યતાવડે નવાજતા નવકારને સહુનાં નમન હો !

★

(૨૮)

# ચારિત્રમંત્ર શ્રીનવકાર.

શ્રીનવકારમાંના ત્રણેય કાળના સર્વ પંચ પરમેષ્ઠિ ભગવંતો નિયમા સમ્યક્ ચારિત્રધર હોય છે, છકાય જીવના રક્ષક હોય છે, પંચ મહાવ્રતોના પાલક હોય છે. એટલે તેને ચારિત્રમંત્ર તરીકે સ્વીકારવો અને આરાધવો એ બધી રીતે યથાર્થ જ છે.

ચારિત્ર એટલે સર્વ સાવદ્ય યોગોના જીવન પર્યંતના ત્યાગ વડે ઝળહળતું આત્મલક્ષી જીવન.

ચારિત્ર એટલે મોક્ષની યાત્રાના નિશ્ચય પૂર્વકના મહાપ્રયાણને સર્વથા સાનુકૂળ જીવન.

ચારિત્ર એટલે 'વિશ્વમયજીવનનું' સર્વોત્તમ પ્રકરણ.

ચારિત્ર એટલે વિશ્વના સકળ જીવોની સુરક્ષાના અને આધ્યાત્મિક પ્રગતિના સર્વ નિયમોને અવિશુદ્ધપણે પાલન કરવાની દેવ અને ગુરુ સમક્ષ લીધેલી પ્રતિજ્ઞાના પાલનમાં સતત ઉદ્યમવંત જીવન.

ચારિત્ર એટલે સર્વાત્મભાવનું બીજ. ચારિત્ર એટલે સમભાવનું પરોઢ. ચારિત્ર એટલે મુક્તિ માટેનું વિરાટ પગલું. ચારિત્ર એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના અતુટ સમન્વયમાંથી નિષ્પન્ન થતું મોક્ષોન્મુખી જીવન.

વિશ્વચરણુંશા નવકારના અડસઠ અક્ષરોના એકમેક સાથેના સુસંયોજમાંથી સહજપણે અવિર્ભાવ પામતા સત્ત્વમાં મોક્ષના ફળવાળા ચારિત્રનું બીજ રહેલું છે, અને તેથી જ શ્રીનવકારને જીવ માત્રના પરમ ઉપકારી, પરમ હિતકારી અને પરમ કલ્યાણકારી માતા, પિતા, બંધુ, સ્વજન, ગુરુ અને તારક તરીકે સર્વકાળના સર્વમહાન આત્માઓ સ્વીકારતા અને સેવતા આવ્યા છે.

નવકારમાં ક્યાંય સંસાર નથી, સંસારના સુખની વાત નથી, સ્વર્ગના સુખનું વર્ણન નથી, એ જ તેનો ચારિત્રમંત્ર તરીકેનો સબળ પુરાવો છે.

નવકારના એકનિષ્ઠ આરાધકો નિયમા ચારિત્રની અભિલાષાવાળા હોય છે. પછી કોઇને તે વહેલું પ્રાપ્ત થાય તો કોઇને મોડું. માત્ર ગણત્રીના કુટુંબીજનોવાળું અને થોડાક સગાવાળું જીવન આત્માનું જીવન સંભવી શકે જ નહિ, એ સત્ય વચનમાં સંપૂર્ણ શ્રદ્ધા જન્માવવાની જે અચિંત્ય શક્તિ નવકારમાં અખૂટપણે રહેલી છે, તે તેમાંના સર્વ-વિરતિધર પંચ-પરમેષ્ઠિભગવંતોના નિતાંત કરુણામય જીવન-માંથી અસ્ખલિતપણે વહી રહેલા નિર્મળ આત્મતેજને આભારી છે. દીક્ષાનું રહસ્ય નહિ સમજી શકનારા આત્માઓ સંભવ છે કે 'ચારિત્ર' શબ્દના પઠન વડે પણ ચોંકે, અથવા ભડકે.

દીક્ષા વિશ્વસ્નેહના મહાકાવ્યનો છેલ્લો શ્લોક છે. એ શ્લોકને સમજવા અને ઝીલવાની ક્ષમતા હાંસલ કરવી એ કાંઈ બચ્ચાના ખેલ નથી. વિશ્વસ્નેહના મહાકાવ્યના બાકીના સઘળા શ્લોકો જેમને બરાબર સમજાય છે, તેઓ જ તે છેલ્લા શ્લોકમાં પ્રવેશી શકે છે. અને જેઓ તેમાં પ્રવેશ્યા છે, તેમના પવિત્ર જીવન તરફ નજર ફેરવતાંવેંત જ આપણને આપણા બંધિયાર જીવન પ્રત્યે ખરેખર અણગમો પેદા થયા સિવાય રહેશે નહિ.

આત્માની શક્તિ કેટલી ? અનંત અપાર.

અને તેનું સામ્રાજ્ય કેટલામાં ? આપણા શરીર પૂરતું પણ માંડ.

શું આપણું આ રીતનું વર્તન ન્યાય–નીતિપૂર્વકનું ગણાય ? ન જ ગણાય.

તો પછી નવકાર જેવા અનુપમ ચારિત્ર–મંત્રનો આશ્રય આપણે બધાએ સ્વીકારવો જોઇએ કે નહિ ?

ઘડીના પણ વિલંબ વિના સ્વીકારી લેવો જ જોઇએ.

'હુ આત્મા છું' એ સાવ વિસરી જવાથી અને 'હું શરીરધારી અશોક, અરુણ વગેરે નામવાળો જ છું' એવું સતત સ્મરણમાં રાખવાથી આપણી ઘણીખરી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓની પાછળ આત્માનો પ્રકાશ જોડાએલો રહેવાને બદલે શરીરને જ આશ્રીને રહેલી ઇન્દ્રિયોની આણ વર્તાતી જોવા મળે છે.

નવકાર, ચારિત્રમંત્ર હોવાથી તેની સાથે નિકટનો સંબંધ બંધાતાં જ માનવીને એના આત્માના વિશ્વ સાથેના

સંબંધનું તરત જ ભાન થાય છે. તેમ જ તેનું જીવન વિશ્વમય જીવનના પ્રકાશમાં પાંગરવા માંડે છે.

ચારિત્રની એ અનોખી વિશિષ્ટતા છે કે તેના પ્રત્યેક અંશમાં આત્માનું નવનીત ઉભરાય છે, એટલે તેની સાથેના આંશિક પણ સંબંધવાળો આત્મા ધીમે ધીમે કંગાલ જીવનના કેદખાનામાંથી છુટતો જાય છે અને મોક્ષલક્ષી જીવનમાં પ્રવેશતો જાય છે.

ચારિત્રમંત્ર શ્રીનવકારની એ આગવી વિશિષ્ટતા છે કે તે આપણને કોઇની પાસે કશું માગવાનું નહિ, પરંતુ આપણી પાસે જે કાંઇ હોય તે બધું સંપૂર્ણ સર્વોત્તમભાવના પ્રગટીકરણ કાજે છોડવાનું કહે છે.

આત્મદર્શનની ભાવના અને કર્મ ખપાવવાની તમન્ના-પૂર્વક, પશુતુલ્ય બનતા જતા પોતાના સર્વથા નિયમ-વિહોણા જીવનને જે આત્માઓ જ્ઞાની ભગવંતોએ પ્રકાશેલી રીતે વ્રત, પ્રત્યાખ્યાનાદિ વડે અંશે પણ નિયંત્રિત કરે છે, તેઓ તેટલા અંશે ચારિત્રમાર્ગના આરાધક ગણાય છે. અને ઊંચા પરિણામ-પૂર્વકની તે આરાધનાના અંશમાંથી જગતને યથાસમયે પરમ સત્ત્વવંત પુરુષોના દર્શનનો ધન્ય અવસર પ્રાપ્ત થાય છે.

જેના સતત આલેખનના પ્રભાવે જીવને ઊંચા, પવિત્ર, વ્યાપક અને ત્યાગમય જીવનના મહાપ્રાસાદમાં પ્રવેશવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે તે ચારિત્રમંત્ર શ્રીનવકારનો કદી કોઇ જીવને વિયોગ ન નડો !

★

(૨૯)

# મનનો માલિક

નવકાર એ આચારનો નિયામક જ માત્ર નહિ, પરંતુ વિચારનો ચોકીઆત પણ છે.

કાબેલ સિપાહીની ચોકી ભેદીને જેમ કોઇ ચોર, લૂંટારો કે બદમાશ આગળ વધી શકતો નથી તેમ નવકારની નજર ચૂકવીને કોઇ ખરાબ વિચાર મનરૂપી મુખ્ય દ્વાર મારફત શરીરના કોઇ પણ ખંડમાં દાખલ થઇ શકતો નથી.

શરીર કિંમતી છે, છતાં તે કોઈ પણ કિંમત પર ખરીદી શકાતું નથી, એ કારણે તેની રક્ષા માટેની જાગૃતિ આપણે ભલે રાખીએ, પરંતુ તેનાથી વધુ કિંમતી છે મન અને વિચાર, કારણ કે તેમાંથી જ આચાર જન્મે છે. જો વિચારની રક્ષા ન થાય તો આચારની રક્ષાનો પ્રશ્ન પાંગળો બની જાય. ડાળું કપાય તો ઝાડને ઈજા જરૂર થાય, પરંતુ તે તેનું મૂળ કપાય અને જેટલી થાય તેટલી તો નહિ જ. તે જ રીતે જો વિચારનું ખૂન થાય તો આચાર

ન જ બચે. વિચારની રક્ષા માટે, દુર્વિચાર દાખલ થઈ જઈને સારા વિચારને ઝાંખા ન પાડી દે તે માટે, અતિ સૂક્ષ્મ, તેજસ્વી અને પૂર્ણ પ્રબળ એવા અક્ષરોના બનેલા નવકારની ચોકી આઠે ય પ્રહર માટે મનના દ્વાર પર ગોઠવી દેવી જોઇએ.

ખેતરમાં ઊભા કરેલા નિર્જીવ ચાડિયાને જોઈને પંખીઓ નજીક આવતાં ગભરાય છે, તેમ જે મનમાં નવકારના અક્ષરોમાંથી નિર્માણ થએલી તેજસાકૃતિ ઝળહળતી હોય છે ત્યાં દુર્વિચારો દાખલ નથી થઈ શકતા, મનના ખેતરમાં મહાપ્રયત્ને ફાલતા સાત્ત્વિક વિચારોના પાકની રક્ષા માટે આપણે સહુ સવેળા સજાગ બનીને નિશ્ચિત ક્યારે બનીશું ?

નાનો સરખો પણ કુવિચાર, પેટમાં નાખેલા કાચા અનાજના કોળિયાની જેમ સૂક્ષ્મ શરીરમાં મોટી ગડબડ ઉભી કરે છે. આપણા સ્થૂલ અને સૂક્ષ્મ શરીરની રચના જ એવી છે કે તેને કશું ખરાબ, સડેલું કે કોહેલું માફક આવતું જ નથી. તેમ છતાં આપણે જ્યારે ખરાબની આદતે ચડી જઇએ છીએ, ત્યારે તે ખરાબને સારાપણાનો ભાવ આપીને જ સ્વીકારતા હોઇએ છીએ. કચરાને સોનાનો ભાવ આપવો અને સોનાને કચરાનો, તેના કરતાં કચરાને તેના સ્થાને રહેવા દઇ, સોનાને સ્વીકારતા થવું, તે શું ખોટું ? પણ આપણું મન આપણને તેમ કરતાં રોકે છે. કારણ કે ચોમેર છવાએલા જડ પદાર્થોમાંથી સત્ત્વ ને સાર ગ્રહણ

કરવાને બદલે જડ અને અસાર ગ્રહણ કરવામાં જ તેને આનંદ આવે છે. મનની આ જડભાવલીનતા નવકારના પ્રભાવે સારી રીતે દૂર થઇ જાય છે.

મનમાં નવકાર બોલાય છે એટલે અંદરનું મલિન વાતાવરણ સાફ થવા માંડે છે, તેમ જ શરીર ઉપરની પકડ ઢીલી થવા માંડે છે. તે પકડ જેમ જેમ ઢીલી થતી જાય છે તેમ તેમ અંતર ચૈતન્યનો પ્રવાહ સૂક્ષ્મમાર્ગોદ્વારા સંસારમાં પવિત્રતા પ્રસરાવે છે. માનવીનું શરીર એ ચૈતન્યનું અદ્‌ભુત માધ્યમ હોવાનો સાધકને પૂરેપૂરો ખ્યાલ આવે છે, તે ખ્યાલના પ્રભાવે તેની જડાસક્તિ દિન-પ્રતિદિન ઓસરતી જાય છે, સુખ-દુઃખની તેની સમજમાં, મોટો ફેર પડતો જાય છે, ભયાનક મુશ્કેલીના પ્રસંગ વખતે પણ તે પોતે આંતરિક શક્તિમાં, એકાગ્ર મનના બળ વડે સ્થિરતા ધારણ કરી શકે છે. તે સ્થિરતાના પ્રતાપે જડને તાબે થવાની દુઃખદ સ્થિતિમાં પહોંચવાને બદલે, જડને સ્વાધીન કરવાની સુખદ સ્થિતિમાં ટકી શકે છે.

પ્રભાતના પ્રકાશમાં નાહવા મળે અને માનવી જેમ અનેરી તાજગી અનુભવે, શારદી ચંદ્રના શીળા તેજ પીવા મળે અને માનવી જેમ અનેરી આહ્‌લાદકતા અનુભવે, તેમ નવકારના ઉચ્ચારમાંથી જન્મતા ધ્વનિના સ્પર્શે માનવીના આંતર્‌શરીરમાં એવી અનુપમ શાંતિ અને સુસંવાદિતા ફેલાય છે. કે તેના આનંદમાં તેનો બધો થાક, ઉદાસીનતા, ચિંતા અને ભય અદૃશ્ય થઈ જાય છે.

મનમાં જાગતા દુર્વિચારોની શરીર ઉપર બહુ ઘેરી અસર થાય છે. સઘળી સુખ-સગવડો વચ્ચે મહાલતા માનવીનું પણ જો મન અશાંત હોય, ખરાબ વિચારોથી ઘેરાયેલું હોય, તો તેને તે સારી દેખાતી સ્થિતિ વચ્ચે પણ અપાર કંટાળો આવતો જાય છે.

મન વિચિત્ર છે જ; કારણ કે તે ચંચળ છે. દરિયાનાં મોજાં શમે તો મનના સંકલ્પો શમે. તો પછી જે શમે એવા જ નથી તેને શમાવવા માટે મિથ્યા પ્રયત્ન કરવાનો શો અર્થ ? એના કરતાં એને ઉત્તમ પ્રકારના માધ્યમની આસપાસ ગોઠવી દેવા તે શું ખોટું ?

સ્થૂલ માધ્યમો તો ઘણુંય છે. પણ તે બધાં નાશ પામવાના સ્વભાવવાળાં હોવાથી તેનું આલંબન પરિણામે દુઃખદાયી નીવડે છે. માટે માધ્યમ તો અજર, અમર, નિત્ય, શાશ્વત અને સારગર્ભિત જ જોઇએ. જેમાં દોષનો એક અંશ પણ ન હોય એવું માધ્યમ જ મનને નિર્દોષ અને નિર્મળ આત્માના સંદેશને ઝીલવાને યોગ્ય બનાવી શકે.

એવું માધ્યમ છે નવકાર.

મન ભલે તેમાં રચ્યું-પચ્યું રહે, ભલે આઠે ય પ્રહર તત્સંબંધી વિચારમાં એકાએલું રહે.

બહારના વિચારો અને સમાચાર મન મારફત આખા શરીરમાં ભયાનક ધરતીકંપ જેવું જે વાતાવરણ જન્માવે છે, તેના ઉપર સખ્ત જાપ્તો રાખવા માટે નવકારની સ્થાપના એ જ એક માત્ર ઉપાય છે. સુંદર વિચારોના સાતમા

આસ્માને વિહરતા માનવીને ઘડીભરમાં દુર્વિચારોના પાતાળમાં ફેંકી દેનારા મનની સુરક્ષા માટે આજના વિષમય વાતાવરણ વચ્ચે આપણે ગંભીરપણે વિચાર કરવો જ જોઇએ.

મોરલીના નાદે મણિધર ડોલવા માંડે, તેમ નવકારના તેજોમય સ્વરૂપને જોતાં જ મનની દુર્ભાવલીનતા ઠંડી પડી જાય છે. મોરલી હાજર હોવા છતાં જો તેનો વગાડનાર ઉસ્તાદ ન મળે તો ન નાદ નીકળે, કે ન મણિધર કબજે આવે, તેમ નવકાર હોવા છતાં જો તેને વિધિપૂર્વક જપનારા અને તેનો વાસ્તવિક અર્થ સમજનારા માનવો ન મળે તો મન-મણિધર કબજે શાનો આવે ?

મનને જે ગમતું હોય છે, તેવા જ વિચારોની અસર લોહી વાટે આખા શરીરમાં ફેલાઇ જાય છે અને તે જ અસરનું બળ શરીર મારફત વાતાવરણ ઉપર અસર જન્માવે છે. આ વાતાવરણની અસરદ્વારા સંસારમાં સારૂં-માઠું વાતાવરણ જન્મે છે.

સંસારમાં સુંદરતા ફેલાવવાનો મુખ્ય માર્ગ મનને સુંદર બનાવવું તે જ છે. મન સુંદર તો જ બને જો તેને સુંદરમાં સુંદર એવું માધ્યમ મળે.

નવકારમાં, મનને જોઇતો સાત્ત્વિક વિચારોનો સઘળો ખોરાક પૂરો પાડવાની પૂરી યોગ્યતા છે. મનમાં તેની સ્થાપના કરવાથી તે યોગ્યતા કેટલી ઉંચી કક્ષાની છે, તેની સ્પષ્ટ પ્રતીતિ થઈ શકે તેમ છે. તેના સિવાય નહિ તો મન કાબુમાં આવે, નહિ સુંદર બને, કે નહિ સુવિચારોનું પોષક બને.

સુવિચારોની મનની ભૂખ સિવાય, જો બહારથી તેના ઉપર તે લાદવામાં આવશે તો તે દગો રમશે; સુવિચારો ગમે છે એવો ડોળ કરીને, દુર્વિચારોને બમણા વેગથી સેવશે.

સૂંઠ, મરી, પીપરીમૂળ, આદિથી જેમ મંદ જઠરાગ્નિ સતેજ થાય છે, તેમ મનની મંદ જઠરાગ્નિ નવકારથી સતેજ થાય છે, નવકાર કોઠે પડવાથી તેની ભૂખ ઉઘડે છે. જ્યાંથી મળે ત્યાંથી સારૂં ખાવા માટે તે ઉત્સુક રહે છે અને પરિણામે જીવનમાં સુંદરતાનું અલૌકિક બળ જાગૃત થાય છે.

મનની માલિકી નવકારને સોંપી આપણે સહુ પરાધીન–દશાનો પાર પામીએ !

★

છાયા વૃક્ષને અનુસરે છે તેમ પ્રકૃતિ શ્રીનવકારના આરાધકને અનુસરે છે.

શ્રીનવકારમાં ખોવાઇ જનાર મહાભાગ, ખોવા જેવું બધું જ ખોઇ નાખીને મેળવવા જેવું સઘળું આસાનીથી મેળવી શકે છે.

અમૃત ભરેલા શ્રીનવકારના અમૃતાભિષેક વડે જીવને ચઢેલું મહામોહનું ઝેર જરૂર ઉતરી જાય.

(૩૦)

# પરમોપકારી શ્રીઅરિહંત

વિશ્વના સકળ જીવોના પરમ મિત્ર, પરમ ગુરુ, પરમ ઉપકારક અને પરમ પિતા એવા શ્રીઅરિહંત પરમાત્મા, શ્રીતીર્થંકર પ્રભુ તરીકેના પોતાના છેલ્લા ભવ દરમ્યાન, પૂર્વ-કાળના ભવો દરમ્યાન પોતાના આત્મામાં નાના મોટા કોઇ જીવ પ્રત્યે અંશે પણ રહી ગએલા અમિત્રભાવને જીવનભરના સામાયિકયોગવડે નિર્મૂળ કરી નાખતા હોય છે. અમિત્રભાવે પણ જે આત્માઓ તેમના શરીરને વ્યથા પહોંચાડવા પ્રયત્ન કરે છે તેમના હૈયામાં પણ અનંત કરુણાસાગર તે શ્રીઅરિહંત પરમાત્માની કરુણાદૃષ્ટિ વડે મોટો ફેરફાર થઈ જાય છે. તેમ જ તે આત્માઓનાં જીવન પણ વિશ્વમૈત્રીના મહાયોગની સાધનામાં ખરેખર મગ્ન બની જાય છે.

પ્રબળતમ પુણ્યપ્રકર્ષના યોગે જેઓશ્રીના માત્ર સાન્નિધ્યથી પણ પ્રકૃતિ સહિતના જીવોની માનસિક સ્થિતિમાં અકળ ફેરફાર થઈ જાય છે તે વિશ્વપુરુષ, વિશ્વમાંના કોઈ

જીવને કે પદાર્થને કદી પણ આઘાત ન પહોંચાડી શકે. કારણ કે તેમ કરવા જતાં સર્વ પ્રથમ તેઓશ્રીને પોતાના વિશ્વમય આત્માને આઘાત પહોંચાડવો પડે. એટલે શ્રી-અરિહંત પરમાત્મા સંસારમાં જ્યાં સુધી શ્રીતીર્થંકરપણે વિચરે છે ત્યાં સુધી સકલ જીવોના શ્રેયઃ સિવાયનો બીજો કોઈ ભાવ તેઓશ્રીના પરમ વિશુદ્ધ આત્મામાં હોતો જ નથી. તે ભાવની સર્વોત્કૃષ્ટતામાંથી તીર્થ પ્રવર્તે છે અને ભવ્યજીવો અપ્રમત્તપણે સિદ્ધત્વની સાધના કરી શકે છે.

શ્રીઅરિહંત પરમાત્માને કર્મરિપુઓના હણનારા તરીકે ઓળખવા-ઓળખાવવામાં આવે છે, તે તેમની ઓળખાણ માટે પૂરતું નથી. કારણ કે તેઓશ્રીના તીર્થંકર પરમાત્મા તરીકેના ચરમ ભવની પૂર્વેના ભવો દરમ્યાન ઉત્કૃષ્ટપણે ભાવેલી સર્વ જીવોના કલ્યાણની પરમ ભાવનાના યોગે ચરમભવમાં તેઓશ્રીનું આત્મવીર્ય એવી અકળ ગતિએ ફોરવા માંડે છે, કે વૃક્ષ પરથી ખરી પડતા પાકેલા ફળોની જેમ તેઓશ્રીના આત્મપ્રદેશને વળગીને રહેલાં સઘળાં અવશિષ્ટ કર્મો ટપોટપ ખરી પડવા માંડે છે.

ત્રણેય લોકના સર્વ જીવોના હૃદયમાં શ્રીઅરિહંત પરમાત્માનું પરમ આદરણીય સ્થાન હોય છે, તેનું પણ મૂળ કારણ તો તેઓશ્રી ત્રણે ય જગતના સઘળા જીવોના કલ્યાણની એક માત્ર ભાવનાને અનેક જન્મો સુધી પોતાના હૃદયમાં જાળવીને રાખે છે અને તેને દાન-શીલ-તપ અને ભાવ વડે નિત્ય ઉછેરે છે, તે છે.

જે ભવ્યાત્માઓના પ્રત્યેક આત્મપ્રદેશે ઝબક-ઝબક ઝબકતું હોય છે વિશ્વના જીવોને તારવાનું તેજ, તેમના જ જીવનમાં સકળ જીવોને તારવાની સર્વોત્કૃષ્ટ ભાવનામાંથી સાકાર બનતા તીર્થની અનંત તારકશક્તિ, સમગ્રતયા સંક્રાન્ત થતી હોય છે.

ત્રિભુવનના સર્વ જીવોના એક માત્ર તેજનયન સમાન શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિ વડે મઘમઘે છે જેમનાં જીવન-વન, તે ભવ્યાત્માઓને હૈયે કદી પાપીમાં પાપી મનુષ્ય પ્રત્યે પણ નફરતનો ભાવ નથી જ જાગતો. કારણ કે તેમના હૈયામાં તેવા મિથ્યાભાવને જન્મ આપનારી સામગ્રીને તેઓ મન માર્ગે એકત્ર કરતા જ નથી. મન તેમનું અહર્નિશ શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિમાં જ લીન થઈને રહેતું હોય છે.

જેના મૂળમાં અખંડપણે વહી રહ્યો છે પરમ વિશ્વ-મૈત્રીભાવ, તે અનેક જન્મોના ઉપાર્જેલા મહાપુણ્યના યોગે શ્રીજૈનશાસનને પામેલા પણ ભવ્યાત્માઓની મૌલિક પ્રગતિમાં ત્યારે જ મોટું ગાબડું પડે છે કે જ્યારે તેઓનો જીવનપ્રવાહ, તેના મૂળ સ્વરૂપથી-શાસનના મૂળ પ્રવાહથી અલગ પાડી દેનારા મોહજન્ય ખ્યાલને આધીન થવા માટે રસ્તો બદલવા માંડે છે.

જેમના દર્શન માત્રથી ઘણા ભવ્ય આત્માઓનો જન્મો-જન્મનો અજ્ઞાનરૂપી અંધકાર ટળી ગયો છે એવા શ્રીઅરિહંત પરમાત્માના સર્વ કલ્યાણકર આત્મસામર્થ્યને નમવાના ધન્ય અવસરે-સ્તવવાના માંગલિક પ્રસંગે પણ 'હું' પણું ઓગળીને અશ્રુ વાટે અને પ્રસ્વેદ વાટે બહાર

ન નીકળવા માંડે, તો સમજવું કે આપણે હજી તેઓશ્રીને બરાબર ઓળખતા પણ થયા નથી. જેમણે જેમણે તેઓશ્રીને ઓળખ્યા છે, તે બધા જ પોતાના આત્માને ઓળખવાની શક્તિ મેળવી શક્યા છે. શ્રીઅરિહંતની પૂરી ઓળખ સિવાય કોઈ જીવ, કદી પણ પોતાના આત્માને પૂરેપૂરો ઓળખી ન જ શકે અને તે સિવાય સંસારના સ્વરૂપને ઓળખવાની તત્ત્વદૃષ્ટિ તેનામાં ન જ પ્રગટી શકે.

જે પરમાત્માની ભક્તિ વડે, માનવી પોતાના આત્માને ઓળખવાને શક્તિમાન થાય છે, તે પરમાત્માના ચરમભવ સંબંધી કાંઈ પણ લખવાનો, બોલવાનો, કે વિચારવાનો ધન્ય પ્રસંગ તે જ પુણ્યાત્માઓને પ્રાપ્ત થાય છે કે જેમના સમગ્ર જીવન ઉપર તેઓશ્રીની ભક્તિનું જ વર્ચસ્વ હોય છે. ભક્તિવિહોણી દૃષ્ટિ વડે શ્રીતીર્થંકર પરમાત્માને ઓળખવા-ઓળખાવવાનો પ્રયાસ, પ્રાણવિહોણા દેહને ટકાવી રાખવાના પ્રયાસ સરખો, બલ્કે તેથી ય અધિક મિથ્યા ગણાય.

ચૌદ રાજલોકવ્યાપી સંસારના સકળજીવોનું શ્રેયઃ જેઓશ્રીના હૈયામાં અહર્નિશ રમતું હોય છે, તે શ્રીઅરિહંત પરમાત્મા જ્યારે તીર્થંકર પ્રભુ તરીકેના ચરમભવને પ્રાપ્ત કરે છે, ત્યારે આખા વિશ્વનું હૈયું અનેરા હર્ષ-ધબકાર અનુભવે છે, તે જ સાબિત કરે છે કે તેમનું હૃદય વિશ્વમય હોય છે. એટલે કે વિશ્વના નાનામાં નાના જીવની પણ મોક્ષ-માર્ગાનુકૂળ પ્રગતિ તેઓશ્રીને એટલી જ યથાર્થ લાગતી હોય છે કે જેટલી એક વિવેકી માનવીની લાગે. અને તેથી

જ જ્યારે કેવળજ્ઞાનમય તેઓશ્રીના આત્મામાં કોઇ જીવનું તેઓશ્રીના દર્શનની ઉત્કટ ભાવનાનું ચિત્ર દેખાય છે ત્યારે તેઓશ્રી જાતે જ તેને દર્શનનો અને પ્રતિબોધનો પરમ અવસર આપવા માટે સેંકડો જોજન દૂર પણ જતા હોય છે.

વીસમા તીર્થંકર શ્રીમુનિસુવ્રત સ્વામિજી એક અશ્વને દર્શન આપવા અને પ્રતિબોધવા માટે ભરૂચ નગરે પધાર્યાની હકીકતનું શાસ્ત્રમાં વર્ણન આવે છે તે તદ્દન હકીકતરૂપ હોવા ઉપરાંત તેઓશ્રીના 'સર્વજીવહિતચિન્તકત્વ' ભાવનું આપણને યથાર્થ ભાન કરાવે છે.

સમગ્ર સંસારના સંપૂર્ણ સ્વરૂપના યથાર્થ જ્ઞાન પછી જ શ્રીતીર્થંકર પરમાત્મા તીર્થ પ્રવર્તાવીને ચતુર્વિધ શ્રીસંઘની સ્થાપના કરે છે. તે હકીકત એમ સૂચવે છે કે, 'સંસાર એ નાના મોટા કોઈ પણ જીવના કાયમી વસવાટ માટેનું સર્વોત્તમ અને સાચું સ્થાન નથી.' જો સંસાર એ જ સર્વ જીવોના કાયમી વસવાટ માટેનું સાચું સ્થળ હોત તો પરમજ્ઞાની અને પરમઉપકારી શ્રીતીર્થંકર પરમાત્માએ આપણને તેની તે જ રીતે ઓળખાણ કરાવી હોત. અને તેમાં ડૂબતા, ડૂબકિયો ખાતા, અથડાતા, તણાતા, ઘડીકમાં ઉંચે આવતા અને ઘડીક પછી વધુ નીચે જતા જીવોને બચાવી લેવા માટે મહાજહાજ સરખા શ્રીતીર્થની સ્થાપના ન જ કરી હોત.

કારમા કતલખાના સરખા સંસારમાં મોહને આધીન રહેલા જીવો વધુ ગાઢ આર્ત અને રૌદ્રધ્યાન વડે વધુ

કષાયાસકત ન બને, પણ 'હું આત્મા છું, બધા જીવો મારા મિત્ર છે. મારા જ સારા-માઠાં કર્મોનાં ફળ હું ભોગવી રહ્યો છું, મને કદી કોઈ જીવ પ્રત્યે દુર્ભાવ ન હો.' એવો શુભ ભાવ અંશે પણ પૂર્વ ક્ષિતિજે પ્રગટતા પ્રભાકરની જેમ તેમના જીવન-વ્યોમે સાકાર બને, એ એક પરમ કરુણાદૃષ્ટિ વડે જેઓ તીર્થની સ્થાપના કરે છે, તે શ્રીતીર્થંકર પરમાત્મા પ્રત્યે આપણા હૈયામાં જે પરમ-પૂજ્યભાવ હોવો જોઈએ તે પ્રગટાવવાના પ્રયત્નમાં લાગી જવું જોઈએ. એવો પ્રયત્ન છે ? ના, નથી જ.

—અને જો હોત તો આજે આપણી ખુમારી જુદી હોત, ત્યાગ માટેનો આપણો તલસાટ અનેરો હોત, તપ માટેની આપણી તમન્ના નિરાળી હોત, શીલ કાજેનો આપણો આગ્રહ અનુપમ હોત અને આપણા ભાવમાં ભવ ફેડવાની આગવી ઝલક હોત.

જગચિંતામણી એવા શ્રીજિનેશ્વર ભગવન્તને સમર્પિત થવાનો આપણો મંદોત્સાહ જ આપણા સંસારમાં વ્યાપક બનતી જતી આધ્યાત્મિક મંદીનું સાચું કારણ છે. અને તેના ઉપરથી એ ફલિત થાય છે કે કલાલખાના સરખો સંસાર જ હજી સુધી આપણા હૃદયના પવિત્ર સિંહાસન ઉપર બેઠેલો છે. અન્યથા શ્રીઅરિહંત પરમાત્માની પ્રતિમાના દર્શન પછી આપણામાં અંશે પણ દૃષ્ટાભાવ જાગ્યા સિવાય રહે જ નહિ.

આ લોકને વિષે જેમના ઉપકારની કોઈ સીમા નથી, એવા શ્રીઅરિહંત પરમાત્મા તરફ આપણે જો મોઢું

કરવાને બદલે પીઠ કરીશું, તો સૂર્ય વગરના સંસાર જેવી, આપણા જીવનની દશા થઈ જશે. આપણો કોઈ ધડો નહિ કરે. પોતાના પરમઉપકારીના ઉપકારને સર્વથા વિસરી જનારા કૃતઘ્ની આત્માને ત્રણ લોકમાં પગ મૂકવા જેટલી જગ્યા પણ આપવા માટે કોઈ રાજી હોતું નથી. કારણ કે તેનો તથાપ્રકારનો કૃતઘ્નભાવ તે જ્યાં જાય છે ત્યાંના વાતાવરણને દૂષિત જ બનાવતો હોય છે. એટલે કોઈ આત્મા તેને સાનુકૂળ બનવામાં એકદમ તૈયાર થતો જ નથી.

પરમ વિશ્વોપકારી શ્રીઅરિહંત પરમાત્માના અનંત ઉપકારની સ્મૃતિને કાયમપણે આપણા હૈયામાં ટકાવી રાખવા માટે આપણે અને તેટલી વધુ વાર 'નમો અરિહંતાણં' પદનો જાપ કરવો જ જોઈએ.

કહેવત છે કે, 'જેને જેનો ખપ, તેને તેનો જપ.'

મોક્ષના ખપી આત્માઓ, કદી પણ પોતાના હૈયામાં શ્રીઅરિહંત પરમાત્માની ઉત્કૃષ્ટ ભક્તિના સુધારસ સિવાય બીજું કાંઈ જ રાખતા નથી, તે સાબીત કરી આપે છે કે, જેને સંસારની જેમ ગમે છે તે જ તેના જેલરતુલ્ય મોહરાજાના મહાસામ્રાજ્યના વાવટાને પોતાના હૈયાની દેરી ઉપર ફરકતો રાખવામાં ગૌરવ અનુભવે છે.

સર્વ જીવોના પરમહિતના પરમચિન્તક શ્રીઅરિહંત પરમાત્માના પરમોપકારની સતત સ્મૃતિ વડે સહુનાં હૈયાં સુવાસિત બનો!

★

(૩૧)

# શ્રીઅરિહંત ભક્તિ.

હૃદયની આપ-લેનું નામ છે 'ભક્તિ'

અનેક તેના પ્રકારો છે.

પ્રભુને હૃદય આપી દેવું, તે છે 'સર્વોત્કૃષ્ટ ભક્તિ'

પ્રભુ એટલે પરમાત્મા. સકલ જીવસૃષ્ટિના પરમ-ઉપકારી પિતા. ભવ્ય જીવોને તારનારા તીર્થના પ્રવર્તક. એક સમયમાં ત્રણ-લોકના ત્રણ-કાળના સર્વ જીવોના દ્રવ્ય ગુણ અને પર્યાયના પરમજ્ઞાતા-સર્વજ્ઞ.

મેધા એ જેમ મનની પાંખ છે, તેમ ભક્તિ એ હૃદયની આંખ છે. મેધાવી અન્ય માનવોની રીતભાત અને ચાલને જરૂર પારખી શકે, પરંતુ તેમના હૃદય સુધી પહોંચવા માટે તો તેને પણ ભક્તિરૂપી આંખ જ જોઇએ.

સંસારના સર્વ માનવ પ્રાણીઓને હૃદય તો હોય છે, પણ તે હૃદયમાં પ્રભુભક્તિરૂપી નિર્મળ નેત્રો બહુ ઓછા

આત્માઓને હોય છે. તેનો એ મતબલ નથી કે તેમનું હૃદય સર્વથા ભક્તિનેત્રવિહોણું હોય છે, પરંતુ ભક્તિનેત્રના સ્થાને તેમના હૃદયને કોઈક તત્ત્વની, શક્તિની, કે વ્યક્તિની ભક્તિનું નેત્ર હોય છે અને તેથી જ આ સંસારના બધા જીવોની દૃષ્ટિમાં દરેક કાળે ઘણો મોટો તફાવત રહેતો આવ્યો છે. જો કે તે તફાવતની અંદર સામ્ય ઘણું રહેલું હોય છે, પરંતુ ત્યાં સુધી બધા આત્માઓની દૃષ્ટિ નહિ પહોંચતી હોવાથી તે તફાવતના કારણે સંસારના જીવો એક બીજાની ખૂબ નજીક રહેતા હોવા છતાં–જાણે સેંકડો જોજન દૂર રહેતા હોય તેવો ભાવ અનુભવે છે.

શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિ સિવાય આપણા હૃદયમાં સંસારના સકલ જીવોના સમુત્થાનની પવિત્ર પ્રેરણાનો સંચાર નહિ થઇ શકે. એક માત્ર શ્રીઅરિહંત પ્રભુમાં જ આત્માની એ પરમ પવિત્ર શક્તિ પૂર્ણપણે ખીલેલી હોય છે, કે જેને હૃદયમાં ઊંડે સુધી સ્થાપવામાં આવે તો માનવીનું જીવન પ્રત્યેક પળે અનોખી વિશ્વમયતાનું દર્શન કરતું–કરાવતું થઇ જાય. સૂર્ય કિરણને પોતાના અંતરના નાજુક આસન ઉપર આદર અને ઉલ્લાસપૂર્વક પ્રસ્થાપિત કરીને નાચતા પુષ્પમાં જે સાત્ત્વિકતાનાં દર્શન કરીને આપણે આનંદીએ છીએ, તેના કરતાં અનેકગુણી વધુ સાત્ત્વિકતાના પાત્રભૂત આપણા હૈયામાં જો આપણે શ્રીઅરિહંત પરમાત્માને ખૂબ જ આદર અને ઉલ્લાસપૂર્વક પધરાવીએ તો આપણા જીવનમાં એવી અનેરી ખુમારી અને સૂક્ષ્મતા સમગ્રતયા નિર્માણ થાય કે તેના માત્ર સ્પર્શ અને

સાન્નિધ્યબળે જગતની પ્રજાઓમાં હર્ષની લહરીઓ ઊછળવા માંડે. વાતાવરણમાં દિવાળીનો ઉજાસ દેખાવા માંડે.

પરંતુ ક્લેશ, ખેદ, પરિતાપ, ભય, હિંસા, અસત્ય અને ચિંતાનો ભારો માથે ઉપાડીને જ ફરવાની આદતને આધીન બની ગએલા આપણે આજે ઘડીભરને માટે પણ તે ભારાને આપણા માથા ઉપરથી નીચો ઉતારવા માટે લેશ તૈયાર નથી, અને તેથી આપણા હૈયામાં પ્રભુજીને પધરાવવાની ઉંચી ભાવના સજાગ થતી નથી. માત્ર તે ભારાની સાચવણી માટેની જ યોજનાઓમાં જીવનકાળ વ્યતીત થાય છે.

શ્રીઅરિહંત પ્રભુની સાચી ભક્તિ સિવાય, શ્રીઅરિહંત પરમાત્માના પરમ પાવનકારી પાદ-પદ્મે નિજ હૃદય-પદ્મ સમર્પ્યા સિવાય, શ્રીઅરિહંત પ્રભુના વિશ્વોદ્ધારક નામમાં પોતાની જાતને ભૂલી ગયા સિવાય, શ્રીઅરિહંતદેવના અનંત ઉપકાર સાગરમાં પોતાની જાતને એક બિંદુરૂપે મેળવી દીધા સિવાય, કે શ્રીઅરિહંત પરમાત્માના અનંત આત્મ-પ્રકાશમાં પોતાના જીવનની અનેકવિધ અપૂર્ણતાનાં યથાર્થ દર્શન કર્યા સિવાય, શું કોઈ આત્મા આ જીવસૃષ્ટિના હૈયામાં આદરણીય સ્થાન પ્રાપ્ત કરી શકવાનો છે ?

હરગીઝ નહિ !

કારણ કે પશુ, પંખી અને માનવ સહિત સર્વ જીવોને તેમના અનેકવિધ ભવોના રહ્યા સહ્યા રસ-કસ સરખી જે તીવ્ર પાપાસક્તિ વળગેલી હોય છે તેનાથી તે સર્વને છોડાવ-

વાની પૂર્ણશક્તિ એક માત્ર શ્રીઅરિહંત પરમાત્માની અનન્ય નિષ્ઠાપૂર્વકની ભક્તિમાં જ છે.

શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિની પરમતેજસ્વી શક્તિ વડે જ, આપણે લોકને વિષે સર્વથા અવિરોધભાવ (લોગવિરુદ્ધચ્ચાઓ) કેળવી શકીશું, જીવ માત્ર પ્રત્યે સંપૂર્ણ સદ્‌ભાવ ખીલવી શકીશું, પૃથ્વી–વિશાળ મહામોહશિલાના ભારણને દૂર હઠાવી શકીશું, વાસનાઓની દુર્વાસથી મુક્ત થઈ શકીશું, રાગ અને દ્વેષના દ્વન્દ્વને મહાત કરી શકીશું, કાયરતાની કંથાને ઊતારી શકીશું, પામરતાની ડગલીનો પરિત્યાગ કરી શકીશું. નાનકડા ઘરની ઓરડીમાં બેસીને 'મિત્તી મે સવ્વભૂએસુ' (મારે છે મૈત્રી સર્વ જીવોથી)નું મહાગીત ગાઈ શકીશું, પાડોશીજનો અને નગરજનો ઉપરાંત કીડી, મંકોડી, મોર, પોપટ અને ચકલાં આદિના જીવનનું પણ યથાર્થ સન્માન કરી શકીશું, આપણા આત્મામાં રહીને વિશ્વાત્મભાવને વાંદી શકીશું; દયા, ત્યાગ, પરોપકાર, સંયમ અને તપનું સાચું માહાત્મ્ય પારખી શકીશું, જીવનની વિશ્વ-વ્યાપી મનોહારિતાનાં સુભગ દર્શન કરી શકીશું, ગુણીજ-નોના ગુણની ગાથાઓ ગાવામાં રહેલા રહસ્યને ઓળખી શકીશું, દુઃખી આત્માઓના દુઃખને દૂર કરવાની લાયકાત ખીલવી શકીશું, શઠ, જુગારી, લંપટ અને ક્રૂર માનવ–પ્રાણીઓ પ્રત્યે પણ માધ્યસ્થભાવ દાખવી શકીશું.

શ્રીઅરિહંત પરમાત્માની સાચા હૃદયની ભક્તિ ખીલવવા માટે આપણે સ્વીકારવી જોઇએ બીનશરતી શરણા-

ગતિ મહામંત્ર શ્રીનવકારના પ્રથમ પદ 'નમો અરિહંતાણં'ની. જ્યાં સુધી આપણા સમગ્ર જીવનમાં નહિ ફેલાય નમસ્કારભાવ, ત્યાં સુધી આપણા ઉપરની મહામોહની પકડ જરા પણ ઢીલી નહિ જ થાય. કારણ કે 'હું પોતે જ્યાં સુધી એજ ગુમાનમાં ફરતો રહું, કે મારે કોઈને ય શા માટે નમવું પડે ? નમવું એ તો કાયરતાની જ નિશાની ગણાય' ત્યાં સુધી હું કદી મારા દૂષણોથી મુક્ત ન થાઉં. તેમ જ્યાં સુધી બીજા સંસારી આત્માઓ પણ શ્રીઅરિહંત પરમાત્માને નમવામાં અક્કડતા દાખવશે, ત્યાં સુધી તેઓ પણ 'મારી' જેમ તેમના દૂષણોથી મુક્ત નહિ થઈ શકે.

ઉપકારી ભગવંતો ફરમાવે છે કે 'જો તમે નમવામાં ખરેખર લાઘવતા અનુભવતા હો તો બૂરાં કર્મોને ન નમો, હીન વિચારોને ન નમો, સ્વાર્થને ન નમો ! પરંતુ જો પરમવ્યાપક આત્મતત્ત્વને નમવામાં અક્કડતા બતાવતા રહેશો તો તમારા જીવનમાં વિશ્વમયતાની શીતળ હવા સંચરશે કઇ રીતે ?'

'નમો' છે લાકડી, જીવને શ્રીઅરિહંત પરમાત્મા સમીપ લઇ જનારી, 'નમો' છે નયન હૃદયનું, કે જેના વડે ત્રણેય કાળના સર્વોત્તમ આત્માઓના ગુણનું અમીપાન કરી શકાય છે. 'નમો' છે પાંખ આત્મભાવની, કે જેના ફફડાટ સાથે જીવનો બ્રહ્મવિહાર શરૂ થાય છે.

'નમો'નો દેહભાવ વિશ્વભાવ જેટલો વડો જોઇએ. તેનું ઊંડાણ શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિના જળ વડે જ

માપી શકાય, અને તેની વ્યાપકતા આત્માના વિશ્વવ્યાપી સ્વરૂપમાં જ સમાઈ શકે.

શ્રીઅરિહંત પરમાત્માને પૂર્ણ ઉલ્લાસપૂર્વક નમ્યા સિવાય, આ સંસારમાં અનેક નાના-મોટા માનવોને નમવાનું આપણું કાર્ય કદી પૂર્ણ નહિ થાય. શ્રીઅરિહંત પરમાત્માની સાચી ભક્તિગંગામાં ઝીલ્યા સિવાય, સંસારના કાદવમાંથી બહાર કાઢનારી જ્ઞાની ભગવંતોની પરમઉપકારી વાણીનો મર્મ આપણને નહિ સમજાય.

સકલ જીવસૃષ્ટિને માટે છે સ્થાન જેઓશ્રીના હૈયામાં, તે પરમતારક શ્રીઅરિહંત પરમાત્માની સન્નિષ્ઠાપૂર્વકની ભક્તિ સિવાય, તે જીવસૃષ્ટિને વિષે આપણે પણ છાજતું વર્તન નહિ દાખવી શકીએ. શ્રીજિનેશ્વર ભગવંતની ઉપાસના સિવાય, શું આપણને વળગેલો કર્મજન્ય દાસ્યભાવ છૂટવાનો છે? જો ઉપાસના સિવાય આપણો દિ' વળે તેમ નથી, તો પછી શ્રીઅરિહંત પરમાત્માની મન-વચન-કાયાની એકતા-પૂર્વકની ઉપાસના કરીને અનેક ભવોના આપણા દાસત્વને (ગુલામીખતને) સદાને માટે શા માટે નાબૂદ ન કરી દેવું?

ભક્તિ શ્રીઅરિહંત પરમાત્માની જ સર્વશ્રેષ્ઠ શા માટે?

એટલા માટે કે, પૃથ્વી-વિશાળ મહામોહરૂપી શિલાના ભારણ તળે ચગદાઈ રહેલા ચેતનને સર્વથા મુક્ત કરવાની સંપૂર્ણ શક્તિ, શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિ વડે જ સહજપ્રાપ્ય બની જાય છે. કારણ કે શ્રીઅરિહંત પરમાત્મા સ્વયં મહામોહવિજેતા છે. તેમને ભૂલી જઈને અન્ય સામાન્ય

તત્ત્વોની ભક્તિ કરવાથી આપણે સર્વથા મોહમુક્ત ન બની શકીએ. તે સર્વ તત્ત્વોનો કોઇને કોઈ અંશ મહામોહશિલા વડે ઢંકાયેલો હોવાથી તેની ભક્તિ વડે આપણે પૂરેપૂરો મોહનો પરાજય ન કરી શકીએ.

શ્રીઅરિહંત પરમાત્માની આવી ભક્તિ થાય કઇ રીતે ?

અનેક રીતે.

જેમાંની કેટલીક રીતો નીચે મુજબ છે.

૧—શુદ્ધ થઇને, શુદ્ધ વસ્રો પહેરીને, શુદ્ધ ભાવપૂર્વક, શ્રીઅરિહંત પરમાત્માના સ્વરૂપને સમજીને, શ્રીઅરિહંત પરમાત્માની પ્રતિમાને શુદ્ધ દ્રવ્યો વડે પૂજા કરવાથી થઇ શકે.

૨—શ્રીઅરિહંત પરમાત્માની પ્રતિમા સન્મુખ બેસીને એકચિત્તે તેમના ગુણ ગાવાથી થઈ શકે.

૩—શ્રીઅરિહંત પરમાત્માની પ્રતિમા સન્મુખ બેસીને સજળનયને તેમના અનંત ઉપકારનું સ્મરણ કરવા વડે થઈ શકે.

૪—શ્રીઅરિહંત પરમાત્માએ પ્રકાશેલા ચતુર્વિધ ધર્મની સન્નિષ્ઠાપૂર્વકની આરાધના વડે થઈ શકે.

૫—શ્રીઅરિહંત પરમાત્માએ નિષિદ્ધ કરેલા ભયાનક પાપના પંથે જવાની વૃત્તિઓને અંકુશમાં રાખવાથી થઇ શકે.

૬—શ્રીઅરિહંત પરમાત્માએ પ્રકાશેલા સર્વોપકારી ધર્મનો બોધ ભવ્ય આત્માઓને આપવામાં સર્વથા અપ્રમત્ત એવા સાધુ ભગવંતોની ભક્તિદ્વારા થઇ શકે.

૭—શ્રીઅરિહંત પરમાત્માએ પ્રકાશેલું જ્ઞાન જેનામાં

આજે સંગ્રહાએલું છે, એવા શાસ્ત્રગ્રન્થોના પૂજન, બહુ-માનાદિ વડે થઇ શકે.

૮—શ્રીઅરિહંત પરમાત્માએ પ્રવર્તાવેલા ધર્મતીર્થની સુરક્ષા અને પ્રભાવનાના ઉચિત કાર્યોમાં મન-વચન-કાયાની શક્તિનો ઉપયોગ કરવાથી થઈ શકે.

૯—શ્રીઅરિહંત પરમાત્માને ભજનારા પુણ્યાત્માઓની ભક્તિ દ્વારા થઇ શકે.

૧૦—શ્રીઅરિહંત પરમાત્માના મહાવિશ્વશાસનની પ્રભાવનાનાં પુણ્યકાર્યોની અનુમોદના વડે થઇ શકે.

૧૧—શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિ માટે તલસતા આત્માઓને તથાપ્રકારની સાનુકૂળતા બક્ષવાથી થઈ શકે.

૧૨—લોકને વિષે શ્રીઅરિહંત પરમાત્મા જ પરમ પૂજ્ય છે, એવી ભાવનાને હૃદય કમળમાં સુરભિરૂપે પરિણત કરવાથી થઈ શકે.

૧૩—શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિના મહામંગલ-કારી મહોત્સવોમાં સામેલ થવા વડે થઇ શકે.

૧૪—શ્રીજિનચૈત્યના નવનિર્માણ અને જીર્ણોદ્ધાર વડે થઈ શકે.

૧૫—ત્રણેય લોકમાં રહેલી શ્રીઅરિહંત પરમાત્માની પ્રતિમાઓના માનસિક-પૂજન વડે થઇ શકે.

૧૬—લોકને વિષે રહેલા સર્વ જીવોને શ્રીઅરિહંત પમાત્માએ પ્રકાશેલો ધર્મ પમાડવાની ઉજ્જવળ ભાવના વડે થઇ શકે.

શ્રીઅરિહંત પરમાત્માની ચોક્કસ ઓળખ શી ?

જેઓ નીચેના અઢાર દોષોથી સર્વથા મુક્ત હોય, તે જ દેવાધિદેવ શ્રીઅરિહંત !

૧–અજ્ઞાન, ૨–નિદ્રા, ૩–મિથ્યાત્વ, ૪–અવિરતિ, ૫–રાગ, ૬–દ્વેષ, ૭–કામ, ૮–હાસ્ય, ૯–રતિ, ૧૦–અરતિ, ૧૧–ભય, ૧૨–શોક, ૧૩–જુગુપ્સા, ૧૪–દાનાંતરાય, ૧૫–લાભાંતરાય, ૧૬–ભોગાંતરાય, ૧૭–ઉપભોગાંતરાય, ૧૮–વીર્યાન્તરાય.

ઉક્ત અઢાર દોષો પૈકી એક પણ જેમનામાં હોય તેમને અરિહંત તરીકે ઓળખવાથી શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિને બદલે અભક્તિ થાય. કારણ કે તેમ કરવા વડે આપણે જગતના જીવોને યથાર્થ એવા શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિમાં જોડવા કે સ્થિર કરવા માટે સહાયક થવાને બદલે અંતરાયભૂત સાબીત થઈએ તેના પરિણામે જગતના જીવોને ચારગતિરૂપ સંસારમાંથી છોડાવનારા સાચા શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિથી દૂર રાખવાના મહાપાપના ભાગી બનીએ અને એથી અનંત સંસાર ભ્રમણની આકરી સજાને પાત્ર ઠરીએ.

અસાર આ સંસારમાં સારરૂપ છે એક માત્ર શ્રી-અરિહંત પરમાત્માની સન્નિષ્ઠાપૂર્વકની ભક્તિ. સંસારી જીવને સન્માર્ગે ચાલવાનો સઘળો પ્રકાશ તે ભક્તિમાંથી જ મળે છે. વસ્તુસ્વભાવને ઓળખવાની વિવેક દૃષ્ટિ તે ભક્તિના પ્રભાવે જ નિર્મળ થાય છે. જીવમાં રહેલી મુક્તિની અદમ્ય ઝંખનાને સાંભળવા–સમજવાનું સઘળું સામર્થ્ય તે ભક્તિના

પ્રતાપે જન્મતી આંતરિક સૂક્ષ્મતા વડે પ્રાપ્ત થાય છે. વ્યાપક જીવસૃષ્ટિ સાથેના વાસ્તવિક સંબંધોનું જ્ઞાન તે ભક્તિના બળ વડે મેળવી શકાય છે. પ્રકૃતિના આંતર–બાહ્ય સ્વરૂપનું યથાર્થ દર્શન તે ભક્તિરૂપી આંખ વડે થઇ શકે છે.

જગતના સઘળા જીવોને ભવસમુદ્રમાંથી તારનારા એવા ધર્મતીર્થને પ્રવર્તાવનારા શ્રીઅરિહંત પરમાત્માના આપણા ઉપરના ઉપકારની કોઇ સીમા નથી, આખું જીવન કેવળ તેમની જ ભક્તિ પાછળ ગાળીએ, તો પણ તેનો બદલો વાળી શકીએ તેમ નથી. તેમના દર્શન સિવાય, આપણું દર્શન કદી નિર્મળ નહિ થાય. તેમની સાચા હૃદયની ભક્તિ સિવાય, કદી આપણું ભવ્યત્વ પરિપક્વ નહિ થાય. તેમની સ્તુતિ સિવાય, કદી સંસારભક્તિનું આપણા જીવનને ચઢેલું ઘેન નહિ ઉતરે અને તેમના ઉપકારમાં લીન રહ્યા સિવાય, કદી આપણે મર્ત્યલોકના માયા ભર્યા સ્વરૂપને જીતી નહિ શકીએ. આપણામાં રહેલા વિરાટ આત્માના નિર્મળ સ્વરૂપના પ્રગટીકરણ માટે આપણે ગમે ત્યારે પણ પરમપુરુષ પરમાત્મા શ્રીઅરિહંતની જ ભક્તિનો સ્વીકાર કરવો પડશે.

તે ભક્તિનો ઈન્કાર એટલે જ ભવભ્રમણનો સ્વીકાર, ભવવ્યથાનો સ્વીકાર, સંસાર–દાસત્વનો સ્વીકાર અને જન્મ, જરા, મૃત્યુનો સ્વીકાર.

વર્તમાન કાળે જે આત્માઓ શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિના યથાર્થ મહિમાને સમજી અને સ્વીકારી રહ્યા છે,

તેમને ખરેખર ધન્ય છે. પરંતુ જે આત્માઓના મનમાં આજે પણ શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિના અચિંત્ય પ્રભાવ સંબંધી સંદેહ છે, તેમને વિનમ્ર ભાવે એટલું જ કહેવાનું રહે છે કે 'તમારૂં વિશ્વમય જીવન તમને પુકારી રહ્યું છે.' શરીરની આડમાં તમને તેનો અવાજ ન સંભળાતો હોય તે બનવાજોગ છે, પરંતુ તમે આજે જે દશામાં છો, તેનાથી તમારે ખરેખર આગળ વધવું જ હોય તો પરમ વિશ્વમૈત્રીભાવને ઝળહળાવનારા શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિનો તમારે ક્યારે ય પણ સ્વીકાર કરવો જ પડશે. સંભવ છે કે મહામોહની પ્રબળતાને કારણે આજે તમને તમારી અપૂર્ણ સ્થિતિનું દુઃખ સાલતું ન હોય અને તેથી તમે તે દુઃખથી છોડાવનારી ભક્તિ તરફ આકર્ષાવામાં આનાકાની કરતા હો, પરંતુ જે પળે તમને તમારી અપૂર્ણતા સાલશે, તમારૂં સંસાર–દાસત્વ સાલશે, તે જ પળે તમારૂં હૈયું ચીસ પાડી ઊઠશે કે, 'બીજે નહિ, એક શ્રી–અરિહંતને જ શરણે 'તું જા !'

જીવના વિશ્વવ્યાપી પવિત્ર સ્વરૂપને પ્રગટાવવામાં સંપૂર્ણ સામર્થ્યવાળી શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિના મૂળમાં વહી રહ્યો છે શાશ્વત ઝરો 'સર્વકલ્યાણનો'. તેના સ્પર્શ માત્ર વડે આપણા જીવનમાં એટલો મોટો ફેરફાર થવા માંડે છે કે તેને કાયાકલ્પની ઉપમા પણ નાની પડે. કારણ કે તે ઝરાના સ્પર્શે કેવળ કાયામાં જ નહિ, મન અને વચનમાં પણ કલ્યાણભાવની જ્યોત્સ્ના પથરાવા માંડે છે. આપણે વ્યક્તિ મટી સમષ્ટિગત સ્વરૂપના પ્રતીક બનવા

માંડીએ છીએ. શ્રીઅરિહંત પરમાત્માના સર્વજીવહિતચિન્તકત્વની ગહનતાના પાન માટે પાત્ર બનવા માંડીએ છીએ. જીવોના પવિત્ર જીવન પ્રવાહના ઉર્ધ્વીકરણના સત્પ્રયાસોની એક અનોખી ખુમારી આપણા જીવનને ભરી દે છે. દુષ્ટમાં દુષ્ટ લેખાતા માનવીમાં રહેલા સદ્ અંશને નિહાળવાની પવિત્રતા આપણી આગવી થાપણ બની જાય છે.

શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિને સમર્પિત થવાથી, આપણે આપણા એકલાના મટી–ઘણાના બની શકીશું, ઘણા જીવોના હૈયામાં શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિનો દીવો પેટાવવામાં સહાયભૂત બની શકીશું. જે સ્વાર્થ, સંકુચિતતા અને ક્ષુદ્રતા આજે આપણા ઉપર ચામડીના એક પડની જેમ લાગીને રહેલાં છે, તે સર્વ શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિની ઉષ્ણતા વડે તુરત જ દૂર થઈ જશે. આપવડાઈ અને પરનિંદાનો જે મહાવ્યાધિ આપણામાં ઘર કરતો જાય છે તેને શ્રીઅરિહંત–પરમાત્માની ભક્તિ જ દૂર ભગાડી શકશે. કારણ કે તેમની ભક્તિના પ્રભાવે વ્યક્તિ પોતે પોતાની જાતમાં તેમની જ અસરની દોરવણી પ્રમાણે ચાલવામાં આનંદ અનુભવે છે. પછી તેને નથી નડતો 'અહં' કે નથી નડતો 'મમ.'

શ્રીઅરિહંત શબ્દમાં જ એટલો અચિંત્ય પ્રભાવ છે કે જો તેનો યોગ્ય વિધિપૂર્વક જાપ કરવામાં આવે તો જીવને ઘણા થોડા કાળમાં પોતાના શિવસ્વરૂપની લગની લાગ્યા વિના રહે જ નહિ. બીજું શ્રીઅરિહંત શબ્દના જાપ વડે

જીવનમાં સમભાવ અને ગંભીરતા પ્રગટ થવા માંડે છે. પ્રાણશક્તિમાં અદ્‌ભુત વધારો કરવાની અખૂટ શક્તિ પણ શ્રી'અરિહંત' શબ્દમાં છે. આત્મસ્વરૂપની ઝાંખી શ્રી'અરિહંત' શબ્દના સતત જાપ વડે થાય જ છે. મનની ચંચળતાને નાથવાનું શ્રી'અરિહંત' શબ્દમાં અપૂર્વ સામર્થ્ય છે. 'અરિહંત' શબ્દના સંચાર સાથે અંતરમાં એવી ઊર્મિઓ પ્રતિધ્વનિત થાય છે કે જેની અસરથી આપણામાં અનાદિથી ચોંટેલા વૈરભાવનાં મૂળિયાં હાલવા માંડે છે, તેમ જ તે ઊર્મિઓ વડે બહારના વાતાવરણમાં મૈત્રીભાવના સહાયકત્વનું સત્ત્વ વધવા માંડે છે. ઘરમાં બેસીને એકાગ્ર ચિત્તે 'નમો અરિહંતાણં' પદનો જાપ કરનાર ભવ્યાત્માને ત્રણ જગતના જીવોના સાત્ત્વિક જીવનની સાધના માટેની ઘણી કિંમતી શક્તિનો પૂરવઠો પૂરો પાડનાર તરીકે સહેજે ઓળખાવી શકાય.

'અણમોલ માનવભવ શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિ કરવા માટે જ મળ્યો છે' એવી સાચી સમજપૂર્વક આપણે આપણા સમગ્ર જીવનને શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિમાં જ પરોવી દેવું જોઈએ. જ્યારે પણ તે ભક્તિથી દૂર થવાનો અશુભ પ્રસંગ આવી પડે, ત્યારે આપણને આપણા દેહમાંનું એક અંગ અકસ્માત કપાઈને જુદું પડી જતાં જે દર્દ થાય તેના કરતાં વધુ દર્દ થવું જોઈએ. આંખો આપણી દિન-રાત શ્રીઅરિહંત પરમાત્માના દર્શન કાજે ઝૂરે નહીં, જીહ્વા આપણી અહર્નિશ શ્રીઅરિહંત પરમાત્માની સ્તુતિ કરવા માટે વલવલે નહીં, કર્ણદ્વય આપણા નિશદિન શ્રી-અરિહંત પરમાત્માના ગુણો સાંભળવા માટે તરસે નહીં,

ઘ્રાણેંદ્રિય આપણી રાત-દિવસ શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિની સુરભિ કાજે તડફડે નહીં, ત્વચા આપણી આઠે ય પ્રહર શ્રીઅરિહંત પરમાત્માના પરમ પુનિત પાદ સ્પર્શની પ્રતીક્ષામાં પલળે નહીં, ત્યાં સુધી સમજવું કે આપણે હજી ઈંટ-માટીની જડ દુનિયાના જ દાસ છીએ, મોટાં મકાનો અને ચળકતી મોટરોમાં જ આપણી દુનિયા સમાએલી છે. મોટી તીજોરીઓ અને લાંબા-પહોળાં કબાટોમાં જ આપણું જીવન છૂપાએલું છે. રેશમી વસ્ત્રો અને કિંમતી અલંકારો વડે જ આપણે આપણી જાતને ઓળખાવવા ઈચ્છીએ છીએ.

નહિંતર જગતત્રયાધાર, લોકના સ્વરૂપને પ્રકાશનારા અને ત્રિભુવનના નયન (चक्खू तिहुअणस्स) સમાન શ્રીઅ-રિહંત પરમાત્માની ભક્તિ સિવાય બીજે જીવનરૂપી આગવી થાપણને રોકવાનો વિચાર સુદ્ધાં આપણને આવી શકે કેમ? વળતરનો પૂરો વિચાર અને ક્યાસ કર્યા પછી વેપારમાં મુડી રોકનારા આપણે આપણા જીવનરૂપી અણમોલ દ્રવ્યના રોકાણની બાબતમાં કેમ ગફલત ખાઈ બેસીએ છીએ, તે જ સમજાતું નથી? જ્યાં સુધી જીવન આપણું શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિમાં નહિ રોકાય, ત્યાં સુધી આપણને કદી પણ વળતરરૂપે વધુ સુંદર, વધુ પવિત્ર અને વધુ શક્તિની યોગ્યતાવાળું જીવન નહિ જ મળે. ચૂપચાપ, કોઈને ય જણાવ્યા સિવાય. જો આપણે આપણાં જીવન શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિમાં ગોઠવી દઈએ, તો આપણને અલ્પસમયમાં જ તેના વડે મળનારા અકલ્પ્ય લાભનાં

લક્ષણો વર્તાવા માંડે. પરમજીવનની સર્વ યોગ્યતાવાળા જીવનને જ્યાં સુધી આપણે વિમધ્યમ, અધમ અને અધમાધમ પ્રકારના જીવન સાથે યોજતા રહીશું ત્યાં સુધી આપણું ભવભ્રમણ, અપૂર્ણતાઓ અને અંતરાયોની અનેકવિધ અથડામણોવાળા સંસારનું દાસત્વ આપણે નહિ ટાળી શકીએ, તે દીવા જેવી સ્પષ્ટ હકીકત છે.

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્ય ભગવાન શ્રીવીતરાગ સ્તોત્રમાં જેમના અચિંત્ય પ્રભાવ અને ઉપકારનું વર્ણન કરવા પોતાની જાતને પશુ કરતાં પણ નીચી (क्वाहं पशोरपि पशु–वीतरागस्तवः क्व च ?) આલેખે છે, તે શ્રીઅરિહંત પરમાત્માની સાચી ભક્તિ સિવાય આપણા જીવનને પ્રતિક્ષણે ડંખી રહેલો જંતુભાવ અને ચુંથી રહેલો પશુભાવ આપણો કેડો છોડશે ખરો કે? કર્મ અને કષાયોનો જે આંધળો માર, આપણને અધમૂઆ કરી રહ્યો છે, તેમાંથી સર્વ કર્મ અને કષાયોથી સર્વથા મુક્ત થએલા શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિ સિવાયની બીજી કોઇ દુન્યવી તાકાત આપણને બચાવી શકે તેમ છે ખરી ?

'શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિ સિવાય મારે બીજા કશાનો ખપ નથી, એ શરીર, એ વચન અને એ મન પણ મારે ન જોઇએ, કે જે શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિમાં આનાકાની કરે. વર્તમાન માનવ ભવમાં શ્રીઅરિહંત પરમાત્માની કૃપાના પ્રતાપે મને દેહાદિ જે કાંઇ સામગ્રી મળી છે તે બધી જ હું શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિ પાછળ જ ખર્ચી શકીશ, ત્યારે જ મારા હૈયાને ટાઢક વળશે.'

પ્રત્યેક ભવ્યાત્માનું જીવન આવી અને આથી યે વધુ ઊંચી અને ગહન ભાવનાના કબજામાં રહેવું જોઇએ. તે સિવાય અતિ કઠીન થઇ પડશે શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિને લાયક બનવાનું આપણા માટે.

જીવમાત્રના હૈયામાં ત્રિભુવનપતિ શ્રીઅરિહંત પરમાત્માની ભક્તિનો વાસ હો ! સહુના ઘરમાં શ્રીઅરિહંત પરમાત્માની, તેમણે સ્થાપેલા શાસનની અને એ શાસનને ઉત્પન્ન કરનાર વિશાળભાવનાની ભક્તિનો વાસો હો !

★

શ્રીનવકારમાંના શબ્દો એ શબ્દો જ નથી, નિર્મળ આત્મતેજની કલામય અનુપમ આકૃતિઓ છે. તેનો સ્પર્શ માત્ર પણ રોમેરોમમાં અલખની લહરિઓ ફેલાવે છે. તેની નજીક જવાનો ભાવ જાગતાંની સાથે જ દુર્વિચારરૂપ દાનવો નાસવા લાગે છે. તેના અક્ષરમાં સમાવું એટલે સદેરે તેની તેજગંગામાં ઝીલવું. તેના શબ્દમાં રમવું એટલે નિ:શબ્દમાં ભળવું. તેના પદમાં પરોવાવું એટલે પરમપદની પાઠશાળામાં પ્રવેશવું. તેનાં નવે ય પદોમાં નાહવું એટલે પાપ-પુણ્યનાં કાળાં-ધોળાં વાદળોની પેલે પાર તરતા આત્મ-રવિના નિર્મળ તેજમાં સમાઇ જવું.

(૩૨)

# આજ્ઞાનો દીવો.

જેના અંતર-ગોખે અહર્નિશ ઝળહળતો હોય શ્રી-અરિહંત પરમાત્માની આજ્ઞાનો દીવો, તેના જીવનમાં અંધારૂં ટકી શકે ખરૂં કે ?

તેલ, દીવેલ અને વિજળીના સામાન્ય દીવાના પ્રકાશમાં પણ માનવીનાં ઘણાં કાર્યોને સરળ બનાવવાની શક્તિ હોય છે, તો પછી શ્રીઅરિહંત પરમાત્માની નિર્મળ આત્મ-જ્યોતિમાંથી પ્રગટેલા આજ્ઞાના દીવાના અજવાળે જીવનો અજ્ઞાનરૂપી અંધકાર કેમ દૂર ન થાય ?

શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞા એટલે ત્રણ લોકના ત્રણેય કાળના સર્વ જીવોનું કલ્યાણ કરનારૂં સત્યવચન.

શ્રીઅરિહંત પરમાત્મા એટલે લોક ત્રયના સર્વ જીવોના પરમ મિત્ર, પરમબંધુ, પરમગુરુ, પરમપિતા અને પરમતારક.

સર્વકલ્યાણના સર્વોચ્ચ આત્મભાવના અમૃત વડે શાશ્વતપણે ઝળહળી રહેલા શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞાના

દીવાના અજવાળે જીવનના મહાકાવ્યનો જે રસાસ્વાદ માણવા મળે છે, તેવો બીજા કોઇ દીવાના અજવાળે મળી શકે તેમ નથી જ.

જગબંધુ શ્રીઅરિહંત પરમાત્માને આજ્ઞા કરવાનો ભાવ હોય ખરો કે ?

ના, તેઓશ્રીને તેવો ભાવ ન હોય. પરંતુ લોક-ત્રયના સર્વ જીવોના પરમહિતચિંતક હોઇને તેમનો એકે એક શબ્દ આપણી છદ્મસ્થજીવો માટેની આજ્ઞા જ ગણાય. જો તેમની વાણીને આપણે આજ્ઞા સ્વરૂપે ન સ્વીકારીએ, તો તેના પાલન માટેની આવશ્યક ક્ષમતા આપણે કદી ન ખીલવી શકીએ. ' ભગવાને કહ્યું. છે, માટે કરવું જોઇએ ' એ અને ' ભગવાનની આજ્ઞા છે, માટે પાળવી જોઇએ ' એ બે વાક્યોનો જો ઊંડાણથી અભ્યાસ કરવામાં આવે તો આપણને તેની તરતમતા અવશ્ય હૃદયગત થાય.

પુષ્કરાવર્ત મેઘ જેવી શ્રીઅરિહંત પરમાત્માની દેશના વડે ભીંજાય છે જેમનાં હૈયાં, તે ભવ્યાત્માઓ તો તેઓશ્રીના પ્રત્યેક શબ્દને મોક્ષનું બીજ સમજતા હોય છે. તેનું તેઓ એ રીતે જતન કરતા હોય છે કે જે રીતે એક શાણો ખેડૂત ચોમાસાની ઋતુમાં વાવણીના અવસરે પોતાના બીજવારાનું જતન કરે છે.

અહીં પ્રશ્ન ઉઠે છે કે-શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞા એ મોક્ષનું બીજ ગણાય ?

હા, જો તેનું હૈયાની શુદ્ધભૂમિમાં શુદ્ધભાવપૂર્વક વપન

કરવામાં આવે અને પછી તેને દાન–શીલ–તપ તથા ભાવરૂપી આવશ્યક તત્ત્વો વડે સેવવામાં આવે તો તેમાંથી યોગ્ય કાળે સુખરૂપી ફાલ અને મોક્ષરૂપી ફળ નીપજે જ.

તો પછી આજ્ઞાને દીવો શા માટે કહ્યો ?

એટલા માટે કે લોકાલોકપ્રકાશક શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞામાં ત્રણ જગતના સર્વ જીવોના મિથ્યાત્વરૂપી મહાઅંધકારને દૂર કરવાનું સંપૂર્ણ સામર્થ્ય છે, એટલે તેને 'દીવા'ની ઉપમા આપવાથી તેનામાં રહેલી સર્વ યોગ્યતાને એક કાળે પૂરેપૂરો ન્યાય આપવાની ભાવનાનું જતન થઇ શકે.

દીવાના અજવાળે ચાલતો માનવી જેમ ઠેસ, કંટક, કાદવ, ખાડા–ટેકરા, કે અન્ય જોખમોમાંથી પણ ઉગરી જાય છે, તેમ જે આત્માઓ જગહિતકારી શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞાના દીપકને અજવાળે ચાલે છે તેમને બહિર્ભાવની ઠેસ વાગતી નથી, દુષ્કર્મરૂપી કંટકો ભોંકાતા નથી, કષાયના કાદવમાં તેમનું મન ખરડાતું નથી, રાગ–દ્વેષની આડી વાટે તેમનો જીવન–રથ ઉતરી જતો નથી અને સંસારના કોઇ જીવ પ્રત્યે તેમના હૈયામાં શત્રુભાવ રહેતો નથી.

પરમતારક શ્રીઅરિહંત પરમાત્માની જગતના જીવોને શી આજ્ઞા છે ?

એ જ કે, 'સમય માત્ર પણ પ્રમાદ ન કરવો. કોઈ જીવને મનથી, વચનથી કે કાયાથી ન દુભવવો. અહર્નિશ આત્મભાવ–મગ્ન રહેવું. મોક્ષની આરાધના માટે બધા જીવોના મોક્ષની

ભાવના ભાવવી. સંસાર, એ આત્માનું કાયમી નિવાસસ્થાન નથી, માટે તેનામાં કદી ન લપટાવું. મિત્ર, સ્વજન-સંબંધી, માતા-પિતા, પતિ-પત્ની. પુત્ર-પુત્રી, આદિ કુટુંબ પરિવારને જ આત્માનાં સગાં ન સમજવાં. ધર્મ સિવાય આત્માનું કોઈ વાસ્તવિક સગું નહિ માનવું. નિત્ય નિયમમાં રહેવું. દાન-શીલ તપ અને ભાવ સિવાયનો માનવજન્મ મહામૂર્ખને મળેલા ચિંતામણી રત્નની જેમ વૃથા સમજવો. નાના મોટા કોઇ જીવનું મનથી પણ અશુભ ન ચિંતવવું. સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ રાખવો. ગુણીજનોના ગુણોની મનથી, વચનથી અને કાયાથી ભૂરિ ભૂરિ અનુમોદના કરવી, દુઃખી જીવોના દુઃખો પ્રત્યે સમવેદના પ્રગટ કરવી. દુષ્ટજનો પ્રત્યે માધ્યસ્થભાવ ધારણ કરવો. પંચ પરમેષ્ઠિ ભગવંતોને સદા શિર પર રાખવા. વિશ્વવ્યાપી જીવનની વિરાધનાના કોઇ પણ કાર્યમાં મનથી, વચનથી કે કાયાથી ન ભળવું, નહિ ભળવાનો નિયમ ધારણ કરવો.'

ત્રૈલોક્યપ્રદીપ શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞાનો આ છે આછેરો પ્રભાવ. કારણ કે તેઓશ્રીની આજ્ઞાને અક્ષરશઃ વાણીમાં ઉતારવી તે બે ભુજાઓ વડે સ્વયંભૂરમણ સમુદ્રને તરવા કરતાં પણ અધિકતર દુષ્કર કાર્ય છે.

બધા જીવોના ઉદ્ધારની ક્ષમતાવાળા વિશ્વોપકારી જીવનની ઉત્કટ ભાવનાને બદલે, પામરતાની પછેડી ઓઢીને પડી રહેવાની જે જાડ્યાભિરતિ આપણામાં ઘર કરી રહી છે, તેના ઉપરથી કહી શકાય કે આપણાં નેત્રો અને મન

કરુણાસિંધુ શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞાના દીવાની દિશામાં નહિ, પરંતુ અન્યત્ર છે.

સર્વજ્ઞ શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞાના દીવાના અજવાળે જ નાબૂદ થશે આપણો મોહાંધકાર. તેના સિવાય આપણને અંધકાર અને પ્રકાશ વચ્ચેનો, અજ્ઞાન અને જ્ઞાન વચ્ચેનો, સંસાર અને મોક્ષ વચ્ચેનો, વાસ્તવિક ભેદ નહિ જ સમજાય અને ત્યાં સુધી આપણ ઓછા-વત્તા અંશે દોરડાને સાપ સમજીને ભય પામનારા તથા રેતીને જળ સમજીને આનંદ પામનારા જીવોની શ્રેણીમાં જ રહીશું.

સેંકડો સૂર્યના એકસામટા પ્રકાશ કરતાં પણ અધિક પ્રકાશવંતા નિર્મળ આત્માના પ્રકાશમાં જોઈને જેઓશ્રીએ જીવ, જગત અને કર્મનું યથાર્થ સ્વરૂપ, સકળ જીવસૃષ્ટિના પરમ સુખની સર્વોચ્ચ ભાવનાપૂર્વક રજુ કર્યું છે, તે જગનાથની આજ્ઞાની ઉપેક્ષાનું ફળ એટલે જ સંસાર-દાસત્વ અને નહિ કે સંસાર-સ્વામિત્વ !

ક્યારે ટળશે આપણું આ સંસાર-દાસત્વ ? ક્યારે પ્રગટશે આત્મ-સ્વામિત્વ ? ક્યારે વરીશું પરમ મુક્તિપદને ?

લાંબા કાળના લોભને વશ થએલા જીવને પૈસો જાય એટલે પોતાનું અંગ કપાયા સરખું અથવા ક્યારે'ક તેનાથી પણ અધિક દુઃખ થાય, તેમ અજ્ઞાનદશાને કારણે આપણને દાસત્વ કોઠે પડી ગયું હોવાથી તેને છોડવામાં શરીરને છોડવા જેટલું દુઃખ થતું હોય તેવો અનુભવ થાય છે, પરંતુ આપણો તે અનુભવ અજ્ઞાનના પાયા ઉપર

રચાએલો છે, માટે તેને પ્રમાણ તરીકે ન સ્વીકારતાં વિશ્વ-બંધુ શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞાને જ સર્વથા સમર્પિત થઈ જવું જોઇએ.

વિશ્વના સકળ જીવોના પરમ હિતની સહજ આત્મ-ભાવમય દશાને પ્રગટાવનારા પરમોપકારી શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞારૂપ દીવાના એક એક કિરણમાં પ્રભાકરના એક સામટા પ્રકાશ કરતાં પણ વિશેષ સંજીવની શકિત છે, ચંદ્રની શારદી શીતળતા કરતાં અધિક મૌલિક શીતળતા છે, ગંભીર એવા સાગરને આંટી જાય તેવી ગંભીરતા છે.

જેનામાં ઉભરાય છે લોકત્રયના સકળ જીવોના પરમ હિતનું પરમ પવિત્ર હેત, તે ત્રિભુવનપતિ શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞામાં એક-મેક થઈ જવાનું મહાપુણ્ય આપણું જાગશે કયારે ?

સંસાર-સ્વામિત્વ એટલે શું ? તે જો આપણને યથાર્થપણે સમજાઈ જાય, તો અનાદિથી ગોઠી ગએલું સંસાર-દાસત્વ આપણને એક ઘડી-વાર પણ ન જ ગમે.

પરંતુ મહામોહના દાસ બનેલા આપણને જેટલી મોહની આજ્ઞા પ્રિય લાગે છે, તેની આજ્ઞામાં સડતા જીવોની આજ્ઞા પ્રિય લાગે છે, તેટલી મહામોહવિજેતા શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞા પ્રિય નથી જ લાગતી. અને તેથી છતે દીવે ઠોકરો ખાતા કો' જન્માંધની જેમ, આપણે કર્મોની ઠોકરે ચઢયા છીએ.

ફુટબોલનો ખેલાડી જેમ દડાને ઠોકરે ચઢાવવામાં આનંદ માનતો હોય છે, તેમ મહામોહજન્ય કર્મો આપણને

ઠોકરે ચઢાવવામાં જ આનંદ માને છે. કર્મોની ઠોકર એટલે, શાંતિથી ઘર ચલાવતા હોઈએ ત્યાં જ આપણને સમાચાર મળે કે, 'તમારા ભાઈ બીમાર છે, તુરત આવો ! તમારો પુત્ર મોટરની હડફેટમાં આવી ગયો છે, સ્થિતિ ગંભીર છે, તુરત આવો ! તમે રવાના કરેલો માલ બગડીને ઉતર્યો છે, માંડ આઠ આની પૈસા બંધ બેસશે, શું કરવું તે જણાવો ! તમારા જમાઈની હાલત બગડતી જાય છે, થોડાક પૈસા તુરત જ મોકલશો ત્યારે', આ બધી કર્મની ઠોકરો નહિ તો બીજું શું ?

છતાંય આપણને તે પ્રિય લાગે છે. જાણે કે દૂઝણી ગાયની પાટુ ! અરે, દૂઝણી ગાયની પાટુ તો તેના કરતાં અનેકગુણી વધુ સારી ગણાય. કારણ કે તેમાં તો પાટુ ખાતાં ય દૂધ મળે છે, જ્યારે કર્મની પાટુને તો વસુકેલી ગાયની પાટુ સાથે જ, ના....ના....ગધેડાની પાટુ સાથે જ સરખાવી શકાય, કે જે એકધારા પાટુમારના બદલામાં જીવને હિતકારી એવા કોઈ તત્ત્વની ભેટ નથી જ મળતી.

અને તેમ છતાં તેમાંથી ઉગારી લેનારી જગત્રાતા શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞા આપણા હૈયે નથી વસતી. હૈયે નથી વસતી એટલું જ નહિ, પરંતુ જે ભવ્ય આત્માઓ તે આજ્ઞાના દીવાના અજવાળે બેસીને પોતાના સમગ્ર જીવનપ્રવાહને ઊર્ધ્વગામી બનાવવાની સ્વ-પર શ્રેયસ્કર આરાધના કરી રહ્યા છે તેમના દર્શન પછી પણ આપણા અંતરમાં, તે આજ્ઞાના પ્રકાશમાં રહેલા પરમ સામર્થ્ય વિષે પૂરેપૂરી શ્રદ્ધા નથી જાગતી.

માનવદેહમાં જે સ્થાન છે ઉત્તમાંગનું, જીવનમાં તે જ સ્થાન છે મહાવીરનેતા શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞાનું. દેહમાંથી જો ઉત્તમાંગને બાદ કરીએ તો નિર્જીવ ખોળિયું જ બાકી રહે, તેમ જીવનમાંથી જો ત્રિભુવનપતિ શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞાને બાદ કરીએ તો છાશની આછ જેવું ફીકકું નિર્વીર્ય અને પ્રતાપહીન જીવન જ બાકી રહે.

'સર્વજ્ઞ શ્રીઅરિહંત પરમાત્માએ જે કાંઈ પ્રકાશ્યું છે તે જગતના સર્વ જીવોનું એકાંતે કલ્યાણ કરનારું છે' એવા દૃઢ વિશ્વાસ સાથે આપણે તેઓશ્રીની આજ્ઞાના દીવાના અજવાળે કર્મોના મહાપહાડની આડમાં ઢંકાએલા આપણા આત્મ-રવિને સંપૂર્ણપણે પ્રગટ કરવો જોઇએ.

ન રહો સદન કોઈ જીવનું સર્વજ્ઞ-સર્વદર્શી શ્રી-અરિહંત પરમાત્માની આજ્ઞાના દીવા-સુનું ! ન વહો કોઈ જીવના જીવનઘાટે પ્રવાહ મિથ્યાત્વનો !!

ઝળહળો સર્વત્ર ત્રિભુવનચૂડામણી શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞાના દીપકનો દિવ્ય પ્રકાશ !

★

શ્રીનવકારને ભાવ એટલે ત્રિભુવનના મંમંગળને ભાવ. હોય જ્યાં અંકાતો એ ભાવ, ત્યાં વર્તે સદા રાગનો અભાવ. રાગનો અંકાય જ્યાં ભાવ, ત્યાં જિનાજ્ઞાનો દીવો ઝાંખો પડે, પડે ને પડે જ.

(૩૩)

# વિશ્વમૈત્રીભાવ.

શબ્દ 'નમો' છે સ્વભાવદશાનો ભેરુ. તેના ઉચ્ચાર સાથે ઉઘડે છે, અંતરનો બંધ રહેલો દરવાજો. અને બંધ થાય છે, સઘળી ઇન્દ્રિયોની બહારની હીલચાલ. ઘંટ વાગે એટલે શાળા બહાર રમતા વિદ્યાર્થીઓ શાળામાં પ્રવેશી જાય, તેમ 'નમો' શબ્દરૂપી ઘંટના અવાજ સાથે ઇન્દ્રિયોરૂપી વિદ્યાર્થીઓ આત્મારૂપી પરમગુરુની છાયામાં અદબપૂર્વક હાજર થઈ જાય છે અને એક ચિત્તે શ્રવણ કરે છે 'નમો અરિહંતાણં' પદનો પ્રભાવ !

જીવ માત્રના મૂળ સદન સુધી લઇ જનારા એક માત્ર મહામંત્ર શ્રીનવકારના પ્રથમપદ, નમો અરિહંતાણંના સન્નિષ્ઠાપૂર્વકના જાપ વડે સંસારના સકળ જીવોના કલ્યાણની ભાવના માનવીના જીવનમાં વૃદ્ધિંગત થાય છે, તે ભાવનામાંથી જન્મે છે સર્વ જીવોને પાપથી મુક્ત કરવાની સર્વ મંગલમય

દૃષ્ટિ. કરુણાપૂત તે દૃષ્ટિમાં હોય છે અશ્રુ જગતભરના જીવોની ભીષણ ભવવ્યથાનાં. ભવવ્યથાને રખે કોઈ સામાન્ય પ્રકારની વ્યથા કે વેદના સમજી લેતા! ધાણી–ચણાની જેમ ભૂંજાય છે જીવ, એ ભવવ્યથાની ભીષણ આગમાં.

'નમો અરિહંતાણં' પદમાં ઘૂઘવાતા વિશ્વમૈત્રીના મહાસાગરમાં ડૂબકી મારી શકે તે જ ભવ્યાત્માને–જીવોને ચાર ગતિવાળા આ સંસારમાં કેવાં કેવાં દુઃખો વેઠવાં પડે છે અને તેના પરિણામે તેમના મનમાં કેવા કેવા દુર્ભાવો–તરંગો જન્મે છે, તેનો યથાર્થ ખ્યાલ આવે. કારણ કે મૈત્રીની માત્રા વધે નહિ, ત્યાં સુધી અન્ય જીવોના દુઃખનું સ્પષ્ટ દર્શન થઈ શકે નહિ. સ્વ–પરનો અનાદિનો ભેદ ટળે નહિ. તે ભેદ ટળે નહિ ત્યાં સુધી પરનું દુઃખ, દુઃખરૂપ જણાય જ નહિ. સ્વસુખની માત્રાની વિશેષતા આડે પરના ડુંગરા જેવડાં દુઃખો પણ આપણને તણખલાં જેવાં અને સ્વનું તણખલા જેવડું દુઃખ પણ ડુંગરા જેવડું લાગે છે તેનું મૂળ કારણ છે અજ્ઞાન, મિથ્યાત્વ, ભેદભાવભરીદૃષ્ટિ, અંગત–તાની આંધળી પૂજા, સ્વને બાઝી રહેવાનો તીવ્રતર મોહ.

અંગતતાના આ મહામોહને સર્વથા નાબૂદ કરવાનો અચિંત્ય પ્રભાવ 'નમો અરિહંતાણં' પદમાં છે. તેનો સહયોગ, આંતર્યોગ, મહાયોગ અને પરમયોગ ઘરના ખૂણે લમણે હાથ દઈને બેઠેલા માનવીને અલ્પ સમયમાં વિશ્વમાનવની શ્રેણિમાં મૂકી દે છે. 'હાય હાય, હવે મારૂં શું થશે?' એમ બોલીને ઊનાં અશ્રુ સારનારો તે જ માનવી

તે પછી જગતના સર્વ જીવોનાં અશ્રુ લૂછવા માટે જીવનભર ઝઝૂમશે પરભાવદશાના ભયાનક ભાવ સાથે. પછી તેને ઘર પકડી નહિ રાખી શકે. માતાપિતાનો સ્નેહ પણ ઓછો અને અધૂરો પડશે. પત્નીની લાગણી તેને ભીંજવશે ખરી પરંતુ પાપાસક્તિના મહાજ્વરમાં પીડાતા અન્ય જીવોની કારમી ચીસોમાં તે પણ સમાઇ જશે. તેનો એક પણ શ્વાસ પરભાવને ચરણે નહિ ઝૂકે. જયણારૂપી જનનીનો હાથ ઝાલીને જ તે સર્વત્ર વિચરશે. પરમતારક શ્રીઅરિહંત પરમાત્માની આજ્ઞાનો ભંગ–તેના કોઇ રોમને પણ નહિ રુચે.

સ્વયં શ્રીઅરિહંત પરમાત્માના સ્પર્શનો અચિંત્ય પ્રભાવ જે પુણ્યાત્માઓને અનુભવવો હોય તેમણે પ્રસન્નચિત્તે, પૂરી શુદ્ધિ, પૂરા આદર અને સમર્પણભાવપૂર્વક હૃદય-કમળની કર્ણિકા મધ્યે લખલખ તેજે ઝળહળતી તેઓશ્રીની પ્રતિમાના ચરણ-કમળના જમણા અંગુઠાને 'નમો અરિ-હંતાણું' પદના ઊંડા ગાન સાથે સ્પર્શ કરવો જોઇએ.

અમૃતમય તે સ્પર્શે ખીલી ઊઠશે આત્માની સર્વ-સ્પર્શિતા. જાણે કે મહાશિલા ફોડીને વિશ્વચરણ પખાળવા પ્રગટેલો જળધોધ ! પછી દેહને વળગીને જન્મતી વૃત્તિઓ, આપોઆપ પોતાનું વહેણ બદલવા પ્રેરાશે. આત્માની દિશામાં દોડવા સિવાયની અન્ય વાતમાં કશો રસ નહિ રહે ઇન્દ્રિયોને. જાડો દેહભાવ છે આપણી અંધિયાર દશાનો જનક. તેનું તે સ્થાન ત્યારે જ ગૌણ બની શકે, જ્યારે તેની મારફત થતી હીલચાલમાંનો આપણો આદર ઘટી જાય.

'નમો અરિહંતાણં' સિવાય, જીવનના સર્વ અંશોનું શુદ્ધીકરણ, સ્થિરીકરણ અને સમષ્ટીકરણ કદી ન સાધી શકાય અને તેના સિવાય આપણામાં કદિ ન પ્રગટે સાચો વિશ્વમૈત્રીભાવ. તે ભાવની ભવ્યતાની સતત અસર સિવાય કદી નહિ બદલાય આપણી બહિર્ભાવરમણતા અને તેથી મળેલો અતિદુર્લભ માનવજન્મ એળે જશે આપણો.

'એળે જવું' એટલે ઘટતો સદુપયોગ ન થવો તે. અનુચિત દુરુપયોગને પોષવો તે.

માનવજીવન એટલે આત્માના સ્વામિત્વવાળું જીવન. પરમપદના લક્ષ્યને કેન્દ્રમાં રાખીને સઘળી આંતર્-બાહ્ય હીલચાલને વરેલું જીવન. વિશ્વાત્મભાવની સહજ ભાવના તેવા જીવનમાં મોખરે જ હોય. તે ભાવના ઘડીભર માટે પણ અળગી પડી જાય, ત્યારે એમ થાય કે 'આજની આ ઘડી ખૂબ જ ખરાબ ગઇ, તીવ્ર પાપોદય સિવાય કદાપિ આવું ન બને.'

'નમો અરિહંતાણં'ને વરવા માટે આપણે લાયકાત ખીલવવી પડશે. કોઇને શત્રુભાવની શ્રેણીમાં નહિ રાખી શકાય. અંતરમાંથી શત્રુભાવનું ખાતું જ નિર્મૂળ કરી દેવું પડશે, કે જેથી જમા-ઉધારની ઝંઝટ જ ઊભી ન થાય. શત્રુભાવની વિષવેલને પોષનારી સઘળી આંતર્-બાહ્ય સામગ્રી, મૈત્રીભાવને જ પોષવામાં લીન કરવી પડશે. છે જેને પ્રિયતમ 'નમો અરિહંતાણં' તેને તે જ પ્રિયતમ હોય કે જે શ્રી-અરિહંત પરમાત્માને પ્રિયતમ હોય છે. સકલ જીવસૃષ્ટિના

પરમશ્રેયઃ સિવાય બીજું કશું ય પરમોપકારી શ્રીઅરિહંત પરમાત્માને પ્રિય હોતું નથી. તો આપણા હૈયામાં, મનમાં અને વાણીમાં પણ તે જ પરમ શ્રેયસ્કરભાવની ભક્તિ માટેનું પવિત્ર વાતાવરણ ખીલવવું જોઇએ, કે જેથી કરીને આપણે સહુ આપણા જીવન વડે સંસારમાં પ્રકાશ ફેલાવી શકીએ, તેમ જ 'નમો અરિહંતાણં' પદમાં રહેલા અનંત પ્રકાશમાંથી થોડોક પણ ઝીલવાને લાયક બની શકીએ.

સાચા સમર્પણભાવની લગની સિવાય, આપણા ઉપરની સંસારની પકડ કદી ઢીલી નહિ પડે. 'સંસાર નહિ, પણ સંસારને પાર કરી ગએલા શ્રીઅરિહંત પરમાત્મા જ અમારા આરાધ્ય દેવ છે' એવા દૃઢભાવની સતત જાગૃતિ-પૂર્વક જ આપણે સંસારના અફાટ પ્રવાહ વચ્ચે, મોક્ષપુરી સામે મોં રાખીને તરી શકીશું. આપણી સઘળી હીલચાલમાંથી સંસારદાસત્વની દુર્ગંધને બદલે શ્રીઅરિહંત પરમાત્માની એકનિષ્ઠાપૂર્વકની ભક્તિની સુગંધ ત્યારે જ ખીલી ઊઠશે, જ્યારે આપણા સમગ્ર જીવન ઉપરનો ત્રિલોકના સર્વ જીવોનો સાચો મૈત્રીહક્ક આપણે ખૂબ ઉલ્લાસપૂર્વક કબૂલતા થઇશું, ત્યારે જ આપણું જીવ્યું સફળ થશે. નાના-મોટા કોઇ જીવને દુભવવાથી જેટલું અહિત આપણા આત્માનું થાય છે, તેટલું સામાનું નથી થતું. કારણ કે તેથી આપણે તો સ્પષ્ટપણે નીચા જઇએ જ છીએ, પછી સામેનો જીવ નીચો ગયો હશે કે ઊંચે રહ્યો હશે, તે વિચારવાનો કશો અધિકાર આપણને રહેતો જ નથી.

વિશ્વતારક શ્રીઅરિહંત પરમાત્માના ત્રિભુવનપૂજ્ય-તમત્વને વરેલા નામની સતત યાદ આપણા હૈયામાં અને મનમાં એ ગૌરવભરી દશાને પ્રગટ કરે છે કે જ્યાં ઘાસ, કંદ અને કસ્તરિયા અનાજ સરખા રાગ-દ્વેષાત્મક, દુર્ભાવા-ત્મક, કે અહં-મમ જન્ય વિચારોને જન્મવાને યોગ્ય વાતાવરણ સંભવતું જ નથી.

ભવ-વનને વિષે જીવને સંપૂર્ણ નિર્ભયતા બક્ષનારા અચિંત્ય પ્રભાવશાળી 'નમો અરિહંતાણું' પદનું જે ભવ્યાત્માઓ પોતાના જીવન દરમ્યાન સુંદર રીતે આરાધન કરે છે, તેઓ સકલ સંસારમાં કલ્યાણનું પરમ શ્રેયસ્કર મહાસંગીત રેલાવી રહેલા અનંત ઉપકારી આત્માઓની ભક્તિને પાત્ર અવશ્ય બની શકે છે.

જેમને વહાલું છે સુખ, અળખામણું છે દુઃખ; તેમને બધાનાં સુખને માટે સતત જાગૃત અને પ્રયત્નશીલ રહેવા માટે વિશ્વના સકલ જીવોના પરમમિત્ર એવા શ્રીઅરિહંત પરમાત્માની ચરણરજમાં પોતાનું આસન જમાવવું જ પડશે. તે સિવાય નહિ સાધી શકાય સાચા સુખની ભાવના, નહિ ટાળી શકાય દુષ્કર્મજન્ય સંયોગોનાં આક્રમણો અને જીવનનો પ્રવાહ નહિ વધી શકે આગળ. કારણ કે તે ઘડીકમાં સુખના પગ ધોવા જશે અને ઘડીકમાં દુઃખને દૂર કરવા માટે દોડશે. એટલે તેને ઉર્ધ્વજીવનની સાચી આરાધનાનો સુઅવસર કદી પ્રાપ્ત નહિ થાય. એટલા માટે જ પોતાના ઇષ્ટમાં સમર્પિત થઇને જીવન જીવવાનો સાચો અને હિતકારી

બોધ સર્વશાસ્ત્રોમાં સ્પષ્ટપણે અપાયેલો છે.

વિશ્વબંધુ શ્રીઅરિહંત પરમાત્માની સતત ભક્તિ સિવાય, આપણામાં નહિ પ્રગટે વિશ્વમૈત્રીભાવની દિવ્ય માત્રા. અને તે સિવાય કદી નહિ ઘટે, આપણા સ્વાર્થની આપણા જીવન પ્રવાહને ઠેર-ઠેર અવરોધતી દિવાલો. માટે આપણે જીવોના જીવનને મોક્ષમાર્ગાભિમુખ કરવાં જ હોય, તો સર્વ પ્રથમ આપણે આપણા જીવનપ્રવાહને શ્રીઅરિહંત પરમાત્માની પૂરી ભક્તિ વડે પવિત્ર કરીને તેમાં ઉર્ધ્વગામિતા પ્રગટાવવી જોઇએ, કે જેથી તેની અસર વડે આપણે અન્યત્ર ચૈતન્યની યોગ્યતા દાખવીને-દેહભાવના હુમલાઓ સામે ઝઝૂમી શકીયે, અથવા દેહભાવના ઘેરા વચ્ચે સપડાએલા જીવોને મુક્ત કરવામાં થોડાક અંશે પણ કામિયાબ બની શકીએ.

ચૌદરાજલોકવ્યાપી શ્રીઅરિહંત પરમાત્માના અપ્રતિ-હત શાસનને વરેલા આત્માઓની, ચૌદરાજલોકના સર્વ જીવો પ્રત્યેની જે જે જવાબદારીઓ છે, તે સર્વને અદા કરવાની મૂળ ચાવી છે વિશ્વમૈત્રીભાવ. અને તે ભાવને સતત ગતિશીલ રાખનારૂં અમીઝરણું છે, શ્રી 'નમો અરિહંતાણં' પદના પ્રત્યેક અક્ષરમાં સમાયેલું.

'નમો અરિહંતાણં' ના જાપ દ્વારા ટળો સહુનું સંસાર-દાસત્વ ! પ્રગટો સહુનું આત્મ-સ્વામિત્વ !

★

(૩૪)

# પરમ એક આધાર.

શ્રીનવકાર સામાન્ય મંત્ર નથી, મહામંત્ર છે, પરમમંત્ર છે. તેના પ્રત્યેક અક્ષર, પદ, અને શબ્દમાં પરમજીવનનો અર્ક ભારોભાર ભરેલો છે.

આપણને જ્યાં સુધી આપણી અજ્ઞાનતા, અલ્પતા, પામરતા અને પરાધીનતાનું દુઃખ, તીવ્ર શિરોવેદનાથીયે અધિકપણે સાલવા માંડે નહીં, ત્યાં સુધી અચિંત્ય પ્રભાવશાળી શ્રીનવકારના શરણે જવાનો સાચો ભાવ આપણા અંતરમાં જાગે કઇ રીતે ?

જેમ 'હું રસ્તો ભૂલ્યો છું.' એ ભાન થયા પછી જ વટેમાર્ગુને ભોમિયાનું સાચું મૂલ્ય સમજાય છે, 'હું અજ્ઞાન છું.' એવું યથાર્થ ભાન થયા પછી જ માનવીને સાચા જ્ઞાન અને જ્ઞાનીની કિંમત સમજાય છે, 'હું અશક્ત છું.' એવું વ્યાજબી ભાન થયા પછી જ માનવીને શક્તિ અને તેને મેળવવાના ઉપાયોનું ખરૂં મૂલ્ય સમજાય છે, તેમ 'હું

પરતંત્ર છું.' એવું સાચું ભાન થયા પછી જ, પરમમુક્તિ-મંત્ર શ્રીનવકારનું યત્કિંચિત્ મૂલ્ય-મહત્ત્વ માનવી સમજી શકે તેમ છે.

વર્તમાન ભૌતિક વિજ્ઞાને ચોમેર ફેલાવેલાં સુખનાં મનાતાં વિવિધ સાધનો વસાવવાના ક્ષુદ્ર આશયની પૂર્તિ અર્થે દિન-રાત હીન-કક્ષાના વિચારો વડે ઉછરતા માનવોના જીવનમાં પરમજીવનનો સર્વહિતકારી ભાવ સ્થાન પામી શકે જ કઇ રીતે?

એક એક શ્વાસે અને ડગલે પગલે વેઠવી પડતી પરાધીનતાનું દુઃખ આપણને માનવના મહામહિમાવંતા ભવમાં પણ નહિ સાલે તો પછી સાલશે ક્યારે?

માનવજીવનથી અધિક ચઢીઆતો, પરમજીવનની ક્ષમતાવાળો બીજો કોઇ ભવ છે ખરો કે? ના.

—તો પછી ચઢીઆતા ભવમાં, ચઢતા પરિણામવાળી આપણી નીતિ-રીતિ હોય કે ક્ષુદ્ર પરિણામવાળી?

જીવને, શિવપુરીમાં લઈ જવાની સંપૂર્ણ ક્ષમતાવાળા પરમમંત્ર શ્રીનવકારનું અનન્યતમ આલંબન મળવા છતાં પણ જો આપણે આપણા લલાટે ચોંટેલો ભવની ગુલામીનો યુગયુગપુરાણો ડાઘ નહિ ભૂંસી શકીએ, તો આપણા અને પશુના જીવન વચ્ચે ઝાઝો તફાવત રહેશે કયા કારણે?

નવકાર સાથે મૈત્રી કરવાની ઉલટના અભાવે જ આપણે આજ સુધી મિત્રને શત્રુભાવે અને શત્રુને મિત્રભાવે જોતા આવ્યા છીએ. અન્યથા ક્રોધ, માન, માયા અને લોભ વગેરે કષાયોને હૃદય સોંપી દેવાની તથા દાન-શીલ-તપ

અને ભાવરૂપી ધર્મની સાત્ત્વિક હવાથી દૂર ને દૂર રહેવાની ભયાનક દુર્બુદ્ધિ આપણામાં જન્મે કયા માર્ગે ?

સકળ જીવલોકમાં અભરે ભરેલા શુભભાવના પરમ વિશુદ્ધ પરમાણુઓને આકર્ષવાની અચિંત્ય શક્તિવાળા શ્રીનવકારના અક્ષરોમાં મન, વચન અને કાયાને સર્વાંગ સુંદરતા બક્ષનારૂં અદ્ભુત રસાયણ છૂપાએલું છે. અંતઃકરણ-પૂર્વકની તેની મૈત્રી, જીવના સઘળા કોડ પૂરા કરવાની પાકી ખાત્રી આપે છે. તેની સાથે રહેવાથી કોઇ પણ પ્રકારના અશુભ ભાવને આપણી સોબત કરવી તે રુચશે જ નહિ. તેનામાં મન પરોવવાથી આખું વિશ્વ આપણામાં પ્રત્યક્ષ થશે.

શ્રીનવકારની સાચી ભક્તિ સિવાય, આપણને આપણા પરમ ઐશ્વર્યમય સ્વરૂપનો યથાર્થ ખ્યાલ કદી નહિ આવે. અને તે ખ્યાલ સિવાય, ભવને વિષે રહેલી અનેકવિધ અપૂર્ણતાઓમાં રહેલા ભયાનક અપૂર્ણત્વનો ભય આપણને ભવમાંથી ભાગી છૂટવા સુધીની ઉત્કૃષ્ટતમ પ્રેરણા પૂરી નહિ પાડી શકે.

ચોર, લૂંટારા, આગ, રેલ અને ધરતીકંપ આદિના વિનાશમુખી ભયથી બચી જવા માટે ગમે ત્યાં ભાગી છૂટવાની મનોવૃત્તિવાળા આપણે તે ભયોના જનક એવા ભવની ભયાનકતામાંથી બચવા માટે આપણને હેમ-ખેમ ઠેઠ મોક્ષધામ સુધી પહોંચાડવાની સંપૂર્ણ યોગ્યતાવાળા અભયમંત્ર શ્રીનવકારને શરણે જતાં શા માટે ખચકાઇએ ?

શું પરાધીનતા આપણને વહાલી છે ?

ગર્ભમાં ઊંધે માથે લટકવાનો આપણને શોખ છે ?

શું આપણી વૃત્તિ સંસારસુખની ભ્રમણામાં ભરમાઇને

ભવભ્રમણને વધાવી લેવાની છે ?

મોક્ષના પ્રવાસનો મંગલમય પ્રારંભ કરવાનું શુભ મુહૂર્ત શું હજી વેગળું છે ?

અશાશ્વત સંબંધોના તીવ્રતમ બંધનોને કિંમતી આભૂષણો સમજીને આવકારવાનો પશુભાવ આપણને કેમ શોભે ?

વિશાળ વિશ્વમાં પથરાએલા જીવનના જીવંત પ્રવાહનું પરમજીવનના તરવરાટપૂર્વક હસતે હૈયે અભિવાદન કરવાની મહાસત્ત્વવંતી ભાવનાને અવિરતપણે રોમેરોમે પ્રોજ્જવલિત રાખનાર અક્ષરમંત્ર શ્રીનવકાર છે. તેની સન્નિષ્ઠાપૂર્વકની ભક્તિ સિવાય, આપણે સંસાર-સરોવરના કાદવની શોભારૂપ કમળપણું ધારી શકીશું ? કે પછી કાદવ સરખા નિષ્પ્રાણ અને તીવ્રરાગની ચીકાશવાળા વિચારોના ઘર સરખા બનતા જતા આપણા મનને કાદવ સરખું જ જીવન ગમે છે ?

અનંત ચૈતન્યમય આત્માના નિવાસસ્થાનરૂપ દેહ-મંદિરને નિરંતર શુભભાવની સુવાસ વડે મઘમઘતો રાખવાનું જેણે ત્રણેય લોકના સર્વ ભવ્યાત્માઓને વચન આપ્યું છે, તે પરમમંત્ર શ્રીનવકારથી દૂર ને દૂર રહીને આપણે કોના હૃદય સુધી પહોંચી શકીશું, તે ય સમજાતું નથી શું ?

શ્રીનવકારથી દૂર રહેનાર આત્મા, સર્વ દુઃખોના કારણરૂપ કર્મોના જોરદાર આક્રમણ સામે કદી એકલા હાથે નહિ ઝઝૂમી શકે.

ગહન ભવકાનનમાં અટવાએલા જીવરૂપી પ્રવાસીનો એક માત્ર સાચો આધાર બનો શ્રીનવકાર !

★

ગીત.

# અલબેલો નવકાર.

આ સંસારે સ્મરણ કરવા યોગ્ય છે જે સહુને,
જેની છાયા જનગણ તણા તાપ-સંતાપ વારે.
જેના નામે સકળ જગમાં ગૂંજતું સ્નેહ-ગાન,
જેના નામે જીવન વનમાં ફાલતાં ભક્તિ ફૂલો.
જેની મૈત્રી ભવિક જનના સર્વ દારિદ્રય ચૂરે,
જેની પ્રીતિ પરમ પદનું ઇષ્ટ સંધાન પૂરે.
જેની સેવા અફળ કરવા ના વિધાતા સમર્થ,
જેના સ્પર્શે તન-મન તણા સર્વ સંક્લેશ નાસે.
જેના જ્યોતિ-ર્વિમળ પદમાં સત્ય ને સ્નેહ કેરૂં,
શોભે ન્યારૂં ઝળહળ થતું તેજ સંસાર મધ્યે.

☆

નવકાર નામે વિશ્વે છવાયો,
મન્ત્રો મહીં મન્ત્ર એ છે સવાયો.
પાતાળ-નર-સુરલોકે ગવાયો,
એનો જ મહિમા સઘળે સમાયો.

☆

આપત્તિ ટાણે નિજ બંધુ જાણો,
સુખ-શાંતિમાં છે એ મિત્ર શાણો,
સંસારનો સાર એને પ્રમાણો,
મુક્તિતણા બીજ રૂપે ગવાણો.

★

# ચિંતન અને મનન.

૧—વીતરાગશાસન એટલે વિશ્વસ્નેહનો પારાવાર. નવકાર એટલે તે પારાવારનું અમૃત. જૈન એટલે વિશ્વસ્નેહનો ઉત્કટ પિપાસુ. ચતુર્વિધ શ્રીસંઘ એટલે વીતરાગશાસનની 'સવિ જીવ કરું શાસનરસી'ની પરમોજ્જ્વળ આત્મકાવ્યની ઋચાને પ્રતિક્ષણે મૂર્ત સ્વરૂપ અર્પવાની દિશામાં સતત પ્રયત્નશીલ બંધારણીય સંસ્થા.

☆

૨—શ્રીનવકાર મારફત વિશ્વના ત્રણેય કાળના સર્વ શ્રેષ્ઠ આત્માઓની વધુમાં વધુ નજીક જઈ શકાય છે. એથી સઘળાં અશુભ બળો નવકારના એકનિષ્ઠ સાધકની નજીક જતાં પણ થરથર ધ્રૂજે છે, કારણ કે તે જેમના શરણમાં ગએલો હોય છે તે શ્રીપંચપરમેષ્ઠિ ભગવંતોનો પરમપવિત્ર આત્મપ્રકાશ, અશુભ તે બળોને મુદ્દલે ય ખમાતો નથી.

☆

૩—બહાર આવતા સુધીમાં શબ્દમાંની ઘણી શક્તિ ઓછી થઈ જાય છે, એટલા માટે પ્રત્યેક સાધકે પોતાના ઇષ્ટદેવનો જાપ મૌનપણે જ કરવો જોઈએ. એથી તેની અસર ઘણે ઊંડે સુધી ફેલાય છે. અને તેટલા જ માટે અંતરની મૂક આશિષનું મૂલ્ય શાસ્ત્રકાર ભગવંતોએ ઘણું ઊંચું આંક્યું છે.

☆

૪—'જગત્ત્રયના સર્વ મંગલો શ્રીનવકારને આધીન છે.' પરમજ્ઞાની ભગવંતોના આ સૂત્રનું રહસ્ય ઝીલવાને જે ભવ્યાત્માઓ ભાગ્યશાળી બને છે; તેઓ કાળાંતરે પણ અન્ય કો' આલંબનના આગ્રહી બનતા નથી. કારણ કે શ્રીનવકારની બહાર કશું જ નથી, જે કાંઈ સારરૂપ છે તે સઘળું શ્રીનવકારમાં જ છે. આવા શ્રીનવકારથી દૂર રહેનારાથી જ મુક્તિ દૂર રહે છે. સંસાર અને સ્વર્ગનાં સઘળાં સુખો મોં મરડે છે.

☆

૫—શ્રીનમસ્કાર મહામંત્રના સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રભાવને લાયક બનવા માટે તેનો સતત સંપર્ક અનિવાર્ય જણાય છે. કારણ કે તેની છત્રછાયાવિહોણા જીવન ઉપર ગમે તે પળે, ગમે તેવા પ્રગટ–અપ્રગટ હુમલાઓ થવાની આજના વધુ વિપરીત સંયોગોમાં પૂરેપૂરી શક્યતા રહેલી છે.

☆

૬—ગ્રીષ્મના પ્રચંડ તાપ પછી વર્ષાઋતુનું શુભાગમન થાય છે, તેમ શ્રીનવકારના પરમકોટિના ધ્યાનની ગરમી પછી સામાયિકનું મંગલમય આગમન થાય છે. ઘડતાં પહેલાં સુવર્ણને પૂરેપૂરું તપાવવું પડે છે, તેમ શ્રીનવકારના ધ્યાનની ગરમી વડે પૂરેપૂરા વિશુદ્ધ બનેલા જીવનમાં સામાયિકરૂપી સૂર્યનો ઉદય થાય છે. શ્રીનવકારના પૂરેપૂરા પુટવિહોણા જીવનમાં પૂર્ણ વિશ્વાત્મભાવને યોગ્ય કર્માણુઓની નવરચનાને યોગ્ય ગરમી પેદા ન થાય.

☆

૭—અનેક જન્મોના અપાર પુણ્યના ઉદયે સર્વજ્ઞ શ્રીવીતરાગ ભગવંતોના શાસનને પામેલા ભવ્યાત્માને વિશ્વોપકારી જીવનની સઘળી યોગ્યતા બક્ષનારા પરમમંત્ર શ્રીનવકારને ઘડીભર માટે પણ વેગળો કરવો, તે સંસારના ભયાનક હુમલાઓને નજીક આમંત્રવા સમાન છે.

☆

૮—ભીનું કપડું જેમ તડકામાં સૂકાઈ જાય છે તેમ દેહભાવજન્ય આસક્તિનો સઘળો ભેજ શ્રીનમસ્કાર મહામંત્રના તેજથી શોષાઈ જાય છે.

★

# Some Gems.

Namaskar to Arihants must be our ardent desire, because there-in lies the overlasting peace and pleasure of life.

The word ' Namo ' at once raises the man above the barriers of worldly possessions and carries him nearer and nearer to that region of soul where he realizes the real meaning of life.

Combination of letter 'Na' and 'mo' creates such a guiding force in man that he does not ever tumble and crumble in his march towards Emancipation.

This Panch-Namaskar is not only the literary gem of the world but also the supreme mantra of all times.

The Arihant after having fully realized the infinite knowledge, infinite faith, and infinite character preaches the doctrines of Body and Soul to worldly creatures for their ultimate bliss.

Arihantattav then only awakes in one's soul when one becomes solely engrossed in the bliss of all existing souls of universe.

★

卐

નવકારના અડસઠ અક્ષરો તે મોક્ષ-
નગરના અડસઠ પ્રતિનિધિઓ છે,
તેમની સાથે મંત્રણા એકાન્તમાં
ગુપ્ત કરવી જોઇએ.

★

દ્રવ્યથી પણ શ્રી નમસ્કાર મહામંત્રની
પ્રાપ્તિ થવી તે ચક્રવર્તી અને ઇન્દ્રના
પદને પ્રાપ્ત કરવા કરતાં પણ ઘણી જ
મહત્ત્વની હકીકત છે.

★

જેમ દિવસનો બધો થાક રાત હરી
લે છે, તેમ અશુભ વિચારથી લાગેલો
શરીરનો મનનો અને ઇન્દ્રિઓનો
સઘળો થાક શ્રી નવકાર હરી લે છે.

卐

નવકાર એ જગતનો નાથ છે, તે ત્રણે જગતનો યોગ-ક્ષેમંકર છે, તમે તેને બધું ભળાવી દઈ શરણભાવનો સ્વીકાર કરો; તે તમારી સઘળી જવાબદારી લઈ લેશે.

ગાડીમાં બેસવા જતાં પોટલું માથે ઉપાડવું પડે, ગાડીમાં બેઠા પછી માથે ઉપાડે તો બેવકૂફમાં ગણાય! તેમ તમે નવકાર મહામંત્રનું શરણું સ્વીકારીને તમારો બધો જીવનનો ભાર તેને ભળાવી દ્યો. તમારે માથે ન રાખો.

નવકારને શરણે જાઓ અને હૃદય તરફ નજર રાખી સવાર સાંજ પ્રાર્થના કરો કે હે નાથ! મને સદ્બુદ્ધિ આપો! મારી પાપબુદ્ધિનો નાશ કરો! જો છ મહિના આ પ્રાર્થના કરવામાં આવે તો ઘણા દોષો આપો આપ વિલીન થઈ જાય.